મહેસાણા જીલ્લાના મે. એડીશનલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં,

મુ. મહેસાણા

સેસન્સ કેસ નં. ૨૭૫/૨૦૦૨

સેસન્સ કેસ નં. ૧૨૦/૨૦૦૮

સેસન્સ કેસ નં. ૭/૨૦૦૯

સેસન્સ કેસ નં. ૭૨/૨૦૧૦

ફરીયાદીઃ સરકાર

ઈબ્રાહીમભાઈ રસુલભાઈ શેખ

વિરૂધ્ધ

તહોમતદારઃ રમેશભાઈ કાનજીભાઈ પટેલ + વિગેરે

બાબતઃ લેખિત દલીલો

ઉપરના કામમાં અમો અસરગ્રસ્ત વ્યક્તિઓ- ફરીયાદી તરફે લેખિત દલીલો રજુ કરી નામદાર કોર્ટને જણાવીએ છીએકેઃ-

૧) તારીખ ૨૭.૨.૦૨ ના રોજ ગોધરા ખાતે સાબરમતી એકસપ્રેસ ટ્રેનના ડબ્બામાં હિન્દુ કારસેવરોને સળગાવી દેવાનો જે હત્યાકાંડ સર્જાયેલ તે મુસ્લિમ કોમના લોકોએ અંજામ દીધેલ છે તેવો મોટાપાયે હુઆપો અને પ્રચાર કરી વિશ્વ હિન્દુ પરિષદ અને બીજા કટ્ટર હિન્દુવાદી હિંદુ સંસ્થાઓએ તારીખ ૨૮.૨.૦૨ ના રોજ ગુજરાતબંધનું એલાન આપેલ. તે ગુજરાત બંધના એલાનના કારણે સમગ્ર ગુજરાતમાં કોમી તંગદિલી અને ઉશ્કેરાટ ફેલાયેલ અને તેના અનુસંધાને તારીખ ૨૮.૨.૦૨ ના રોજ સરદારપુર ગામે હિન્દુ કોમના ટોળાએ રાતના ૧૦.૦૦ થી ૧૧.૦૦ વાગ્યાના સુમારે મુસ્લીમ કોમી વસ્તી ઉપર હુમલો કરી જાનમાલને નુકશાન કરી કોમી બદલો લેવાના ઈરાદે પોતાનો સામાન્ય બદઈરાદો પુરો પાડવાના હેતુથી હિન્દુ કોમના મોટા ટોળાએ ગેરકાયદેસર મંડળી રચી, પુર્વ આયોજીત કાવતરાના ભાગ રૂપે જીવલેણ હથ્યારો સાતે તથા પેટ્રોલ, કેરોસીન જેવા પદાર્થો ધારણ કરી તારીખ ૧.૩. ૦૨ તથા તારીખ ૨.૩.૦૨ તથા તે સમય દરમ્યાન સરદારપુર ગામે મુસ્લીમોની વસ્તી ધરાવતા શેખવાસ ઉપર હુમલો કરી

ફરીયાદી ઈબ્રાહીમમીંયા રસુલમીંયા શેખ (સાહેદ નં. ૪૭, આંક-૪૮૫) તથા સાહેદો ઉપર પથ્થરમારો કરી ઈજાઓ પહોંચાડી મકાનો, દુકાનો, કેબીનો, જીપ, સ્કુટર તથા છાપરાને  આગ ચાંપી તથા લુંટફાટ કરી તથા સાહેદ મહેમુદમીંયા હુસેનમીંયા શેખની ઓરડીમાં બચવા માટે સંતાયેલા મુસ્લીમ કોમના સ્ત્રી, પુરૂષો અને બાળકોને પેટ્રોલ, કેરોસીન છાંટી બેરહેમીથી જીવતા સળગાવી તેમના મોત નીપજાવી તથા મુસ્લીમ કોમના લોકોની કોમી લાગણી દુભાય તથા તેમના ધર્મનું અપમાન થાય તે રીતેનો સુત્રોચ્ચાર કરી તથા જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી તેમજ ગેરકાયદેસર મંડળીના સભ્ય બની તથા હુલ્લડ કરી ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૫૩(ક), ૨૯૭, ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૩૬, ૩૩૭, ૩૦૨, ૩૦૭, ૩૯૬, ૩૯૭, ૪૩૫, ૪૩૬, ૩૪, ૧૨૦(બી) તથા બી.પી. એક્ટની કલમ ૧૩૫ મુજબના ગુનાઓ સદરહુ તોહમતદારોએ કરેલ છે તે બાબતે નામદાર કોર્ટે મજકુર તોહમતદારો સામે આંક -૭૮ થી તોહમત ફરમાવેલ છે.

૨) મજકુર તોહમતદારો સામે તેમણે કરેલ ગુનાઓ નામદાર ર્કોટમા સાબિત કરતા પહેલા એ નોંધવું જરૂરી છે કે સને ૨૦૦૨ માં ગુજરાતમાં  થયેલ કોમી તોફાનો બાબતમાં ગુજરાત પોલીસ ની ઢીલી, દ્વેષપુર્ણ અને ખોટી રીતે સત્યને દબાવી ખરા ગુનેગારોને છાવરવાની નીતીના કારણે સુપ્રિમકોર્ટે અસરગ્રસ્તનોને સાચો ન્યાય મળી રહે તે માટે ન્યાયપ્રિય એન.જી.ઓ તરફથી સુપ્રિમકોર્ટમાં રીટપીટીશન નં. ૧૦૯/ ૦૩ કરવામાં આવેલ તેમાં નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા આદેશ કરી ગુનાની તપાસ તટસ્થ અને સાચી રીતે કરી શકાય તે માચે ખાસ તપાસ દળની રચના કરવા હુકમ કરવામાં આવેલ અને તેતી સરકાર તરફતી તા. ૧.૪.૦૮ ના રોજ જાહેરનામું પ્રસિધ્ધ કરી ખાસ તપાસ દળની રચના શ્રી આર.કે. રાધવન ના અધ્યક્ષપણા નીચે રચના કરવામાં આવેલ. જેનું નોટીફીકેશન આંક- ૮૯૬ થી નામદાર કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે. સમગ્ર ગુજરાતમાં થયેલ કોમી હુલ્લડો બાબતમાં ત્યારબાદ સીટે તપાસની શરૂઆત પોતાની રીતે શરૂ કરેલ. સીટ દ્વારા પણ કરવામાં આવતી તપાસ સંપુર્ણરીતે તટસ્થ અને સાચી દિશાની ન હોઈ અવાર નવાર તે બાબતે નામદાર સુપ્રીમકોર્ટે તથા સંબંધિત કોર્ટોનું ધ્યાનદોરી સાચી દિશાનું ઈન્વેસ્ટીગેશન કરવાની માંગણી અસરગ્રસ્તો તરફથી અવાર-નવાર કરવામાં આવેલ. પરિણામે નામદાર સુપ્રિમકોર્ટે સીટના કેટલાક જવાબદાર ગીતા

જોહરી તથા બીજા જવાબદાર તપાસ અધિકારીને સીટ દ્વારા થતા ઈન્વેસ્ટીગેશન ની કાર્યવાહીમાંથી તેમને તેમની જવાબદારીમાંથી મુક્ત કર્યા હતા.

આમ, કોમી તોફાનો દરમ્યાન બનેલ મોટા પાયા પરના હિંચકારા ગુનાઓમાં સહન કરનામ મુસ્લિમ અસરગ્રસ્તોને સાચી દાદ મેળવવામાં મોટા અંતરાયો ઉભા થયેલ અને તેમને થયેલ અન્યાય બાબતે ખરા તોહમતદારો સુધી પહોંચવાની તપાસનો મુખ સાચી દિશામાં રહે તે બાબતે સહાનુભુતિ પુર્વક તપાસ ન કરી ઈન્વેસ્ટીગેશનમાં છીદ્રો રહે તે માટે જાણી જોઈને સાહેદો તરફથી આપવામાં આવતા સ્ટેટમેન્ટસ વિરોધાભાસી ઉભા થાય તે રીતે તપાસ નો દોર કરવામાં આવેલ છે.

૩) આ સંજોગોમાં સાહેદોની જુબાની નામદાર કોર્ટમાં થયેલ છે. તેમજ મહત્વ આપી પુરાવાની તુલના કરવામાં આવે અને કોન્ટ્રાડીક્શન તથા ઓમીશન ની મહત્તા ઘટી જાય છે.

૪) નામદાર કોર્ટ સમક્ષ ફરીયાદપક્ષે તોહમતદારો સામે તેમણે કરેલ તોહમતનામા અનુસારના ગુનાઓ સાબીત કરવા કુલ ૧૧૨ સાહેદો તપાસેલ છે. નામદાર કોર્ટમાં સાહેદોએ આપેલ જુબાની અસરગ્રસ્તોએ આપેલ છે તે તમામ પુરતી, વિશ્વાસપાત્ર માની શકાય તેવી જુબાની અને પુરાવો છે. ફરીયાદ પક્ષે બનાવના નજરેજોનાર ૩૩ સાહેદો જેનામાં ઘણા બનાવ વખતે ઈજાઓ પામેલ છે અને તેમની બનાવ વખતની હાજરી નકારી શકાય તેમ નથી તેઓને તપાસેલ છે તથા ફરીયાદપક્ષે જરૂરી એવા ડોકટરી પુરાવાઓ તથા પંચો અને પોલીસ અધિકારીઓને તપાસી જરૂરી એવા દસ્તાવેજો નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

૫) આ કેસમાં પુરાવા પ્રમાણે હિન્દુકોમના ટોળાએ પ્રથમ તા.૨૮.૨.૦૨ ના રોજ રાતના પ્રાથમિકશાળા અને પંચાયત આગળના કેબીનો ગામના તોફાની પટેલોના ટોળાએ બાળી નાંખેલ. ત્યારબાદ તા. ૧.૩.૦૨ ના રોજ રાત્રે આશરે સાડા નવ – દશ વાગ્યાના સુમારે ગેરકાયદેસર મંડળી બની સરદારપુરા ગામના પટેલો બુમો અને કીકીયારીઓ પાડતા ગોધરાકાંડ અનુસંધાને પોતાનો સામાન્ય ઈરાદો બર લાવવા મુસ્લીમ વસ્તી ધરાવતા મહોલ્લા આગલ આવેલા અને નાકા પર મુકેલા લાકડાના કેબીનો સળગાવેલા અને તે વખતે પોલીસ આવી જતા ટોળું થોડીવાર માટે વીખરાઈ ગયેલું. પરંતુ, પછી ફરી આ ટોળું ઘસી આવેલું અને બુમો અને કીકીયારીઓ પાડતું, મીંયાઓને મારી નાંખો, કાપી નાંખો, જીવતા સળગાવી

નાંખોની બુમો પાડી શેખ મહોલ્લા ઉપર હુમલો શરૂ કરેલો. આ ટોળું લગભગ ૧૦૦૦ થી ૧૫૦૦ નું હતું અને મુસ્લીમોના ઘરો ઉપર તોડફોડ કરી, લુંટફાટ કરી આગ લગાડવાની શરૂઆત કરેલ. ટોળાની પાસે તે વખતે કેરોસીન અને પેટ્રોલ જેવા જવલનશીલ પદાર્થો હતા અને ટોળાના હુમલાથી બચવા નીરાધાર મુસ્લીમ સ્ત્રી, બાળકો અને બીજા માણસો જાન બચાવવા મહેમુદભાઈ ના ઘરમાં ભરાઈ ગયેલ. હુમલો કરનાર ટોળાના માણસોએ મહેમુભાઈના મકાનમાં જાન બચાવવા ભરાઈ ગયેલ લોકોને બેરહેમીથી પેટ્રોલ, કેરોસીન જેવા પદાર્થો બારી તોડી અંદર રેડી, આગ ચાંપી બાળી મુકેલ, મહેમુદભાઈના ઘરમાંથી બચાવો- બચાવોની કીકીયારીઓની કોઈ અસર હુમલો કરનાર ટોળાના હ્દયને પીગળાવી શકેલ નહી.

રાતના અઢી વાગ્યા પછી પોલીસ આવતા મહેમુદભાઈના મકાનનો દરવાજો ખોલી જોતા શેખ મહોલ્લાના માણસોની લાશો તેમાં પડેલી હતી. આ એકજ જગ્યાએ ૨૮ જેટલી નિર્દોષ મુસ્લીમ સ્ત્રી, પુરૂષો અને બાળકોની લાશો પડેલી હતી. આ હીચકારો હુમલો કરનાર ટોળુ ગેરકાયદેસર મંડળી સ્વરૂપે હતું અને તેમાં સામેલ દરેક વ્યક્તિ કે ટોળાએ કરેલ લુંટફાટ, પથ્થરમારો, આગચંપી, ખુન, ગંભીર ઈજાઓ પહોંચાડવા તેમજ બીજી દરેક ગુના માટે બરોબરના દોષિત છે. આ ટોળામાં સામેલ વ્યક્તિઓને નામદાર કોર્ટમાં તપાસવામાં આવેલ સાહેદોએ સ્પષ્ટ રીતે ઓળખી બતાવેલ છે. તોહમતદારોને ઓળખી બતાવનાર સાહેદો તે જ ગામના રહેવાસીઓ છે. તેઓ તેમને સારી રીતે ઓળખે છે અને તેમણે સંભવિત વહેલામાં વહેલી તકે પોલીસને તથા સીટને તેમના નામ આપેલ છે. બનાવ વખતે રાત્રીનો સમય હોઈ તોહમતદારોને ઓળખી ન શકાય તેમ બતાવવાની બચાવ પક્ષ તરફથી કોશિશ કરવામાં આવેલ છે. પરંતુ, પુર્વયોજીત કાવત્રારૂપે બનાવ પહેલા હુમલાની જગ્યા પર તોહમતદારો તરફથી હેલોજન લેમ્પ લગાવવામાં આવેલ અને તેનો સ્પષ્ટ પુરાવો નામદાર કોર્ટ સમક્ષ પડેલ છે.

તેમજ જી.ઈ.બી. ના કર્મચારી પટેલ દિનેશભાઈ ભગવાનભાઈ( સાહેદ નં. ૮૬, આંક-૬૬૪) એ પણ તેની નામદાર કોર્ટની સમક્ષની જુબાનીમાં સ્પષ્ટ કરેલ છે કે બંધ પડેલ લાઈટની લાઈનને કઈ રીતે ગેરકાયદેસર રીત ચાલુ કરી શકાય

હકીકતમાં બદઈરાદે ગેરકાયદેસર રીતે હેલોજન લાઈટ મુકવાની ગુનાહિત કાર્યવાહી કરતાં સાહેદ

(૧) સાબીરહુસેન કાદરમીંયા શેખ (સાહેદ નં. ૪૮, આંક-૪૯૧)

(૨) અકબરમીંયા નાથુમીંયા શેખ ( સાહેદ નં. ૬૫, આંક-૫૮૬)

(૩) ઐયુબમીંયા રસુલમીંયા શેખ( સાહેદ નં. ૫૬, આંક-૫૩૫)

(૪) શરીફમીંયા ભીખુમીંયા શેખ( સાહેદ નં. ૫૪, આંક-૫૨૭)

(૫) બચુમીંયા ઈમામમીંયા શેખ (સાહેદ નં. ૬૦, આંક-૫૬૩)

નાઓએ મજકુર તોહમતદારો

(૧) પટેલ અંબાલાલ મગનભાઈ કપુર સે.કે. નં. ૨૭૫-૦૨, આરોપી નં. ૪૪

(૨) પટેલ અમરતભાઈ સોમાભાઈ સે.કે.નં. ૨૭૫-૦૨, આરોપી નં.૬,

(૩) પટેલ કનુભાઈ જોઈતારામ (કનુભાઈ સરપંચ)સે.કે. નં. ૨૭૫-૦૨, આરોપી નં. ૪૯,

(૪) પટેલ મથુરભાઈ ત્રિકમદાસ સે.કે. નં. ૨૭૫-૦૨, આરોપી નં. ૫૪ નાઓને સગી આંખે જોયેલ છે.

આમ, બનાવ વખતે લાઈટ હતી તેમ માની શકાય તેવા પુરાવો છે. તોહમતદારોએ મોટાપાયે હિચકારા ગુનાઓ સારી રીતે પુરા પાડી શકાય તે માટે તેમણે લાઈટની વ્યવસ્તા કરી રાખેલ હતી. જેથી તેમને મનમાની રીતે ગુનો કરવાની સરળતા થઈ પડે. આ ઉપરાંત ટોળાએ આગ ચાંપેલ મુસ્લીમ ઘરો જીપ વગેરે ની ભડ-ભડ અગ્ની જવાલાઓમાં પણ તેના અજવાળે તોહમતદારોને ઓળખી શકાય તેવી સ્થિતિ હતી તેમ માની શકાય છે.

# ગુનાહિત કાવતરા ના ભાગરૂપે તો.દારોએ આચરેલ ગુન્હાઓ

| ક્રમ | સાહેદ નંબર | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|---|
| ૧) | ૪૬ | ૪૭૫ | સાબીરમીંયા અકુમીંયા પઠાણ | - ૨૦૦૨ ના બનાવ પહેલા ૨૦-૨૫ દિવસ પહેલા વિશ્વ હિન્દુ પરિષડના આગેવાન હરેશ ભટ્ટ ગામમાં આવેલા મહાદેવના મંદિરમાં (જયાંથી બનાવની રાત્રે ટોળું આવેલ તે) પટેલ કોમના યુવાનોની એક મીટીંગ રાખેલી . . . . .હરેશભટ્ટ આવેલા તે વખતે પટેલ યુવા વર્ગનું ટોળું હતું. . . . . . . . હરેશભાઈ એ તીવ્ર ભાષણ કરેલું કે આ મુસ્લીમો હિન્દુસ્તાનમાં ભારરૂપી છે અને તેમને હિન્દુસ્તાનમાં રહેવાનો કોઈ અધિકાર નથી. આ વખતે જો મોકો મળે અને તોફાન થાય તો એક પણ મુસ્લીમ રહેવો જોઈએ નહીં. તે પછી હરેશભટ્ટે ત્રિશુળનું વિતરણ કરેલું.. . . . . .. .<br>- પાંચ વ્યક્તિઓને ત્રિશુળ આપેલા હતા. જેમાં,<br>(૧) સુરેશભાઈ બળદેવભાઈ પટેલ (સે.કે. નં. ૨૭૫/૦૨, આરોપી નં.૩૫)<br>(૨) માધાભાઈ વિઠ્ઠલભાઈ (સે.કે. નં. ૨૭૫/૦૨, આરોપી નં.૩૪)<br>(૩) વનાભાઈ ઈશ્વરભાઈ<br>(૪) રાજેશભાઈ ગોવિંદભાઈ<br>(૫) અંબારામ મગનભાઈ (સે.કે. નં. ૨૭૫/૦૨, આરોપી નં. ૪૪)<br>- ૨૮.૨.૦૨ ના રોજ ગામમાં વિશ્વ હિન્દુ પરિષદ મારફતે ગુજરાત બંધનું એલાન |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | આપવામાં આવેલું . . . . . . .. . . માધાભાઈ વિઠ્ઠલભાઈની દુકાન આવેલ છે . . . . .. .. . .. . . મને જોઈને તે લોકો એ બુમ પાડેલી કે, બાંડિયાઓને કાપી નાંખો, મારી નાંખો તેવી બુમો પાડવામાં<br>(૧) સુરેશભાઈ બળદેવભાઈ (સે.કે. નં. ૨૭૫/૦૨, આરોપી નં.૩૫)<br>(૨) માધાભાઈ વિઠ્ઠલભાઈ (સે.કે. નં. ૨૭૫/૦૨, આરોપી નં.૩૪)<br>(૩) રમેશભાઈ કાન્તીભાઈ (સે.કે. નં. ૨૭૫/૦૨, આરોપી નં.૩૩)<br>(૪) બળદેવભાઈ રણછોડભાઈ (સે.કે. નં. ૨૭૫/૦૨, આરોપી નં.૩૯)<br>(૫) જગાભાઈ વિઠ્ઠલભાઈ . . . . . .. .<br>(૬) પછી બજારમાં ગયેલો. ત્યાં સુધી આ ટોળું ૫૦-૬૦ નું થઈ ગયેલું. તે ટોળામાં . . . . .. . . . . મથુરભાઈ ત્રિકમભાઈ પટેલ(સે.કે. નં. ૨૭૫/૦૨, આરોપી નં. ૫૪), ડાહ્યાભાઈ કચરાભાઈ પટેલ (સે.કે. નં. ૨૭૫/૦૨, આરોપી નં. ૫૨), મથુરભાઈ ગોવિંદભાઈ પટેલ, ભાવેશભાઈ કનુભાઈ પટેલ (સે.કે. નં. ૨૭૫/૦૨, આરોપી નં.૯), કનુભાઈ જોઈતારામ પટેલ(સે.કે. નં. ૨૭૫/૦૨, આરોપી નં. ૪૯), ગોવિંદ મોહન (સે.કે. નં. ૭/૦૯, આરોપી નં. ૧૦), કાળાભાઈ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | ભીખાભાઈ પટેલ હતા. (સે.કે. નં. ૦૭/૦૯, આરોપી નં. ૯), . . . . . .બજાર બંધ કરાવી શેખવાસના ગલ્લા બંધ કરાવી અને મહાદેવમાં (બનાવની રાત્રે જયાંથી ટોળું આવેલ તે) ભેગું થયેલું<br>★ કરંટ - રાત્રે બે-અઢી વાગે ના અરસામાં ડી.એસ.પી. ગેહલોત અમારા ત્યાં આવેલા . . . . . . . . .. . . શેખ વાસ ઔરડીમાં જે મોટો કીસ્સો બનેલો તે . . . . . . .. . તરત જ કરંટ . . . . .. . . . . .. . ડંડાથી એ વાયરો છુટા પાડી નાંખેલા. તે વાયર નટવરભાઈ પ્રભાભાઈ ( આરોપી નં. . . . ) ના ઘર આગળ જે થાંભલો છે તેના ઉપરથી લગાડેલો માલુમ પડતો પડેલો. બારીમાં વાયર સળીયામાં બાંધી સળીયો અંદર નાંખેલો હતો. પછી અમે રૂમમાં અંદર ગયા તો લાશોનો ઢગલો હતો. |
| ૨) | ૪૭ | ૪૮૫ | ઈબ્રાહિમભાઈ રસુલભાઈ | - બશીરાબીબીની લોટની વાતને સમર્થન<br>- ડાહ્યાભાઈ વનાભાઈ – (સે.કે. નં. ૧૨૦/૦૮, આરોપી નં.૭) |
| ૩) | ૪૮ | ૪૯૧ | સાબીરહુસેન કાદરમીંયા | - પેરા નં-૨_૨૮.૨.૦૨ ના રોજ . . .. . . . . વાગ્યાના સુમારે અમારા ઘર સામેના કપુર વાસમાંથી (૧) પટેલ અંબાલાલ મગનભાઈ (સે.કે. નં. ૨૭૫/૦૨, આરોપી નં. ૪૪),<br>(૨) અમરતભાઈ સોમાભાઈ મહેરવાડીયા (સે.કે. નં. ૨૭૫/૦૨, આરોપી નં. ૬), તે બંને અમારા ઘર |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | સામને ઈલેકટ્રીકના થાંભલા પાસે આવીને ઉભા રહેલા અને અમરતભાઈ સોમાભાઈ થાંભલા ઉપર ચઢીને ઉપરના વાયર સાથે ટયુબલાઈટના છેડા જોઈન્ટ કરી ડાયરેક્ટ લાઈટ ચાલુ કરેલી તે વખતે અંબાલાલ મગનભાઈ થાંભલા પાસે ઉભા હતા અને. . . .. . . .. તે વખતે અંબાલાલ મારા પિતાને જોઈને બોલેલ કે હવે બાંડિયાઓને મારવાની મજા આવશે.. . . . . . . . તે રાત્રે અમારા ગામના પટેલોએ એમના મહોલ્લાના નાકે ભેગા થયા હતા અને તોફાન કરવાની વાતો કરતા હતા. . . . . . . . . . તે દિવસે રાત્રે અમારા ગામના પટેલોએ બજારમાં મુસ્લીમોની વસ્તીના અને ઈતર કોમની વસ્તીના કેબીનો સળગાવેલા અને દુકાનો સળગાવેલા. |
| ૪) | ૪૯ | ૫૦૦ | ઈકબાલમીંયા રસુલમીંયા શેખ | - આ બનાવના ત્રણેક દિવસે પહેલા નારણભાઈ લલ્લુભાઈ એ વખતે ઊંઝાના ધારા સભ્ય હતા. એ વખતે મહાદેવના મંદિર ( બનાવની રાત્રે જયાંથી આરોપીઓ એકસંપ થઈને આવેલા તે) સરદારપુર મુકામે આવેલા અને પટેલોની મીટીંગ રાખેલી. માઈકમાં પટેલો કહેતા હતા કે નારણભાઈ લલ્લુભાઈ બે શબ્દો બોલશે તે વખતે નારણભાઈ લલ્લુભાઈ બોલેલા કે આપણી સરકાર છે તમારી ઈચ્છા હોય તેમ કરો તેવું બોલેલા જે મેં સાંભળેલ. . . . . .. . . . |
| ૫) | ૫૪ | ૫૨૭ | શરીફમીંયા ભીખુમીંયા શેખ | - તા.૧.૩.૦૨ ના રોજ સાજના સાત વાગે અમૃતભાઈ સોમાભાઈ મેરવાડીયા (સે.કે. |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | નં. ૨૭૫/૦૨, આરોપી નં. ૬), લાઈટના થાંભલા ઉપર એલોઝન લેમ્પ લગાડેલ હતો તે વખતે એમણે એમ કહેલ કે આજે બાંડીયાઓને મારવાની મઝા આવશે. . . . .. . . . . . |
| ૬) | ૫૬ | ૫૩૫ | ઐયુબમીંયા રસુલમીંયા શેખ | તા.૧.૩.૦૨ ના રોજ . . . . .. . . . . . . . અમારી સ્ટ્રીટ લાઈટ ઉપર એલોઝન લાઈટનો અમારી મહોલ્લા તરફ કરેલો. પછી મે કનુભાઈ સરપંચને (સે.કે. નં. ૨૭૫/૦૨, આરોપી નં. ૪૯), પુછેલ કે, સ્ટ્રીટ લાઈટનું બીલ ભરેલ નથી. તેથી તેમણે કહેલ કે લાઈટબીલ ભરાઈ ગયેલ છે. પછી તેમણે એવુ કહેલ કે હવે મુસલમાનોને મારવાની મઝા આવશે. વાયરમેન મથુરભાઈ ત્રિકમભાઈ (સે.કે. નં. ૨૭૫/૦૨, આરોપી નં. ૫૪), ઉપર ચઢેલા અને લાઈટ ચાલુ કરેલી. |
| ૭) | ૬૦ | ૫૬૩ | બચુમીંયા ઈમામમીંયા શેખ | - તા. ૨૭.૨.૦૨ ના ચાર દિવસ પહેલા હુ રફીકભાઈના ગલ્લા ઉપર બેઠો હતો. તે વખતે રઘુભાઈ રેવાભાઈ (સે.કે. નં. ૨૭૫/૦૨, આરોપી નં.૨૬) આવેલા અને કહેલું કે તુ તારૂ કેબીન જે મારા ઘરને અડીને છે તે ઉઠાડી લે. મારા ઘરમાં પુળા (ઘાસ)ભર્યા છે. તે બળી જશે.<br>પેરા-૩<br>- તા. ૨૮.૨.૦૨ ના રોજ સાંજના પાંચેક વાગ્યાના સુમારે અમો અમારા મહોલ્લાના નાકે સ્ટ્રીટ લાઈટનો થાંભલો આવેલો છે. તે વખતે વાયરમેન મથુરભાઈ ત્રિકમભાઈ (સે.કે. નં. ૨૭૫/૦૨, આરોપી નં.૪૯), ડાયરેકટ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | લાઈટ ચાલુ કરી નીચે બેચરભાઈ ઓધવભાઈ હતા, કનુભાઈ સરપંચ હતા. અમારા કબ્રસ્તાનના થાંભલા ઉપર ફોક્સ લાઈટ મુકેલી જે અજવાળુ અમારા મહોલ્લા તરફ પડતું હતું. |
| ૮) | ૬૨ | ૫૭૫ | રફીકમીંયા મોહંમદહુસેન શેખ | - | ૨૮.૨.૦૨ ના રોજ સવારના ૯-૧૦ વાગ્યાના સુમારે હું મારી કેબીન પર હતો. ત્યારે પટેલોના અમુક માણસો આવેલા દુકાનો અને કેબીનો બંધ કરાવતા હતા તે મારી કેબીન ઉપર પણ આવેલા અને મને કેબીન બંધ કરવા જણાવેલ અને જો કેબીન બંધ નહીં કરો તો બાળી કુટીશું. . . . . .. . . . . . .. પટેલોએ જેમ તેમ ગાળો બોલી અને મારી ઉપર ઝપાઝપી કરી તેથી . . . .. . . . (૧) રમેશભાઈ કાન્તીભાઈ (સે.કે. નં. ૨૭૫/૦૨, આરોપી નં. ૩૩), (૨) સુરેશભાઈ બળદેવભાઈ (સે.કે. નં. ૨૭૫/૦૨, આરોપી નં. ૩૫), (૩) રાજેશભાઈ પુંજાભાઈ (સે.કે. નં. ૨૭૫/૦૨, આરોપી નં. ૩૮), આ બધાએ મારી સાથે ઝપાઝપી કરેલી. . .. . . . . . .. . . . . તે સમયે આ ટોળું મહાદેવના મંદિર (બનાવની રાત્રે જયાંથી ટોળું આવેલ તે) જતું રહેલ હતું. પછી સાંજના સમયે પટેલોના ટોળે ટોળા ભેગા થતા હતા અને અંદર અંદર વાતચીત કરતા હતા કે મુસલમાનના એક પણ દુકાન કે કેબીન રહેવું ન જોઈએ.. . . . . . . બાળી નાંખેલા. |
| ૯) | ૬૩ | ૫૮૦ | ભીખુમીંયા કાળુમીંયા શેખ | - | ૨૮.૨.૦૨ ના રોજ . . . . .. . . . . . . અને ૪.૦૦ વાગે બજારમાં ગયા તે વખતે |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | અનીફભાઈ અબ્દુલભાઈની દુકાન જોડે શંકરભાઈ ની દુકાન હતી તે શંકરભાઈ માલ ખાલી કરતા હતા મેં પુછ્યું કે અચાનક કેમ ખાલી કરો છો. તેમણે જણાવેલ કે બીજે ભાડે રાખવાની છે અને તે માલ મહાકાળીના મંદિરના વંડામાં મુકેલ<br><br>(૨૮.૨.૦૨ ના રોજ રાત્રે મુસલમાનોના દુકાનો ગલ્લા બાળવામાં આવેલા) |
| ૧૦) | ૬૫ | ૫૮૬ | અકબરમીંયા નાથુમીંયા શેખ | - ૨૮.૨.૦૨ ના રોજ સાંજે ચાર થી પાંચ વાગે સ્ટ્રીટ લાઈટના થાંભલે મથુરભાઈ ત્રિકમભાઈ વાયરમેન(સે.કે. નં. ૨૭૫/૦૨, આરોપી નં. ૫૪), કનુભાઈ સરપંચ(સે.કે. નં. ૨૭૫/૦૨, આરોપી નં. ૪૯), બેચરભાઈ ઓધવભાઈએ સ્ટ્રીટલાઈટ ફોક્સલાઈટ લગાવેલી.. . . . .. . . . . .. .. .. . .. . તા. ૧.૩.૦૨ ના રોજ ભારત બંધનું એલાન હતું અને. . . . . . .. . . . આશરે દિવસે ૪ થી ૫ વાગે કનુભાઈ સરપંચ, બેચરભાઈ ઓધવભાઈ, મથુરભાઈ ત્રિકમભાઈ એ ઘરની આગળ લાઈટ લગાડી ચાલુ કરેલી. . . . . . .. . . .. |
| ૧૧) | ૬૮ | ૬૦૩ | ગુલામઅલી અકબરમીંયા શેખ | - પેરા -૨ :- તા. ૨૭.૨.૦૨ ના રોજ ગોધરામાં ટ્રેનનો બનાવ બનેલો તે દિવસે મારે કલરનું કામ સરદાર પુર જૈન દેરાસરમાં ચાલું હતું ... . . . . . તે દિવસે સાંજના લગભગ ચાર વાગ્યાની આસપાસ અંબાલાલ મગનલાલ કપુર(સે.કે. નં. ૨૭૫/૦૨, આરોપી નં. ૪૪), |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | બેચરભાઈ ઓધવભાઈ ત્યાંથી પસાર થયેલા અને અવી વાતો કરતા હતા કે બાંડિયાઓને કાપી નાંખો. |
| ૧૨) | ૭૧ | ૬૭૨ | મંગાભાઈ રામાભાઈ રાવળ | - પેરાનં-૩ઃ- તે જ દિવસે રાત્રે આશરે નવ વાગ્યાના સુમારે રામાભાઈ મોહનભાઈ પટેલે ઘરની બાજુમાં રસ્તા ઉપર ટ્રેક્ટર ઉભું રાખેલું તેમા કેરોસીનના બે ત્રણ ચાર પીપડા હતા અને પેટ્રોલનું એક પીપડું હતુ. ત્યારપછી નટુભાઈ કચરાભાઈ પટેલ(સે.કે. નં. ૧૨૦/૦૮, આરોપી નં. ૫), જયંતિભાઈ અંબારામ પટેલ(સે.કે. નં. ૨૭૫/૦૨, આરોપી નં. ૪૮), કાળાભાઈ ભીખાભાઈ પટેલ(સે.કે. નં. ૦૭/૦૯, આરોપી નં. ૯), બકાભાઈ મંગળભાઈ પટેલ(સે.કે. નં. ૨૭૫/૦૨, આરોપી નં. ૫), કાંતિભાઈ પ્રભુદાસ(સે.કે. નં. ૦૭/૦૯, આરોપી નં. ૧), જીતેન્દ્રકુમાર કાન્તીલાલ, ભીખાભાઈ જોઈતાભાઈ (સે.કે. નં. ૨૭૫/૦૨, આરોપી નં. ૧૮), મારા ઘર આગળ રસ્તો છે ત્યાંથી આ લોકોને મે નીકળતા જોયેલા તે કાન્તીભાઈ પ્રભુદાસ (સે.કે. નં. ૦૭/૦૯, આરોપી નં. ૧), ના ઘર તરફ કપુરવાસમાં ગયેલા. તે કેરોસીનના કેરબા લઈ જતા મેં જોયેલા. મારા ઘર આગળથી નીકળેલા ત્યારે વાસ આવતી હતી તેથી મને ખબર પડેલી. કાન્તીભાઈ પ્રભુદાસ ના ઘર તરફથી કપુર મહોલ્લામાં જવાની બે બારીઓ છે. ત્યાં આગળ થઈને મહાદેવ તરફથી શેખ મહોલ્લામાં ગયેલા.. . . . .. . . . .. . |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | લાઈટના ફોક્સ પણ ચાલુ હતા. |
| ૧૩) | ૭૪ | ૬૩૨ | સીંકદરમીંયા રસુલમીંયા | - પેરા નં.૨ :- ખેતરમાંથી પાછા આવતા . . . .. . . . . કનુભાઈ જોઈતાભાઈ (સે.કે. નં. ૨૭૫/૦૨, આરોપી નં. ૪૯), બેઠેલા હતા તેમણે કહેલ કે તને કુબેર નહીં મળે. તમારા માણસોએ ગોધરામાં ટ્રેન બાળેલ કુબેર છે. તેથી નહીં મળે. |
| ૧૪) | ૭૮ | ૬૪૨ | બસીરાબીબી બચુમીંયા શેખ | - ૨૮.૨.૦૨ ના રોજ સાંજે જયંતિ અંબારામભાઈ (સે.કે. નં. ૨૭૫/૦૨, આરોપી નં. ૪૮), આવીને બોરના હિસાબનો ચોપડો મારા ઘરેથી મારા પતિ પાસેથી લઈ ગયેલા. ૧ લી તારીખે સાંજના પાંચ વાગે ડાહયાભાઈ વનાભાઈ(સે.કે. નં. ૧૨૦/૦૮, આરોપી નં. ૭) ની દુકાનમાં હું ચણાનો લોટ લેવા ગયેલી. ડાહ્યાભાઈ વનાભાઈએ મને કહેલું કે, આ લોટ શું કરશો. મે જણાવેલ કે ભજીયા બનાવવા માટે. ડાહયાભાઈ વનાભાઈએ મને કહેલું કે, આજનો દિવસ તમારો છેલ્લો છે, ભજીયા-બજીયા ખાઈ લો, કાલે જીવતા રહેશો તો ખાશો ને. |
| ૧૫) | ૮૭ | ૬૭૦ | પટેલ જીતુભાઈ છગનભાઈ | - સરદારપુર ગામે પંચાયત તરફથી સ્ટ્રીટલાઈટ નાંખવામાં આવેલી<br>- સરદારપુર ગ્રામ પંચાયત તરફથી સ્ટ્રીટલાઈને ચાલુ કરવા તેમજ રીપેરીંગ કામકાજ માટે પંચાયત તરફથી હેલ્પર તરીકે પટેલ બેચરભાઈ ઓધવભાઈને રાખવામાં આવેલા. તેમને માસિક પગાર ૪૦૦રૂ ચુકવવામાં આવતો હતો. સને ૨૦૦૨ ની સાલમાં ગુજરાત વિદ્યુત બોર્ડ તરફથી પટેલ મથુરભાઈ ત્રિકમભાઈ (સે.કે. નં. ૨૭૫/૦૨, આરોપી |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | નં. ૫૪), હતા. તે સરદારપુર ગામના વતની હતા. |
| ૧૬) | ૯૦ | ૬૯૫ | ગલબાભાઈ ખેમાભાઈ પરમાર (પી.એસ.આઈ) | પેરા નં.૫<br>- તા.૧.૩.૦૨ ના રોજ હું પેટ્રોલીંગમાં હું હતો દરમ્યાન લાઈટો ચાલુ હતી. પંચાયત મકાન થી શેખવાસ સુધી લાઈટો ચાલુ હતી. . . . . . . . . |
| ૧૭) | ૯૯ | ૭૩૪ | કૃષ્ણકુમાર કાંતિલાલ (અ.પો.કો) | - સરદારપુર ગામે જયારે પ્રથમ વખતે અમો પેટ્રોલીંગમાં ગયા તે વખતે સરદારપુર ગામની સ્ટ્રીટ લાઈટોમાં ટયુબ લાઈટોના ગોળા ચાલુ હતા |
| ૧૮) | ૧૦૦ | ૭૩૬ | રજાકભાઈ અલ્લારખાભાઈ (અ.પો.કો) | - પેટ્રોલીંગ કરતા કરતા શેખ મહોલ્લા તરફ જતા ત્રણ કેબીનો સળગતી હતી અને ત્યાં કોઈ માણસો ન હતા અને સ્ટ્રીટ લાઈટો આ વખતે ચાલુ હતી. . . . . . . . |
| ૧૯) | ૧૦૨ | ૭૩૯ | લાલજીભાઈ અરજણભાઈ દેસાઈ (પો.કો) | - . . .. . .. . . પ્રથમ વખતે અમે પેટ્રોલીંગમાં ગયેલા તે વખતે ગામમાં લાઈટો ચાલુ હતી અને જયારે બીજી વખતે ૧.૪૫ વાગે ગયા ત્યારે સ્ટ્રીટ લાઈટો બંધ હતી. |
| ૨૦) | ૧૦૩ | ૭૪૦ | ગણપતભાઈ નરસિંહભાઈ (હે.કો.) | - . . . . .. ..પ્રથમ વખત પેટ્રોલીંગમાં ગયેલા અને ફાયરીંગ કરેલ તે વખતે લાઈટો ચાલુ હતી. |

## <u>ગુન્હાહિત કાવતરાના ભાગરૂપે તોહતદારોએ આચરેલ ગુન્હાઓ અંગે:-</u>

સને ૨૦૦૨મા ગોધરા મુકામે ટ્રેન બાળવાનો બનાવ તથા તે બનાવ બાદ મોટા તોફાનો મુસ્લિમો વિરૂધ્ધ કરવા સુનીયોજિત કાવતરા કરવામા આવેલ આ હકીકત ના.કોર્ટમા તપાસવામા આવેલા સાહેદ નં-૪૬ સાબીરમીયા અકુમીયા પઠાણની જુબાનીમા ઉજાગર થાય છે. આ સાહેદના જણવ્યા પ્રમાણે સને ૨૦૦૨ના બનાવ પહેલા ૨૦-૨૫ દિવસ પહેલા વિશ્વહિન્દુ પરીષદના આગેવાન હરેશભટ્ટ ગામમા આવેલા મહાદેવના

મંદિરમા (જયાંથી બનાવની રાત્રે ટોળુ આવેલ) પટેલ કોમના યુવાનોની એક મીટીંગ રાખેલી તે મીટીંગમા હરેશભટ્ટ આવેલા અને પટેલોના યુવાનોના ટોળા હતા. હરેશભાઈએ તે મીટીંગમા ઉગ્ર ભાષામા મુસ્લિમો વિરૂધ્ધ ઝેર ઓકતુ ભાષણ કરેલ તેમણે કહેલ કે મુસ્લિમો હિન્દુસ્તાનમા ભારરૂપી છે અને તેમને હિન્દુસ્તાનમા રહેવાને કોઈ અધિકાર નથી, મોકો મળે અને તોફાન થાય તો એક પણ મુસ્લિમ રહેવો જોઈએ નહિ.

આ ઉપરાંત મુસ્લિમોને કેરોસીન,પટ્રોલ, તથા ઈલેકટ્રીક કરંટથી કઈ રીતે મોતને ઘાટ ઉતારી દેવા તે માટે પણ તો.દારો તરફથી પુરતી તૈયારી અને વ્યવસ્થા કરવામા આવેલ ડી.એસ.પી. ગેહલોત બનાવ વખતે શેખવાસમા મેહમુદમીયાની ઓરડી પર ગયેલ ત્યારે ડંડાથી ઈલેકટ્રીક વાયરો પાડવામા આવેલ બારીમા વાયર અને સળીયા બાંધી અંદર નાંખવામા આવેલ. તે સાબીરમીયાં અકુમીયાની જુબાનીમાં સ્પષ્ટ દેખાઈ આવે છે.

આ ઉપરાંત તો.દારોએ અગાઉથી મુસ્લિમોને મારી નાંખવાનું ગુનાહિત કાવત્રુ કરી રાખેલ હતું તે સાહેદ નં.૪૭ ઈબ્રાહીમ રસુલભાઈની જુબાની પણ દેખાઈ આવે છે.

(૧) <u>સાહેદ નં-૪૭ ઇબ્રાહીભાઈ રસુલભાઈ :-</u>

સાહેદ નં-૪૭ ઈબ્રાહીભાઈ રસુલભાઈની જુબાની પ્રમાણે સાહેદ બશીરાબીબી ગામમા લોટ લેવા ગયેલ ત્યારે તેણીને સેસન્સ કેસ નં-૧૨૦/૦૮ ના આરોપી નં-૭ ડાહ્યાભાઈ વનાભાઈએ જીવતા હસો તો ભાજીયા ખાશો તેવી વાત કરેલી તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે, આ તો.દાર મુસ્લિમો ઉપર તેમની ગામમા જીવલેણ હુમલો કરવામા આવવાનો છે તેની તેને જાણ હતી અને આવુ કાવત્રુ ગામ લોકોએ આગઉથી ઘડી રાખેલ હતુ.

આ ઉપરાંત તો.દારો તરફથી તેમના ગુનાહિત કાવત્રાને સફળ બનાવવા અને તે પાર પાડવામા મૂશ્કેલી ન પડે તે માટે ઈલેકટ્રીકના થાંભલા ઉપર ચઢી ડાયરેકટ લાઈટ ચાલુ કરી દેવામા આવેલ તે તા.૨૮.૨.૦૨ના રોજ સાહેદ નં-૪૮ સાબીરહુસેન કાદરમીયા શેખે તો.દાર (૧) પટેલ અંબાલાલ મગનભાઈ (૨) પટેલ અમરતભાઈ સોમાભાઈ

જેમા અમરતભાઈ થાંભલા ઉપર ચઢી અને ટ્યુબલાઈટા છેડા જોઈન્ટ કરેલ તે વખતે અંબાલાલે સાહેદ સાબીર હુસેનના પિતાને જોઈને કહેલ કે હવે બાંડીયાઓને મારવાની મજા આવશે. આમ, મુસ્લિમો ઉપર ખૂબજ સુનુયોજિત હુમલો

કરવાનો તખ્તો તો.દારો તરફથી તૈયાર થઈ ચુકેવલ હતો અને તેમણે ગામના મુસ્લિમોને મારી નાંખવા ગુનાહિત કાવત્રુ ઘડી કાઢેલ હતુ.

આ કામમા સાહેદ નં-૪૯ ઈકબાલમીયા રસુલમીયા શેખે પણ જુબાનીમા તો.દારોએ ઘડેલ કાવત્રા અને રાજયના ઉચ્ચ સત્તાધારીઓ તરફથી આવનાર દિવસોમા મુસ્લિમો વિરૂધ્ધ બહુમતી વર્ગને ભડકાવી તોફાનો કરવા કેવી રીતે છૂટોદોર આપવામા આવેલ તે જાહેર કરેછે. ઈકબાલમીયાના જણાવ્યા પ્રમાણે બનાવના ત્રણેક દિવસ પહેલા ઉંઝાના ધારાસભ્ય નારણ લલ્લુભાઈ ગામના મહાદેવનામંદિરે આવેલા અને પટેલોની મીટીંગ રાખેલી અને તેમને માઈક ઉપર ભાષણ કરતા આ સાહેદે સાંભળેલા ત્યારે નારણભાઈ લલ્લુભાઈએ તેમના સંબોધનમા આપણી સરકાર છે તમારી ઈચ્છા હોય તેમ કરો તેવુ બોલેલાનુ સાંભળેલ જે હકીકત ના.કોર્ટની જુબાનીમા નોંધાયેલા છે.

તો.દારો તરફથી સુવ્યવસ્થિત કાવત્રા રૂપે મુસ્લિમો ઉપર બનાવના દિવસે હુમલો કરવામા આવેલ તે હકીકત સાહેદ નં-૫૪ શરીફખાન ભીખુમીયા શેખની ના.કોર્ટ સમક્ષની જુબાનીમા પણ સ્પષ્ટે દેખાઈ આવે છે સાહેદ શરીફમીયાએ જુબાનીમા જણાવેલ છે કે, બનાવના દિવસે સે.કે.નં-૨૭૫/૦૨ ના આરોપી નં-૬ અમરતભાઈ સોમાભાઈએ લાઈટના થાંભલા ઉપર હેલોજન લેમ્પ લગાડેલ તે વખતે એમણે કહેલ કે, આજે બાંડીયાઓને મારવાની મજા આવશે. આ વાત સાંજના સાતેક વાગે બનેલ અને તેના થોડા કલાકો બાદ ગામના પટેલોએ શેખવાસ પર હુમલો કરી ખૂબજ યોજના પૂર્વક મકાનોને કેરોસીન,પેટ્રોલ અને ઈલેક્ટ્રીક શોક થી મુસ્લિમ લોકોનુ મોટા પાયે કાસળ કાઢી નાંખેલ ગામમા સ્ટ્રીટ લાઈટ ઉપર હેલોજન લાઈટ મૂકી તેનુ અજવાળુ શેખ મહોલ્લા તરફ કરેલુ તે બાબતનો પુરાવો સાહેદ નં-૫૬ ઐયુબમીયા રસુલમીયાએ પણ ના.કોર્ટમા આવેલ છે.

આજ મતલબનો પુરાવો સાહેદ નં.૬૦ બચુમીયા ઈમામમીયાએ પણ સ્ટ્રીટલાઈટ ચાલુ કરવા બાબતે જુબાની આપેલ છે. સાહેદ નં-૬૦ બચુમીયાએ તેની જુબાનીમા તો.દારોના પેટમા રંધાઈ રહેલ કાવત્રા ને ઉજાગર કરતા પોતાની જુબાનીમા એ વાત પણ જણાવેલ છે કે તા. ૨૭.૨.૦૨ ના ચાર દિવસ પહેલા તે રફીકભાઈના ગલ્લે બેઠેલ હતો તે વખતે સેસન્સ કેસ નં-૨૭૫/૦૨ ના આરોપી નં-૨૬ રઘુભાઈ રેવાભાઈ આવેલા અને કહેલુ કે આ સાહેદનુ કેબીન રઘુભાઈના ઘરને અડીને આવેલુ હોઈ તે ત્યાથી ઉપાડીલે કારણ કે રઘુભાઈ રેવાભાઈને પોતાના ઘરમા ઘાસના પુળા ભરેલ હોવાથી તે બળી જશે તેની બીક હતી આ હકીકત રઘુભાઈ રેવાભાઈને તો.દારો તરફથી આવનાર દિવસોમા મુસ્લિમોના મકાનો કેબીનોને બાળી નાંખવામા આવનાર છે તે હકીકત જાણતા

હતા અને ગામના પટેલ લોકોએ અંદર ખાતે નક્કી કરી મુસ્લિમોના મકાનો અને કેબીનોને આગચાંપી બાળી મૂકવાનુ ગુનાહિત કાવત્રુ ઘડી કાઢેલ જ હતુ.

મુસ્લિમ કોમના વિરૂધ્ધ મોટા પાયે હુલ્લડ,આગ,લૂંટફાટ કરવાનુ અગાઉથી નક્કી કરી રાખવામા જ આવેલુ તે હકીકત સાહેદ નં-૬૩ ભીખુમીયા કાળુમીયાની જુબાનીમા પણ સ્પષ્ટ થાય છે. આ સાહેદ તા.૨૮.૨.૦૨ ના રોજ સાંજના ચારેક વાગ્યાના સુમારે બજારમા ગયેલા ત્યારે તેમણે એક મુસ્લિમ હનીફભાઈ અબ્દુલભાઈની દુકાન જોડે શંકરભાઈની દુકાન હતી તેમણે તેમની દુકાનને માલ ખાલી  કરતા જોંયેલા એટેલે સાહેદ ભીખુમીયાએ શંકરભાઈને તેઓ અચાનક કેમ ખાલી કરે છે તે પૂછતા શંકરભાઈએ તેઓ બીજે ભાડે રાખવાના છે તેમ જણાવી તેમનો માલ મંદિરના વંડામા લઈ જઈને મૂકી દીધેલ તે જ રાત્રે હિન્દુઓના ટોળા તરફથી મુસ્લિમોના ગલ્લા બાળી મૂકવામા આવેલ તે તપાસમા બહાર આવેલ છે. આમ, શંકરભાઈએ લીધેલ સાવચેતી તો.દારો તરફથી આચરવામા આવનાર મોટા તોફાન અને આગચાંપીનો ચિતાર આપેલ છે. તેવા કૃત્યો કરવાનુ કાવત્રુ અગાઉથી ગઢાયેલ હતુ તેની શંકરભાઈને ખબર હતી તેવુ સાહેદ ભીખુમીયાની જુબાનીમાંથી ફલીત થાય છે.

ગોધરાકાંડ પછી સમગ્ર ગુજરાતમા વાતાવરણ ખૂબજ તંગ હતુ અને હિન્દુ કોમ તરફથી મુસ્લિમો વિરૂધ્ધ મોટા પાયે તોફાનો અને મુસ્લિમોના ઘરોને આગ,લૂંટફાટ કરી ભસ્મભુત કરવા અગાઉથી વ્યવસ્થા કરી રાખવામા આવેલ તે ઉપર પ્રકાશ પાડવા સાહેદ નં-૭૧ મંગાભાઈ રામાભાઈ રાવળ જેવા મહત્વના તટસ્થ અને સ્વતંત્ર સાહેદની જુબાની નોંધાવેલ છે. સાહેદ મંગાભાઈએ બનાવના દિવસે આ કામના તો.દારો નટુભાઈ કચરાભાઈ જયંતીભાઈ અંબાલાલ વગેરને રામાભાઈ મોહનભાઈ પટેલના બાજુના રસ્તા ઉપરના ટ્રેકટરમાંથી કેરોસીન,પેટ્રોલ લઈ જતા જોયેલ આ સાહેદના જણાવ્યા પ્રમાણે તે ટ્રેકટરમા બનાવના દિવસે કેરોસીનના ચાર પીપડા અને પેટ્રોલનુ એક પીપડુ જોંયેલ આ મહત્વના સાહેદે તે દિવસે લાઈટના ફોકસ ચાલુ હતા અને તેને શેખ મહોલ્લા તરફ આગના ભડકાં જોયલા આમ, મોટા પાયે આગ લૂંટફાટ અને તોફાનો અને હુલ્લડ કરવા ટ્રેકટર,કેરોસીન પેટ્રોલની પીપડાઓની વ્યવસ્થા પણ હિત ધરાવતા શખ્શો તરફથી કરી રાખવામા આવેલ અને આવી તૈયારીઓ પોલીસ કે બીજી કોઈ રાજયની કાનૂન વ્યવસ્થાની એજન્સીઓ જોઈ શકેલ નહિ કે રોકી શકેલ નહિ.

ગોધરાકાંડ પછી ગુજરાતમા થયેલા મુસ્લિમો વિરૂધ્ધના તોફાનો ખૂબજ વ્યવસ્થિત અને એક કાવત્રાના ભાગરૂપે હતા તે બતાવવા ના.કોર્ટમા સાહેદ નં-૭૮

બશીરાબીબી બચુમીયાની જુબાની પણ મહત્વની છે તે તા. ૨૮.૨.૦૨ ના રોજ તો.દાર નં-૪૮ જયંતિ અંબારામ તેમના ઘરે આવી તેમના પતિ પાસેથી બોરના હિસાબનો ચોપડો લઈ ગયેલ. જાણે જયંતિભાઈ અંબાલાલને આવનાર તોફાનની ખબર જ હતી અને તે હિસાબનો ચોપડો સલામત રીતે લઈ લેવા માંગતો હતો વળી, બનાવના દિવસે તા.૧.૩.૦૨ ના સાંજના પાંચ વાગ્યાના સુમારે બશીરાબીબી તો.દાર નં-૭ ડાહ્યાભાઈની દુકાને ચણાનાલોટ લેવા ગયેલી ત્યારે તેમણે આ લોટ શુ કરશો આજનો દિવસ તો તમારો છેલ્લો છે ભજીયા-વજીયા ખાઈ લો કાલે જીવતા રહેશો તો ખાશો ને આવા ખૂબજ સૂચક શબ્દો અને વાકયો તો.દારને ડાહ્યાભાઈ સાહેદ બશીરાબીબીને કહેતા તેને ખૂબજ આશ્ચર્ય થયેલ પરંતુ આ મહત્વનો સંવાદ તો.દારોના ખૂબજ મોટો પાયા પરના ઘડી કાઢવામા આવેલ ગુનાહિત કાવત્રાની પોલ ખોલે છે.

આવા મોટા પાયે મુસ્લિમકોમ વિરૂધ્ધ મોટા ગુનાઓ આચરવામા આવનાર હોવાનો સંદેશો સ્પષ્ટ હોવા છતા પોલીસને આ બાબતની કોઈ જાણકારી ન હોય તે માની શકાય તેમ નથી અને લઘુમતી કોમ ઉપર થનાર અત્યાચાર અને જૂલ્મને પોલીસ રોકી શકવામા કે લઘુમતી કોમ ઉપર આપનાર મોટી આફત જાણી બુજીને પોલીસે નજર અંદાજ કરેલ હોઈ શકે.

ગામના લોકો આશ્ચર્યજનક રીતે હેલોજન લેમ્પ મૂકતો હોય,સરેઆમ મીટીગોમા ઉગ્ર ભાષણો એક કોમ વિરૂધ્ધ થતા હોય, ત્રિશુલોની વહેંચણી થતી હોય,ગામના સામાન્ય માણસો અગમચેતીના પગલારૂપે મુસ્લિમોની મીલ્કત પાસેથી પોતાનો સરસામાન ખસેડી લેવાની ચીંતામા હોય, ગામના કરીયાણાના વહેંયારીને પણ મુસ્લિમ લોકો નજીકના ભવિષ્યમા મરવાના થયા છે તે જાણતો હોય તેમ છતા રાજયની પોલીસ કે ગુપ્તચર સંસ્થાઓ આ બાબતે કોઈ ભય પારખી જરૂરી પગલા ન લઈ શકે તે ખૂબજ વાંધાજનક અને જાણી બુજીને તેમના તરફથી આ બાબતે અગમ્ય કારણોસર બેદરકારી બતાવવામા આવેલ છે તેમ માન્યા સિવાય છુટકો નથી.

ના.કોર્ટમા સમક્ષની સાહેદોની જુબાનીમા એ હકીકત પણ જણાઈ આવે છે કે, જયારે ગામમા કોમી તંગદીલી હતી અને બજારમા મુસ્લિમોના કેબીનો બાળવામા આવેલ તેમ છતા મુસ્લિમ વસ્તી ધરાવતા શેખવાસને કોઈ પોલીસ બંદોબસ્ત તેમના રક્ષણ માટે આવેલા હોવાનુ જણાતુ નથી. ઉલ્ટાનુ શેખવાસ ઉપર તા.૧.૩.૦૨ ના રોજ રાત્રે ૯.૩૦ વાગ્યાના સુમારે પ્રથમ હુમલો ગામના પટેલ હિન્દુ લોકોએ હુમલો કરી પથ્થરમારો કરી મહોલ્લા નાકે ત્રણ કેબીનો સળગાવેલ તે વખતે પોલીસ આવેલ પરંતુ થોડીવાર પછી

જતી રહેલી તેવુ  સાહેદોની જુબાનીમા હકીકત બહાર આવે છે. આ વખતે આવી તંગ પરિસ્થિતિ પથ્થરમારો,આગચાંપી ના બનાવ છતા પોલીસે મુસ્લિમ વસ્તી કોઈ રક્ષણ પુરુ પાડેલ નહિ અને કોઈ પોલીસ બંદોબસ્ત ત્યા ગોઠવેલ નહિ જો આ બનાવ વખતે અને આ સમયે પોલીસે એકપણ હથિયારબંધ પોલીસનો  મુસ્લિમોના રક્ષણ માટે ઉભો રાખેલ હોત તો તે રાત્રે મહેમુદમીયાના ઘરમા ૩૦ મુસ્લિમ સ્ત્રી-પુરુષો બાળકોને આગચાંપી મોતના ઘાટ ઉતારી દેવામા  ન આવ્યો હોત.

પરંતુ, પોલીસની સમય સૂચકતા અને દુરંદેશી અને મુસ્લિમોને રક્ષણ ન આપવાની નીતીના કારણે જ આવો મોટો હિચકારો બનાવ બની ગયેલ તેમ કહી શકાય તેમ છે. આવો બનાવ પોલીસની અગમ ચેતી અને બંદોબસ્તથી નીવારી શકાયો હોત.

<u>સાહેદો વિશેઃ-</u>

આ કામમા ના.કોર્ટમા તો.દારો વિરૂધ્ધ તેમણે આચરેલા ગંભીરગુનાઓ સંખ્યાબંધ સાહેદોએ જુબાની આપેલ છે. તે સાહેદો બનાવ બન્યો તે જ ગામના રહેવાસીઓ છે ગોજારો બનાવ બન્યો તે શેખવાસના રહેવાસીઓ છે. તેમના ઉપર હિંચકારો હુમલો કરનાર તે તો.દારો તેમના ગામનાજ હોવાથી સારી રીતે ઓળખેલ છે સાહેદોએ બનાવબાદ વહેલામા-વહેલી તકે તેમણે જોયેલ તો.દારોના નામ પોલીસને  આપેલ છે, તે સાહેદોએ ના.કોર્ટમા ખૂબજ મહત્વની અને શંકા રહિત વિશ્વાસપડે તેવી જુબાની આપેલ છે, ગુનામા સામેલ તો.દારોને ના.કોર્ટમા ઓળખી બતાવેલ છે. બનાવ આઠ વર્ષ ઉપરાંતના સમયે બનેલ હોઈ તેમજ સાહેદો ખૂબજ ગરીબ-અભણ, અને અશકત હોવાના કારણે તેમજ તો.દારોના દેખાવમા પણ અને તેમના ચેહરા ઉપર સમયના વહેણની અસર થયેલ હોઈ કેટલાક સાહેદો તો.દારોને ઓળખી શકવામા મૂશ્કેલી અનૂભવેલ છે.

આવા સંજોગોમા સાહેદોને તેમની નાતના કોઈ આગેવાનોએ ચઢવણી કરેલાના સુજાવ કે તેમને મદદરૂપ થનાર અને કાનૂની સહાય આપી ન્યાય મેળવવામા મદદરૂપ સંસ્થાઓને વગોવી સાહેદોની  બનાવ અંગેની ખૂબજ સરળ અને કુદરતી જુબાનીને ન માનવા અને તેમની જુબાની ઉપર ખોટા શંકાના વાદળો ઉભા કરવા બચાવપક્ષ તરફથી પ્રયત્નો કરવામા આવેલ છે. તેવા પ્રયત્નો ખૂબજ બાલીસ ગેરકાયદેસરના અને બનાવના દિવસે સાહેદોએ જોયેલ બનાવ તેમના

પોલીસ સમક્ષના એ બાબતના જવાબ અને ના.કોર્ટ સમક્ષની તેમની જુબાનીનુ મૂલ્યાંકન કરવામા કોઈ રીતે મહત્વના નથી.

સને ૨૦૦૨માં કોમી હુલ્લડોમા લઘુમતી કોમને સહન કરવાનુ આવેલ અને તેમણે ન્યાય મેળવવા પોલીસ અને સત્તાવાળાઓ સમક્ષ ઘા નાંખેલ તે વખતના કેટલાક પુરાવાઓ પણ મહત્વના છે અને તે પુરાવા સામે આંખમીચાણ કરી શકાય તેમ નથી, સહન કરનાર અસરગ્રસ્તોને પુરતો ન્યાય મળી ન શકાય તેવી પરિસ્થિતિ સર્જાતા છેવટે સામાજીક કાર્યકરતી સંસ્થાઓ તેમની મદદે ખૂબજ મોડે બનાવના વર્ષો બાદ આવેલ આવી સંસ્થાઓ અસરગ્રસ્તોને મદદે આવીને અગાઉના દસ્તાવેજી પુરાવા અને હાલના તો.દારોની ગુનાની સંડોવણીમાથી તેઓ પોતાની જાતને બચાવી શકે તેમ નથી અસરગ્રસ્તોને તેમની સામે થયેલ અત્યાચાર બાબતે પૂરતો ન્યાય મળી શકશે કે કેમ તે બાબત જ શંકાના ઘેરાવામાં હતી અને અસરગ્રસ્તોને તપાસ કરનાર એજન્સી અને શક્તિશાળી પીઠ બળ પુરૂપાડતા સ્થાપિત હિતો તરફથી ન્યાય નહિ મળે તે હકિકત તરફ ના.સુપ્રિમકોર્ટનુ ધ્યાન દોરાતા સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ ની રચના કરવા હુકમ કરવામા આવેલ. ના.સુપ્રિમકોર્ટ તરફથી અસરગ્રસ્તોને ન્યાય મળે તે માટે સીટની રચના કર્યાબાદ પણ તેની કાર્યવાહિ અને તેની કાર્યપધ્ધતીથી અને સીટ તરફથી ઈન્વેસ્ટીગેશન કરતા અમલદારોથી ના.સુપ્રિમકોર્ટને સંતોષ ન થતા ના.સુપ્રિમકોર્ટે તે બાબતે નારાજગી પણ બતાવી છે.

આમ, ગોધરાકાંડ પછી એક કોમે વ્યવસ્થિત કાવતરાના ભોગરૂપે ગંભીર રીતે માલ અને જાનની હાની સહન કરેલ છે તેમને મદદરૂપ થતી સંસ્થાઓ તરફ સમાજમા કોમી વયમન્સ્વ સર્જી લાભ ખાટતા તત્વોને આવી સામાજીક સંસ્થાઓ આંખમા કણાની જેમ ખૂંચે છે આવા સ્થાપિત હિતો તરફથી અસરગ્રસ્તોને ના.કોર્ટમાંથી પણ ન્યાય ન મળે તે માટે ગંભીર પ્રકારના ગુનાઓ આચરનાર તો.દારો સામે ના.કોર્ટ ન્યાય આપવાની તૈયારીમા છે ત્યારે તેવી સંસ્થાઓ સામે ખોટા અને આ બનાવ ઉપર કે સાહેદોએ તે બનાવ નજરે જોયેલ છે કે કેમ ? અથવા આ તો.દારો ગુનામા સામેલ હતા કે કેમ તે બાબતે ખૂબજ સહજ  અને કુદરતી એવા સાહેદોની

જુબાની ઉપર કોઈપણ રીતે અસર ન કરતા ખોટા અને વજુદ વગરના આક્ષેપોનો મારો સ્થાપિત હિતોએ તો.દારના બચાવ મારે ગેરકાયદેસર રીતે કરેલ છે. આ પ્રકારના આક્ષપો અસરગ્રસ્ત સાહેદોની જુબાની ન માનવા અને તેમણે થયેલ બનાવ બાબતે કોઈપણ રીતે શંકા તે આક્ષેપોના કારણોસર કરી શકાય તેમ નથી.

બનાવ વખતે ટોળામાં સામેલ નામદાર કોર્ટ સમક્ષના તોહમતદારોએ કરેલ ગુનાહિત કૃત્યો બાબતે નામદાર કોર્ટમાં ખુબ જ પુરતા- પ્રમાણમાં વિશ્વાસનીય ભરોસાપાત્ર અને માની શકાય તેવો પુરાવો પડેલ છે.

જે નીચે મુજબ છે.. . . . .

**<u>તોહમતદાર નં. ૧ રમેશભાઈ કાનજીભાઈ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>**

૧) સાહેદ નં. ૪૭ ફરીયાદી ઈબ્રાહીમભાઈ રસુલભાઈ શેખઃ- બનાવ તા.૧.૩.૨૦૦૨ ની રાત્રે બનેલ તેના બીજાજ દિવસે એટલે કે તા.૨.૩.૨૦૦૨ ના રોજ ફરીયાદ આપેલ છે તે ફરીયાદમાં પણ ફરીયાદી એ આ તોહમતદાર પટેલ રમેશભાઈ કાનજીભાઈને તોહમતદાર તરીકે દર્શાવેલ છે. વળી, ફરીયાદી ઈબ્રાહીમભાઈ એ નામદાર કોર્ટમાં આપેલ જુબાનીમાં પણ સ્પષ્ટપણે જણાવેલ છેકે ટોળાના માણસોના હાથમાં ધારીયા, તલવારો, ત્રિશુળ, ભાલા, પેટ્રોલ અને કેરોસીનના ડબલા હતા અને તેઓએ મુસ્લીમોના મકાનો સળગાવવાનું શરૂ કરેલ તે ટોળામાં રમેશભાઈ કાનજીભાઈ પણ હતા.

૨) સાહેદ નં.૬૮ ગુલામઅલી અકબરમીંયા શેખ :- સાહેદ ગુલામઅલીએ ના. કોર્ટની જુબાનીમાં જણાવેલ છે તે મુજબ આ તોહમતદાર પટેલ રમેશભાઈ તોફાની ટોળામાં સામેલ હતા અને તે સળગતા કાકડા સાથે હતા. સાહેદ ગુલામઅલી અકબરમીંયાએ તોહમતદાર પટેલ રમેશભાઈ કાનજીભાઈને ઓળખી બતાવેલ છે. આ સાહેદ ગુલામઅલી અકબરમીંયાએ તેના તા.૧૦.૩.૦૨ ના પોલીસ જવાબમાં પણ મજકુર તોહમતદારનું નામ આપેલ છે. અને તે સળગતા કાકડા સાથે હતા તેવુ તેમનુ કહેવુ છે.

૩) સાહેદ નં.૭૩ ફરીદાબાનુ આશીકહુસેન શેખ :- ફરીદાબાનુ પોતે બનાવ વખતે દાઝી ગયેલ ઈન્જર્ડ વીટનેસ છે. બનાવ વખતે તેણીની સગીર દીકરી આશીયાનાબાનુ ઉ.વ.આ.૧૦ ને ગુમાવેલ છે. ના. કોર્ટમાં ફરીદાબીબી એ તોહમતદાર પટેલ રમેશભાઈ કાનજીભાઈને ઓળખી બતાવેલ છે. અને તેથી તેણે તેમને દીઠે ઓળખે છે તેવુ જણાવેલ છે.

આમ, મજકુર તોહમતદાર નં.૧ પટેલ રમેશભાઈ કાનજીભાઈ સામે (૧) ફરીયાદી ઈબ્રાહીમભાઈ (૨) ગુલામઅલી અકબરમીંયા (૩) ફરીદાબીબી આશીકહુસેન શેખના પુરાવા નામદાર કોર્ટમાં નોંધાયેલ છે અને તેમને ન માનવા કોઈ વ્યાજબી કારણ નથી.

**<u>તોહમતદાર નં. ૨ પટેલ ચતુરભાઈ ઉર્ફે ભુરીયો વિઠ્ઠલભાઈ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>**

૧) સાહેદ નં. ૪૭ ફરીયાદી ઈબ્રાહીમભાઈ રસુલમીંયા શેખઃ- તેમની બનાવ પછીની તરતની ફરીયાદમાં નામ આપેલ છે. તેમજ નામદાર કોર્ટમાં પણ પટેલ ચતુરભાઈ ઉર્ફે ભુરીયા વિઠ્ઠલભાઈનું ફરીયાદી ઈબ્રાહીમભાઈએ તોહમતદાર તરીકે પોતાની જુબાનીમાં નામ આપેલ છે. વિવિધ હથિયારો સાથે સજ્જ થઈ મુસ્લીમોના ઘરો ઉપર પથ્થરમારો અને આગચંપી કરતા ટોળામાં પટેલ ચતુરભાઈ પણ હતા. અને તેમને ફરીયાદીએ ઓળખેલ તેવુ ના.કોર્ટની જુબાનીમાં જણાવેલ છે.

૨) આશીકહુસેન બચુમીયા શેખ ફરીયાદપક્ષના સાહેદ નં.૫૫ :- આ સાહેદ નામદાર કોર્ટની જુબાનીમાં મજકુર તોહમતદાર ચતુરભાઈને ગુનાહિત કૃત્ય કરતા ટોળામાં પાઈપ સાથે હોવાનુ જણાવે છે. સાહેદ આશીકહુસેન ફરીયાદ પક્ષનો ખુબજ મહત્વનો સાહેદ છે. જેનો પોલીસ જવાબ બનાવબાદ તુરત જ તા.૨.૩.૦૨ ના રોજ નોંધવામાં આવેલ અને તે જવાબમાં પણ સાહેદ આશીકહુસેને પટેલ ચતુરભાઈને તોહમતદાર તરીકે દર્શાવેલ છે અને તેણે નામદાર કોર્ટમાં સદરહુ તોહમતદાર ચતુરભાઈને ઓળખી બતાવેલ છે મજકુર તોહમતદાર બનાવ વખતે હાથમાં પાઈપ સાથે હતા તેવુ સાહેદ આશીક હુસેનની જુબાનીમા છે.

આ તબક્કે મજકુર તોહમતદાર પટેલ ચતુરભાઈ ઉર્ફે ભુરીયો વિઠ્ઠલભાઈ સામેનો બીજા પુરાવાની ચર્ચા કરતા પહેલા સાહેદ નં.૫૫ આશીકહુસેન

બચુમીંયાની જુબાનીના મહત્વ અંગે નામદાર કોર્ટનું ધ્યાન દોરવું ન્યાયના હિતમાં ખુબજ જરૂરી છે. આશીકહુસેન બચુમીંયા સરદારપુરા શેખવાસ કે જયાં બનાવ બનેલ છે ત્યાંનો રહેવાસી છે. ગોઝારા બનાવ આશીકહુસેન ની પુત્રી આશીયાનાબાનુ ઉ.વ.આ. ૧૦ નાને જીવતીબાળી નાખવામાં આવેલ, તેના પુત્ર ઉ.વ.આ.૩ તથા આશીકહુસેનની પત્ની ફરીદાબાનુ તે દાઝી જવાથી ઈજાઓ થયેલ. તેના ઘરને સળગાવી દેવામાં આવેલ અને તેની આજીવીકાનું સાધન જીપને પણ સળગાવી દઈ ટોળાએ મોટુ નુકશાન કરેલ સાહેદ આશીકહુસેન બચુમીયાનો પોલીસે બનાવબાદ તરતજ તા.૨.૩.૦૨ ના રોજ જવાબ લીધેલ છે. તે જવાબમાં બનાવ વખતે ગંભીર ગુનાઓ આચરતા ટોળામાં જે લોકો સામેલ હતા અને ગુનાહિત કૃત્યો કરતા હતા તેવા ૨૪ તોહમતદારોના નામ લખાવેલ છે. સાહેદ આશીકહુસેન બચુમીયાએ નામદાર કોર્ટમાં પણ તે તોહમતદારોના નામ આપેલ છે અને તેમાથી ૧૯ જેટલા તોહમતદારોને નામદાર કોર્ટમાં ઓળખી બતાવેલ છે. આમ, સાહેદ આશીકહુસેન બચુમીયા ખુબજ મહત્વનો પુરાવો આપતો સાહેદ છે. જેની જુબાની ન માનવાને કોઈ સબળ કારણ નથી. હકીકતમાં આ સાહેદ **WHOLLY RELIABLE WITNESS** છે. આ સાહેદે પોતાના પોલીસ જવાબમાં (૧)પટેલ અશ્વિનભાઈ બળદેવભાઈ – ડબલા સાથે, (૨)પટેલ પશાભાઈ મોહનભાઈ – ડબલા સાથે, (૩)ચતુરભાઈ વિઠ્ઠલભાઈ –પાઈપ સાથે, (૪) રાજેશભાઈ કરસનભાઈ – પાઈપ સાથે, (૫)માધાભાઈ વિઠ્ઠલભાઈ – પાઈપ સાથે, (૬) રમેશભાઈ પ્રભાભાઈ – ધારિયું સાથે,(૭) જયંતિભાઈ મંગળભાઈ ઉર્ફે બકાભાઈ – તલવાર સાથે (૮)કાળાભાઈ ભીખાભાઈ, (૯)ભીખાભાઈ જોઈતાભાઈ, (૧૦)મંગળભાઈ મથુરભાઈ, (૧૧)રમેશભાઈ કાંતિભાઈ, (૧૨) પ્રહલાદભાઈ સોમાભાઈ, (૧૩) જયંતિભાઈ જીવણભાઈ, (૧૪)જયંતિભાઈ અંબાલાલ - છુટા પથ્થરો-ઢેકાળા સાથે, (૧૫) ભાવેશ કનુભાઈ પટેલ, (૧૬)શીતલ નારાયણ સિંધી, (૧૭)પ્રજાપતિ ડાહ્યાભાઈ વરવાભાઈ, (૧૮)પ્રજાપતિ રમણભાઈ ગણેશભાઈ, (૧૯)ગોરધનભાઈ રેવાભાઈ(૨૦)રાજેશભાઈ અમૃતભાઈ, (૨૧)રવિકુમાર અમૃતભાઈ, (૨૨)રોહિતકુમાર રમણલાલ(૨૩) પટેલ કચરાભાઈ ત્રિભોવનદાસ, (૨૪)અંબાલાલ મગન, (૨૫)રમણભાઈ ગણેશભાઈ –૨૫ નામ આપેલ છે જેમાં તહોમતદાર નં. ૧૫ થી ૨૨ ને હથિયારો સાથે તેમજ તોહમતદાર નં

૨૩,૨૪,૨૫ ને પોતાની જીપ સળગાવતા અને નામદાર કોર્ટમાં તોહમતદાર (૧) જયંતિભાઈ અંબાલાલ (૨) ગોરધનભાઈ રેવાભાઈ પ્રજાપતિ, (૩)અશ્વિનભાઈ બળદેવભાઈ (૪)ડાહ્યાભાઈ વરવાભાઈ પ્રજાપતિ, (૫) રમણભાઈ ગણેશભાઈ, (૬)રાજેશભાઈ કરસનભાઈ, (૭) મંગળભાઈ મથુરભાઈ (૮)ભીખાભાઈ જોઈતાભાઈ (૯)અંબાલાલ મગનભાઈ, (૧૦) અમરતભાઈ સોમાભાઈ, (૧૧) રમેશભાઈ કાંતિભાઈ, (૧૨)ચતુરભાઈ કાનજીભાઈ(૧૩)કચરાભાઈ ત્રિભોવનદાસ, (૧૪) ચતુરભાઈ વિઠ્ઠલભાઈ (૧૫)પરશોત્તમભાઈ મોહનભાઈ (૧૬)રમેશભાઈ પ્રભુદાસ (૧૭)પ્રહલાદભાઈ સોમાભાઈ, (૧૮)કાળાભાઈ ભીખાભાઈ (૧૯)માધાભાઈ વિઠ્ઠલભાઈ ના નામ આપી ૧૯ જેટલા તો.દારોને ઓળખી બતાવેલ છે. ફરીયાદપક્ષના નમ્ર રીતે માનવા મુજબ આ તોહમતદારો સામે સાહેદ આશીકહુસેન બચુમીયાનો ખુબ જ સબળ અને **WHOLLY RELIABLE** પુરાવો છે અને આ સાહેદની જુબાની ઉપર જ આ તમામ તોહમતદારોને તેમણે આવરેલા ગુનાઓ બદલ સજા કરી શકાય તેમ છે.

૩) સાહેદ નં.૫૯ મોહંમદ સત્તાર બચુમીંયાનો :- સાહેદ મોહંમદ સત્તાર બચુમયાએ સીટ રૂબરૂના જવાબમાં આ તોહમતદારનું નામ આપેલ છે. નામદાર કોર્ટની જુબાનીમાં પણ સાહેદ મોહંમદ સત્તાર ગંભીર પ્રકારના ગુનાઓ કરતા ટોળામાં હોવાનુ જણાવી તોહમતદાર ચતુરભાઈને ઓળખી બતાવેલ છે.

૪) સાહેદ નં. ૬૬ અકબરમીંયા રસુલમીંયા શેખનો :- જેમણે પોતાના તા.૧૦.૩.૦૨ ના પોલીસના જવાબમાં પણ તોહમતદાર ચતુરભાઈ ગુનાહિત ટોળામાં પથ્થર સાથે ટોળામાં સામેલ હોવાનુ જણાવેલ છે અને નામદાર કોર્ટમાં પણ સાહેદ પોતાની જુબાનીમાં આ તોહમતદારને તોહમતદાર તરીકે નામ આપી તેને ઓળખી બતાવે છે.

૫) સાહેદ નં. ૭૦ મુનસફખાન પઠાણઃ- મુનસફખાને પોતાના તા.૬.૩.૦૨ ના પોલીસ જવાબમાં તોહમતદાર ચતુરભાઈ વિઠ્ઠલભાઈનું નામ લખાવેલ છે. નામદાર કોર્ટમાં પણ તોહમતદાર ચતુરભાઈ બનાવ વખતે ગુનાહિત કૃત્ય કરતા ટોળામાં હતાનુ જણાવી નામદાર કોર્ટમાં સદરહુ તોહમતદાર ચતુરભાઈને ઓળખી બતાવેલ છે.

૬) સાહેદ નં. ૭૩ થી ફરીદાબાનુ આશીકહુસેનઃ- આ સાહેદ બાઈ માણસ છે અને ઘરબહાર મહિલાઓની આવન-જાવન લઘુમતિ કોમમાં બહુ ઓછી હોય તે સબબે

બહારના માણસોને નામથી ઓળખે તેની શક્યતા ખુબજ વધારે છે. આ હકીકત ધ્યાનમાં લઈ ફરીદાબાનુ ગુનાહિત ટોળામાં સામેલ માણસોને દીઠે ઓળખે છે તે રીતે આ તોહમતદારને ઓળખી બતાવે છે.

૭) સાહેદ નં.૭૭ થી બદરૂન્નીસા અકબરમીયાઃ- આ સાહેદે તેણીના તા.૬.૩.૦૨ નાં પોલીસ જવાબમાં આ તોહમતદારનું નામ આપેલ છે અને નામદાર કોર્ટમાં પણ બનાવમાં સામેલ ગુનેગાર તરીકે તોહમતદાર ચતુરભાઈ વિઠ્ઠલભાઈનું નામ આપે છે અને સદરહુ તોહમતદાર ચતુરભાઈ ઉર્ફે ભુરીયા વિઠ્ઠલભાઈને ચતુરભાઈ કાનજીભાઈ એ રીતે ઓળખી બતાવે છે.

૮) સાહેદ નં. ૭૯ શમીમબાનુ મેહમુદમીંયાઃ-આ સાહેદે તોહમતદાર ચતુરભાઈને દીઠે ઓળખે છે તેવુ જણાવી નામદાર કોર્ટમાં ઓળખી બતાવેલ છે. આ સાહેદે નામદાર કોર્ટમાં જણાવેલ છે કે,

> . . . . .ગોધરા ટ્રેન બાળી તેના ત્રીજા દિવસે અમારા ત્યાં બનાવ બનેલો. મહાદેવના મંદિર બાજુથી પટેલ લોકોનું ટોળુ ચીકારીઓ પાડતુ આવેલુ કે મીંયાભાઈને કાપી નાખો, મારી નાકો. તે સાડા નવ વાગ્યાના સુમારે આવેલું. તે લોકો આવ્યા અને ત્રણ કેબીનો સળગાવેલા. . . . . . . ફરીથી તે જ ટોળુ પાછુ આવેલું. પછી મનુભાઈ પેન્ટરનુ ઘર સળગાવેલુ. અકબરભાઈ નથુભાઈનુ ઘર સળગાવેલુ. એમ કરતા સળગાવતા સળગાવતા મહોલ્લામાં ઘુસી ગયેલા. હુ મારા અભુમામાના મકાનમાં હતી. પછી મારા અભુમામા આવેલા આવીને કહેલ કે, આ લોકો સળગાવતા સળગાવતા ઠેક આવી ગયા છે જવાની બારી નથી હુ દરવાજો ખોલી નાખુ છું જે રીતે તમારે છુપવુ હોય તે છુપાઈ જાવ અને નાસી જાવ. મારા મામાએ દરવાજો ખોલી નાખેલો. મહોલ્લાની તમામ ઔરતો બચવા માટે અમારા પાકા મકાનમાં ઘુસેલી. હુ મારા પોતાના મકાનમાં હતી. પટેલ લોકોએ ચારે બાજુથી ઘેરી લીધા. કેરોસીન નાખ્યું, કાકડા નાખ્યા, પેટ્રોલ નાખ્યું એમ કરીને બધાને સળગાવ્યા. ઉપરનુ ધાબુ તોડ્યું. મે મારી નજરે આંખેથી જોયા છે...... તે લોકોએ અમારા ઘરમાં કેરોસીનવાળા કાકડા, પેટ્રોલ નાખેલા. મે મારી નજરે મારી મમ્મી, મારા બે ભાઈ ઈરફાનભાઈ અને ટીપુ સુલતાન અને મારી બહેન ફરીદાબાનુને બાળતા જોયેલા.

આમ, મજકુર તોહમતદાર નં.૨ પટેલ ચતુરભાઈ ઉર્ફે ભુરીયા વિઠ્ઠલભાઈ સામે આઠ જેટલા સાહેદોની જુબાનીમાં પુરાવા પડેલ છે તેમાં ઉપર જણાવ્યા પ્રમાણે સાહેદ આશીકહુસેન બચુમીયાનો પુરાવો કોઈપણ રીતે હળવી રીતે લઈ શકાય તેમ નથી.

**<u>તોહમતદાર નં. ૫ પટેલ જયંતિભાઈ મંગળભાઈ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>**

**૧) સાહેદ નં-૪૭ ફરીયાદી ઈબ્રાહીમભાઈ રસુલભાઈ શેખ:- નામદાર કોર્ટમાં તોહમતદાર તરીકે ઓળખી બતાવેલ છે.**

**૨) સાહેદ નં- ૫૫ આશીકહુસેન બચુમીયા:- જે પ્રમાણે મજકુર તોહમતદાર બનાવ વખતે હાથમાં તલવાર સાથે હતા. સાહેદ આશીકહુસેન બચુમીયાએ પોતાના પોલીસ જવાબમાં આ તોહમતદાર નું નામ જયંતિભાઈ મંગળદાસનું નામ બકાભાઈ મંગળભાઈ તરીકે લખાવેલ છે અને નામદાર કોર્ટની જુબાનીમાં સાહેદ આશીકહુસેને આ તોહમતદારના નામની સ્પષ્ટતા જયંતિભાઈ મંગળભાઈ ઉર્ફે બકાભાઈ તરીકે કરેલ છે.**

**૩) સાહેદ નં. ૫૭ થી મુસ્તુફામીયા રસુલમીયા:- જેમણે મજકુર તોહમતદારનો નામદાર કોર્ટમાં ગુના આચરતા ટોળામાં હોવાનું નામ આપી તેમને ના.કોર્ટમા ઓળખી બતાવેલ છે. આ સાહેદે નામદાર કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવેલ છે કે,**

> . . .. . .૧.૩.૦૨ ના રોજ પટેલોનું ટોળુ બુમો પાડતું હતું, ચીકારીઓ પાડતું, હથિયારો સાથે, પેટ્રોલના કેરોસીનના ડબલા સાથે, અમારા મહોલ્લાના કેબીનો તોડફોડ કરીને આગ ચાપેલી. પોલીસ આવતા એ ટોળુ વિખેરાઈ ગયેલુ ફરીથી તે જ ટોળુ રાત્રીના સાડા અગિયાર વાગ્યાના સુમારે બુમો પાડતુ કીકારીયો પાડતું મીયાને મારી નાખો, એક પણ મીયાં જીવતો ન રહેવો જોઈએ. હથિયારો, કેરોસીનના ડબલા સાથે આવેલા. અમારા મહોલ્લાના મકાનોને તોડફોડ કરીને આગ ચાંપેલી તે વખતે અમારા માણસો મહેમુદભાઈના ઘર તરફ ગયેલા. મારી પત્ની અને મારો પુત્ર જાવેદમીંયા મહેમુદમીંયાના ઘર તરફ ગયેલા. તે માણસોને મેં ભાળેલા જેમાં લક્ષ્મણભાઈ ધુળાભાઈ પટેલ, રમેશભાઈ ધુળાભાઈ પટેલ, માધાભાઈ વિઠ્ઠલભાઈ પટેલ, જયંતીભાઈ મંગળદાસ ઉર્ફે બકો, કચરાભાઈ ત્રિભાવનદાસ, અશ્વિનભાઈ બળદેવભાઈ બોથમ, તુલસીભાઈ ગિરધરભાઈ પટેલ એ લોકો અમારા મહેમુદમીંયાના ઘર તરફ ગયેલા. અમારા માણસોને મહેમુદમીંયાના મકાનમાં પેટ્રોલ, કેરોસીન નાંખીને જીવતા સળગાવેલા. તે વખતે હું બચુમીંયા ઈમામમીંયાના ઘરની આડમા સંતાઈ ગયેલો. . . . .

**૪) તોહમતદાર જયન્તીભાઈ વિરૂધ્ધ બીજો પુરાવો સાહેદ નં. ૫૯ મોહંમદ સત્તાર બચુમીયા શેખનો છે. આ સાહેદે મજકુર તોહમતદારનું નામ નામદાર કોર્ટમાં પોતાની જુબાનીમાં આપેલ છે. આ સાહેદના જણાવ્યા પ્રમાણે ચીચીયારીઓ પાડતા**

અને મુસ્લીમો પર હુમલો કરતા તેમના મકાનને આગ ચાંપતા હોવામાં તોહમતદાર જયન્તીભાઈ મંગળભાઈ હતા અને આ સાહેદે તેમની બાળી-કુટાયેલી જીપના અજવાળામાં તોહમતદારને જોયેલ.

૫) સાહેદ નં.૬૨ રફીકમીંયા મોહંમદહુસેન શેખઃ- આ સાહેદ મહત્વનો પુરાવો છે. આ સાહેદના જણાવ્યા પ્રમાણે .

> . . . . . પછી બીજા નંબરનું અકબરમીંયા નાથુમીંયાનું મકાન તરફ આવ્યા તે સમયે આ ટોળાના માણસો, અમારા ગામના માણસો મેં અંબાલાલ મગન ધારીયા સાથે, કાળાભાઈ ભીખાભાઈ, <u>જયંતિભાઈ મંગળભાઈ,</u> પશાભાઈ મોહનભાઈ, જોઈતારામ રામાબાઈ હાથમાં ડબલું, અશ્વિનભાઈ જગાભાઈ, રાજેશભાઈ કરશનબાઈ આ લોકોના હાથમાં લાકડીઓ અને પાઈપો હતી. પછી કચરાભા ત્રિભોનનદાસ, ગોવિંદભાઈ મોહનભાઈ, રમેશભાઈ કાન્તીભાઈ આ બધા માણસો હતા. એક પછી એત મકાન બાળતા હતા. હું મારો જીવ બચાવવા ઈબ્રાહીમમીંયા રસુલમીંયના ઘર તરફ જતો રહેલો. આ માણસો અંદર આવતા જોયેલા અને હું મારો જીવ બચાવવા ઈબ્રાહીમમીંયા રસુલમીંયાના ઘરની અંદર જતો રહેલો. પછી આ માણસો મહેમુદમીંયા હુસેનમીંયાના ઘર તરફ ગયા ત્યાં અમારા મહોલ્લાના માણસો બૈરા, છોકરા હતા ત્યાં મકાનને ઘેરીને બાળેલ અને અમે બુમો અને ચીકીયારીઓ સાંભળેલ.

આ ઉપરાંત સાહેદ રફીકમીયાએ આ તો.દારને ના કોર્ટમાં ઓળખી બતાવેલ છે. સાહેદ રફીકમીયાએ પોલીસના પોતાના તા. ૧૦.૩.૦૨ ના જવાબમાં પણ આ તો.દારનુ નામ આપેલ છે અને ના.કોર્ટમાં ઓળખી બતાવેલ છે.

૬) સાહેદ નં-૬૬ અકબરમીયા રસુલમીયાઃ- આ સાહેદે પણ ના.કોર્ટમા જુબાની આપેલ છે તે પ્રમાણે બનાવના દિવસે ગુનાહિત કૃત્યો કરી રહેલ પટેલોના ટોળા તેણે જોંયેલ છે તેને પથ્થર વાગતા બરડામા,કપાળમા,પગની નળીએ ઈજાઓ થયેલ બચુભાઈની ગાડી પાછળ સંતાયેલો ત્યારે તેના ગામના પટેલો મેહમુદમીયાના ઘર તરફ સળગાવતા-સળગાવતા આવતા હતા અને નજીક આવતા તેથી સાહેદ બચવા માટે કબ્રસ્તાનાના વંડા પાસે જતો રહેલ તેણે જોંયેલ કે મેહમુદમીયાનુ ઘર ઘેરી લેવામા આવેલ પછી પેટ્રોલ,કેરોસીન નાંખેલ તે વખત સાહેદ વંડાની બાજુમા બેઠલ હતો અને એક પટેલ તેને જોઈ જતા તે કબ્રસ્તાનની પોળી કબરમા પેસી ગયેલ આ સમગ્ર બનાવમા ટોળામા ગામના પટેલોમા બીજા તો.દારની સાથે આ તો.દાર પટેલ જયંતિ અંબાલાલ પણ હથિયાર સાથે હતા અને તેમને આ સાહેદ

તેમને ઓળખે છે તેવુ તેમનુ ના.કોર્ટ સમક્ષની જુબાનીમા પેરા નં-૩મા તેવુ તેમનુ કહેવુ છે.

૭) સાહેદ નં-૭૧ મંગાભાઈ રામાભાઈ રાવળઃ- આ સાહેદ અસરગ્રસ્ત લઘુમતિ કોમના ન હોવા છતા એક નિક્ષપક્ષ અને મહત્વના સ્વતંત્ર સાહેદ તરીકે ના. કોર્ટમા કોઈ પણ જાતના દ્વેશભાવ વગર જુબાની આપેલ છે.

આ સાહેદ ખૂબજ મહત્વના સાહેદ તટસ્થ સાહેદ છે. આ તટસ્થ સાહેદે ના.કોર્ટમા જુબાની આપેલી છે તે ખૂબજ મહત્વની જુબાની આપેલી છે આ સાહેદને કોઈ તો.દાર સાથે અદાવત નથી અને તેમની સામે ખોટી જુબાની આપવાનો કોઈ વ્યાજબી કારણ જ નથી, આ સાહેદની ના.કોર્ટમા જુબાની થયેલ છે તેમા તેમણે સ્પષ્ટ જણાવેલ છે કે, તા. ૧.૩.૦૨ ના રોજ રાતના નવેક વાગ્યાના સુમારે મોડી રાત્રે રામાભાઈ મોહનભાઈ પટેલે ઘરની બાજુમા રસ્તા ઉપર ટ્રેકટર ઉભુ રાખેલુ તેમા કેરોસીનના બે,ત્રણ,ચાર પીપડા હતા અને પેટ્રોલનુ એક પીપડુ હતુ, બીજા તો.દારની સાથે આ તો.દાર જયન્તીભાઈ અંબારામ પટેલને પોતાના ઘર આગળ રસ્તો છે ત્યાંથી નીકળતા જોયેલા અને તેઓ કાન્તીભાઈ પ્રભુદાસના ઘર તરફ કેરોસીનના કેરબા લઈ જતા હતા તે આ સાહેદે જોયેલુ. આ સાહેદના જણાવ્યા પ્રમાણે તેના ઘર આગળથી આ તો.દારો નીકળ્યા ત્યારે વાસ આવતી હતી તેથી તેને ખબર પડેલી મોડી રાત્રે પટેલોના ટોળે ટોળા તેણે જોયેલ લાઈટના ફોકસ ચાલુ હતા તેમા તેણે પટેલોના ટોળા જોયેલા શેખ મોહલ્લામા મેહમુદભાઈના ઘર તરફ ભડકોં જોયેલો, શેખ મોહલ્લાના માણસોની ચીચીયારીયો અને બચાવો બચાવોની બૂમો સાંભળેલી અને ટોળુ મોટુ હોઈ આ સાહેદ ત્યા જઈ શકેલ નહી આમ, અતિ મહત્વના સાહેદે મજકુર તો.દાર સામે ખૂબજ સશકત પુરાવો આપેલ છે અને ના.કોર્ટમા આ તો.દારને ઓળખી પણ બતાવેલ છે, આ તો.દારની જુબાની ખૂબજ તટસ્થ વ્યક્તિની જુબાની છે તેને કોઈની સાથે કોઈ જ અદાવત નથી ક કોઈનુ ખોટી રીતે નામ આપવામા તેના માટે કોઈજ કારણ નથી આ સાહેદની જુબાની કાયદેસરની રીતે અવગણી શકાય તેમ નથી. આ ઉપરાંત આ મહત્વાના સાહેદે મજકુર તો.દાર પટેલ જયંતિભાઈને ના. કોર્ટમાં ઓળખી બતાવેલ છે.

૮) સાહેદ નં- ૭૮ થી બશીરાબીબી બચુમીયાઃ- ના. કોર્ટમાં બશીરાબીબીની જુબાનીમાં બનાવમાં પોતાના પતિ બચુમીયાને ગુમાવેલ છે. તેણીની બે ભાભી, ભાઈ, ભત્રીજી, તે ટોળાના માણસો એ બાળી મૂકેલા તેણી પોતે ખરાબ રીતે દાઝી

ગયેલ તેનો પુત્ર ઈલીયાસ આગથી ડાબા કાને અને ડાબા પગે દાઝી ગયેલ આ સાહેદ બશીરાબીબીએ પોતાના પતિ બચુમીયાનુ મરણ થયેલ હોઈ રીતરીવાજ મુજબ ઈદ્દતમાં બેઠેલ હતા તેથી તેણી તો પોલીસ જવાબ તા. ૧૭.૪.૦૨ ના રોજ થયેલ. તેણીએ પોતાના પોલીસના જવાબમાં પણ આ તોહમદાર પટેલ જયંતિભાઈનુ નામ લખાવેલ છે. આ સાહેદે ના. કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવેલ છે કે.

. . . .. તેઓ સળગાવતા સળગાવતા અંદર આવેલા તે વખતે મારા પતિને પથ્થર પણ વાગી ગયેલ હતો. આ લોકોને મેં નજરોનજર જોયેલા અને અમોને બીક લાગતા અમારો જીવ બચાવવા માટે મહેમુદ હુસેનમીંયાના ઘરમાં ગયેલા. હું મારા પતિ મારા ભાઈ, મારા ભાભી, નાની ભાભી, ભત્રીજી, ત્રણ દિકરા મહેમુદમીયા હુસેનમીંયાના ઘરમાં ગયેલા. ટોળાએ મહેમુદમીયાનુ મકાન ચારે બાજુથી ઘેરી લીધેલુ. બારી તોડી નાખેલી અને અંદરથી મેં જોયેલુ કેરોસીન પેટ્રોલ નાખતા, કાકડા સળગાવીને નાખી દીધેલા. રાજેશભાઈ પુંજાભાઈ, પશાભાઈ મોહનભાઈ, ડાહ્યાભાઈ વનાભાઈ, બાબુબાઈ વનાભાઈ, કનુભાઈ રેવાભાઈ, જયંતિભાઈ અંબારામ, મંગાભાઈ મથુરભાઈ, જયંતિભાઈ મંગાબાઈ, કાન્તીભાઈ પરભુદાસભાઈ, કચરાભાઈ ત્રિભોવનભાઈ, બાબુભાઈ કાનજીભાઈને મેં નજરોનજર જોયેલા. અમારી વસ્તી બુમો અને ચીકારીઓ પાડતી હતી. બચાવો બચાવોની ચીકારીયો પાડતી હતી. હાથ પગ જોડેલાા, ભૈસાબ પણ કીદેલુ કે અમોને બચાવો. પરંતુ, તે લોકોને જે કરવુ હતુ તે કરીને જ રહેલા. પછી પોલીસ આવેલી. કચરાભાઈ ત્રિભોવનભાઈએ બુમો પાડી કે એકે જીવતો રહેવો જોઈએ નહીં. હજી શોધો આજુબાજુ એકે જીવતો રહેવો જોઈએ નહીં. પછી બધા જીવતા સળગી ગયેલા.. . . . .

આ મહત્વના સાહેદ બશીરાબીબીએ તો.દાર પટેલ જયંતિભાઈ મંગળભાઈને ના. કોર્ટમાં ઓળખી પણ બતાવેલ છે.

આમ, તો.દાર પટેલ જયંતિભાઈ સામે ના કોર્ટમાં ખૂબજ મોટા પ્રમાણમાં પુરતો અને વિશ્વાસનીય પુરાવો છે અને તે પુરાવાને સરળતાથી નજર અંદાજ કરી શકાય તેમ નથી તેથી આ તો.દાર સામે તેની સામેના તોહમત મુજબના ગુનાઓ પુરવાર કરવા માટે નો પુરતો પુરાવો હોઈ તે સજાને પાત્ર છે.

**<u>તોહમતદાર નં. ૬ અમરતભાઈ સોમાભાઈ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>**

**આ તોહમતદાર સામે**

**(૧)સાહેદ નં-૫૫ આશીક હુસેન બચુમીયાઃ- આ સાહેદે પોતાની નામદાર કોર્ટ સમક્ષની જુબાનીમાં મજકુર તોહમતદારને ઓળખી બતાવેલ છે.**

**(૨) સાહેદ નં-૫૯ મોહંમદ સત્તાર બચુમીયાઃ- આ સાહેદે પોતાની નામદાર કોર્ટ સમક્ષની જુબાનીમાં મજકુર તોહમતદારને ઓળખી બતાવેલ છે.**

**(૩)સાહેદ નં-૭૦ મુનસફખાનઃ- આ સાહેદે નામદાર કોર્ટની જુબાનીમાં જણાવેલ કે,**

. .

> . . . . . .. . . . આશરે નવ સાડા નવની આસપાસ ગામના પટેલોનુ ટોળુ મીંયાઓને મારી નાખો, સળગાવી દો તેવી બુમો પાડતુ મારા જુના ઘરના પાછળની સાઈડે શેખ મહોલ્લાના નાકે આવેલ. . . .. . . . . ફરીથી ટોળુ ભેગુ થઈ ગયેલુ અને મારા જુના ઘર તરફ પથ્થરમારો કરેલો જે ટોળામાં મે જોયેલ તો પટેલ રાજેશભાઈ પુંજાભાઈ, પ્રહલાદભાઈ જગાભાઈ. . . . . . . . . . . . .. . **અમરતભાઈ સોમાભાઈ**. . . . . .. . . . બાબુભાઈ કાન્તીભાઈ વિગેરે હતા. . . . .. . . . . .આ લોકોએ મારા ઘર ઉપર પથ્થરમારો કરતાં અમોએ પથ્થરોથી સામનો કરેલો જેથી શેખ મહોલ્લા ઉપર હુમલો કરી શેખ મહોલ્લાના ઘરોને આગ લગાડેલી. તે પછી મોડી રાત્રે આશીકમીંયા બચુમીંયા ડ્રાઈવરનો છોકરો મહોલ્લાની અંદર આવેલો અને મને કહેલ કે, પટેલોના ટોળાએ મારૂ ઘર, જીપ સળગાવી દીધેલ છે. અને શેખ મહેમુદમીંયાના ઘરની અંદર બચવા માટે જે માણસો પેઠેલા છે તેમને પણ સળગાવી દીધેલ છે અને મારી નાખેલ છે.

**(૪)સાહેદ નં- ૪૮ સાબીર હુસેન કાદરમીયાઃ- જેમણે ના.કોર્ટમાં મજકુર તો.દાર ટોળામાં સામેલ હોવા બાબતે ના.કોર્ટમાં ઓળખી બતાવેલ છે.અને નામદાર કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવેલ છે કે,**

- <u>પેરા નં-૨</u>:- ૨૮.૨.૦૨ ના રોજ . . . .. . . . . વાગ્યાના સુમારે અમારા ઘર સામેના કપુર વાસમાંથી (૧) પટેલ અંબાલાલ મગનભાઈ,(૨) અમરતભાઈ સોમાભાઈ મહેરવાડીયા, તે બંને અમારા ઘર સામને ઈલેકટ્રીકના થાંભલા પાસે આવીને ઉભા રહેલા અને અમરતભાઈ સોમાભાઈ થાંભલા ઉપર ચઢીને ઉપરના વાયર સાથે ટયુબલાઈટના છેડા જોઈન્ટ કરી ડાયરેકટ લાઈટ ચાલુ કરેલી તે વખતે અંબાલાલ મગનભાઈ થાંભલા પાસે ઉભા હતા અને. . . .. . . .. તે વખતે અંબાલાલ મારા પિતાને જોઈને બોલેલ કે હવે બાંડિયાઓને મારવાની મજા આવશે.. . . . . . . . તે રાત્રે અમારા ગામના પટેલોએ એમના મહોલ્લાના નાકે

ભેગા થયા હતા અને તોફાન કરવાની વાતો કરતા હતા. . . . . . . . . . તે દિવસે રાત્રે અમારા ગામના પટેલોએ બજારમાં મુસ્લીમોની વસ્તીના અને ઈતર કોમની વસ્તીના કેબીનો સળગાવેલા અને દુકાનો સળગાવેલા.

- તા. ૧.૩.૦૨ ના રોજ ભારતબંધનું એલાન હતું.. . . . . . . . . . . રાતના દશ વાગ્યાના સુમારે અમારા ગામના પટેલોએ શેખ મહોલ્લા ઉપર ધારિયા, લાકડીઓ, પાઈપો અને કેરોસીન, પેટ્રોલના કેરબા અને કેમીકલના કેરબા સાથે શેખ મહોલ્લા ઉપર હુમલો કરેલો. . .. . . . . . તે શેખ મહોલ્લાના નાકે ત્રણ કેબીનો હતા તે સળગાવેલા . . .. મહોલ્લાની સામે ફોક્સ લાઈટ લગાડેલી હતી તે વખતે મેં જોયેલું કે અમારા ગામના આગળ પટેલ અંબાલાલ મગનભાઈ, કચરાભાઈ ત્રિભોવનદાસ, કનુભાઈ જોઈતાભાઈ, રમેશભાઈ રામાભાઈ, જયંતિભાઈ અંબારામ અને અશ્વિનભાઈ બળદેવભાઈ, દિનેશભાઈ બળદેવભાઈ, મથુરબાઈ રામાભાઈ, ઉપેન્દ્ર મણીલાલ, બેચરભાઈ ઓધવભાઈ, માધાભાઈ વિઠ્ઠલભાઈ, સંજયકુમાર અંબાલાલ, રમણભાઈ જીવણભાઈ અને ગાંડાભાઈ નારણભાઈ, સુરેશભાઈ રણછોડભાઈ, ચતુરભાઈ કાનાભાઈ વિગેરે હતા. ટોળાની ઉશ્કેરણી કરતા હતા અને શેખ મહોલ્લામાં ઘરો બાળવાનું શરૂ કરેલું અને પથ્થરો મારવાનું ચાલું કરેલું અને તે વખતે પટેલોના મકાનો ઉંચા હતા અને શેખ મહોલ્લાના મકાનો નીચા હતા તે વખતે ઘરો ઉપરથી પથ્થરો મારતા હતા અને કબ્રસ્તાનના વરંડામાંથી પણ પટેલો હતા અને પથ્થરો મારતા હતા અને ચારે બાજુથી પથ્થરો આવતા હતા. તે વખતે અમો જીવ . . .. . . . મને ગરદન ઉપર ઈંટ વાગેલી . . .. . . આ ટોળાના માણસોએ દરેકના હાથમાં જીવલેણ હથિયારો સાથે અને ઈરાદાપુર્વક શેખ મહોલ્લામાં આગળ વધેલા .. ઘરો બાળતા બાળતા અમારા માણસો શેખ મહેમુદમીંયા હુસેનમીંયાના મકાનમાં સંતાયેલા હોઈ તે મકાન તરફ ગયેલા અને તે મકાનની બારી તોડી તેમાં પેટ્રોલ, કેરોસીન નાંખી સળગાવેલું. તે વખતે એક લોખંડનો લાંબો સળીયો હતો તે સળીયાને કરન્ટ જોઈન્ટ કરેલો અને રૂમમાં મુકી દીધેલો તે મકાનમાંથી બચાવો બચાવોની બુમો આવતી હતી અને ચીકારીયો સંભળાતી હતી.

**આમ તો.દાર પટેલ અમરતભાઈ સોમાભાઈ સામે ચાર સાહેદોનો પુરાવો છે જે ચારે સાહેદોએ મજકુર તો.દારને ના. કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે.**

## <u>તોહમતદાર નં. ૮ પ્રજાપતિ રાજેશ કુમાર અમરતભાઈ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>

**(૧) સાહેદ નં-૫૫ આશીકહુસેન બચુમીંયા શેખઃ- આ મહત્વના સાહેદ આશીકહુસેનને તા. ૨.૩.૦૨ ના પોલીસ જવાબમાં આ તો.દાર રાજેશ કુમાર અમરતભાઈનુ નામ આપેલ છે અને તેની ના.કોર્ટ સમક્ષ જુબાનીમા જણાવેલ છે કે,**

> . . . . .તા. ૧.૩.૨૦૦૨ ના રોજ અમારા પરિવાર સાથે મારા ઘરે હાજર હતો તે દિવસે રાત્રે સાડા નવ વાગે અમારા ગામના હિન્દુ લોકોનું ટોળું મહાદેવના મંદિર તરફથી બુમો અને કીકારીયો પાડતું આવતું હતુ કે મુસલમાનોને મારી નાંખો, કાપી નાંખો, સળગાવી નાંખો, હાથોમાં હથિયાર સાથે આવેલા. લાકડી, ધારીયા, તલવારો, પાઈપો, કેરોસીનના ડબ્બા, પેટ્રોલની ડબ્બા, સળગતા કાકડા સાથે આવેલા. આવીને શેખવાસના નાકે આવેલા ત્રણ કેબીનો અને ગલ્લાઓને તોડફોડ કરી લુંટફાટ કરતા હતા અને આગ ચાંપતા હતા. તે વખતે પોલીસ આવી જતાં આ માણસોનું ટોળું વિખરાઈ ગયેલ અને પોલીસ તરત જતી રહેલી. ત્યારબાદ થોડીવાર પછી આ ટોળું ફરીથી અમારા શેખવાસ તરફ બુમો અને કીકીયારીઓ પાડતું આવતું હતું. આવીને શેખવાસના મકાનોને તોડફોડ અને લુંટફાટ કરતા હતા અને છુટા પથ્થરો અને ઢેખાડા નાખતા હતા તે વખતે મેં આ લોકોને જોયેલા જેમા પટેલ અશ્વિનભાઈ બળદેવભાઈ ડબલા સાથે, પટેલ પશાભાઈ મોહનભાઈ ડબલા સાથે, ચતુરભાઈ વિઠ્ઠલભાઈ, રાજેશભાઈ કરશનભાઈ, માધાભાઈ વિઠ્ઠલભાઈને પાઈપો સાથે જોયેલા. રમેશભાઈ પ્રભાબાઈ ધારીયા સાથે જોયેલા. જયંતિભાઈ મંગળભાઈ ઉર્ફે બકાભાઈ તલવાર સાથે જોયેલા, કાળાભાઈ ભીખાભાઈ, ભીખાભાઈ જોઈતાભાઈ, મંગળભાઈ મથુરભાઈ, રમેશભાઈ કાન્તીભાઈ, પ્રહલાદભાઈ સોમાભાઈ, જયંતિભાઈ જીવણભાઈ, જયંતીભાઈ અંબાલાલ આ લોકો છુટા પથ્થરો અને ઢેખાળા નાખતા હતા. ભાવેશ કનુભાઈ પટેલ, શીતલ નારાયણ સિંધી, પ્રજાપતિ ડાહ્યાભાઈ વરવાભાઈ, પ્રજાપતિ રમણભાઈ ગણેશભાઈ, ગોરધનભાઈ રેવાબાઈ, <u>**રાજેશકુમાર અમૃતભાઈ**</u>, રવિકુમાર અમૃતભાઈ, રોહિતકુમાર રમણલાલ આ લોકોને હથિયારો સાથે ટોળામાં જોયેલા. ત્યારબાદ મારા પિતાજીએ મારી પત્ની, મારા બાળકો અને અમારા ઘરના સભ્યોને અમારા મહોલ્લાના છેડે આવેલ મહેમુદમીંયા હુસેનમીંયા પાકુ ધાબાવાળુ મકાન હોઈ તેમા સંતાઈ જવાનું કહેતા અમારા ઘરના સભ્યોને તેમાં મુકી આવેલ. પછી મારી જીપ સળગાવેલી. મારી જીપ સળગાવતા પટેલ કચરાભાઈ ત્રિભોવનદાસ, અંબાલાલ મગન, રમણભાઈ

ગણેશભાઈને જોયેલા. તે ટોળુ મહેમુદમીંયા હુસેનમીંયાના ઘર તરફ આવતું હતું. . . . .

(૨) સાહેદ નં-૮૧ દિલાવરખાન અબ્બાસમીયાઃ- સાહેદ દિલાવરખાન અબ્બાસમીયા ની બનાવ વખતે જે ઉંમર ૧૨ વર્ષની હતી. તેણે ના.કોર્ટ સમક્ષ જુબાની જણાવેલ છે તે પ્રમાણે તા.૧.૩.૦૨ ના રોજ હિન્દુઓના ટોળાએ શેખવાસમાં રહેતા મુસ્લીમોના ઘરો ઉપર હથિયારો વડે રાતના હુમલો કરેલ અને શેખવાસમાંથી આશરે ૫૦ એક માણસો જીવ બચાવવા મેહમુદમીયા હુસેનમીયાના ઘરમાં સંતાઈ ગયેલા અને અંદરથી દરવાજા બંધ કરી દીધેલા. તે વખતે આ સાહેદ મેહમુદમીયાના કમનસીબ ઘરમા હતો તે ઘરમાં ૨૯ માણસોને તે ઘરની બારી તોડી અંદર પેટ્રોલ, કેરોસીન,કેમીકલ છાંટી, સળગાવી દીધેલ તેમા આ નાની ઉંમરના સાહેદના માતા-પિતા, મોટી બહેનને સળગાવી મારવામાં આવેલ. જયારે આ સાહેદ અને તેની નાની બહેન બચી ગયેલ પોલીસે આવીને તેમને તે ઘરમાંથી બહાર કાઢેલા આ સાહેદના જણાવ્યા પ્રમાણે તે માણસોને જોઈને ઓળખી શકે અને તેણે તો.દાર નં-૮ પ્રજાપતિ રાજેશ કુમાર અમરતભાઈને ઓળખી બતાવેલ છે.

આમ, આ તો.દાર સામે ખૂબજ સબળ એવો પુરાવો તેમની સામેના ગંભીર પ્રકારના આક્ષેપો પુરવાર કરવા માટેનો પુરતો અને વિશ્વસનીય પુરાવો છે.

## <u>તોહમતદાર નં. ૯ પટેલ ભાવેશ કુમાર કનુભાઈ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>

(૧) સાહેદ નં-૫૫ આશીકહુસેન બચુમીયાઃ- આ સાહેદે નામદાર કોર્ટમાં જણાવેલ છે કે.

. . . . . .તા. ૧.૩.૨૦૦૨ ના રોજ અમારા પરિવાર સાથે મારા ઘરે હાજર હતો તે દિવસે રાત્રે સાડા નવ વાગે અમારા ગામના હિન્દુ લોકોનું ટોળું મહાદેવના મંદિર તરફથી બુમો અને કીકારીયો પાડતું આવતું હતુ કે મુસલમાનોને મારી નાંખો, કાપી નાંખો, સળગાવી નાંખો, હાથોમાં હથિયાર સાથે આવેલા. લાકડી, ધારીયા, તલવારો, પાઈપો, કેરોસીનના ડબ્બા, પેટ્રોલની ડબ્બા, સળગતા કાકડા સાથે આવેલા. આવીને શેખવાસના નાકે આવેલા ત્રણ કેબીનો અને ગલ્લાઓને તોડફોડ કરી લુંટફાટ કરતા હતા અને આગ ચાંપતા હતા. તે વખતે પોલીસ આવી જતાં આ માણસોનું ટોળું વિખરાઈ ગયેલ અને પોલીસ તરત જતી રહેલી. ત્યારબાદ થોડીવાર પછી આ ટોળું ફરીથી અમારા શેખવાસ તરફ બુમો અને કીકીયારીઓ પાડતું આવતું

હતું. આવીને શેખવાસના મકાનોને તોડફોડ અને લુંટફાટ કરતા હતા અને છુટા પથ્થરો અને ઢેખાડા નાખતા હતા તે વખતે મેં આ લોકોને જોયેલા જેમા પટેલ અશ્વિનભાઈ બળદેવભાઈ ડબલા સાથે, પટેલ પશાભાઈ મોહનભાઈ ડબલા સાથે, ચતુરભાઈ વિઠ્ઠલભાઈ, રાજેશભાઈ કરશનભાઈ, માધાભાઈ વિઠ્ઠલભાઈને પાઈપો સાથે જોયેલા. રમેશભાઈ પ્રભાબાઈ ધારીયા સાથે જોયેલા. જયંતિભાઈ મંગળભાઈ ઉર્ફે બકાભાઈ તલવાર સાથે જોયેલા, કાળાભાઈ ભીખાભાઈ, ભીખાભાઈ જોઈતાભાઈ, મંગળભાઈ મથુરભાઈ, રમેશભાઈ કાન્તીભાઈ, પ્રહલાદભાઈ સોમાભાઈ, જયંતિભાઈ જીવણભાઈ, જયંતીભાઈ અંબાલાલ આ લોકો છુટા પથ્થરો અને ઢેખાળા નાખતા હતા. ભાવેશ કનુભાઈ પટેલ, શીતલ નારાયણ સિંધી, પ્રજાપતિ ડાહ્યાભાઈ વરવાભાઈ, પ્રજાપતિ રમણભાઈ ગણેશભાઈ, ગોરધનભાઈ રેવાબાઈ, રાજેશકુમાર અમૃતભાઈ, રવિકુમાર અમૃતભાઈ, રોહિતકુમાર રમણલાલ આ લોકોને હથિયારો સાથે ટોળામાં જોયેલા. ત્યારબાદ મારા પિતાજીએ મારી પત્ની, મારા બાળકો અને અમારા ઘરના સભ્યોને અમારા મહોલ્લાના છેડે આવેલ મહેમુદમીંયા હુસેનમીંયા પાકુ ધાબાવાળુ મકાન હોઈ તેમા સંતાઈ જવાનું કહેતા અમારા ઘરના સભ્યોને તેમાં મુકી આવેલ. પછી મારી જીપ સળગાવેલી. મારી જીપ સળગાવતા પટેલ કચરાભાઈ ત્રિભોવનદાસ, અંબાલાલ મગન, રમણભાઈ ગણેશભાઈને જોયેલા. તે ટોળુ મહેમુદમીંયા હુસેનમીંયાના ઘર તરફ આવતું હતું. . . . .

**(૨) સાહેદ નં-૮૦ રૂકશાનાબાનુ ઈબ્રાહીમમીયાઃ- આ સાહેદે ના.કોર્ટમા જુબાની આપેલ છે તે પ્રમાણે બનાવના દિવસે તેઓ ગામના લોકોના હુમલામાંથી બચવા તેઓ મેહમુદભાઈના મકાનમા ઘૂસી ગયેલા ગામના લોકોએ તેમને ઘેરી લીધેલા ઘરમા કેરોસીન,પેટ્રોલ, છાંટી આગ લગાડેલ અને અંદર આ સાહેદ સાથે બીજાઓ બચાવો-બચાવોની બૂમો પાડતા હતા આ સાહેદને બનાવ વખતે આંખની જમણીબાજુ તથા ઢીંચણ ઉપર ઈજાઓ થયેલ બનાવ વખતે મેહમુદભાઈના મકાનમા તેણી હતી અને તેણીએ તેની માતા, બહેનો, તેમજ કુટુંબના અનેક વ્હાલસોયાઓને ગુમાવ્યા છે ના.કોર્ટ સમક્ષની જુબાનીના પેરા-૩માં સ્પષ્ટ જણાવેલ છે કે ટોળામા જે માણસો હતા તેમને ચેહરા ઉપરથી ઓળખી શકે તેમ છે આ સાહેદે આ તો.દાર ભાવેશકુમાર કનુભાઈને ના.કોર્ટમા સ્પષ્ટ રીતે ઓળખી બતાવેછે આમ, આ સાહેદ પણ મહત્વનો પુરાવો તો.દાર વિરૂધ્ધ છે જેને ન માનવુ કોઈ કારણ નથી.**

**સાહેદ રૂકશાનાબાનુએ આ તો.દારો ના.કોર્ટમાં ઓળખી પણ બતાવેલ છે.**

**તોહમતદાર નં. ૧૦ પટેલ જયંતિભાઈ જીવણભાઈ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો**

(૧) આ તોહમતદાર ગુજરી ગયેલ છે. પરંતુ બનાવ વખતે તેઓ ગુનાહિત કૃત્ય આચરના ટોળામા હતો અને મહત્વના સાહેદ નં-૫૫ આશીકહુસેન બચુમીયાએ તો.દાર તરીકે તેનુ નામ જણાવેલ છે.

**તોહમતદાર નં. ૧૧ પટેલ જગાભાઈ દવાભાઈ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો**

(૧) ફરીયાદી ઈબ્રાહીમભાઈ રસુલભાઈ શેખઃ- આ તોહમતદાર સામે ફરીયાદી ઈબ્રાહીમભાઈ રસુલભાઈનો પુરાવો છે.

(૨) સાહેદ નં- ૫૯ મહંમદ સત્તાર બચુમીયા શેખઃ- સાહેદ મહંમદ સત્તાર બચુમીયાનો પુરાવો ખૂબજ મહત્વનો છે કારણ કે, આ સાહેદે બનાવ બાદ તરત જ તા. ૨.૩.૦૨ ના પોલીસ જવાબમાં આ તોહમતદારનુ નામ આપેલ છે અને ના.કોર્ટમાં તેની જુબાનીમાં પણ જણાવેલ છે કે બનાવના દિવસે રાતના બારેક વાગે બૂમો અને કીકીયારીઓ પાડતુ ટોળુ આવેલ અને મુસ્લમાનોને મારીનાખો, જીવતા સળગાવીદો વગેરે બોલી પથ્થરમારો ચાલુ કરેલો અને તે ટોળુ છેક ઘસી આવતા આ સાહેદ બીકના માટે બાજુના અકબરમીયા રસુલમીયા મકાનમાં સંતાઈ ગયેલ અને તેની બારીમાંથી જોયેલુ તો તેમના ઘર આગળ જીપ ટોળાએ સળગાવી હતી તેના અજવાળામાં તેણે તો.દારોને જોયેલા અને ઓળખેલા. તેમા આ સાહેદ મહંમદ સત્તારે તો.દાર પટેલ જગાભાઈ દવાભાઈને પણ જોયેલા આ ઉપરાંત આ મહત્વના સાહેદે મજકુર તો.દાર જગાભાઈને ના. કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે.

(૩) સાહેદ નં-૭૦ મુનસફખાનઃ- પણ તેમની વિરૂધ્ધ પુરતો પુરાવો છે અને આ સાહેદ મુનસફખાને તો.દાર જગાભાઈને ઓળખી પણ બતાવેલ છે. આ સાહેદે નામદાર કોર્ટમાં સ્પષ્ટ જુબાની આપેલ છે કે,

> . . . . .. . . . આશરે નવ સાડા નવની આસપાસ ગામના પટેલોનુ ટોળુ મીંયાઓને મારી નાખો, સળગાવી દો તેવી બુમો પાડતુ મારા જુના ઘરના પાછળની સાઈડે શેખ મહોલ્લાના નાકે આવેલ. . . .. . . . . ફરીથી ટોળુ ભેગુ થઈ ગયેલુ અને

મારા જુના ઘર તરફ પથ્થરમારો કરેલો જે ટોળામાં મે જોયેલ તો પટેલ રાજેશભાઈ પુંજાભાઈ, પ્રહલાદભાઈ જગાભાઈ. . . . . . . . . . . . .. . **જગાભાઈ દવાભાઈ**. . . . .. . . . બાબુભાઈ કાન્તીભાઈ વિગેરે હતા. જેમા પ્રહલાદભાઈ પાસે સળગતો કાકડો હતો. . . .. . . . . .આ લોકોએ મારા ઘર ઉપર પથ્થરમારો કરતાં અમોએ પથ્થરોથી સામનો કરેલો જેથી શેખ મહોલ્લા ઉપર હુમલો કરી શેખ મહોલ્લાના ઘરોને આગ લગાડેલી. તે પછી મોડી રાત્રે આશીકમીંયા બચુમીંયા ડ્રાઈવરનો છોકરો મહોલ્લાની અંદર આવેલો અને મને કહેલ કે, પટેલોના ટોળાએ મારૂ ઘર, જીપ સળગાવી દીધેલ છે. અને શેખ મહેમુદમીંયાના ઘરની અંદર બચવા માટે જે માણસો પેઠેલા છે તેમને પણ સળગાવી દીધેલ છે અને મારી નાખેલ છે.. . . .. ..

**આ સાહેદ મુનસફખાને તો.દાર જગાભાઈ દવાભાઈને નામદાર કોર્ટમાંઓળખી પણ બતાવેલ છે.**

## <u>તોહમતદાર નં. ૧૨ પટેલ પ્રહલાદભાઈ સોમાભાઈ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>

**(૧) સાહેદ નં-પપ આશીકહુસેન બચુમીયાઃ- સાહેદ આશીક હુસેનને તેમના તા.૨.૩.૦૨ ના પોલીસ જવાબમાં આ તોહમતદારનુ નામ આપેલ છે અને ના.કોર્ટમાં પણ તેમની જુબાનીમાં પણ જણાવેલ છે કે,**

.. . . . .તા. ૧.૩.૨૦૦૨ ના રોજ અમારા પરિવાર સાથે મારા ઘરે હાજર હતો તે દિવસે રાત્રે સાડા નવ વાગે અમારા ગામના હિન્દુ લોકોનું ટોળું મહાદેવના મંદિર તરફથી બુમો અને કીકારીયો પાડતું આવતું હતુ કે મુસલમાનોને મારી નાંખો, કાપી નાંખો, સળગાવી નાંખો, હાથોમાં હથિયાર સાથે આવેલા. લાકડી, ધારીયા, તલવારો, પાઈપો, કેરોસીનના ડબ્બા, પેટ્રોલની ડબ્બા, સળગતા કાકડા સાથે આવેલા. આવીને શેખવાસના નાકે આવેલા ત્રણ કેબીનો અને ગલ્લાઓને તોડફોડ કરી લુંટફાટ કરતા હતા અને આગ ચાંપતા હતા. તે વખતે પોલીસ આવી જતાં આ માણસોનું ટોળું વિખરાઈ ગયેલ અને પોલીસ તરત જતી રહેલી. ત્યારબાદ થોડીવાર પછી આ ટોળું ફરીથી અમારા શેખવાસ તરફ બુમો અને કીકીયારીઓ પાડતું આવતું હતું. આવીને શેખવાસના મકાનોને તોડફોડ અને લુંટફાટ કરતા હતા અને છુટા પથ્થરો અને ઢેખાડા નાખતા હતા તે વખતે મેં આ લોકોને જોયેલા જેમા પટેલ અશ્વિનભાઈ બળદેવભાઈ ડબલા સાથે, પટેલ પશાભાઈ મોહનભાઈ ડબલા સાથે, ચતુરભાઈ વિઠ્ઠલભાઈ, રાજેશભાઈ કરશનભાઈ, માધાભાઈ વિઠ્ઠલભાઈને પાઈપો સાથે જોયેલા. રમેશભાઈ પ્રભાબાઈ ધારીયા સાથે જોયેલા. જયંતિભાઈ મંગળભાઈ ઉર્ફે બકાભાઈ તલવાર સાથે જોયેલા, કાળાભાઈ ભીખાભાઈ, ભીખાભાઈ જોઈતાભાઈ, મંગળભાઈ મથુરભાઈ, રમેશભાઈ કાન્તીભાઈ, **પ્રહલાદભાઈ સોમાભાઈ**, જયંતિભાઈ જીવણભાઈ, જયંતીભાઈ અંબાલાલ આ લોકો છુટા પથ્થરો અને ઢેખાળા નાખતા હતા. ભાવેશ કનુભાઈ પટેલ, શીતલ નારાયણ સિંધી, પ્રજાપતિ ડાહ્યાભાઈ વરવાભાઈ, પ્રજાપતિ રમણભાઈ ગણેશભાઈ, ગોરધનભાઈ રેવાબાઈ, રાજેશકુમાર અમૃતભાઈ, રવિકુમાર અમૃતભાઈ, રોહિતકુમાર રમણલાલ આ લોકોને હથિયારો સાથે ટોળામાં જોયેલા. ત્યારબાદ મારા પિતાજીએ મારી પત્ની, મારા બાળકો અને અમારા ઘરના સભ્યોને અમારા મહોલ્લાના છેડે આવેલ મહેમુદમીંયા હુસેનમીંયા પાકુ ધાબાવાળુ મકાન હોઈ તેમા સંતાઈ જવાનું કહેતા અમારા ઘરના સભ્યોને તેમાં મુકી આવેલ. પછી મારી જીપ સળગાવેલી. મારી જીપ સળગાવતા પટેલ કચરાભાઈ ત્રિભોવનદાસ, અંબાલાલ મગન, રમણભાઈ ગણેશભાઈને જોયેલા. તે ટોળુ મહેમુદમીંયા હુસેનમીંયાના ઘર તરફ આવતું હતું. . . . .

આ મહત્વના સાહેદ આશીકહુસેન મજકુર તો.દારને ના.કોર્ટમાં ઓળખી પણ બતાવેલ છે. આશીકહુસેનની જુબાની ખૂબ જ મહત્વની છે અને તે **WHOLLY RELIABLE** સાહેદ ગણી શકાય તેમ છે.

(૨) આ ઉપરાંત તો.દાર પ્રહલાદભાઈ સામે સાહેદ નં-૭૯ શમીમબાનુ મેહમુદમીયા અને સાહેદ નં-૮૦ રૂકશાનાબાનુ ઈબ્રાહીમીયાનો પુરાવો ના. કોર્ટ સમક્ષ છે સાહેદ શમીમબાનુ, રૂકશાનાબાનુ બાઈ માણસો છે અને ઘર બહાર બહુ ન નીકળતા તેવા સમાજની મહિલાઓ છે તેણીઓ ગામના માણસોને નામથી ન ઓળખે તે આશ્ચર્યજનક નથી.

સાહેદ રૂકશાનાબાનુ **INJURED WITNESS** છે જેને આંખ પર અને ઢિંચણ પર ઈજાઓ થઈ હતી અને તેણી મેહમુદમીયાના મકાનમા જીવ બચાવવા ઘસી ગયેલ ગામના લોકોએ તેમને ઘેરી લીધેલા જે ઘરમા તે બચાવ માટે ઘૂસી ગયેલ તેને કેરોસીન, પેટ્રોલ છાંટીને બાળવાની શરૂઆત કરેલી આ સાહેદ અને બીજા જીવ બચાવવા બૂમો પાડતા હતા મેહમુદભાઈના મકાનમાં ૩૦,૩૧, માણસો સળગીને મરણ પામેલા તેમા આ સાહેદ રૂકશાનાબાનુની માતા જાયદાબીબી, બહેન રજીયાબાનુ, પરવીનબાનુ, કાકા શેરૂમીયા, અને તેમના પત્ની, કાકીની છોકરી મુમતાજ, અને નાનો ભાઈ, તથા મોટા બાપા અકબરમીયા, ભાઈ ઈદ્રીશ, ભાભી વહીદા, એમ પરિવારના સભ્યો તે રૂમમાં બાળીને મારી નાખવામાં આવેલ. આ હિચકારો હુમલો કરનાર ટોળામાં જે માણસો હતા તેમને ચેહરા ઉપરથી તે ઓળખી શકે છે તેવુ આ સાહેદ રૂકશાનાબાનુએ ના.કોર્ટમાં તેણીની જુબાની ના પેરા નં-૩ માં સ્પષ્ટપણે જણાવેલ છે. આ સાહેદ રૂકશાનાબાનુએ આ તો.દાર પટેલ પ્રહલાદભાઈ સોમાભાઈને ના.કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે.

સાહેદ નં- ૭૯ શમીમબાનુએ ના. કોર્ટ સમક્ષની પોતાની જુબાનીમા સ્પષ્ટ જણાવેલ છે કે પટેલ લોકોનુ ટોળ ચીચીયારો પાડતુ મીયાભાઈને મારીનાખો કાપીનાખો તેવી બૂમો બનાવના દિવસે આવી અને રાતના બારેક વાગ્યાના સુમારે મુસ્લીમોના મકાનો સળગાવતા-સળગાવતા મહોલ્લામાં ઘૂસી આવેલ મહોલ્લાની તમામ ઔરતો બચવા માટે આ સાહેદ શમીમબાનુ મેહમુદમીયાના પાકા મકાનમા ઘૂસી આવેલ આ સાહેદ પોતે તે વખતે પોતાના મકાનમાંથી પટેલ લોકોએ ચારે બાજુથી મકાન ઘેરી કેરોસીન નાંખી, કાકડા નાખ્યા અને તે મકાનને સળગાવ્યુ તે આ સાહેદ નજરે જોયેલ છે અને તેમને તેણી ચેહરા ઉપરથી ઓળખે છે તેમના નામ

તેણીને આવડતા નથી પરંતુ, તેણીએ બીજા તો.દારો સહિત આ તો.દાર પટેલ પ્રહલાદભાઈ સોમાભાઈ ને પણ ના.કોર્ટમા ઓળખી બતાવે છે.

આમ, તો.દાર પટેલ પ્રહલાદભાઈ સોમાભાઈ સામે ખૂબ જ મોટુ પુરતો માની શકાય તેવો પુરાવો છે અને તેમની સામેના આક્ષેપો સ્પષ્ટ રીતે પુરવાર થાય છે.

## <u>તોહમતદાર નં. ૧૪ પટેલ કચરાભાઈ ત્રિભોવનદાસ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>

આ તોહમતદાર પટેલ કચરાભાઈ ત્રિભોવનદાસ સામે ના.કોર્ટમાં ખૂબ જ મોટા પ્રમાણમાં સબળ પુરાવો ૨૪ જેટલા સાહેદોએ આપેલ છે.

(૧) ફરીયાદી સાહેદો નં-૪૭ ઈબ્રાહીમભાઈએ તો.દારને ના.કોર્ટમાં નામ સાથે ઓળખી બતાવેલ છે. આ સાહેદે ના. કોર્ટ સમક્ષ જુબાની આપેલ છે.

> ........ફરીથી આ પટેલોનું ટોળું ભેગુ થયેલુ અને બુમો પાડતું પાછુ આવેલું કે સાલા બાંડીયાઓને મારી નાંખો, કાપી નાંખો અને બાળી કુટો, એકે બચવો જોઈએ નહીં. આ ટોળાના માણસોના હાથમાં ધારિયા, તલવારો, ત્રિશુળ, કાંસ, ભાલા અને પેટ્રોલના કેરબા અને કેરોસીનની ડબલા હતા અને મકાનો સળગાવવાનું ચાલુ કરેલું અને મનુભાઈનું મકાન અને અકબરભાઈ નાથુભાઈનું મકાન અને રસુલમીંયા નન્નુમીંયાનું મકાન, જમાલભાઈ ડોસાભાઈનું મકાન અને દિલશાજમીંયા દરજીનું મકાન અને કેસરમીંયાના ઘરો બળેલા. તે વખતે મેં જોયેલા અને ઓળખેલા જેમાં પટેલ અંબાલાલ મગન, રાજેશભાઈ પુંજાભાઈ, રમેશભાઈ રામાભાઈ, પશાભાઈ મોહનભાઈ, તુલશીભાઈ ગીરધરભાઈ, અશ્વિનભાઈ બળદેવભાઈ અને જયંતિભાઈ અંબાલાલ, દશરથભાઈ અંબાલાલ, ડાહ્યાભાઈ વનાભાઈ, બાબુભાઈ વનાભાઈ, જગાભાઈ દવાભાઈ, **કચરાભાઈ ત્રિભોવનદાસ**, કનુભાઈ જોઈતાભાઈ, જયંતિભાઈ મંગળદાસ, જોઈતાભાઈ રામાભાઈ, ચતુરભાઈ કાનાભાઈ, રમેશભાઈ કાન્તીભાઈ, બળદેવભાઈ રણછોડભાઈ, સુરેશભાઈ બળદેવભાઈ, રમેશભાઈ પભાભાઈ, ચતુરભાઈ વિઠ્ઠલભાઈ, ભીખાભાઈ કાળાભાઈ, રમેશભાઈ કાનજીભાઈ, પ્રહલાદભાઈ જગાભાઈ,વિષ્ણુભાઈ પ્રહલાદભાઈને મેં જોયેલા. આ ટોળાના માણસોમાં કચરાભાઈ ત્રિભોવનદાસ ઉશ્કેરણી કરતા હતા કે બાંડીયાઓને મારી નાંખો, કાપી નાંખો અને બાળી કુટો એકે બચવો જોઈએ નહીં અને બીજાયે આ ટોળાના માણસો બોલતા કે બાંડીયાઓને મારી નાંખો, કાપી નાંખો અને બાળી કુટો, એકે બચવો

જોઈએ નહીં અને મહોલ્લાના આગળ વધેલા અને મકાનો સળગાવતા અને લુંટફાટ કરતા અને તોડફોડ  કરતા અને અમારા મહોલ્લાના માણસો જીવ બચાવવા મારા મકાનમાં પેસી ગયેલા અને બચુમીંયા ઈમામમીંયાની જીપ બાળેલી. પટેલોના ઘરો ઉપરથી પટેલો પથ્થર મારતા અને કબ્રસ્તાન બાજુથી પથ્થરો મારતા અને મારા મકાનના દરવાજાને પથ્થરો મારતા તુટી જતાં મારી પત્ની અને મારા છોકરાઓ અને અમારા મહોલ્લાના બીજા માણસો આ મકાનમાંથી નીકળી ગયેલા અને મહેમુદમીંયા હુસેનમીંયાના મકાનમાં જીવ બચાવવા પેસી ગયેલા અને આ ટોળાના માણસોએ મહેમુદમીંયા હુસેનમીંયાનું મકાન ચારે બાજુથી ઘેરી લીધેલું અને કેરોસીન અને પેટ્રોલ નાખીને સળગાવી દીધેલું અને મને માથામાં પથ્થર વાગેલો અને જમણા હાથે આંગળી ઉપર પથ્થર વાગેલો અને ડાબા ખભે પથ્થર વાગેલો અને ડાબા પગે પંજાની આંગળી ઉપર પથ્થર વાગેલો અને હું મારા ઘરમાં પડી ગયેલો. આ મકાનની અંદર બુમો પાડતા કે બચાવો બચાવો અને કીકીયારીઓ થતી હતી ત્યારે મને વાગેલું હતું તે વખતે મહેમુદમીંયા ના મકાનમાં જઈ શકું તેમ નહોતું. . . . . . . . . મેં સીવીલમાં ફરીયાદ આપેલી.

**(૨) સાહેદ નં-૫૫ આશીક હુસેન બચુમીયાઃ- તો.દાર પટેલ કચરાભાઈ ત્રિભોવનદાસ વિરૂધ્ધ વિસ્તૃત જુબાની આપી તેનુ નામ સાથે ના.કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે.**

. .. . . .મારી જીપ સળગાવેલી. મારી જીપ સળગાવતા **પટેલ કચરાભાઈ ત્રિભોવનદાસ**, અંબાલાલ મગન, રમણભાઈ ગણેશભાઈને જોયેલા. તે ટોળુ મહેમુદમીંયા હુસેનમીંયાના ઘર તરફ આવતું હતું. . . ..

**(૩) સાહેદ નં- ૫૬ ઐયુબમીયા રસુલમીયાઃ- આ સાહેદે ના. કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવેલ છે કે,**

.. .રાત્રે સાડા નવ વાગે હિન્દુઓનુ ટોળુ બુમો અને ચીકારીયો પાડતુ મુસલમાનોને મારી નાખો, કાપી નાખો, ગોધરામાં મુસલમાનોએ ટ્રેન બાળી છે તો મુસલમાનોને મારી નાખો, બાળી કુટો, અમારા શેખ મહોલ્લાના ત્રણ કેબીનો સળગાવેલા. પછી પોલીસ આવતા આ ટોળુ વિખેરાઈ ગયેલું. ફરીથી આ ટોળુ બુમો અને ચીકોરીયો પાડતુ મુસલમાનોને બાળી કુટો અને મારી નાખો એમ બુમો પાડતા અમારા શેખ મહોલ્લામાં પથ્થરમારો કરેલો. પછી અમારા મકાનોમાં લુંટફાટ અને મકાનો સળગાવવાનું ચાલુ કરેલુ. આ પથ્થર વાગવાથી મારા મામા ઈબ્રાહીમમીંયા રસુલમીંયાને માથામાં વાગેલું. આ ટોળુ જોઈને હું ઈબ્રાહીમમીંયા રસુલમીંયના મકાન તરફ ગયેલો તો મારા ભાઈ ઈકબાલમીંયા રસુલમીંયાને માથામાં પથ્થર વાગતા અને જમણા પગમાં પથ્થર વાગતા ઈબ્રાહીમમીંયાના મકાન તરફ ગયેલો પછી હું **મહેમુદમીંયના મકાન તરફ ગયેલો. તે વખતે આ માણસોના ટોળામાં મેં જોયેલા** રમણભાઈ ગણેશભાઈ, મથુરભાઈ ત્રિકમભાઈ, રાજેશભાઈ પુંજાભાઈ, ચતુરભાઈ કાનાભાઈ, માધાભાઈ

વિઠ્ઠલભાઈ, અશ્વિનભાઈ બળદેવભાઈ બોથમ, ડાહ્યાભાઈ કચરાભાઈ, કનુભાઈ સરપંચ, પ્રહલાદભાઈ જગાભાઈ, **કચરાભાઈ ત્રિભોવનદાસ**, આવીને મને કહેલ કે તમે હાથ જોડો તો તમોને જીવતા મુકી દઈશું. અમે હાથ જોડયા તોય અમને છોડયા નહીં. અમને સળગાવેલ. તેઓના હાથમાં સાધન હતા. . . . .. . તે લોકોના હાથમાં સળગતા કાકડા નાખી અને અમોને અંદર રૂમમાં પેટ્રોલ કેરોસીન, કેમીકલ નાંખીને સળગાવ્યા. અમે બચાવ બચાવની બુમો પાડતા હતા. એક કેમીકલ એવુ હતુ કે જેને પાણી અડે તો ભડકો થતો હતો. થોડીવાર પછી પોલીસ આવતા અમોને મહેમુદમીંયા હુસેનમીંયાના મકાનમાંથી બહાર કાઢેલા. ફીરોજાબાનુ બચુમીયા, ફરજાનાબાનુ બચુમીયા, મારી પત્ની સાહીનબાનુ, મારી દિકરી હીનાબાનુ, મારા બનેવી મનુમીંયા આલમમીંયા એક દિકરી અને એક દિકરો નામે ખુશ્બુ અને મજીદમીયાને જીવતા બહાર કાઢેલા. હુ બળી ગયેલો હતો, મારી પત્ની બળી ગયેલી હતી. હુ બંને ખભા ઉપર અને ગરદન ઉપર દાઝી ગયેલ હતો.. . . . . ..

**આ સાહેદે મજકુર તો.દારને નામદાર કોર્ટમાં નામ સાથે ઓળખી પણ બતાવેલ છે.**

**(૪) સાહેદ નં-૫૭ મુસ્તુફામીયા રસુલમીયાઃ- આ સાહેદે ના. કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવેલ છે કે,**

. . . . .૧.૩.૦૨ ના રોજ પટેલોનું ટોળુ બુમો પાડતું હતું, ચીકારીઓ પાડતું, હથિયારો સાથે, પેટ્રોલના કેરોસીનના ડબલા સાથે, અમારા મહોલ્લાના કેબીનો તોડફોડ કરીને આગ ચાપેલી. પોલીસ આવતા એ ટોળુ વિખેરાઈ ગયેલુ ફરીથી તે જ ટોળુ રાત્રીના સાડા અગિયાર વાગ્યાના સુમારે બુમો પાડતુ કીકારીયો પાડતું મીયાને મારી નાખો, એક પણ મીયાં જીવતો ન રહેવો જોઈએ. હથિયારો, કેરોસીનના ડબલા સાથે આવેલા. અમારા મહોલ્લાના મકાનોને તોડફોડ કરીને આગ ચાંપેલી તે વખતે અમારા માણસો મહેમુદભાઈના ઘર તરફ ગયેલા. મારી પત્ની અને મારો પુત્ર જાવેદમીંયા મહેમુદમીંયાના ઘર તરફ ગયેલા. તે માણસોને મેં ભાળેલા જેમાં લક્ષ્મણભાઈ ધુળાભાઈ પટેલ, રમેશભાઈ ધુળાભાઈ પટેલ, માધાભાઈ વિઠ્ઠલભાઈ પટેલ, જયંતીભાઈ મંગળદાસ ઉર્ફે બકો, **કચરાભાઈ ત્રિભોવનદાસ**, અશ્વિનભાઈ બળદેવભાઈ બોથમ, તુલસીભાઈ ગિરધરભાઈ પટેલ એ લોકો અમારા મહેમુદમીંયાના ઘર તરફ ગયેલા. અમારા માણસોને મહેમુદમીંયાના મકાનમાં પેટ્રોલ, કેરોસીન નાંખીને જીવતા સળગાવેલા. તે વખતે હું બચુમીંયા ઈમામમીંયાના ઘરની આડમા સંતાઈ ગયેલો. અમારા માણસે બચાવો બચાવોની બુમો પાડતા હતા તે મેં સાભળેલી. તે વખતે ધમાલમાં મને પથ્થર વાગતા હુ છુપાઈ ગયેલો.

**આ સાહેદે મજકુર તો.દારને નામદાર કોર્ટમાં નામ સાથે ઓળખી પણ બતાવેલ છે.**

(૫) સાહેદ નં-૫૮ સાબીરહુસેન ઈમામશા :-આ સાહેદે ના.કોર્ટ સમક્ષ જુબાની આપેલ છે તે પ્રમાણે બનાવના દિવસે આ સાહેદ તેના ઘરે હતો ત્યારે ગામના પટેલોનુ ટોળુ મીયાઓને મારો,કાપો ની બૂમા પાડતુ હાથમા હથિયારો સાથે આવેલ તો.દાર કચરાભાઈ ત્રિભોવનદાસ પણ હતા આ જોયા બાદ તો.દાર બાજુમા આવેલ ખેતરમા જતો રહેલો આ સાહેદે ટોળુ સૂત્રોચ્ચાર કરતા તેના ઘર તરફ ટોળુ ટોળાએ તોંડફોડ કરી તેના ઘરને અંગારચાંપેલી ત્યારે અંગારના અજવાણે પણ ખેતરમાંથી તો.દારોને ઓળખેલા તે મતલબની જુબાની ના.કોર્ટ સમક્ષ છે જેથી આ તો.દાર વિરૂધ્ધ આ સાહેદની જુબાની માની શકાય તેવી મહત્વની જુબાની છે.

આ સાહેદે મજકુર તો.દારને નામદાર કોર્ટમાં નામ સાથે ઓળખી પણ બતાવેલ છે.

(૬) સાહેદ નં-૫૯ મહંમદ સત્તાર બચુમીયા શેખ:- આ તોહમતદાર તેના બનાવ પછીના તા. ૨.૩.૦૨ ના પોલીસ જવાબમાં પણ આ તો.દારનું નામ આપેલ છે અને તેણે ના.કોર્ટ સમક્ષ આપેલી જુબાનીમાં સ્પષ્ટ જણાવેલ છે કે,

> . . .. આજ ટોળુ સાડા અગિયાર બારેક વાગે બુમો અને કીકીયારીઓ પાડતું આવેલું કે મુસલમાનોને મારી નાખો, જીવતા સળગાવી દો કેમકે આજ મુસલમાનોને છોડવાના નથી કેમકે આ મુસ્લીમોએ ગોધરામાં અમારા હિન્દુ લોકોને જીવતા સળગાવી દીધેલા છે તેના કારણે આમને પણ જીવતા સળગાવી મારી નાખો અને પથ્થરમારો ચાલુ કરેલો. અમે થોડો પથ્થરનો સામનો કરેલો. . . . . .. . . . . . . . . ગાડી બળતી હતી તેના અજવાળામાં મેં આ લોકોને જોયલા અને ઓળખેલા. અંબાલાલ મગનલાલના હાથમાં ધારીયું, . . . . .. . . . . .. .. કચરાભાઈ ત્રિભોવનભાઈના હાથમાં શીશો (બાટલો), . .. . . . . . આ લોકોને મેં જોયેલા. આ લોકો અમારા મકાનોને તોડફોડ કરી આગ લગાડતા હતા અને મહેમુદભાઈના ઘર તરફ આવતા હતા અને હું પાછો મારા ઘરમાં જતો રહેલો અને મહેમુદભાઈના ઘર તરફથી બચાવો બચાવોની બુમો આવતી હતી અને હુ બીકના મારે મારા ઘરમા સંતાઈ રહેલો. થોડા સમય પછી આ ટોળુ ભારતમાતા કી જય બોલાવીને જતુ રહેલું.

આ સાહેદે મજકુર તો.દારને નામદાર કોર્ટમાં નામ સાથે ઓળખી પણ બતાવેલ છે.

(૭) સાહેદ નં-૬૦ બચુમીયા ઈમામમીયા :- આ સાહેદે નામદાર કોર્ટની જુબાની માં જણાવેલ છે કે, . .

. . . . .રાતના આશરે નવ સાડા નવના સુમારે મહાદેવ તરફથી અમારા ગામના ભારતમાતાકી જય બોલાવી હાથમાં હથિયાર પેટ્રોલ, કેરોસીન જેવા ડબલા હતા. લાઈટના અજવાળામાં ટોળાને જોયેલા તેમાં કચરાભાઈ ત્રિભોવનભાઈ, અંબાલાલ મગનભાઈ, કનુભાઈ સરપંચ જોઈતાભાઈ, . . . . . . .. . . . . . પછી જમાલભાઈ ડોસભાઈનું મકાન સળગાવેલુ. તે પછી ટોળાના માણસોએ મારી જીપ ગાડી ઉપર પેટ્રોલ કેરોસીન છાંટી સળગાવેલ તે વખતે કચરાભાઈ ત્રિભોવનદાસ, અંબાલાલ મગનભાઈ એ કેરોસીન પેટ્રોલ છાંટેલું. રાજેશભાઈ પુંજાભાઈએ સળગતો કાકડો નાખેલો તેથી ગાડીને મોટો ભડકો થયેલો. તે પછી એ જ ટોળું મહેમુદભાઈના મકાન તરફ ગયેલું અને બારી તોડી કેરોસીન પેટ્રોલ છાંટી સળગતો કાકડો નાખી ૨૮ જણા સ્ત્રી પુરૂષો, નાના બાળકોને બાળી નાખેલા.

**આ સાહેદે મજકુર તો.દારને નામદાર કોર્ટમાં નામ સાથે ઓળખી પણ બતાવેલ છે.**

**(૮) સાહેદ નં-૬૧ શફીકમીયા બાબુમીયા :- આ તમામ સાહેદોએ ના.કોર્ટમા મજકુર તો.દારને ગુનાઓ આચરતા ટોળામાં હોવાનુ જણાવેલ છે.**

. . . . . . .. એજ ટોળુ બુમો ચીકારીઓ પાડતુ આશરે સાડા અગિયાર વાગે આવેલું કે મીયાંભાઈને મારી નાખે, કાપી નાંખો અને જીવતા સળગાવી દો. પછી અમારા શેખ મહોલ્લા ઉપર જોરદાર પથ્થરમારો કરેલો તે પથ્થરમારામાં મને જમણા પગે ઈજા થયેલી. એ જ ટોળું અમારા શેખ મહોલ્લાની અંદર આવતા મકાન સળગાતા સળગાવતા હતા ત્યારે મેં જોયેલ અને ઓળખેલા હથિયાર સાથે.કચરાભાઈ ત્રિભાભાઈ . . .. .. . .આ સાતોને હથિયાર સાથે જોયેલા . .. . . પછી મને બીક લાગતા હું બચુમીંયા ઈમામમીંયાની નવેળીમાં સંતાઈ ગયેલો. એ ટોળુ મકાનો સળગાવતા સળગાવતા મહેમુદમીંયાના મકાન તરફ ગયેલું ત્યાં જઈને તે મકાનને ચારે બાજુથી ઘેરી લીધેલું. કેરોસીન, પેટ્રોલ, સળગતા કાકડા નાખી મકાન સળગાવેલુ. અમારા માણસોએ ચારેબાજુ બચાવો બચાવોની બુમો પાડવા માંડેલી.. . . . .

**આ સાહેદે મજકુર તો.દારને નામદાર કોર્ટમાં નામ સાથે ઓળખી પણ બતાવેલ છે.**

**(૯) સાહેદ નં-૬૨ રફીકમીયા મહંમદ હુસેન :-આ સાહેદોનો પોલીસ જવાબ તા. ૧૦.૩.૨૦૦૨ ના રોજ થયેલ છે અને પોતાના તે જવાબમાં પણ આ સાહેદે તો.દાર અશ્વિનભાઈ જગાભાઈનુ નામ આપેલ છે.**

**તેથી આ સાહેદના મજકુર તો.દાર સામેના પુરાવાનુ મહત્વ વધી જાય છે. આ સાહેદે નામદાર કોર્ટમાં પણ પોતાની જુબાનીમાં સ્પષ્ટ જણાવ્યુ છે કે, બનાવના દિવસે રાતના પટેલોનુ ટોળુ ચીચીયારીઓ પાડતુ મુસલમાનોને મારી નાખો કાપીનાખો બુમો**

પાડતુ આવેલ અને પથ્થરમારો ચાલુ કરેલ તે ટોળાના માણસો આ સાહેદના ગામના માણસો હતા તેમા આ સાહેદે જોયેલ તેમા આ તો.દાર કચરા ત્રિભોવનદાસ પણ હતા. તે ટોળુ એક પછી એક મકાન બાળતા મેહમુદમીયાં હુસેનમીયાં ઘર તરફ ગયેલા અને તે મકાનને ઘેરીને બાળેલ

આ સાહેદે ના.કોર્ટમાં તો.દાર કચરા ત્રિભોવનદાસ પટેલને ઓળખી પણ બતાવેલ છે.

(૧૦) સાહેદ નં-૬૩ ભીખુમીયા કાલુમીયા શેખેઃ- સાહેદે તેમની જુબાનીમાં તો.દાર કચરાભાઈનો નામ આપી ઉલ્લેખ કરેલ છે આ સાહેદનો પોલીસ જવાબ તા.૧૦.૩.૦૨ ના રોજ થયેલ છે તેમા પણ તેણે મજકુર તો.દારનુ નામ આપેલ છે ના.કોર્ટ સમક્ષની જુબાનીમા ૧.૩.૦૨ ના રોજ રાત્રે લગભગ ૧૧.૩૦ વાગ્યાના સુમારે ગામના પટેલોએ પથ્થરમારો ચાલુ કરેલો અને તેમના મકાનો સળગાવેલા તે ટોળામા આ સાહેદ ભીખુમીયાએ તો.દાર કચરા ત્રિભોવનને પણ જોંયેલ આ સાહેદને માથામા જમણી અને ડાબી બાજુ પથ્થર વાગેલ ટોળુ બાંડીયાઓને મારીનાંખો, કાંપીનાંખો બૂમ પાડતુ હતુ. અને જીપ સળગાવેલ. જીપ સળગાવતા મોટો ભડકો થયેલો તેથી આ સાહેદ બચુમીયાના ઘરમાં ઘુસી ગયેલ પછી ગેસ જેવુ થઈ ગયેલુ તેથી તે પતરૂ ઉંચુ કરીને ગેલેરીમાં નીકળી ગયેલ. આ સાહેદે ના. કોર્ટમાં તોહમતદાર કચરાભાઈ ત્રિભોવનદાસને ઓળખી બતાવેલ છે.

(૧૧) સાહેદ નં-૬૫ અકબરમીયા નાથુમીયા શેખઃ- તો.દાર કચરાભાઈ વિરૂધ્ધ જુબાની આપી ના.કોર્ટમા તેમણે ઓળખી બતાવેલ છે.

(૧૨) સાહેદ નં-૬૬ અકબરમીયા રસુલમીયા :- આ સાહેદનો પોલીસ જવાબ તા.૧૦.૩.૦૨ ના રોજ થયેલ છે તેમા પણ તેણે આ તો.દાર કચરાભાઈ ત્રિભોવનદાસનુ નામ તો.દાર તરીકે લખાવેલ છે. આ સાહેદે ના.કોર્ટમા જુબાની આપેલ છે તે પ્રમાણે ૧.૩.૦૨ના રોજ મીયાંને મારીનાંખો કાપીનાંખો બૂમો પાડતુ પથ્થરમારો કરતા ગામના પટેલોનુ ટોળુ આવેલ આ પથ્થરમારામાં આ સાહેદને બરડામા કપાળમા અને પગની નળી ઉપર ઈજાઓ થયેલ તે બચુભાઈની ગાડી પાછળ સંતાઈ ગયેલો ગામના પટેલો મેહમુદમીયાંના ઘર તરફ સળગાવતા-સળગાવતા આવતા હતા તેથી કબ્રસ્તાનના વંડા પાસે દોડીને જતો રહેલો, ટોળાએ મેહમુદમીયાનુ ઘર ઘેરી લીધેલ પછી પેટ્રોલ કેરોસીન નાંખેલ, આ સાહેદ વંડાની બાજુમા બેઠેલ હતો ત્યારે એક પટેલ તેને જોઈ ગયેલ અને તેની

પાછળ પડતા આ સાહેદ કબ્રસ્તાનની પોળી કબરમા પેસી ગયેલ પોલીસ આવેલી ત્યારે તે બહાર આવેલો મેહમુદમીયાંના ઘર તરફ ગયેલો અને ૨૮ જેટલી લાશો પેટ્રોલ,કેરોસીન નાંખીને ગામના પટેલોએ બાળી મૂકેલ તે જોંયેલ આ હીચકારા કૃત્યો કરતા ટોળામા આ સાહેદે ગામના પટેલોને જોંયેલ તેમા આ તો.દાર કચરાભાઈ ત્રિભોવનદાસને શીશો (બોટલ)અને ડબ્બા સાથે હતા તેવુ ના.કોર્ટ સમક્ષની પોતાની જુબાનીમા પેરા-૩મા આ સાહેદે જણાવેલ છે અને તો. કચરાભાઈ ત્રિભોવનદાસને ના.કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે.

આમ, સાહેદનો પણ મજકુર તો.દાર સામે ખૂબ જ મહત્વનો અને સશકત પુરાવો છે.

(૧૩) સાહેદ નં-૬૭ ઈમ્તીયાજ મહંમદ હુસેન :- આ સાહેદ બનાવ વખતે સરદારપુરા રહેતા તા.૧.૩.૦૨ ના રોજ હિન્દુઓના ટોળાએ હથિયારો સાથે શેખ મોહલ્લા ઉપર હુમલો કરેલ ત્યારે આ સાહેદ ઐયુબમીયા રસુલમીયાના મકાન તરફ ઉભેલો હતો ત્યારે પથ્થરમારો કરતા અને મનુમીયા ભાઈમીયા, અકબરમીયાનુ મકાન ટોળાએ સળગાવેલ તે આ સાહેદે જોયેલ અને તે ટોળામાં તો.દાર કચરાભાઈ ત્રિભોવનદાસને પણ જોયેલ આ ટોળાએ મેહમુદભાઈનુ મકાન પણ સળગાવેલ આ મહત્વના સાહેદ મજકુર તો.દાર કચરાભાઈ ત્રિભોવનદાસને ના.કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે.

(૧૪) સાહેદ નં-૬૮ ગુલામઅલી અકબરમીયા :- પોલીસ જવાબ તા.૧૦.૩.૦૨ રોજ થયેલ છે તે જવાબમા પણ તેણે મજકુર તો.દાર કચરાભાઈ ત્રિભોવનદાસનુ તો.દાર તરીકે નામ આપેલ છે ના.કોર્ટ સમક્ષની જુબાનીમા પણ બનાવના દિવસે હિન્દુઓનુ ટોળુ શેખવાસ ઉપર હુમલો કરી મકાનો કેબીનો સળગાવતા હતા ત્યારે પથ્થરમારાનો થોડીવાર સામનો કર્યા બાદ ટોળુ અંદર આવેલ ત્યારે આ સાહેદ ગુલામઅલીએ તો.દારોને ઓળખેલા તેમા બીજા તો.દારોની સાથે તો.દાર કચરાભાઈ ત્રિભોવનદાસ પણ હતા. આ સાહેદ નવેલીમાં થોડો અંદર જતા રહેલા અને બચુભાઈની દિવાલે અડીને ઉભો થઈ ગયેલો અને તેણે જોયુ તો પટેલોનુ ટોળુ બાળતા-બાળતા મેહમુદમીયાના ઘર તરફ ગયેલુ અને મેહમુદભાઈનુ ઘર ઘેરી લીધેલુ ટોળાઓ બારી તોડી કેરોસીન, પેટ્રોલ,નાંખીને અંદર સળગતા કાકડા નાંખેલા મેહમુદમીયાના મકાનની અંદરના માણસો બચાવો બચાવોની બૂમો પાડતા હતા પરંતુ, આ સાહેદના જણાવ્યા મુજબ તેઓ ત્યાં હાજર હોવા છતાં કોઈને બચાવી શકેલા નહિ આ મહત્વના

સાહેદે ના.કોર્ટમાં તો.દાર કચરાભાઈ ત્રિભોવનદાસને ઓળખી પણ બતાવેલ છે. આમ, આ સાહેદની જુબાની પણ ખૂબ જ સશકત પુરાવો છે.

. . . . . . . .અમોએ સામનો કરેલો પરંતુ આ ટોળું મોટુ હતુ હજાર પંદરસો જેવા માણસોનું ટોળુ હતું. અમે તેમનો સામનો કરી શકેલા નહી અને અમે અંદર અંદર ખસતા ગયા. પટેલોનું ટોળું મકાન સળગાવવાનું ચાલુ હતુ અને અંદર આવેલું. પથ્થરમારો ચાલુ હતો મને પથ્થર ડાબા પગે ઘુંટણ ઉપર, ડાબા ખભાને પાછળ વાગેલ. પછી પટોલોનું ટોળું અંદર આવેલું ત્યારે મે જોયેલા અંબાલાલ મગન ઉશ્કેરણી કરતા હતા અને તેમના હાથણાં ધારીયુ હતું, મથુરબાઈ ત્રિકમભાઈના હાથમાં પથ્થર હતા. . . . . . . . કચરા ત્રિભોવન, . . . . . . . . . . .ગોવિંદભાઈ મોહનભાઈ ને મેં જોયેલા. હું નવેળીમાં થોડો અંદર જતો રહેલો અને બચુભાઈની દિવાલે અડીને ઉભો થઈ ગયેલો. આ પટેલોનું ટોળુ બાળતા બાળતા મહેમુદભાઈના ઘર તરફ ગયેલુ અને મહેમુદભાઈનું ઘર આ લોકોએ ઘેરી લીધેલું. મે બહાર આવીને નજર કરેલી આ ટોળાના લોકોએ મહેમુદમીંયા હુસેનમીંયના ઘરનો દરવાજો તોડવાની કોશીષ કરેલી. અમારા માણસો મહેમુદમીયાના ઘરમાં જતા રહેલા. પટેલોનું ટોળુ એ બાજુ ગયેલું અને મકાનની બારી તોડી નાખેલી અને ઉપર ચડીને ધાબુ તોડવાની પણ કોશીષ કરેલી અને બારી તોડી કેરોસીન, પેટ્રોલ જેવુ નાખીને અંદર સળગતા કાકડા નાખેલા અને અમારા માણસોની બચાવો બચાવોની બુમો આવતા અમારી ત્યાં હાજરી હોવા છતાં અમે તેને બચાવી શકેલા નહીં. પટેલોનું ટોળુ એવુ બુમ પાડતુ હતુ કે મારી નાખો, કાપી નાંખો, જીવતા સળગાવી દો. અમારા માણસોની ચીસાચીસ, બુમાબુમ પડતી હતી. આ તબક્કે સાહેદને બનાવની યાદ તાજી થતાં પાણી પીવા જવાની પરવાનગી આપવામાં આવે છે. પટેલોના ટોળા મહેમુદભાઈના ઘરની આગળ પાછળ હતા. કચરાભાઈ ત્રિભોવનદાસ એવુ કહેતા હતા કે કોઈ બચવું જોઈએ નહીં. અંદર માણસો સળગી ગયા. પછી પટેલોનું ટોળુ ભારતમાતા કી જય બોલી, જતા જતા કચરાભાઈ ત્રિભોવનદાસ એવુ કહેતા હતા કે ઘરોમાં ચેક કરો કોઈ બચવું જોઈએ નહીં.

સાહેદે જણાવેલ છે અને તો. કચરાભાઈ ત્રિભોવનદાસને ના.કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે.

(૧૫) સાહેદ નં- ૬૯ મેહમુદમીયા હુસેનમીયાઃ- આ સાહેદે ના.કોર્ટ સમક્ષની જુબાનીમા તેણે સ્પષ્ટ જણાવેલ છે કે તા.૧.૩.૦૨ ના રોજ રાત્રીના ૧૧.૩૦ વાગ્યાના સુમારે જે ટોળાએ શેખમહોલ્લા પર પથ્થરમારો કરી ઘરો સળગાવેલ અને શેખ મહોલ્લાના માણસો આ સાહેદના મકાનમા ઘૂસી ગયલા તે વખતે તે ટોળુ સળગતા કાકડા લઈ તેના ઘર તરફ આવેલ અને લાતો મારી દરવાજો તોડવા લાગેલ બાળીનાંખો તેવી કીકીયારીઓ પાડતા આ લોકોએ કાકડાનાંખી બાળવાનુ ચાલુ રાખેલ આ ગુનાહીત કૃત્યો કરી રહેલ ટોળામા આ તો.દાર કચરાભાઈ ત્રિભોવનદાસ પણ હતા.

આ મહત્વના સાહેદે મજકુર તો.દારને ના. કોર્ટમાં ઓળખી પણ બતાવેલ છે. આમ સાહેદ નો પુરાવો પણ મહત્વોનો અને નકારી શકાય તેવો નથી.

(૧૬) સાહેદ નં-૭૦ મુનસફખાન યાસીનખાન પઠાણઃ- આ સાહેદે પણ આ તો.દાર વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે અને આ સાહેદ મુનસફખાને તો.દાર કચરાભાઈ ત્રિભોવનદાસ ઓળખી પણ બતાવેલ છે. આ સાહેદે નામદાર કોર્ટમાં સ્પષ્ટ જુબાની આપેલ છે કે,

> . . . . .. . . . આશરે નવ સાડા નવની આસપાસ ગામના પટેલોનુ ટોળુ મીંયાઓને મારી નાખો, સળગાવી દો તેવી બુમો પાડતુ મારા જુના ઘરના પાછળની સાઈડે શેખ મહોલ્લાના નાકે આવેલ. . . .. . . . . ફરીથી ટોળુ ભેગુ થઈ ગયેલુ અને મારા જુના ઘર તરફ પથ્થરમારો કરેલો જે ટોળામાં મે જોયેલ તો પટેલ રાજેશભાઈ પુંજાભાઈ, પ્રહલાદભાઈ જગાભાઈ. . . . . . . . . . . . .. . **કચરાભાઈ ત્રિભોવનભાઈ પાસે શીશો**. . . . . .. . . . બાબુભાઈ કાન્તીભાઈ વિગેરે હતા. જેમા પ્રહલાદભાઈ પાસે સળગતો કાકડો હતો. . . .. . . . . .આ લોકોએ મારા ઘર ઉપર પથ્થરમારો કરતાં અમોએ પથ્થરોથી સામનો કરેલો જેથી શેખ મહોલ્લા ઉપર હુમલો કરી શેખ મહોલ્લાના ઘરોને આગ લગાડેલી. તે પછી મોડી રાત્રે આશીકમીંયા બચુમીંયા ડ્રાઈવરનો છોકરો મહોલ્લાની અંદર આવેલો અને મને કહેલ કે, પટેલોના ટોળાએ મારૂ ઘર, જીપ સળગાવી દીધેલ છે. અને શેખ મહેમુદમીંયાના ઘરની અંદર બચવા માટે જે માણસો પેઠેલા છે તેમને પણ સળગાવી દીધેલ છે અને મારી નાખેલ છે.. . . .. ..

**આ સાહેદ મુનસફખાને તો.દાર કચરાભાઈ ત્રિભોવનદાસ નામદાર કોર્ટમાંઓળખી પણ બતાવેલ છે.**

(૧૭) સાહેદ નં-૭૩ ફરીદાબાનુ આશીક હુસેનઃ- આ સાહેદે પોતાની ના. કોર્ટ સમક્ષની જુબાનીમાં સ્પષ્ટ જણાવેલ છે કે.

> . . . . . . .હુ મારી બંને નણંદ ફિરોજાબાનુ બચુમીયા શેખ અને ફરજાનાબીબી બચુમીયા શેખ અને મારી દિકરી આશીયાનાબાનુ શેખ અને મારો દિકરો આફતાબ મહેમુદભાઈના મકાનમાં ગયેલા. ત્યાં બીજા માણસો પણ હતા. મે બધાને જોયેલા કેરોસીન, પેટ્રોલ અને કાકડા સળગતા નાખેલા જોયેલા. જેથી અમે બચાવો બચાવોની બુમો પાડેલી કોઈ મદદ કરવા આવેલુ નહીં. જેથી અમે પટેલ લોકોને કીધુ કે અમને જવા દો તે લોકોએ અમને કહેલ કે આજે તમારે લોકોને બાળી નાખવાના છે સળગાવી નાખવાના છે. મેં મારા ગામના લોકોને કેરોસીન, પેટ્રોલ નાખતા જોયેલા. અમે, બધા સળગવા લાગેલા. હુ પણ પગે, હાથે દાઝેલી. મારો દિકરો આફતાબ પણ દાઝેલો અને મારી બેબી આશીયાના પણ દાઝેલી અને. . . . . . . . . . મહેસાણા દવાખાને જતા રસ્તામાં મારી દિકરી આશીયાના ગુજરી ગયેલી.

આ સાહેદ બનાવ વખતે પગે, હાથે દાઝી ગયેલ તેણીનો દીકરો આફતાબ અને દીકરી આશીયાના દાઝી ગયેલી જે મરણ પામેલી. પોલીસે આવી તેમને બહાર કાઢેલ

તેણી પોતાના કોર્ટ રૂબરૂના પુરાવામાં જણાવે છે પોલીસે ર.૩.૦ર ના રોજ તેણીનો જવાબ લીધેલ તેણીએ પોલીસમાં તો.દારોના નામ લખાવેલા અને બતાવતને બહુ વખત લઈ ગયેલ હોઈ  તેણી તો.દારોને ચેહરા ઉપરથી ઓળખી શકે તેમ છે તેણીએ ના.કોર્ટમાં મજકુર તો.દાર કચરાભાઈ ત્રિભોવનભાઈને ઓળખી બતાવેલ છે.

આમ, આ સાહેદ ફરીદાબાનુ પણ ખૂબ જ મહત્વના અને WHOLLY RELIABLE  વીટનેશ છે.તેણીનો પુરાવો ખૂબ જ મહત્વનો, ભરોસાપાત્ર અને અવગણી ન શકાય તેવો છે તો.દારનુ ખોટી રીતે નામ આપવાનુ કોઈ કારણ નથી.

(૧૮) સાહેદ નં- ૭પ ફીરોજાબાનુ બચુમીયાઃ- આ સાહેદ કમનસીબ બનાવના દિવસે મહેમુમીયાંના મકાનમા હતી તે રૂમમાં હિન્દુ લોકોએ બારીનો સળીયો તોડી તેમાંથી કેરોસીન પેટ્રોલ નાંખી અંદરના માણસોને સળગાવેલા પોલીસ આવેલી અને દરવાજો ખોલીને તેમને બહાર કાઢેલા, પોલીસે દરવાજો પકડયો તે વખતે ઈલેકટ્રીક શોર્ટ ચાલુ હતો પોલીસે રાઈફલથી વાયર તોંડેલ તે વાયર નટુ પવારના ઘરમાંથી આવતો હતો. આ સાહેદને પણ ઈજા થયેલ હતી. ના.કોર્ટ સમક્ષની જુબાનીનાં પેરા-૩માં આ સાહેદે સ્પષ્ટ જણાવેલ છે કે મે ટોળામાં જે વ્યક્તિઓને જોંયેલા તેમને હુ ઓળખી શકુ. ના.કોર્ટમાં આ સાહેદે તો.દાર કચરાભાઈ ત્રિભોવનદાસને ઓળખી બતાવેલ છે.

આ સાહેદની જુબાની ન માનવાનુ દેખીતુ કોઈ જ કારણ નથી.

(૧૯) સાહેદ નં-૭૭ બદરૂનીશા અકબરમીયાઃ- ના.કોર્ટ સમક્ષની જુબાનીમા બનાવના દિવસનુ વર્ણન કરતા આ સાહેદે જણાવેલ છે કે પટેલોનુ ટોળુ તેમના ઘર તરફ આવી તેમના ઘરોને આગચાંપેલ અને બચુભાઈની જીપ સળગાયેલી તે વખતે તેણીએ જોંયેલ તો.દારોમા કચરાભાઈ ત્રિભોવનદાસપણ હતા. આ સાહેદે ના.કોર્ટમા તો.દાર કચરાભાઈ ત્રિભોવનદાસને ઓળખી પણ બતાવેલ છે. આ સાહેદને નહી માનવાનુ કોઈ કારણ નથી.

(ર૦) સાહેદ નં- ૭૮ બશીરાબીબી બચુમીયા શેખઃ- આ સાહેદે મજકુર તોહમતદારનું નામ તેણી પોતાના પતિ ગુજરી જવાથી ઈદ્દત નો સમયગાળો પસાર કર્યા બાદ તા.૧૭.૪.૦ર માં થયેલ પોલાસ જવાબમાં પણ આ તોહમતદારનું નામ ગુનામા સામેલ હોવા સબબ આપેલ છે.

આ સાહેદે મજકુર તો.દાર પટેલ કચરાભાઈ ત્રિભોવનદાસના નામનો ઉલ્લેખ પોતાની જુબાનીમા કરેલ છે અને તે ગંભીર ગુન્હાઓ આચરતા ટોળામા હોવાથી હકીકત જણાવી તો.દાર પટેલ કચરાભાઈ ત્રિભોવનદાસને ના.કોર્ટમા ઓળખી પણ બતાવે છે.

સાહેદ બશીરાબીબીએ સ્પષ્ટ જણાવેલ છે કે તેણી મહેમુદભાઈના મકાનમા હતી તેને ટોળાએ ઘેરી લીધેલ અને બારી તોડી નાખેલ, અંદરથી તેણે જોયેલ તો.દારો કેરોસીન,પેટ્રોલ, કાકડા નાંખી સળગાવતા હતા અને તો.દાર કચરાભાઈ તેમા હતા.

(૨૧) સાહેદ નં-૭૯ શમીમબાનુ મહેમુદમીયાઃ- આ સાહેદ કે જે કમનસીબ મેહમુદમીયાના મકાનમા બનાવ વખતે હાજર હતી અને તેણે તેમના મકાનને પટેલ લોકોએ ચારે બાજુથી ઘેરી લઈ કેરોસીન પેટ્રોલ કાકડાનાંખી સળગાવેલ તે તેણીએ આંખેથી જોયેલ છે અને તેમને તે ચેહરા ઉપરથી ઓળખી શકે છે પરંતુ, તેમને તેમના નામ આવડતા નથી તેવુ તેની જુબાનીમાં ના.કોર્ટ સમક્ષ સ્પષ્ટપણે જણાવે છે. આ મહત્વના સાહેદ શમીમબાનુએ તે રીતે તો.દાર કચરાભાઈ ત્રિભોવનદાસને ના.કોર્ટમાં ઓળખી બતાવે છે સાહેદ શમીમબાનુ ખૂબ જ મહત્વના સાહેદ છે અને તેણીને ના માનવાના કોઈ જ કારણ નથી

(૨૨) સાહેદ નં- ૮૨ સાબીરાબીબી શાબીર હુસેનઃ- આ સાહેદે ના.કોર્ટ સમક્ષની પોતાની જુબાનીમા તેણીએ જણાવેલ છે કે બનાવના દિવસે સરદારપુરાના પટેલો આવેલા અને મુસ્લમાનોને મારીનાંખો કાપીનાંખો બાળીનાંખો તેવી બૂમો પાડતા હાથમા લાકડી, ધારીયા પાઈપોઓ ભાલા અને તલવારો હતા આ લોકોએ આવીને તેમના ઘરે બાળેલુ આ સાહેદ પાછળના ખેતરમા જતા રહેલ અને ઘર બાળ્યું તેના અજવાળામા તે લોકોને ઓળખેલા પોતાની જુબાનીમા પેરા-૩માં આ સાહેદ સ્પષ્ટ જણાવે છે કે મે અજવાળામા જે વ્યક્તિઓને જોંયેલ તેમા કચરાભાઈ ત્રિભોવનદાસ હતા. આ સાહેદના જણાવ્યા પ્રમાણે બનાવને ઘણો ટાઈમ થઈ ગયેલ હોઈ તે તો.દારને ઓળખી શકતી નથી.

(૨૩) સાહેદ નં- ૮૩ શરીફાબીબી સાબીર હુસેનઃ- આ મહત્વના સાહેદનો પોલીસસ જવાબ તા.૩.૩.૦૨ ના રોજ થયેલ છે. તેમા તેણીએ આ તો.દારનુ નામ આપેલ છે.

આ સાહેદે બનાવ ચંદ્રમાના અજવાળા અને ઘર બાળ્યુ તેના અજવાળામાં તો.દારોને ઓળખી જોયેલ છે. તેણીએ આ તો.દાર કચરાભાઈ ત્રિભોવનદાસ ને ટોળામાં જોયેલા

(૨૪) સાહેદ નં-૪૮ સાબીર હુસેન કાદરમીયા શેખઃ-ના.કોર્ટમા તો.દાર પટેલ કચરાભાઈ વિરૂધ્ધ જુબાની આપેલ છે અને તેમને ઓળખી બતાવેલ છે.

**<u>તોહમતદાર નં. ૧૬ પટેલ મંગળભાઈ મથુરભાઈ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>**

આ તોહમતદાર વિરૂધ્ધ આઠ જેટલા સાહેદોએ સબળ પુરાવો ના. કોર્ટમાં આપેલ છે.

(૧) મહત્વના સાહેદ નં-૫૫ આશીકહુસેન બચુમીયા જેઓ બનાવના નજરે જોનાર સાહેદ છે અને બનાવ બાદ વહેલામાં-વહેલી તકે જેમનો પોલીસ જવાબ લેવામા આવેલ છે તે જવાબમાં સાહેદ આશીક હુસેને તો.દાર મંગળભાઈ મથુરભાઈનુ તો.દાર તરીકે નામ આપેલ છે. વળી, ના.કોર્ટની જુબાનીઓ સાહેદ આશીકહુસેને સ્પષ્ટ જણાવેલ છે કે, કીકીયારીયો પાડતુ મકાનોને તોડફોડ, લૂંટફાટ કરતુ ટોળુ પથ્થરમારો કરતુ શેખવાસ ઉપર હુમલો મહેમુદભાઈને ઘર તરફ હુમલો કરી મહેમુદમીયાનુ ઘર તરફ આવતા ટોળાઓ સહ આરોપી સાથે કરનાર ટોળામાં બનાવના દિવસે તો.દાર મંગળભાઈ મથુરભાઈ પણ હતા. આ મહત્વના સાહેદ આશીકહુસેને તો.દાર મંગળભાઈ મથુરભાઈને ના.કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે.

(૨) સાહેદ નં-૫૮ સાબીરહુસેન ઈમામશા પણ મજકુર તો.દાર મંગળભાઈ મથુરભાઈ બનાવના દિવસે ગુનાહિત કૃત્ય કરી રહેલ ટોળામાં સામેલ હોવાનુ જણાવી ના.કોર્ટમાં તો.દાર મંગળભાઈ મથુરભાઈને ઓળખી બતાવેલ છે.

(૩) સાહેદ નં- ૬૦ બચુમીયા ઈમામમીયા શેખે પણ તો.દાર મંગળભાઈ મથુરભાઈ વિરૂધ્ધમાં સાહેદોને જુબાનીને સમર્થન આપી મજકુર તો.દાર ના.કોર્ટમા ઓળખી બતાવે છે.

(૪) સાહેદ નં-૬૬ અકબરમીયા રસુલમીયાં શેખે તો.દાર મંગળભાઈ મથુરભાઈ ટોળામાં હથિયાર સાથે સામેલ હોવાનુ પોતાની જુબાનીમાં દર્શાવેલ છે.

(૫) સાહેદ નં- ૭૮ બશીરાબીબી બચુમીયાએ પણ ના.કોર્ટમાં તો.દાર મંગળભાઈ મથુરભાઈની સંડોવળીને સમર્થન આપી ના.કોર્ટમાં તો.દાર ઓળખી પણ બતાવેલ છે.

(૬) સાહેદ નં-૮૦ રૂકશાબાનુ ઈબ્રાહીમમીયાં શેખે બનાવના દિવસે ગંભીર પ્રકારના ગુનોઓ આચરતા ટોળામાં તો.દાર મંગળભાઈ મથુરભાઈ હતા તે દર્શાવવા તેમને દીઠે ના.કોર્ટમાં ઓળખી બતાવેલ છે.

(૭) સાહેદ નં- ૮૨ સાબીરાબીબી શાબીરહુસેને પણ મજકુરર તો.દાર મંગળભાઈ મથુરભાઈ બનાવના દિવસે ગુનાહિત કૃત્યો કરી રહેલ તે ટોળામા હતા તેવુ જણાવી તેમને ના.કોર્ટમાં ઓળખી બતાવેલ છે.

(૮) સાહેદ નં- ૮૩ શરીફાબીબી સાબીર હુસેને પણ મજકુર તો.દાર ગુનાહિત કૃત્યમાં સંડોવળી ના.કોર્ટમા ઓળખી બતાવેલ છે.

આમ, મજકુર તો.દાર સામે તેમની સામેના આરોપીનામાં મુજબના ગુનાઓ સાબીત કરવા આઠ જેટલા સાહેદોના સબળ પુરાવાઓ રજુ થયેલ છે.

**<u>તોહમતદાર નં. ૧૭ પ્રજાપતિ ગોરધનભાઈ રેવાભાઈ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>**

(૧) સાહેદ નં-૫૫ આશીકહુસેન બચુમીયાઃ-

આ મહત્વના સાહેદ આશીકહુસેને તા. ૨.૩.૦૨ ના પોલીસ જવાબમાં આ તો.દાર ગોરધનભાઈ રેવાભાઈ નામ આપેલ છે અને તેની ના.કોર્ટ સમક્ષ જુબાનીમા જણાવેલ છે કે,

. . . . .તા. ૧.૩.૨૦૦૨ ના રોજ અમારા પરિવાર સાથે મારા ઘરે હાજર હતો તે દિવસે રાત્રે સાડા નવ વાગે અમારા ગામના હિન્દુ લોકોનું ટોળું મહાદેવના મંદિર તરફથી બુમો અને કીકારીયો પાડતું આવતું હતુ કે મુસલમાનોને મારી નાંખો, કાપી નાંખો, સળગાવી નાંખો, હાથોમાં હથિયાર સાથે આવેલા. લાકડી, ધારીયા, તલવારો, પાઈપો, કેરોસીનના ડબ્બા, પેટ્રોલની ડબ્બા, સળગતા કાકડા સાથે આવેલા. આવીને શેખવાસના નાકે આવેલા ત્રણ કેબીનો અને ગલ્લાઓને તોડફોડ કરી લુંટફાટ કરતા હતા અને આગ ચાંપતા હતા. . . . . . . . ત્યારબાદ થોડીવાર પછી આ ટોળું ફરીથી અમારા શેખવાસ તરફ બુમો અને કીકીયારીઓ પાડતું આવતું હતું. આવીને શેખવાસના મકાનોને તોડફોડ અને લુંટફાટ કરતા હતા અને છુટા પથ્થરો અને ઢેખાડા નાખતા હતા તે વખતે મેં આ લોકોને જોયેલા જેમા પટેલ અશ્વિનભાઈ બળદેવભાઈ ડબલા સાથે, . . . .. . . . .. ગોરધનભાઈ રેવાબાઈ, . . . .. . . . રોહિતકુમાર રમણલાલ આ લોકોને હથિયારો સાથે ટોળામાં જોયેલા . .. . . . . . તે ટોળુ મહેમુદમીંયા હુસેનમીંયાના ઘર તરફ આવતું હતું. . . . .

સાહેદે તો.દાર પ્રજાપતિ ગોરધનભાઈ રેવાભાઈને ના. કોર્ટમાં ઓળખી પણ બતાવેલ છે સાહેદ આશીક હુસેન બચુમીયા ખૂબ જ મહત્વનો WHOLLY RELIABLE વીટનેશ છે અને તેની જુબાની અવગણી શકાય નહી તેવુ અમારૂ નમ્ર સૂચન છે.

(૨) સાહેદ નં-૫૨ હિઝબુલમીંયા હુસેનમીંયાઃ- આ સાહેદે બનાવ બાદ વહેલામાં વહેલી તકે તા.૧૦.૩.૦૨ ના રોજ આ તો.દારનું નામ તો.દાર તરીકે આપેલ છે.

સાહેદે ના.કોર્ટમાં જુબાની આપેલ છે તેમા તેઓએ મજકુર તો.દાર નું તો.દાર તરીકે નામ આપી પ્રજાપતિ ગોરધનભાઈ રેવાભાઈને ઓળખી બતાવેલ છે

## તોહમતદાર નં. ૧૮ પટેલ ભીખાભાઈ જોઈતાભાઈ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો

આ તોહમતદાર વિરૂધ્ધ નામદાર કોર્ટમાં એવા સાહેદો

(૧) સાહેદ નં-૫૫ આશીક હુસેન બચુમીયાઃ-

(૨) સાહેદ નં- ૬૬ અકબરમીયાં રસુલમીયા

(૩) સાહેદ નં-૬૮ ગુલામ અલી અકબરમીયા

(૪) સાહેદ નં-૭૧ મંગાભાઈ રામાભાઈ રાવળએ ના.કોર્ટમા પુરાવો આપેલ છે બનાવના દિવસે મુસ્લમાનોને મારીનાખો કાપીનાખો સળગાવીનાખોની ચિસીયારીયો પાડતા હિન્દુ ટોળા હાથમા હથિયારો સાથે લાકડી,ધારીયા,પાઈપો, તલવારો, કેરોસીન, પેટ્રોલના ડબ્બા, સળગતા કાકડા સાથે આવેલા અને શેખવાસ ઉપર હુમલો કરી મકાનોને તોંડફોડ કરી લૂંટફાટ કરતા ટોળામાં આ તોહમતદાર ભીખાભાઈ જોઈતાભાઈ સહ તો.દારો સાથે હતા તેવી જુબાની ખૂબજ મહત્વના અને WHOLLY RELIABLE સાહેદ નં.૫૫ આશીકહુસેને ના.કોર્ટમાં આપેલ છે તે સાહેદની જુબાનીને સમર્થન આપતી જુબાની સાહેદ નં-૬૬ અકબરમીયા રસુલમીયા તથા સાહેદ

નં- ૬૮ ગુલામઅલી અકબરમીયાએ ના.કોર્ટમાં જુબાની આપેલ છે. અને તો.દાર ભીખાભાઈ જોઈતાભાઈ ના.કોર્ટમાં ઓળખી પણ બતાવેલ છે.

આ ઉપરાંત સાહેદ નં-૭૧ મંગાભાઈ રામાભાઈ રાવળે આંક-૬૨૭ થી જુબાની આપેલ છે તેમા તેમણે સ્પષ્ટ જણાવેલ છે કે આ સાહેદ અસરગ્રસ્ત લઘુમતિ કોમના ન હોવા છતા એક નિક્ષપક્ષ અને મહત્વના સ્વતંત્ર સાહેદ તરીકે ના. કોર્ટમા કોઈ પણ જાતના દ્વેશભાવ વગર જુબાની આપેલ છે.

આ સાહેદ ખૂબજ મહત્વના સાહેદ તટસ્થ સાહેદ છે. આ તટસ્થ સાહેદે ના.કોર્ટમા જુબાની આપેલી છે તે ખૂબજ મહત્વની જુબાની આપેલી છે આ સાહેદને કોઈ તો.દાર સાથે અદાવત નથી અને તેમની સામે ખોટી જુબાની આપવાનો કોઈ વ્યાજબી કારણ જ નથી, આ સાહેદની ના.કોર્ટમા જુબાની થયેલ છે તેમા તેમણે સ્પષ્ટ જણાવેલ છે કે, તા. ૧.૩.૦૨ ના રોજ રાતના નવેક વાગ્યાના સુમારે મોડી રાત્રે રામાભાઈ મોહનભાઈ પટેલે ઘરની બાજુમા રસ્તા ઉપર ટ્રેકટર ઉભુ રાખેલુ તેમા કેરોસીનના બે,ત્રણ,ચાર પીપડા હતા અને પેટ્રોલનુ એક પીપડુ હતુ, બીજા તો.દારની સાથે આ તો.દાર ભીખાભાઈ જોઈતાભાઈને પોતાના ઘર આગળ રસ્તો છે ત્યાંથી નીકળતા જોયેલા અને તેઓ કાન્તીભાઈ પ્રભુદાસના ઘર તરફ કેરોસીનના કેરબા લઈ જતા હતા તે આ સાહેદે જોયેલુ. આ સાહેદના જણાવ્યા પ્રમાણે તેના ઘર આગળથી આ તો.દારો નીકળ્યા ત્યારે વાસ આવતી હતી તેથી તેને ખબર પડેલી મોડી રાત્રે પટેલોના ટોળે ટોળા તેણે જોયેલ લાઈટના ફોકસ ચાલુ હતા તેમા તેણે પટેલોના ટોળા જોયેલા શેખ મોહલ્લામા મેહમુદભાઈના ઘર તરફ ભડકો જોયેલો, શેખ મોહલ્લાના માણસોની ચીચીયારીયો અને બચાવો બચાવોની બૂમો સાંભળેલી અને ટોળુ મોટુ હોઈ આ સાહેદ ત્યા જઈ શકેલ નહી આમ, અતિ મહત્વના સાહેદે મજકુર તો.દાર સામે ખૂબજ સશકત પુરાવો આપેલ છે અને ના.કોર્ટમા આ તો.દારને ઓળખી પણ બતાવેલ છે, આ તો.દારની જુબાની ખૂબજ તટસ્થ વ્યક્તિની જુબાની છે તેને કોઈની સાથે કોઈ જ અદાવત નથી ક કોઈનુ ખોટી રીતે નામ આપવામા તેના માટે કોઈજ કારણ નથી આ સાહેદની જુબાની કાયદેસરની રીતે અવગણી શકાય તેમ નથી. આ ઉપરાંત આ મહત્વાના સાહેદે મજકુર તો.દાર ભીખાભાઈ જોઈતાભાઈને ના. કોર્ટમાં ઓળખી બતાવેલ છે.

આથી મજકુર તો.દાર ભીખાભાઈ જોઈતાભાઈ સામે પણ ખૂબ જ મહત્વનો અને સબળ પુરાવો તેમની સામેના તોહમત મુજબ ગુનાઓ સાબિત કરતો પુરાવો છે.

**<u>તોહમતદાર નં. ૧૯ પ્રજાપતિ રોહીત કુમાર રમણભાઈ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>**

(૧) મજકુર તો.દાર સગીર છે અને તેની સામે સાહેદ આશીક હુસેન બચુમીયા તેની જુબાનીમાં તો.દારની સંડોવણી દર્શાવતુ નિવેદન આપેલ છે.

**<u>તોહમતદાર નં. ૨૦ પ્રજાપતિ રવિ કુમાર અમ્રતભાઈ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>**

મજકુર તો.દાર સામે

(૧) સાહેદ નં-પર હિઝબુલમીયા હુસેનમીયાએ

(૨) સાહેદ નં-પપ મહત્વના સાહેદ આશીકહુસેન બચુમીયા

(૩) સાહેદ નં-૭પ ફીરોઝાબાનુ બચુમીયા

(૪) સાહેદ નં-૮૧ દિલાવરખાન અબ્બાસમીયાંએ ના.કોર્ટમાં જુબાની આપી મજકુર તો.દાર બનાવના દિવસે ગુનાહિત કૃત્ય કરી રહેલ ટોળામાં હોવાનુ જણાવી સાહેદ દિલાવરખાને મજકુર તો.દારને ઓળખી બતાવેલ છે સાહેદ દિલાવરખાન બનાવ વખતે ખૂબ જ સગીર વયના હોઈ તે તો.દારને નામથી જાણતા ન હતા પરંતુ, સાહેદ દિલાવરખાન બનાવના દિવસે વળી મુકવામાં આવેલ મેહમુદમીયાના ઘરમાં હતા અને હુમલો કરનાર ટોળાના માણસોને તે દીઠે ઓળખે છે તે રીતે ના.કોર્ટમાં સાહેદ દિલાવરખાને તો.દાર પ્રજાપતિ રવિકુમાર અમ્રતભાઈને ઓળખી બતાવેલ છે સાહેદ દિલાવરખાન બનાવ વખતે ૧૨ વર્ષની વયનો હતો અને તેણે તોહમદારોને ઓળખવામા કોઈ ભૂલ કરેલ નથી

આપ મજકુર તો.દાર સામે પણ પુરતો અને સબળ પુરાવો છે.

**<u>તોહમતદાર નં. ૨૧ પટેલ બાબુભાઈ કાન્તીભાઈ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>**

**(૧) સાહેદ નં-૫૧ નઝીર મહંમદ અકબરમીયાનો પુરાવો છે જેમના જણાવ્યા પ્રમાણે આગ લૂંટફાટ કરતા ટોળામાં બનાવના દિવસે સાહેદ નઝીર મહંમદે આ તો.દારને જોયેલ તે વખતે તો.દાર સળગતા કાકડા સાથે હતા મજકુર સાહેદે આ તો.દારને તેનુ નામ આપી તેને ના.કોર્ટમાં ઓળખી પણ બતાવેલ છે. આ સાહેદે ના. કોર્ટ સમક્ષની તેની જુબાનીમાં જણાવેલ કે.**

> . . .. . .થોડીવાર પછી આ ટોળું અમારા મહોલ્લા આગળ ધસી આવેલું અને બુમો અને કીકીયારીયો પાડતું હતું અને બુમો પાડતું હતુ કે આજે તો મીંયાને મારી નાંખો, કાપી નાંખો, જીવતા સળગાવી નાખો અને અમારા મહોલ્લા ઉપર આડેધડ પથ્થરમારો શરૂ કરેલો તે વખતે આ ટોળામાં મેં જોયેલા માણસોમાં રમેશભાઈ કાન્તીભાઈ ધારિયા સાથે, રમેશભાઈ રામાભાઈ ધારિયા સાથે, ડાહ્યાભાઈ કચરાભાઈ પથ્થર સાથે, **બાબુભાઈ કાન્તીભાઈ સળગતા કાકડા સાથે**, પટેલ તુલસીભાઈ ગીરધરભાઈ સળગતા કાકડા સાથે, પ્રજાપતિ રમણભાઈ ગણેશભાઈ કેરોસીનના ડબ્બા સાથે, પટેલ વિષ્ણુભાઈ પ્રહલાદભાઈ ધારિયા સાથે અને પટેલ જોઈતાભાઈ રામાભાઈ ગંગાવત ને મેં જોયેલા. તે લોકોએ અમારા મહોલ્લા ઉપર હુમલો કરેલો અને તેમની સાથે બીજા માણસો પણ હતા જે . . . . આ લોકોએ અમારા મુસ્લીમોના ઘરો ઉપર તોડફોડ કરી આગ લગાડતા મેં જોયેલા. આ ટોળુ મહેમુદમીંયા હુસેનમીંયાના ઘર તરફ જતા જોયેલું અને અમારા મહોલ્લાના બૈરા છોકરા ગભરાઈ જતાં મહેમુદમીંયા હુસેનમીંયાનું ઘર સલામત હોઈ તે સમજીને મકાનમાં ઘુસી ગયેલા. તે વખતે આ ટોળાએ મને પણ છુટા પથ્થરો મારવાથી મને ડાબા હાથની કોણી ઉપર ઈજા થયેલી અને ડાબા આંખના ડોળા ઉપર પથ્થર વાગવાથી ઈજા થયેલી. તે વખતે હું મારા જુના ઘરમાં સંતાઈ ગયેલ અને આ ટોળુ મહેમુદભાઈના ઘર તરફ ગયેલું અને તે મકાનની બારીઓ તોડી કેરોસીન, પેટ્રોલ નાખી આ મકાન સળગાવેલું.. . . . .. . . . .

**(૨) સાહેદ નં-૫૯ મહંમદ સત્તાર બચુમીયા શેખઃ- જેનો જવાબ બનાવ બાદ વહેલામાં-વહેલી તકે તા. ૨.૩.૦૨ ના રોજ પોલીસ જવાબ નોંધાયેલ છે તેમા મહંમદ સત્તારે મજકુર તો.દારનુ નામ આપેલ છે અને ના. કોર્ટમા તેમની જુબાનીમા ગુનો આચરી રહેલ આગ લૂંટફાટ અને પથ્થરમારો કરી રહેલ ટોળામાં તો.દાર પટેલ બાબુભાઈ કાન્તીભાઈ હાથમાં ઢેકાણા સાથે હતા તેવુ જણાવેલ છે અને આ સાહેદે મજકુર તો.દારને ના.કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે.**

> . . .. આજ ટોળુ સાડા અગિયાર બારેક વાગે બુમો અને કીકીયારીઓ પાડતું આવેલું કે મુસલમાનોને મારી નાખો, જીવતા સળગાવી દો કેમકે આજ મુસલમાનોને છોડવાના

નથી કેમકે આ મુસ્લીમોએ ગોધરામાં અમારા હિન્દુ લોકોને જીવતા સળગાવી દીધેલા છે તેના કારણે આમને પણ જીવતા સળગાવી મારી નાખો અને પથ્થરમારો ચાલુ કરેલો. અમે થોડો પથ્થરનો સામનો કરેલો. . . . . .. . . . . . . . . ગાડી બળતી હતી તેના અજવાળામાં મેં આ લોકોને જોયલા અને ઓળખેલા. અંબાલાલ મગનલાલના હાથમાં ધારીયું, . . . . .. . . . . .. .. બાબુભાઈ કાન્તીભાઈ એમના હાથમાં ઢેકાળા . .. . . . . . આ લોકોને મેં જોયેલા. આ લોકો અમારા મકાનોને તોડફોડ કરી આગ લગાડતા હતા અને મહેમુદભાઈના ઘર તરફ આવતા હતા અને હું પાછો મારા ઘરમાં જતો રહેલો અને મહેમુદભાઈના ઘર તરફથી બચાવો બચાવોની બુમો આવતી હતી અને હુ બીકના મારે મારા ઘરમા સંતાઈ રહેલો.

(૩) સાહેદ નં-૭૦ મુનસફખાને પણ તો.દાર બાબુભાઈ કાન્તીભાઈ બનાવના દિવસે ગુનાહિત કૃત્યો કરી રહેલ ટોળામાં હોવા અંગે જણાવી તેમને નામ સાથે ના. કોર્ટમાં ઓળખી બતાવેલ છે.

**<u>તોહમતદાર નં. ૨૨ પટેલ દિનેશકુમાર બળદેવભાઈ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>**

મજકુર તો.દાર સામે ખૂબ જ મહત્વના એવા

(૧)સાહેદ નં- ૫૯ મહંમદ સત્તારનો પુરાવો છે આ સાહેદ પોલીસ જવાબ બનાવ બાદ વહેલામાં-વહેલી તક તા.૨.૩.૦૨ ના રોજ લેવામાં આવેલ છે.તે જવાબમા પણ તોહમદારનુ નામ જણાવેલ છે ઉપરાંત ના.કોર્ટમા તેની જુબાની આંક-૫૫૭ માં ઘસી આવી આ સાહેદ બાજુના મકાનમાં સંતાઈ ગયેલ અને તેની બારીમાંથી જોઈ રહેલ હતો. તેવા ઘરની આગળ તેમની જીપ ટોળાએ સળગાવી દીધેલ. ગાડી બળતી હતી તેના અજવાળામાં સાહેદ મહંમદ સત્તારે જોયેલ તો તો.દારો વિવિધ હથિયારો સાથે હતા. તેણે તો.દારોને ઓળખેલ તેમા મજકુર તો.દાર દિનેશભાઈ બળદેવભાઈ પણ હતા. મજકુર સાહેદે મહંમદ સત્તારે મજકુર તો.દાર દિનેશ કુમાર બળદેવભાઈને ઓળખી બતાયેલ છે.

આમ, સાહેદ મહંમદ સત્તાર બાબુમીયાને WHOLLY RELIABLE સાહેદ તરીકે ગણી શકાય અને તેની જુબાની સંપૂર્ણરીતે વિશ્વાસપાત્ર છે તેવુ કહી શકાય.

(૨) સાહેદ નં- ૭૩ ફરીદાબાનુ આશીકહુસેનનો પુરાવો છે આ સાહેદ બનાવ વખતે પગે, હાથે દાઝી ગયેલ તેણીનો દીકરો આફતાબ અને દીકરી આશીયાના દાઝી ગયેલી જે મરણ પામેલી. પોલીસે આવી તેમને બહાર કાઢેલ તેણી પોતાના કોર્ટ રૂબરૂના પુરાવામાં જણાવે છે પોલીસે ૨.૩.૦૨ ના રોજ તેણીનો જવાબ લીધેલ તેણીએ પોલીસમાં તો.દારોના નામ લખાવેલા અને બતાવતને બહુ વખત લઈ ગયેલ હોઈ તેણી તો.દારોને ચેહરા ઉપરથી ઓળખી શકે તેમ છે તેણીએ ના.કોર્ટમાં મજકુર તો.દાર દિનેશકુમાર બળદેવભાઈને ઓળખી બતાવેલ છે.

આમ, આ સાહેદ ફરીદાબાનુ પણ ખૂબ જ મહત્વના અને WHOLLY RELIABLE વીટનેશ છે.તેણીનો પુરાવો ખૂબ જ મહત્વનો, ભરોસાપાત્ર અને અવગણી ન શકાય તેવો છે તો.દારનુ ખોટી રીતે નામ આપવાનુ કોઈ કારણ નથી.

(૩) સાહેદ નં-૪૮ સાબીર હુસેન કાદરમીયાએ પણ મજકુર તો.દાર સામે ના.કોર્ટમાં જુબાની આપી તેઓની ગુનામાં સંડોવણીનો નિર્દેષ કરેલ છે.

## <u>તોહમતદાર નં. ૨૫ પ્રજાપતિ ડાહ્યાભાઈ વરવાભાઈ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>

આ તો.દાર સામે ના.કોર્ટમાં પાંચ જેટલા સાહેદોએ જુબાની આપેલ છે

(૧) સાહેદ નં-પર હિઝબુલમીયા હુસેનમીયા ના.કોર્ટમાં જુબાની આપે છે અને બનાવ વખતે તોફાન અને ગુનાહિત કૃત્ય કરતા ટોળામાં તો.દાર ડાહ્યાભાઈ વરવાભાઈ હાથમા પાઈપ સાથે હતા તેવુ જણાવે છે અને ના.કોર્ટમા તો.દારને ઓળખી બતાવે છે. આ સાહેદે ના. કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવેલ છે કે,

> . . . . .વળી, પાછું આ ટોળું એજ પાછુ બુમો પાડતું આવેલું કે, મુસલમાનોને મારી નાંખો, કાપી નાંખો તેવું બોલતા હતા અને શેખ વાસ તરફ આવતું હતું. . . . . . . .. . . . .. . . . મને બીક લાગતાં હુ લપાઈ ગયેલો અને આ ટોળાના માણસો અમારા ગલ્લા કેબીનો સળગાવેલા અને અમારા પણ ઘરો સળગાવતા સળગાવતા મહેબુબભાઈના મકાન તરફ ગયેલા. મેં જોયેલ તો મારા ગામના પટેલ ચતુરભાઈ કાનાભાઈ પાઈપ સાથે, .. . . . .. . . . .. . . . . પ્રજાપતિ ડાહ્યાભાઈ વરવાભાઈ લોખંડની પાઈપ સાથે ટોળાની આગેવાની કરતા હતા. આ ટોળાના માણસો જતા હતા તે વખતે મને ડાબા હાથે કાંડા ઉપર જોરથી પથ્થર વાગેલો. ઉપરોકત આ ટોળાના માણસો અમારા શેખવાસના ઘરોમાં આગ લગાવેલી

અને મહેબુબભાઈના મકાનમાં અમારા મુસલમાનોના બૈરા છોકરાની બુમાબુમ ચીસાચીસ સંભળાયેલી.. . .. . . . .

(૨) સાહેદ નં-પપ આશીકહુસેન બચુમીયા જેવા મહત્વના સાહેદે પણ તો.દાર ડાહ્યાભાઈ સામે ગુનાઓની સ્પષ્ટ સંડોવણી દર્શાવેલ છે અને ના.કોર્ટમા તો.દારને ઓળખી પણ બતાવેલ છે.

(૩) સાહેદ નં-૬૮ ગુલામઅલી અકબરમીયાએ બનાવની ઘટનાનુ વર્ણન કરી તે ગુનાહિત કૃત્ય કરતા ટોળામાં મજકુર તો.દાર હતા તે રીતે તેમને ઓળખી બતાવેલ છે.

(૪) સાહેદ નં-૭પ ફિરોજાબાનુ બચુમીયાએ પણ મજકુર તો.દાર સામે આંગળી ચીંધેલ છે.

(પ) સાહેદ નં-૮૦ રૂકશાનાબાનું ઈબ્રાહીમભાઈએ તેણીની કોર્ટ સમક્ષની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, મેહમુદભાઈના મકાનને ચારેબાજુથી ગામના લોકોએ ઘેરી લીધેલ અને કેરોસીન પેટ્રોલ છાંટી બાળવા લાગેલ તે અગ્નિકાંડમાં તેણીએ તેની માતા જાયદાબીબી, બે બહેનો વિગેરે કુટુંબના અનેક માણસોને ગુમાવેલ છે. તેણી પોતાની જુબાનીના પેરા નં-૩માં સ્પષ્ટપણે જણાવે છે કે ટોળામાં જે માણસો હતા તેમને ચેહરા ઉદ્યારથી ઓળખી શકે છે તેણીએ ના.કોર્ટમા બેઠેલ ટોળાના એવા તો.દારોને ઓળખી બતાવેલ છે તેણીએ મજકુર તો.દાર ડાહ્યાભાઈ વરવાભાઈને પણ ઓળખી બતાવેલ છે આ સાહેદ પણ ખૂબ જ મહત્વના અને WHOLLY RELIABLE વીટનેશ ગણી શકાય છે.

**<u>તોહમતદાર નં. ૨૬ પટેલ રઘુભાઈ રેવાભાઈ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>**

(૧) સાહેદ નં- પ૯ મહંમદ સત્તાર બચુમીયા શેખે તેની ના.કોર્ટની જુબાનીમાં જણાવેલુ છે કે, બનાવ વખતે તે બીકના માર્યા બાજુના અકબરમીયા રસુલમીયાના મકાનમાં સંતાઈ ગયેલો અને બારીમાંથી જોયેલ તો ટોળાએ સળગાવેલ તેમની જીપના અજવાળામા તેણે તો.દારોને ઓળખેલા તેમા મજકુર તો.દાર રઘુભાઈ રેવાભાઈ પણ હતા.

(૨) સાહેદ નં-૬૧ શફીકમીયા બાબુમીયાં તે પણ ગુનામા મજકુર તો.દાર હથિયાર સાથે સામેલ હતા તેવી જુબાની આપી મજકુર તો.દારને ઓળખી પણ બતાવેલ છે.

.પેરા નં.૨ . . . . . . .. એજ ટોળુ બુમો ચીકારીઓ પાડતુ આશરે સાડા અગિયાર વાગે આવેલું કે મીયાંભાઈને મારી નાખે, કાપી નાંખો અને જીવતા સળગાવી દો. પછી અમારા શેખ મહોલ્લા ઉપર જોરદાર પથ્થરમારો કરેલો તે પથ્થરમારામાં મને જમણા પગે ઈજા થયેલી. એ જ ટોળું અમારા શેખ મહોલ્લાની અંદર આવતા મકાન સળગાતા સળગાવતા હતા ત્યારે મેં જોયેલ અને ઓળખેલા હથિયાર સાથે. .. . . . . રઘુભાઈ રેવાભાઈ . . . . . . . .. .. .. . .આ સાતોને હથિયાર સાથે જોયેલા . .. . . પછી મને બીક લાગતા હું બચુમીંયા ઈમામમીંયાની નવેળીમાં સંતાઈ ગયેલો. એ ટોળુ મકાનો સળગાવતા સળગાવતા મહેમુદમીંયાના મકાન તરફ ગયેલું ત્યાં જઈને તે મકાનને ચારે બાજુથી ઘેરી લીધેલું. કેરોસીન, પેટ્રોલ, સળગતા કાકડા નાખી મકાન સળગાવેલુ. અમારા માણસોએ ચારેબાજુ બચાવો બચાવોની બુમો પાડવા માંડેલી.. . . . .

આ સાહેદે મજકુર તો.દારને નામદાર કોર્ટમાં નામ સાથે ઓળખી પણ બતાવેલ છે.

સાહેદ નં-૭૦ મુનસફખાન યાસીનખાન પઠાણઃ- આ સાહેદે મજકુર તો.દારને રઘુભાઈ રેવાભાઈ બનાવ વખતે હુમલો કરવામાં તો.દાર હોવાનુ જણાવેલ છે. આ સાહેદે નામદાર કોર્ટની જુબાનીમાં જણાવેલ કે, . .

. . . . . .. . . . આશરે નવ સાડા નવની આસપાસ ગામના પટેલોનુ ટોળુ મીંયાઓને મારી નાખો, સળગાવી દો તેવી બુમો પાડતુ મારા જુના ઘરના પાછળની સાઈડે શેખ મહોલ્લાના નાકે આવેલ. . . .. . . . . ફરીથી ટોળુ ભેગુ થઈ ગયેલુ અને મારા જુના ઘર તરફ પથ્થરમારો કરેલો જે ટોળામાં મે જોયેલ તો પટેલ રાજેશભાઈ પુંજાભાઈ, પ્રહલાદભાઈ જગાભાઈ. . . . . . . . . . . . .. . . . . . . .. . . . બાબુભાઈ કાન્તીભાઈ વિગેરે હતા. જેમાં . . .. . રઘુભાઈ રેવાભાઈ પાસે પથ્થરો હતા . . . .. . . . . .આ લોકોએ મારા ઘર ઉપર પથ્થરમારો કરતાં અમોએ પથ્થરોથી સામનો કરેલો જેથી શેખ મહોલ્લા ઉપર હુમલો કરી શેખ મહોલ્લાના ઘરોને આગ લગાડેલી. તે પછી મોડી રાત્રે આશીકમીંયા બચુમીંયા ડ્રાઈવરનો છોકરો મહોલ્લાની અંદર આવેલો અને મને કહેલ કે, પટેલોના ટોળાએ મારૂ ઘર, જીપ સળગાવી દીધેલ છે. અને શેખ મહેમુદમીંયાના ઘરની અંદર બચવા માટે જે માણસો પેઠેલા છે તેમને પણ સળગાવી દીધેલ છે અને મારી નાખેલ છે.

આ સાહેદે મજકુર તો.દારને નામદાર કોર્ટમાં ઓળખી બતાવેલ છે.

(૩) સાહેદ નં- ૭૫ ફીરોજાબાનુ બચુમીયાં શેખઃ- આ સાહેદ પણ તેણીની જુબાનીમા મજકુર તો.દાર ની સંડોવણી દર્શાવેલ છે.

**<u>તોહમતદાર નં. ૨૭ પટેલ મથુરભાઈ રામાભાઈ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>**

(૧) મજકુર તો.દારને સાહેદ નં-૫૯ મોહંમદ સત્તાર બચુમીયા કે જેણે બળતી જીપના અજવાળે બારીમાંથી જોયેલ અને તો.દારોને ઓળખેલ તેમા મથુરભાઈ રામાભાઈ પણ હતા અને ના.કોર્ટમા આ સાહેદે તો.દારને ઓળખી બતાવેલ છે. ના.કોર્ટ સમક્ષ આપેલી જુબાનીમાં સ્પષ્ટ જણાવેલ છે કે,

. . .. આજ ટોળુ સાડા અગિયાર બારેક વાગે બુમો અને કીકીયારીઓ પાડતું આવેલું કે મુસલમાનોને મારી નાખો, જીવતા સળગાવી દો કેમકે આજ મુસલમાનોને છોડવાના નથી કેમકે આ મુસ્લીમોએ ગોધરામાં અમારા હિન્દુ લોકોને જીવતા સળગાવી દીધેલા છે તેના કારણે આમને પણ જીવતા સળગાવી મારી નાખો અને પથ્થરમારો ચાલુ કરેલો. અમે થોડો પથ્થરનો સામનો કરેલો. . . . . .. . . . . . . . ગાડી બળતી હતી તેના અજવાળામાં મેં આ લોકોને જોયલા અને ઓળખેલા. અંબાલાલ મગનલાલના હાથમાં ધારીયું, . . . . .. . . . . .. .. મથુરભાઈ રામાભાઈ . .. . . . . . આ લોકોને મેં જોયેલા. આ લોકો અમારા મકાનોને તોડફોડ કરી આગ લગાડતા હતા અને મહેમુદભાઈના ઘર તરફ આવતા હતા અને હું પાછો મારા ઘરમાં જતો રહેલો અને મહેમુદભાઈના ઘર તરફથી બચાવો બચાવોની બુમો આવતી હતી અને હુ બીકના મારે મારા ઘરમા સંતાઈ રહેલો. થોડા સમય પછી આ ટોળુ ભારતમાતા કી જય બોલાવીને જતુ રહેલું.

(૨) સાહેદ નં-૬૨ રફીકમીયા મહંમદ હુસેન શેખે પણ તો.દાર મથુરભાઈ બનાવ વખતે તોફાની ટોળામાં હતા તે રીતે તેમને ઓળખી બતાવેલ છે.

(૩) સાહેદ નં- ૬૫ અકબરમીયા નાથુમીયા શેખે પણ મજકુર તો.દાર મથુરભાઈને ગુનામા સામેલ એવા તો.દાર તરીકે ઓળખી બતાવેલ છે.

(૪) સાહેદ નં-૬૮ ગુલામઅલી અકબરમીયા શેખે પણ બનાવના દિવસે પથ્થરમારોને આગચંપી કરતા ટોળામાં મથુરભાઈ રામાભાઈ હતા તેમ જણાવી તેમને ના.કોર્ટમાં ઓળખી બતાવે છે.

. . . . . . . .અમોએ સામનો કરેલો પરંતુ આ ટોળું મોટુ હતુ હજાર પંદરસો જેવા માણસોનું ટોળુ હતું. અમે તેમનો સામનો કરી શકેલા નહી અને અમે અંદર અંદર ખસતા ગયા. પટેલોનું ટોળું મકાન

સળગાવવાનું ચાલુ હતુ અને અંદર આવેલું. પથ્થરમારો ચાલુ હતો મને પથ્થર ડાબા પગે ધુંટણ ઉપર, ડાબા ખભાને પાછળ વાગેલ. પછી પટોલોનું ટોળું અંદર આવેલું ત્યારે મે જોયેલા અંબાલાલ મગન ઉશ્કેરણી કરતા હતા અને તેમના હાથણાં ધારીયુ હતું, મથુરભાઈ ત્રિકમભાઈના હાથમાં પથ્થર હતા. . . . . . . . **મથુરભાઈ રામાભાઈ** . . . . . . . . . . .ગોવિંદભાઈ મોહનભાઈ ને મેં જોયેલા. હું નવેળીમાં થોડો અંદર જતો રહેલો અને બચુભાઈની દિવાલે અડીને ઉભો થઈ ગયેલો. આ પટેલોનું ટોળુ બાળતા બાળતા મહેમુદભાઈના ઘર તરફ ગયેલુ અને મહેમુદભાઈનું ઘર આ લોકોએ ઘેરી લીધેલું. મે બહાર આવીને નજર કરેલી આ ટોળાના લોકોએ મહેમુદમીંયા હુસેનમીંયના ઘરનો દરવાજો તોડવાની કોશીષ કરેલી. અમારા માણસો મહેમુદમીંયાના ઘરમાં જતા રહેલા. પટેલોનું ટોળુ એ બાજુ ગયેલું અને મકાનની બારી તોડી નાખેલી અને ઉપર ચડીને ધાબુ તોડવાની પણ કોશીષ કરેલી અને બારી તોડી કેરોસીન, પેટ્રોલ જેવુ નાખીને અંદર સળગતા કાકડા નાખેલા અને અમારા માણસોની બચાવો બચાવોની બુમો આવતા અમારી ત્યાં હાજરી હોવા છતાં અમે તેને બચાવી શકેલા નહીં. પટેલોનું ટોળુ એવુ બુમ પાડતુ હતુ કે મારી નાખો, કાપી નાંખો, જીવતા સળગાવી દો. અમારા માણસોની ચીસાચીસ, બુમાબુમ પડતી હતી. આ તબક્કે સાહેદને બનાવની યાદ તાજી થતાં પાણી પીવા જવાની પરવાનગી આપવામાં આવે છે. પટેલોના ટોળા મહેમુદભાઈના ઘરની આગળ પાછળ હતા. . .. . .. . . .

**સાહેદે જણાવેલ છે અને તો. મથુરભાઈ રામાભાઈને ના.કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે.**

**(૫) સાહેદ નં-૭૦ મુનસફખાને પણ તેની જુબાનીમાં તો.દાર મથુરભાઈ રામાભાઈ તોફાની ટોળામાં હુમલો કરવામાં પથ્થરો સાથે હતા તેવુ જણાવે છે. આ સાહેદે નામદાર કોર્ટની જુબાનીમાં જણાવેલ કે, . .**

> . . . . . .. . . . આશરે નવ સાડા નવની આસપાસ ગામના પટેલોનુ ટોળુ મીંયાઓને મારી નાખો, સળગાવી દો તેવી બુમો પાડતુ મારા જુના ઘરના પાછળની સાઈડે શેખ મહોલ્લાના નાકે આવેલ. . . .. . . . . ફરીથી ટોળુ ભેગુ થઈ ગયેલુ અને મારા જુના ઘર તરફ પથ્થરમારો કરેલો જે ટોળામાં મે જોયેલ તો પટેલ રાજેશભાઈ પુંજાભાઈ, પ્રહલાદભાઈ જગાભાઈ. . . . . . . . . . . . . .. . **મથુરભાઈ રામાભાઈ** અને રઘુભાઈ રેવાભાઈ **પાસે પથ્થરો હતા**. . . . . .. . . . બાબુભાઈ કાન્તીભાઈ વિગેરે હતા. . . . .. . . . . .આ લોકોએ મારા ઘર ઉપર પથ્થરમારો કરતાં અમોએ પથ્થરોથી સામનો કરેલો જેથી શેખ મહોલ્લા ઉપર હુમલો કરી શેખ મહોલ્લાના ઘરોને આગ લગાડેલી. તે પછી મોડી રાત્રે આશીકમીંયા બચુમીંયા ડ્રાઈવરનો છોકરો મહોલ્લાની અંદર આવેલો અને મને કહેલ કે, પટેલોના ટોળાએ મારૂ ઘર, જીપ સળગાવી દીધેલ છે. અને શેખ મહેમુદમીંયાના ઘરની અંદર બચવા માટે જે માણસો પેઠેલા છે તેમને પણ સળગાવી દીધેલ છે અને મારી નાખેલ છે.

(૬) સાહેદ નં-૪૮ સાબીર હુસેન કાદરમીયા શેખ તો.દાર મથુરભાઈ રામાભાઈ બનાવના દિવસે ગુનાહિત કૃત્યો કરતા ટોળામાં હતા તે રીતે તેમનુ નામ આપી મજકુર તો.દારને ના.કોર્ટ સમક્ષ ઓળખી પણ બતાવેલ છે.

> . . . . .તા. ૧.૩.૦૨ ના રોજ ભારતબંધનું એલાન હતું.. . . . . . . . . . . રાતના દશ વાગ્યાના સુમારે અમારા ગામના પટેલોએ શેખ મહોલ્લા ઉપર ધારિયા, લાકડીઓ, પાઈપો અને કેરોસીન, પેટ્રોલના કેરબા અને કેમીકલના કેરબા સાથે શેખ મહોલ્લા ઉપર હુમલો કરેલો. . .. . . . . . તે શેખ મહોલ્લાના નાકે ત્રણ કેબીનો હતા તે સળગાવેલા . . .. મહોલ્લાની સામે ફોક્સ લાઈટ લગાડેલી હતી તે વખતે મેં જોયેલું કે અમારા ગામના આગળ પટેલ અંબાલાલ મગનભાઈ. . . . . . . . **મથુરભાઈ રામાભાઈ**, . . . . . . . . . .. ચતુરભાઈ કાનાભાઈ વિગેરે હતા. ટોળાની ઉશ્કેરણી કરતા હતા અને શેખ મહોલ્લામાં ઘરો બાળવાનું શરૂ કરેલું અને પથ્થરો મારવાનું ચાલું કરેલું અને તે વખતે પટેલોના મકાનો ઉંચા હતા અને શેખ મહોલ્લાના મકાનો નીચા હતા તે વખતે ઘરો ઉપરથી પથ્થરો મારતા હતા અને કબ્રસ્તાનના વરંડામાંથી પણ પટેલો હતા અને પથ્થરો મારતા હતા અને ચારે બાજુથી પથ્થરો આવતા હતા. તે વખતે અમો જીવ . . .. . . . મને ગરદન ઉપર ઈંટ વાગેલી . . .. . . **આ ટોળાના માણસોએ દરેકના હાથમાં જીવલેણ હથિયારો સાથે અને ઈરાદાપુર્વક શેખ મહોલ્લામાં આગળ વધેલા** .. ઘરો બાળતા બાળતા અમારા માણસો શેખ **મહેમુદમીંયા હુસેનમીંયાના મકાનમાં સંતાયેલા હોઈ તે મકાન તરફ ગયેલા અને તે મકાનની બારી તોડી તેમાં પેટ્રોલ, કેરોસીન નાંખી સળગાવેલું.** તે વખતે એક લોખંડનો લાંબો સળીયો હતો તે સળીયાને કરન્ટ જોઈન્ટ કરેલો અને રૂમમાં મુકી દીધેલો તે મકાનમાંથી બચાવો બચાવોની બુમો આવતી હતી અને ચીકારીયો સંભળાતી હતી.

## <u>તોહમતદાર નં. ૨૮ પટેલ સુરેશભાઈ રણછોડભાઈ રેવાભાઈ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>

(૧) મજકુર તો.દાર સામે સાહેદ નં-૪૭ ફરીયાદી ઈબ્રાહીમમીયાએ ના.કોર્ટ સમક્ષ પુરાવો આપેલ છે.

(૨) મજકુર તો.દારને સાહેદ નં-૫૪ શરીફમીયાં ભીખુમીયા અને સાહેદ નં-૬૮ ગુલામઅલી અકબરમીયા શેખે તથા સાહેદ નં- ૬૯ મેહમુદમીયા હુસેનમીયાએ મજકુર તો.દાર બનાવ વખતે શેખવાસના મકાનોમા આગચાંપતા ટોળામા સળગતા કાકડા સાથે હોવાનુ ના.કોર્ટમાં તેમની જુબાનીમા સ્પષ્ટપણે જણાવે છે અને સાહેદ ગુલામઅલીએ મજકુર તો.દારને ના.કોર્ટમા ઓળખી બતાવેલ છે. અને સાહેદ નં-૬૮ ગુલામઅલી અકબરમીયા શેખે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે,

> ........અમોએ સામનો કરેલો પરંતુ આ ટોળું મોટુ હતુ હજાર પંદરસો જેવા માણસોનું ટોળુ હતું. અમે તેમનો સામનો કરી શકેલા નહી અને અમે અંદર અંદર ખસતા ગયા. પટેલોનું ટોળું મકાન સળગાવવાનું ચાલુ હતુ અને અંદર આવેલું. પથ્થરમારો ચાલુ હતો મને પથ્થર ડાબા પગે ધુંટણ ઉપર, ડાબા ખભાને પાછળ વાગેલ. પછી પટોલોનું ટોળું અંદર આવેલું ત્યારે મે જોયેલા અંબાલાલ મગન ઉશ્કેરણી કરતા હતા અને તેમના હાથણાં ધારીયુ હતું, મથુરભાઈ ત્રિકમભાઈના હાથમાં પથ્થર હતા. ....... **સુરેશભાઈ રણછોડભાઈ સળગતો કાકડો લઈને આવેલા,** ...........ગોવિંદભાઈ મોહનભાઈ ને મેં જોયેલા. હું નવેળીમાં થોડો અંદર જતો રહેલો અને બચુભાઈની દિવાલે અડીને ઉભો થઈ ગયેલો. આ પટેલોનું ટોળુ બાળતા બાળતા મહેમુદભાઈના ઘર તરફ ગયેલુ અને મહેમુદભાઈનું ઘર આ લોકોએ ઘેરી લીધેલું. મે બહાર આવીને નજર કરેલી આ ટોળાના લોકોએ મહેમુદમીંયા હુસેનમીંયના ઘરનો દરવાજો તોડવાની કોશીષ કરેલી. અમારા માણસો મહેમુદમીંયાના ઘરમાં જતા રહેલા. પટેલોનું ટોળુ એ બાજુ ગયેલું અને મકાનની બારી તોડી નાખેલી અને ઉપર ચડીને ધાબુ તોડવાની પણ કોશીષ કરેલી અને બારી તોડી કેરોસીન, પેટ્રોલ જેવુ નાખીને અંદર સળગતા કાકડા નાખેલા અને અમારા માણસોની બચાવો બચાવોની બુમો આવતા અમારી ત્યાં હાજરી હોવા છતાં અમે તેને બચાવી શકેલા નહીં. પટેલોનું ટોળુ એવુ બુમ પાડતુ હતુ કે મારી નાખો, કાપી નાંખો, જીવતા સળગાવી દો. અમારા માણસોની ચીસાચીસ, બુમાબુમ પડતી હતી. આ તબક્કે સાહેદને બનાવની યાદ તાજી થતાં પાણી પીવા જવાની પરવાનગી આપવામાં આવે છે. પટેલોના ટોળા મહેમુદભાઈના ઘરની આગળ પાછળ હતા.

(૩) સાહેદ નં-૮૧ દિલાવરહુસેન અબ્બાસમીયા કે જે બનાવ વખતે ૧૨ વર્ષની ઉમરનો સગીર હતો અને મેહમુદમીયાનુ મકાન કેરોસીન પેટ્રોલનાંખી બાળી મુકવામાં આવેલ તે વખત આ સાહેદે તે મકાનમાં હતો અને ટોળા દ્વારા તોડી પડાયેલ બારીમાંથી તેણે તો.દારોને ઓળખેલા આ સાહેદે પણ ના.કોર્ટમાં તો.દારને સારી રીતે ઓળખી બતાવેલ છે આ સાહેદ ખૂબ જ મહત્વનો અને વિશ્વાસનીય છે.

(૪) સાહેદ નં-૪૮ સાબીર હુસેન કાદરમીયા શેખે પણ ના.કોર્ટ સમક્ષની તેની જુબાનીમાં તોફાન કરતા ટોળામા બનાવના દિવસે મજકુર તો.દાર સુરેશ રણછોડભાઈ હોવાનુ જણાવી તેમને ના.કોર્ટમાં ઓળખી બતાવે છે.

> . . . . .તા. ૧.૩.૦૨ ના રોજ ભારતબંધનું એલાન હતું.. . . . . . . . . . . રાતના દશ વાગ્યાના સુમારે અમારા ગામના પટેલોએ શેખ મહોલ્લા ઉપર ધારિયા, લાકડીઓ, પાઈપો અને કેરોસીન, પેટ્રોલના કેરબા અને કેમીકલના કેરબા સાથે શેખ મહોલ્લા ઉપર હુમલો કરેલો. . .. . . . . . તે શેખ મહોલ્લાના નાકે ત્રણ કેબીનો હતા તે સળગાવેલા . . .. મહોલ્લાની સામે ફોક્સ લાઈટ લગાડેલી હતી તે વખતે મેં જોયેલું કે અમારા ગામના આગળ પટેલ અંબાલાલ મગનભાઈ. . . . . . . . **સુરેશભાઈ રણછોડભાઈ**, . . . . . . . . . . .. ચતુરભાઈ કાનાભાઈ વિગેરે હતા. ટોળાની ઉશ્કેરણી કરતા હતા અને શેખ મહોલ્લામાં ઘરો બાળવાનું શરૂ કરેલું અને પથ્થરો મારવાનું ચાલું કરેલું અને તે વખતે પટેલોના મકાનો ઉંચા હતા અને શેખ મહોલ્લાના મકાનો નીચા હતા તે વખતે ઘરો ઉપરથી પથ્થરો મારતા હતા અને કબ્રસ્તાનના વરંડામાંથી પણ પટેલો હતા અને પથ્થરો મારતા હતા અને ચારે બાજુથી પથ્થરો આવતા હતા. તે વખતે અમો જીવ . . .. . . . મને ગરદન ઉપર ઈંટ વાગેલી . . .. . **. આ ટોળાના માણસોએ દરેકના હાથમાં જીવલેણ હથિયારો સાથે અને ઈરાદાપુર્વક શેખ મહોલ્લામાં આગળ વધેલા** .. ઘરો બાળતા બાળતા **અમારા માણસો શેખ મહેમુદમીંયા હુસેનમીંયાના મકાનમાં સંતાયેલા હોઈ તે મકાન તરફ ગયેલા અને તે મકાનની બારી તોડી તેમાં પેટ્રોલ, કેરોસીન નાંખી સળગાવેલું.** તે વખતે એક લોખંડનો લાંબો સળીયો હતો તે સળીયાને કરન્ટ જોઈન્ટ કરેલો અને રૂમમાં મુકી દીધેલો તે મકાનમાંથી બચાવો બચાવોની બુમો આવતી હતી અને ચીકારીયો સંભળાતી હતી.

## <u>તોહમતદાર નં. ૨૯ પટેલ ચતુરભાઈ કાનાભાઈ ગીરધરભાઈ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>

(૧) મજકુર તો.દાર સામે ખૂબ જ મોટા પ્રમાણમાં દસ જેટલા સાહેદોએ જુબાની આપેલ છે તેમા સાહેદ (૧) સાહેદ નં-૪૭ ઈબ્રાહીમમીયાં રસુલમીયા (૨) સાહેદ નં- ૪૯ ઈકબાલમીયા રસુલમીયાં (૩) સાહેદ નં-૫૨ હિઝબુલમીયા હુસેનમીયા આ ત્રણેય સાહેદોએ મજકુર તો.દારને બનાવ વખતે ગુનાહિત કૃત્યોમાં સામેલ હોવાનુ જણાવેલ છે. જયારે ઈકબાલમીંયા રસુલમીંયા અને હિઝબુલમીંયા હુસેનમીંયા આ તોહમતદાર હાથમાં પાઈપ સાથે હોવાનુ જણાવે છે.

(૪) સાહેદ નં-૫૫ આશીકહુસેન બચુમીયા શેખઃ- આ મહત્વના સાહેદે પણ મજકુર તો.દારને ના.કોર્ટમાં ઓળખી બતાવેલ છે.

(૫) સાહેદ નં-૫૬ ઐયુબમીયા રસુલમીયા બનાવના દિવસે તો.દાર ગુનાહિત કૃત્ય કરી રહેલ ટોળામાં હાથમા પાઈપ સાથે હતા તેવુ જણાવેલ છે સદરહુ સાહેદ બનાવ વખતે ઈજા પામેલ હતો

(૬) સાહેદ નં- ૫૯ મહંમદ સત્તાર બચુમીયાઃ- આ સાહેદે બારીમાંથી તે વખતે બળતી જીપ અજવાળે તો.દાર ચતુરભાઈ કાનાભાઈ ને જોયેલ અને ના.કોર્ટમા તેમને ઓળખી પણ બતાવેલ છે સાહેદ મહંમદ સત્તારનો જવાબ તા.૨.૩.૦૨ ના રોજ પોલીસમાં થયેલ છે તેમા પણ તેણે આ તો.દારોના નામ આપેલ છે અને ના.કોર્ટમાં તો.દારને સ્પષ્ટ રીતે ઓળખી બતાવેલ છે આમ, આ સાહેદની જુબાની પણ ખૂબજ અગત્યની અને WHOLLY RELIABLE છે

(૭) સાહેદ નં- ૬૧ શફીકમીયા બાબુમીયાઃ- આ સાહેદે તો.દારને ગુનાહિત કૃત્ય કરતા ટોળામાં બનાવના દિવસે હથિયાર સાથે હોવાનુ જણાવી સદરહુ તો.દારને ના.કોર્ટમા ઓળખી બતાવે છે. આ સાહેદે પોતાની ના.કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવે છે કે,

> . . . . . . .. એજ ટોળુ બુમો ચીકારીઓ પાડતુ આશરે સાડા અગિયાર વાગે આવેલું કે મીયાંભાઈને મારી નાખે, કાપી નાંખો અને જીવતા સળગાવી દો. પછી અમારા શેખ મહોલ્લા ઉપર જોરદાર પથ્થરમારો કરેલો તે પથ્થરમારામાં મને જમણા પગે ઈજા થયેલી. એ જ ટોળું અમારા શેખ મહોલ્લાની અંદર આવતા મકાન સળગાતા સળગાવતા હતા ત્યારે મેં જોયેલ અને ઓળખેલા હથિયાર સાથે. . . ચતુરભાઈ કાનાભાઈ . . . . . .. . . .. . .આ <u>સાતોને હથિયાર સાથે જોયેલા</u> . .. . . પછી મને બીક લાગતા હું બચુમીંયા ઈમામમીંયાની નવેળીમાં સંતાઈ ગયેલો. એ ટોળુ મકાનો સળગાવતા સળગાવતા મહેમુદમીંયાના મકાન તરફ ગયેલું ત્યાં જઈને તે મકાનને ચારે બાજુથી ઘેરી લીધેલું.

કેરોસીન, પેટ્રોલ, સળગતા કાકડા નાખી મકાન સળગાવેલુ. અમારા માણસોએ ચારેબાજુ બચાવો બચાવોની બુમો પાડવા માંડેલી.. . . . .

(૮) સાહેદ નં- ૭૭ બદરૂનીશા અકબરમીયા શેખે પણ મજકુર તો.દાર નુ નામ ગુનાહિત કૃત્યો કરતા ટોળામાં હોવાનુ જણાવી મજકુર તો.દાર ને ઓળખી બતાવે છે

(૯) સાહેદ નં- ૮૦ રૂકશાનાબાનુ ઈબ્રાહીમમીયા શેખે તેણીના કોર્ટ સમક્ષની જુબાનીમાં પેરા નં-૩ માં સ્પષ્ટ જણાવે છે કે ટોળામાં જે માણસો હતા તેમને ચેહરા ઉપરથી ઓળખી શકે છે તેણીએ ના.કોર્ટમાં મજકુર તો.દાર ચતુરભાઈ કાનાભાઈને ઓળખી બતાવેલ છે

(૧૦) સાહેદ નં-૪૮ સાબીર હુસેન કાદરમીયા શેખે પણ ના.કોર્ટમાં મજકુર તો.દારનુ નામ આપી બનાવમાં સામેલ એવા તો.દાર તરીકે ઓળખી બતાવેલ છે.

. . . . .તા. ૧.૩.૦૨ ના રોજ ભારતબંધનું એલાન હતું.. . . . . . . . . . . રાતના દશ વાગ્યાના સુમારે અમારા ગામના પટેલોએ શેખ મહોલ્લા ઉપર ધારિયા, લાકડીઓ, પાઈપો અને કેરોસીન, પેટ્રોલના કેરબા અને કેમીકલના કેરબા સાથે શેખ મહોલ્લા ઉપર હુમલો કરેલો. . .. . . . . . તે શેખ મહોલ્લાના નાકે ત્રણ કેબીનો હતા તે સળગાવેલા . . .. મહોલ્લાની સામે ફોક્સ લાઈટ લગાડેલી હતી તે વખતે મેં જોયેલું કે અમારા ગામના આગળ પટેલ અંબાલાલ મગનભાઈ. . . . . . .. . . . . . . . . . . . . . . . .. ચતુરભાઈ કાનાભાઈ વિગેરે હતા. ટોળાની ઉશ્કેરણી કરતા હતા અને શેખ મહોલ્લામાં ઘરો બાળવાનું શરૂ કરેલું અને પથ્થરો મારવાનું ચાલું કરેલું અને તે વખતે પટેલોના મકાનો ઉંચા હતા અને શેખ મહોલ્લાના મકાનો નીચા હતા તે વખતે ઘરો ઉપરથી પથ્થરો મારતા હતા અને કબ્રસ્તાનના વરંડામાંથી પણ પટેલો હતા અને પથ્થરો મારતા હતા અને ચારે બાજુથી પથ્થરો આવતા હતા. તે વખતે અમો જીવ . . .. . . . મને ગરદન ઉપર ઈંટ વાગેલી . . .. . . આ ટોળાના માણસોએ દરેકના હાથમાં જીવલેણ હથિયારો સાથે અને ઈરાદાપુર્વક શેખ મહોલ્લામાં આગળ વધેલા .. ઘરો બાળતા બાળતા અમારા માણસો શેખ મહેમુદમીંયા હુસેનમીંયાના મકાનમાં સંતાયેલા હોઈ તે મકાન તરફ ગયેલા અને તે મકાનની બારી તોડી તેમાં પેટ્રોલ, કેરોસીન નાંખી સળગાવેલું. તે વખતે એક લોખંડનો લાંબો સળીયો હતો તે સળીયાને કરન્ટ જોઈન્ટ કરેલો અને રૂમમાં મુકી દીધેલો તે મકાનમાંથી બચાવો બચાવોની બુમો આવતી હતી અને ચીકારીયો સંભળાતી હતી.

આમ, મજકુર તો.દાર સામે ઉપરોક્ત ખુબ જ મહત્વના સાહેદોનો વિશ્વસનીય પુરાવો છે.

## <u>તોહમતદાર નં.૩૦ પટેલ તુલસીભાઈ ગીરધરભાઈ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>

આ તો.દાર સામે ખુબ જ મોટા પ્રમાણમાં અગિયાર જેટલા સાહેદોની જુબાની ના.કોર્ટમાં થયેલ છે તેમાં (૧) સાહેદ નં- ૪૭ ફરીયાદી ઇબ્રાહીમભાઈ (૨) સાહેદ નં- ૫૧ નઝીર મહંમદ અકબરમીયાએ મજકુર તો.દારને બનાવ વખતે ટોળામાં હોવાનુ જણાવેલ છે અને સાહેદ નઝીર મહંમદે જોયેલ તે વખતે મજકુર તો.દાર ટોળામાં સળગતા કાકડા સાથે હતો

(૩) સાહેદ નં- ૫૭ મુસ્તુફામીયા રસુલમીયા બનાવ વખતે ઈજા પામેલ અને મજકુર તો.દારને બનાવ વખતે જોયેલ છે અને ના.કોર્ટમાં ઓળખી બતાવેલા છે. આ સાહેદે ના. કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવેલ છે કે,

> . . . . .૧.૩.૦૨ ના રોજ પટેલોનું ટોળુ બુમો પાડતું હતું, ચીકારીઓ પાડતું, હથિયારો સાથે, પેટ્રોલના કેરોસીનના ડબલા સાથે, અમારા મહોલ્લાના કેબીનો તોડફોડ કરીને આગ ચાપેલી. પોલીસ આવતા એ ટોળુ વિખેરાઈ ગયેલુ ફરીથી તે જ ટોળુ રાત્રીના સાડા અગિયાર વાગ્યાના સુમારે બુમો પાડતુ કીકારીયો પાડતું મીયાને મારી નાખો, એક પણ મીયાં જીવતો ન રહેવો જોઈએ. હથિયારો, કેરોસીનના ડબલા સાથે આવેલા. અમારા મહોલ્લાના મકાનોને તોડફોડ કરીને આગ ચાંપેલી તે વખતે અમારા માણસો મહેમુદભાઈના ઘર તરફ ગયેલા. મારી પત્ની અને મારો પુત્ર જાવેદમીંયા મહેમુદમીંયાના ઘર તરફ ગયેલા. તે માણસોને મેં ભાળેલા જેમાં લક્ષ્મણભાઈ ધુળાભાઈ પટેલ, રમેશભાઈ ધુળાભાઈ પટેલ, માધાભાઈ વિઠ્ઠલભાઈ પટેલ, જયંતીભાઈ મંગળદાસ ઉર્ફે બકો, કચરાભાઈ ત્રિભોવનદાસ, અશ્વિનભાઈ બળદેવભાઈ બોથમ, **તુલસીભાઈ ગિરધરભાઈ પટેલ** એ લોકો અમારા મહેમુદમીંયાના ઘર તરફ ગયેલા. અમારા માણસોને મહેમુદમીંયાના મકાનમાં પેટ્રોલ, કેરોસીન નાંખીને જીવતા સળગાવેલા. તે વખતે હું બચુમીંયા ઈમામમીંયાના ઘરની આડમા સંતાઈ ગયેલો. અમારા માણસે બચાવો બચાવોની બુમો પાડતા હતા તે મેં સાભળેલી. તે વખતે ધમાલમાં મને પથ્થર વાગતા હુ છુપાઈ ગયેલો.

(૪) સાહેદ નં- ૬૧ શફીકમીયા બાબુમીયાએ ના.કોર્ટમા જુબાની આપી તે પ્રમાણે મજકુર તો.દારને બનાવ વખતે ટોળામાં જોયેલ ત્યારે તે હથિયાર સાથે હતો અને આ સાહેદે મજકુર તો.દારને ના.કોર્ટમાં ઓળખી બતાવેલ છે.

> . . . . . . .. એજ ટોળુ બુમો ચીકારીઓ પાડતુ આશરે સાડા અગિયાર વાગે આવેલું કે મીયાંભાઈને મારી નાખે, કાપી નાંખો અને જીવતા સળગાવી દો. પછી અમારા શેખ મહોલ્લા ઉપર જોરદાર પથ્થરમારો કરેલો તે પથ્થરમારામાં મને જમણા પગે ઈજા થયેલી.

એ જ ટોળું અમારા શેખ મહોલ્લાની અંદર આવતા મકાન સળગાતા સળગાવતા હતા ત્યારે મેં જોયેલ અને ઓળખેલા હથિયાર સાથે કચરા ત્રિભોવન. . . . . . ..તુલસી ગિરધરભાઈ . . .. .. . .આ સાતોને હથિયાર સાથે જોયેલા . .. . . પછી મને બીક લાગતા હું બચુમીંયા ઈમામમીંયાની નવેળીમાં સંતાઈ ગયેલો. એ ટોળુ મકાનો સળગાવતા સળગાવતા મહેમુદમીંયાના મકાન તરફ ગયેલું ત્યાં જઈને તે મકાનને ચારે બાજુથી ઘેરી લીધેલું. કેરોસીન, પેટ્રોલ, સળગતા કાકડા નાખી મકાન સળગાવેલુ. અમારા માણસોએ ચારેબાજુ બચાવો બચાવોની બુમો પાડવા માંડેલી.. . . . .

**(૫) સાહેદ નં- ૬૫ અકબરમીયા નાથુમીયા શેખ બનાવ વખતે આ સાહેદ વિવિધ ગુનાઓ આચરતા ટોળામાં સળગતા કાકડા સાથે જોયેલ અને ના.કોર્ટમાં તો.દારને ઓળખી પણ બતાવેલ છે. આ સાહેદે ના.કોર્ટ સમક્ષની જુબાનીમા જણાવેલ છે કે,**

પેરા ૨. .........રાતના સાડા નવ વાગ્યાના સુમારે પટેલોનું ટોળુ મહાદેવના મંદિરથી બુમો પાડતા મીંયાભાઈને કાપી નાખો, સળગાવી નાખો, મારી નાખોની બુમો પાડતા મારી ત્રણ કેબીનો સળગાવેલ જે શેખ મહોલ્લાના નાકે આવેલ છે.. . . .. . . .. . ફરીવારનું આ હિન્દુઓનું ટોળું મીયાંભાઈને કાપી નાખો, મારી નાખો, સળગાવી દો ની બુમો પાડતું પેન્ટર મનુભાઈનું ઘર તોડફોડ કરી સળગાવેલ. ત્યાંથી મેં આરોપી રમેશભાઈ ગંગાવત પાસે ધારીયું, માધાભાઈ વિઠ્ઠલભાઈના હાથમાં લાકડી, જયંતી અંબાલાલના હાથમાં લાકડી, રાજેશભાઈ પુંજાભાઈના હાથમાં લાકડી, અશ્વિન બળદેવ બોથમના હાથમાં ડબલું, પટેલ અશ્વિનભાઈ જગાભાઈ ડબલા સાથે, પ્રજાપતિ રમણભાઈ ગણેશભાઈ ડબલા સાથે, પટેલ તુલસીભાઈ ગિરધરભાઈ સળગતા કાકડા સાથે, પવન મુરલી વાસણવાળો ઉશ્કેરણી કરતો હતો મીંયા ભાઈન મારી નાખો અને કાપી નાંખો.....................

**(૬) સાહેદ નં- ૬૬ અકબરમીયા રસુલમીયા :- આ ઈજાગ્રસ્ત સાહેદે પણ ના.કોર્ટમાં જુબાની આપી તે પ્રમાણે મજકુર તો.દારને બનાવ વખતે હથિયાર સાથે જોયેલ છે.**

**(૭) સાહેદ નં – ૬૭ ઈમ્તીયાઝભાઈ મહંમદ હુસેન શેખ :- આ ઈજાગ્રસ્ત સાહેદે પણ ના.કોર્ટમાં જુબાનીમાં મજકુર તો.દારનુ નામ ગુનાહિત ટોળામાં હોવાનુ આપેલ છે. અને મજકુર તો.દારને ના.કોર્ટમાં ઓળખી પણ બતાવેલ છે આ સાહેદે ના.કોર્ટ સમક્ષની જુબાનીમા જણાવેલ છે કે,**

પેરા ૩......તે ટોળાએ મનુમીંયા ભાઈમીંયાનું મકાન સળગાવેલ. અકબર નાથુમીંયાનું મકાન સળગાવેલ. હું ઐયુબમીંયા રસુલમીંયાના મકાન તરફ ઉભો હતો ત્યારે મેં આ માણસોને જોયેલા હતા તુલસી ગીરધર, પશા મોહન, કચરા ત્રિભોવન, રમણ જીવણ, દિનેશ જીવણભાઈ, રાજેશ પુંજાને મે જોયેલા. પછી હુ મારો જીવ બચાવવા માટે શેરૂમીંયા

રસુલમીંયાના મકાનમાં સંતાઈ ગયેલો. પટેલ લોકોએ મહેમુદમીયાનું મકાન પણ સળગાવેલ અને.......

**(૮) (૮) સાહેદ નં- ૬૮ ગુલામ અલી અકબરમીયાએ :- આ ઈજાગ્રસ્ત સાહેદ ના.કોર્ટમાં જુબાની આપે છે તે પ્રમાણે મજકુર તો.દાર બનાવ વખતે આગ લૂંટફાટ કરતા ટોળામાં સળગતા કાકડા સાથે હતો. આ સાહેદ ના.કોર્ટ સમક્ષની જુબાનીમા જણાવેલ છે કે,**

પેરા નં ૩. . . . . . . .અમોએ સામનો કરેલો પરંતુ આ ટોળું મોટુ હતુ હજાર પંદરસો જેવા માણસોનું ટોળુ હતું. અમે તેમનો સામનો કરી શકેલા નહી અને અમે અંદર અંદર ખસતા ગયા. પટેલોનું ટોળું મકાન સળગાવવાનું ચાલુ હતુ અને અંદર આવેલું. પથ્થરમારો ચાલુ હતો મને પથ્થર ડાબા પગે ધુંટણ ઉપર, ડાબા ખભાને પાછળ વાગેલ. પછી પટોલોનું ટોળું અંદર આવેલું ત્યારે મે જોયેલા અંબાલાલ મગન ઉશ્કેરણી કરતા હતા અને તેમના હાથણાં ધારીયુ હતું, મથુરબાઈ ત્રિકમભાઈના હાથમાં પથ્થર હતા. . . . . . . . કચરા ત્રિભોવન,................. તુલસીભાઈગીરધરભાઈના હાથમા સળગતો કાકડો ....................ગોવિંદભાઈ મોહનભાઈ ને મેં જોયેલા. હું નવેળીમાં થોડો અંદર જતો રહેલો અને બચુભાઈની દિવાલે અડીને ઉભો થઈ ગયેલો. આ પટેલોનું ટોળુ બાળતા બાળતા મહેમુદભાઈના ઘર તરફ ગયેલુ અને મહેમુદભાઈનું ઘર આ લોકોએ ઘેરી લીધેલું. મે બહાર આવીને નજર કરેલી આ ટોળાના લોકોએ મહેમુદમીંયા હુસેનમીંયના ઘરનો દરવાજો તોડવાની કોશીષ કરેલી. અમારા માણસો મહેમુદમીંયાના ઘરમાં જતા રહેલા. પટેલોનું ટોળુ એ બાજુ ગયેલું અને મકાનની બારી તોડી નાખેલી અને ઉપર ચડીને ધાબુ તોડવાની પણ કોશીષ કરેલી અને બારી તોડી કેરોસીન, પેટ્રોલ જેવુ નાખીને અંદર સળગતા કાકડા નાખેલા અને અમારા માણસોની બચાવો બચાવોની બુમો આવતા અમારી ત્યાં હાજરી હોવા છતાં અમે તેને બચાવી શકેલા નહીં. પટેલોનું ટોળુ એવુ બુમ પાડતુ હતુ કે મારી નાખો, કાપી નાંખો, જીવતા સળગાવી દો. અમારા માણસોની ચીસાચીસ, બુમાબુમ પડતી હતી. આ તબક્કે સાહેદને બનાવની યાદ તાજી થતાં પાણી પીવા જવાની પરવાનગી આપવામાં આવે છે. પટેલોના ટોળા મહેમુદભાઈના ઘરની આગળ પાછળ હતા

**(૯) સાહેદ નં- ૭૭ બદરૂનીશા અકબરમીયા શેખે :- પણ તો.દાર તુલસીભાઈ ગીરધરભાઈને તોફાની ટોળામાં હોવાનુ જણાવી ના.કોર્ટમા ઓળખી બતાવેલ છે આ સાહેદે ના.કોર્ટ સમક્ષની જુબાનીમા જણાવેલ છે કે,**

પેરા નં ૨.. . . . .. થોડીવાર પછી આ ટોળુ મહાદેવ તરફથી બુમો અને કીકીયારીઓ પાડતુ કે મુસલમાનોને મારી નાખો, કાપી નાખો પાડતુ અમારી શેખ મહોલ્લાની પાસે આવી પથ્થરમારો ચાલુ કરેલો. મારા પતિ મને બચુમીયાં નાથુમીયાના ઘરે મુકી આવેલા. પછી આ પટેલોનું ટોળુ અમારા ઘરો તરફ આવી અમારા ઘરોને આગ ચાંપેલી હતી અને આગ સળગાવતા સળગાવતા બચુભાઈની જીપ સળગાવેલી તે વખતે મેં જોયેલા, અંબાલાલ

કપુર, રમેશભાઈ ગણેશભાઈ, ચતુરભાઈ વિઠ્ઠલભાઈ, ચતુરભાઈ કાનાભાઈ, પશાભાઈ મોહનભાઈ, કચરાભાઈ ત્રિભોવનદાસ, તુલસી ગીરધરભાઈને મેં જોયેલા. પછી મારા પતિ મને લઈને મહેમુદભાઈના ઘર પાછળ ખેતર તરફ લઈ ગયેલા ત્યાંથી અમે સાંભળેલ કે અમારા માણસો બચાવો બચાવોની બુમ પાડતા હતા અને આદના ભડકા દેખાતા હતા. પછી ભારત માતાની જય બોલાવીને આ ટોળુ જતુ રહેલુ. વાતાવરણ શાંત થતાં અમે મહોલ્લા તરફ આવેલા તો મહેમુદભાઈના મકાનમાંથી ૨૯ જેવી લાશો અમે જોયેલી અને મારૂ ઘર સળગતુ હતુ અને ઘરનો તમામ સામાન સળગતો હતો. ઘરના પેટીના દાગીના, દશ હજારની ઝાંઝરી, સોનાના ઝુંમર, રૂપિયા વિગેરે આ ટોળાના માણસો લઈ ગયેલા. મારા ઘરનુ એક લાખનુ નુકશાન છે.......................

**(૧૦) સાહેદ નં -૭૯ શમીમબાનુ મેહમુદમીયા શેખ :- આ સાહેદ તેણીની કોર્ટ રૂબરૂની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે બનાવ તેણીએ નજરે જોયેલ છે. તેણી ચેહરા ઉપર થી તો.દારોને ઓળખી શકે છે અને તેણીએ ના.કોર્ટમાં તે રીતે તો.દારોને ઓળખી બતાવેલ છે સાહેદ શમીમબાનુએ તો.દાર તુલસીભાઈ ગીરધરભાઈ તે ના.કોર્ટમાં સારી રીતે ઓળખી બતાવેલા છે.**

પેરા નં ૨. . . . . . . . . ફરીથી તે જ ટોળુ પાછુ આવેલું. પછી મનુભાઈ પેન્ટરનુ ઘર સળગાવેલુ. અકબરભાઈ નથુભાઈનુ ઘર સળગાવેલુ. એમ કરતા સળગાવતા સળગાવતા મહોલ્લામાં ઘુસી ગયેલા. હુ મારા અભુમામાના મકાનમાં હતી. પછી મારા અભુમામા આવેલા આવીને કહેલ કે, આ લોકો સળગાવતા સળગાવતા ઠેક આવી ગયા છે જવાની બારી નથી હુ દરવાજો ખોલી નાખુ છું જે રીતે તમારે છુપવુ હોય તે છુપાઈ જાવ અને નાસી જાવ. મારા મામાએ દરવાજો ખોલી નાખેલો. મહોલ્લાની તમામ ઔરતો બચવા માટે અમારા પાકા મકાનમાં ઘુસેલી. હુ મારા પોતાના મકાનમાં હતી. પટેલ લોકોએ ચારે બાજુથી ઘેરી લીધા. કેરોસીન નાખ્યું, કાકડા નાખ્યા, પેટ્રોલ નાખ્યું એમ કરીને બધાને સળગાવ્યા. ઉપરનુ ધાબુ તોડ્યું. મે મારી નજરે આંખેથી જોયા છે...... તે લોકોએ અમારા ઘરમાં કેરોસીનવાળા કાકડા, પેટ્રોલ નાખેલા. મે મારી નજરે મારી મમ્મી, મારા બે ભાઈ ઈરફાનભાઈ અને ટીપુ સુલતાન અને મારી બહેન ફરીદાબાનુને બાળતા જોયેલા...........

**(૧૧) સાહેદ નં- ૮૧ દિલાવરહુસેન અબ્બાસમીયા :- જે બનાવ વખતે સગીર ઉંમરના હતા તેમણે પણ મેહમુદમીયાના મકાનમાં પોતે હતા ત્યારે કેરોસીન,પેટ્રોલ નાંખી તે મકાનને બાળી મુકનાર ટોળાના માણસોને બારીમાંથી જોંયેલ અને તેમને તોહમદાર તુલસીભાઈ ગીરધરભાઈને ના.કોર્ટમાં ઓળખી બતાવેલ છે.**

**<u>તોહમતદાર નં. ૩૧ પટેલ રમણભાઈ જીવણભાઈ વજાભાઈ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>**

**(૧) સાહેદ નં-૫૯ મહંમદ સત્તાર શેખઃ- આ સાહેદનો ખૂબ જ વિશ્વાસનીય પુરાવો છે જેમણે બનાવ વખતે બારીમાંથી બળતી જીપના અજવાળે તો.દારને ઓળખેલ જેમા મજકુર તો.દાર રમણભાઈ જીવણભાઈ પણ હતા અને ના.કોર્ટમા આ મહત્વના સાહેદ મજકુર તો.દારને ઓળખી પણ બતાવેલ છે. સાહેદે નામદાર કોર્ટ સમક્ષની જુબાનીમાં સ્પષ્ટ જણાવેલ છે કે,**

. . .. આજ ટોળુ સાડા અગિયાર બારેક વાગે બુમો અને કીકીયારીઓ પાડતું આવેલું કે મુસલમાનોને મારી નાખો, જીવતા સળગાવી દો કેમકે આજ મુસલમાનોને છોડવાના નથી કેમકે આ મુસ્લીમોએ ગોધરામાં અમારા હિન્દુ લોકોને જીવતા સળગાવી દીધેલા છે તેના કારણે આમને પણ જીવતા સળગાવી મારી નાખો અને પથ્થરમારો ચાલુ કરેલો. અમે થોડો પથ્થરનો સામનો કરેલો. . . . . .. . . . . . . . . ગાડી બળતી હતી તેના અજવાળામાં મેં આ લોકોને જોયલા અને ઓળખેલા. અંબાલાલ મગનલાલના હાથમાં ધારીયું, . . . . .. . . . . .. .. **રમણભાઈ જીવણભાઈ,** . .. . . . . . આ લોકોને મેં જોયેલા. આ લોકો અમારા મકાનોને તોડફોડ કરી આગ લગાડતા હતા અને મહેમુદભાઈના ઘર તરફ આવતા હતા અને હું પાછો મારા ઘરમાં જતો રહેલો અને મહેમુદભાઈના ઘર તરફથી બચાવો બચાવોની બુમો આવતી હતી અને હુ બીકના મારે મારા ઘરમા સંતાઈ રહેલો. થોડા સમય પછી આ ટોળુ ભારતમાતા કી જય બોલાવીને જતુ રહેલું.

**(૨) સાહેદ નં- ૬૮ ગુલામઅલી અકબરમીયાઃ- આ ઈન્જર્ડ સાહેદે ના.કોર્ટમા પોતાની જુબાનીમાં મજકુર તો.દારને તોફાની ટોળામા સામેલ હોવાનુ નિર્દેશ કરતા તો.દારને ઓળખી બતાવેલ છે.**

**(૩) સાહેદ નં- ૪૮ સાબીર હુસેન કાદરમીયાઃ- પણ મજકુર તો.દાર ગુનાહિત કૃત્યો આચરતા ટોળામાં હોવાનુ જણાવી તેમને ના.કોર્ટમાં ઓળખી બતાવેલ છે. સાહેદે નામદાર કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવેલ છે કે,**

. . . . .તા. ૧.૩.૦૨ ના રોજ ભારતબંધનું એલાન હતું.. . . . . . . . . . . રાતના દશ વાગ્યાના સુમારે અમારા ગામના પટેલોએ શેખ મહોલ્લા ઉપર ધારિયા, લાકડીઓ, પાઈપો અને કેરોસીન, પેટ્રોલના કેરબા અને કેમીકલના કેરબા સાથે શેખ મહોલ્લા ઉપર હુમલો કરેલો. . .. . . . . . તે શેખ મહોલ્લાના નાકે ત્રણ કેબીનો હતા તે સળગાવેલા . . .. મહોલ્લાની સામે ફોક્સ લાઈટ લગાડેલી હતી તે વખતે મેં જોયેલું કે અમારા ગામના આગળ પટેલ અંબાલાલ મગનભાઈ. . . . . . . . **રમણભાઈ જીવાભાઈ,** . . . . . . . .

. .. ચતુરભાઈ કાનાભાઈ વિગેરે હતા. ટોળાની ઉશ્કેરણી કરતા હતા અને શેખ મહોલ્લામાં ઘરો બાળવાનું શરૂ કરેલું અને પથ્થરો મારવાનું ચાલું કરેલું અને તે વખતે પટેલોના મકાનો ઉંચા હતા અને શેખ મહોલ્લાના મકાનો નીચા હતા તે વખતે ઘરો ઉપરથી પથ્થરો મારતા હતા અને કબ્રસ્તાનના વરંડામાંથી પણ પટેલો હતા અને પથ્થરો મારતા હતા અને ચારે બાજુથી પથ્થરો આવતા હતા. તે વખતે અમો જીવ . . .. . . . મને ગરદન ઉપર ઈટ વાગેલી . . .. . . આ ટોળાના માણસોએ દરેકના હાથમાં જીવલેણ હથિયારો સાથે અને ઈરાદાપુર્વક શેખ મહોલ્લામાં આગળ વધેલા .. ઘરો બાળતા બાળતા અમારા માણસો શેખ મહેમુદમીંયા હુસેનમીંયાના મકાનમાં સંતાયેલા હોઈ તે મકાન તરફ ગયેલા અને તે મકાનની બારી તોડી તેમાં પેટ્રોલ, કેરોસીન નાંખી સળગાવેલું. તે વખતે એક લોખંડનો લાંબો સળીયો હતો તે સળીયાને કરન્ટ જોઈન્ટ કરેલો અને રૂમમાં મુકી દીધેલો તે મકાનમાંથી બચાવો બચાવોની બુમો આવતી હતી અને ચીકારીયો સંભળાતી હતી.

**<u>તોહમતદાર નં. ૩૨ પટેલ રાજેશભાઈ કરશનભાઈ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>**

**આ તો.દાર સામે પણ સબળ પુરાવા તરીકે**

**(૧) સાહેદ નં-૫૫ આશીક હુસેન બચુમીયા:- સાહેદે મજકુર તો.દારને ઓળખી બતાવેલ છે. આશીકહુસેન બચુમીયાના પોલીસ જવાબ તા.૨.૩.૦૨ ના રોજ થયેલ છે અને સાહેદે મજકુર તો.દારનુ નામ આપેલ છે અને સાહેદે ના.કોર્ટમા પણ તો.દારને ઓળખી બતાવેલ છે. આ સાહેદે નામદાર કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવેલ છે કે.**

.. . . . .તા. ૧.૩.૨૦૦૨ ના રોજ અમારા પરિવાર સાથે મારા ઘરે હાજર હતો તે દિવસે રાત્રે સાડા નવ વાગે અમારા ગામના હિન્દુ લોકોનું ટોળું મહાદેવના મંદિર તરફથી બુમો અને કીકારીયો પાડતું આવતું હતુ કે મુસલમાનોને મારી નાંખો, કાપી નાંખો, સળગાવી નાંખો, હાથોમાં હથિયાર સાથે આવેલા. લાકડી, ધારીયા, તલવારો, પાઈપો, કેરોસીનના ડબ્બા, પેટ્રોલની ડબ્બા, સળગતા કાકડા સાથે આવેલા. આવીને શેખવાસના નાકે આવેલા ત્રણ કેબીનો અને ગલ્લાઓને તોડફોડ કરી લુંટફાટ કરતા હતા અને આગ ચાંપતા હતા. તે વખતે પોલીસ આવી જતાં આ માણસોનું ટોળું વિખરાઈ ગયેલ અને પોલીસ તરત જતી રહેલી. ત્યારબાદ થોડીવાર પછી આ ટોળું ફરીથી અમારા શેખવાસ તરફ બુમો અને કીકીયારીઓ પાડતું આવતું હતું. આવીને શેખવાસના મકાનોને તોડફોડ અને લુંટફાટ કરતા હતા અને છુટા

પથ્થરો અને ઢેખાડા નાખતા હતા તે વખતે મેં આ લોકોને જોયેલા જેમા પટેલ અશ્વિનભાઈ બળદેવભાઈ ડબલા સાથે, પટેલ પશાભાઈ મોહનભાઈ ડબલા સાથે, ચતુરભાઈ વિઠ્ઠલભાઈ, રાજેશભાઈ કરશનભાઈ, માધાભાઈ વિઠ્ઠલભાઈને પાઈપો સાથે જોયેલા. રમેશભાઈ પ્રભાબાઈ ધારીયા સાથે જોયેલા. જયંતિભાઈ મંગળભાઈ ઉર્ફે બકાભાઈ તલવાર સાથે જોયેલા, કાળાભાઈ ભીખાભાઈ, ભીખાભાઈ જોઈતાભાઈ, મંગળભાઈ મથુરભાઈ, રમેશભાઈ કાન્તીભાઈ, પ્રહલાદભાઈ સોમાભાઈ, જયંતિભાઈ જીવણભાઈ, જયંતીભાઈ અંબાલાલ આ લોકો છુટા પથ્થરો અને ઢેખાળા નાખતા હતા. ભાવેશ કનુભાઈ પટેલ, શીતલ નારાયણ સિંધી, પ્રજાપતિ ડાહ્યાભાઈ વરવાભાઈ, પ્રજાપતિ રમણભાઈ ગણેશભાઈ, ગોરધનભાઈ રેવાબાઈ, રાજેશકુમાર અમૃતભાઈ, રવિકુમાર અમૃતભાઈ, રોહિતકુમાર રમણલાલ આ લોકોને હથિયારો સાથે ટોળામાં જોયેલા. ત્યારબાદ મારા પિતાજીએ મારી પત્ની, મારા બાળકો અને અમારા ઘરના સભ્યોને અમારા મહોલ્લાના છેડે આવેલ મહેમુદમીંયા હુસેનમીંયા પાકુ ધાબાવાળુ મકાન હોઈ તેમા સંતાઈ જવાનું કહેતા અમારા ઘરના સભ્યોને તેમાં મુકી આવેલ. પછી મારી જીપ સળગાવેલી. મારી જીપ સળગાવતા પટેલ કચરાભાઈ ત્રિભોવનદાસ, અંબાલાલ મગન, રમણભાઈ ગણેશભાઈને જોયેલા. તે ટોળુ મહેમુદમીંયા હુસેનમીંયાના ઘર તરફ આવતું હતું. . . . .

**(૨) સાહેદ નં-૬૨ રફીકમીયા મહંમદ હુસેન શેખઃ- આ ઈન્જર્ડ સાહેદે પોતાની જુબાનીમાં તો.દા રાજેશભાઈ કરશનભાઈનુ નામ આપેલ છે અને તો.દારને નામદાર કોર્ટમાં ઓળખી બતાવેલ છે. સાહેદે પોતાની નામદાર કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવેલ છે કે,**

પેરા નં. ૩. . . . .ત્યાર પછી આ ટોળાના માણસો અગિયાર સાડા અગિયાર વાગે બુમો અને ચીકીયારીઓ પાડતા આવેલ. મુસલમાનોને મારી નાખો, કાપી નાખો, પથ્થરમારો ચાલુ કરેલ. પહેલુ મકાન ભાઈમીંયા આલમમીંયાનું તોડફોડ કરીને બાળવા લાગેલા. પછી બીજા નંબરનું અકબરમીંયા નાથુમીંયાનું મકાન તરફ આવ્યા તે સમયે આ ટોળાના માણસો, અમારા ગામના માણસો મેં અંબાલાલ મગન ધારીયા સાથે, કાળાભાઈ ભીખાભાઈ, જયંતિભાઈ મંગળભાઈ, પશાભાઈ મોહનબાઈ, જોઈતારામ રામાબાઈ હાથમાં ડબલું, અશ્વિનભાઈ જગાભાઈ, રાજેશભાઈ કરશનભાઈ આ લોકોના હાથમાં લાકડીઓ અને પાઈપો હતી. પછી કચરાભા ત્રિભોનનદાસ, ગોવિંદભાઈ મોહનભાઈ, રમેશભાઈ કાન્તીભાઈ આ બધા માણસો હતા. એક પછી એત મકાન બાળતા હતા. હું મારો જીવ બચાવવા ઈબ્રાહીમમીંયા રસુલમીંયના ઘર તરફ જતો રહેલો. આ માણસો અંદર આવતા જોયેલા અને હું મારો જીવ બચાવવા ઈબ્રાહીમમીંયા રસુલમીંયાના ઘરની અંદર જતો રહેલો. પછી આ માણસો મહેમુદમીંયા હુસેનમીંયાના ઘર તરફ ગયા ત્યાં અમારા મહોલ્લાના માણસો બૈરા, છોકરા હતા ત્યાં મકાનને ઘેરીને

બાળેલ અને અમે બુમો અને ચીકીયારીઓ સાંભળેલ. ત્યાર પછી આ માણસો બધા ત્યાંથી ભારત માતા કી જય બોલાવીને જતા રહેલા.. . . . . .

(૪) સાહેદ નં-૬૮ ગુલામઅલી અકબરમીયા શેખઃ- આ ઈન્જર્ડ સાહેદે પણ મજકુર તો.દારનુ નામ બનાવ વખતે તોફાનો કરી રહેલ ટોળામાં સળગતા કાકડા સાથે હોવાનુ જણાવી મજકુર તો.દારને ના.કોર્ટમા ઓળખી બતાવેલ છે. સાહેદ નામદાર કોર્ટ સમક્ષ જુબાનીમાં જણાવેલ છે કે,

<u>પેરા નં.૩</u>. . . . . . . .અમોએ સામનો કરેલો પરંતુ આ ટોળું મોટુ હતુ હજાર પંદરસો જેવા માણસોનું ટોળુ હતું. અમે તેમનો સામનો કરી શકેલા નહી અને અમે અંદર અંદર ખસતા ગયા. પટેલોનું ટોળું મકાન સળગાવવાનું ચાલુ હતુ અને અંદર આવેલું. પથ્થરમારો ચાલુ હતો મને પથ્થર ડાબા પગે ધુંટણ ઉપર, ડાબા ખભાને પાછળ વાગેલ. પછી પટોલોનું ટોળું અંદર આવેલું ત્યારે મે જોયેલા અંબાલાલ મગન ઉશ્કેરણી કરતા હતા અને તેમના હાથણાં ધારીયુ હતું, મથુરબાઈ ત્રિકમભાઈના હાથમાં પથ્થર હતા. . . . . . . . રાજેશ કરશનભાઈ મુકરી, . . . . . સળગતો કાકડો લઈને આવેલા, . . . . . . . . . . .ગોવિંદભાઈ મોહનભાઈ ને મેં જોયેલા. હું નવેળીમાં થોડો અંદર જતો રહેલો અને બચુભાઈની દિવાલે અડીને ઉભો થઈ ગયેલો. આ પટેલોનું ટોળુ બાળતા બાળતા મહેમુદભાઈના ઘર તરફ ગયેલુ અને મહેમુદભાઈનું ઘર આ લોકોએ ઘેરી લીધેલું. મે બહાર આવીને નજર કરેલી આ ટોળાના લોકોએ મહેમુદમીંયા હુસેનમીંયના ઘરનો દરવાજો તોડવાની કોશીષ કરેલી. અમારા માણસો મહેમુદમીંયાના ઘરમાં જતા રહેલા. પટેલોનું ટોળુ એ બાજુ ગયેલું અને મકાનની બારી તોડી નાખેલી અને ઉપર ચડીને ધાબુ તોડવાની પણ કોશીષ કરેલી અને બારી તોડી કેરોસીન, પેટ્રોલ જેવુ નાખીને અંદર સળગતા કાકડા નાખેલા અને અમારા માણસોની બચાવો બચાવોની બુમો આવતા અમારી ત્યાં હાજરી હોવા છતાં અમે તેને બચાવી શકેલા નહીં. પટેલોનું ટોળુ એવુ બુમ પાડતુ હતુ કે મારી નાખો, કાપી નાંખો, જીવતા સળગાવી દો. અમારા માણસોની ચીસાચીસ, બુમાબુમ પડતી હતી. આ તબક્કે સાહેદને બનાવની યાદ તાજી થતાં પાણી પીવા જવાની પરવાનગી આપવામાં આવે છે. પટેલોના ટોળા મહેમુદભાઈના ઘરની આગળ પાછળ હતા.

**<u>તોહમતદાર નં.૩૩ પટેલ રમેશભાઈ કાન્તીભાઈની વિરૂધ્ધ નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>**

(૧) **સાહેદ નં-૪૭ ફરીયાદી ઈબ્રાહીભાઈઃ-** આ સાહેદે તોહમતદાર વિરૂધ્ધ જુબાની આપેલ છે અને બનાવના દિવસે ગુનાહિત કૃત્ય કરી રહેલ તોફાની ટોળામાં આ તો.દાર પણ હતા તે રીતે આ તો.દાર ની સામે પુરાવો આપેલ છે.

(૨) **સાહેદ નં-૫૧ નઝીર મહંમદ અકબરમીયાઃ-** આ ઈન્જર્ડ સાહેદની જુબાનીમાં તેમના જણાવ્યા પ્રમાણે મજકુર તો.દાર રમેશ કાન્તીભાઈ ગુનાહિત કૃત્યો કરી રહેલ ટોળામાં ધારીયા સાથે હતા અને આ સાહેદે મજકુર તો.દારને ના.કોર્ટમાં ઓળખી બતાવેલ છે. આ સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે. .

> . . . . . . .આ ટોળું અમારા મહોલ્લા આગળ ધસી આવેલું અને બુમો અને કીકીયારીયો પાડતું હતું અને બુમો પાડતું હતુ કે આજે તો મીંયાને મારી નાંખો, કાપી નાંખો, જીવતા સળગાવી નાખો અને અમારા મહોલ્લા ઉપર આડેધડ પથ્થરમારો શરૂ કરેલો તે વખતે આ ટોળામાં મેં જોયેલા માણસોમાં રમેશભાઈ કાન્તીભાઈ ધારિયા સાથે,. . . અને પટેલ જોઈતાભાઈ રામાભાઈ ગંગાવત ને મેં જોયેલા. તે લોકોએ અમારા મહોલ્લા ઉપર હુમલો કરેલો . . ... . . . . . . . . . આ લોકોએ અમારા મુસ્લીમોના ઘરો ઉપર તોડફોડ કરી આગ લગાડતા મેં જોયેલા. આ ટોળુ મહેમુદમીંયા હુસેનમીંયાના ઘર તરફ જતા જોયેલું અને અમારા મહોલ્લાના બૈરા છોકરા ગભરાઈ જતાં મહેમુદમીંયા હુસેનમીંયાનું ઘર સલામત હોઈ તે સમજીને મકાનમાં ઘુસી ગયેલા. તે વખતે આ ટોળાએ મને પણ છુટા પથ્થરો મારવાથી મને ડાબા હાથની કોણી ઉપર ઈજા થયેલી અને ડાબા આંખના ડોળા ઉપર પથ્થર વાગવાથી ઈજા થયેલી. તે વખતે હું મારા જુના ઘરમાં સંતાઈ ગયેલ અને આ ટોળુ મહેમુદભાઈના ઘર તરફ ગયેલું અને તે મકાનની બારીઓ તોડી કેરોસીન, પેટ્રોલ નાખી આ મકાન સળગાવેલું..

(૩) **સાહેદ નં-૫૫ આશીકહુસેન બચુમીયાઃ-** જેવા મહત્વના સાહેદનો પુરાવો છે જેણે પોતાના તા. ૨.૩.૦૨ના પોતાના પોલીસ જવાબમાં પણ આ તો.દારનુ નામ આપેલ છે અને ગંભીર પ્રકારના ગુનાઓ કરી રહેલ બનાવના વખતે ટોળામા આ તો.દાર હતાનુ જણાવી ના.કોર્ટમાં ઓળખી બતાવેલ છે. આ સાહેદે નામદાર કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવેલ છે કે.

> .. . . . .તા. ૧.૩.૨૦૦૨ ના રોજ અમારા પરિવાર સાથે મારા ઘરે હાજર હતો તે દિવસે રાત્રે સાડા નવ વાગે અમારા ગામના હિન્દુ લોકોનું ટોળું મહાદેવના મંદિર તરફથી બુમો અને કીકારીયો પાડતું આવતું હતુ કે મુસલમાનોને મારી નાંખો, કાપી નાંખો, સળગાવી નાંખો, હાથોમાં હથિયાર સાથે આવેલા. લાકડી, ધારીયા, તલવારો, પાઈપો, કેરોસીનના ડબ્બા, પેટ્રોલની ડબ્બા, સળગતા કાકડા સાથે

આવેલા. આવીને શેખવાસના નાકે આવેલા ત્રણ કેબીનો અને ગલ્લાઓને તોડફોડ કરી લુંટફાટ કરતા હતા અને આગ ચાંપતા હતા. તે વખતે પોલીસ આવી જતાં આ માણસોનું ટોળું વિખરાઈ ગયેલ અને પોલીસ તરત જતી રહેલી. ત્યારબાદ થોડીવાર પછી આ ટોળું ફરીથી અમારા શેખવાસ તરફ બુમો અને કીકીયારીઓ પાડતું આવતું હતું. આવીને શેખવાસના મકાનોને તોડફોડ અને લુંટફાટ કરતા હતા અને છુટા પથ્થરો અને ઢેખાડા નાખતા હતા તે વખતે મેં આ લોકોને જોયેલા જેમા પટેલ અશ્વિનભાઈ બળદેવભાઈ ડબલા સાથે, . .. . . . . . .. . .. ., **રમેશભાઈ કાન્તીભાઈ**, . . . . . . . . .. . આ લોકો છુટા પથ્થરો અને ઢેખાળા નાખતા હતા. . . . . ત્યારબાદ મારા પિતાજીએ મારી પત્ની, મારા બાળકો અને અમારા ઘરના સભ્યોને અમારા મહોલ્લાના છેડે આવેલ મહેમુદમીંયા હુસેનમીંયા પાકુ ધાબાવાળુ મકાન હોઈ તેમા સંતાઈ જવાનું કહેતા અમારા ઘરના સભ્યોને તેમાં મુકી આવેલ. પછી મારી જીપ સળગાવેલી. મારી જીપ સળગાવતા પટેલ કચરાભાઈ ત્રિભોવનદાસ, અંબાલાલ મગન, રમણભાઈ ગણેશભાઈને જોયેલા. તે ટોળુ મહેમુદમીંયા હુસેનમીંયાના ઘર તરફ આવતું હતું. . . . .

(૪) **સાહેદ નં-૫૯ મહંમદ સત્તાર બચુમીયા શેખ જેવા મહત્વના સાહેદ કે જેણે સમગ્ર બનાવ પોતાની નજરે જોયેલ છે અને બારીમાંથી સળગતી જીપના અજવાળે જોયેલ છે અને તો.દારને બનાવ વખતે ધારીયા સાથે જોયેલ આ મહત્વના સાહેદે મજકુર તો.દાર તે ના.કોર્ટમા ઓળખીપણ બતાવેલ છે. આ સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે. .. .,**

. . .. આજ ટોળુ સાડા અગિયાર બારેક વાગે બુમો અને કીકીયારીઓ પાડતું આવેલું કે મુસલમાનોને મારી નાખો, જીવતા સળગાવી દો કેમકે આજ મુસલમાનોને છોડવાના નથી કેમકે આ મુસ્લીમોએ ગોધરામાં અમારા હિન્દુ લોકોને જીવતા સળગાવી દીધેલા છે તેના કારણે આમને પણ જીવતા સળગાવી મારી નાખો અને પથ્થરમારો ચાલુ કરેલો. અમે થોડો પથ્થરનો સામનો કરેલો. . . . . .. . . . . . . . . ગાડી બળતી હતી તેના અજવાળામાં મેં આ લોકોને જોયલા અને ઓળખેલા. અંબાલાલ મગનલાલના હાથમાં ધારીયું, . . . . .. . . . . .. **રમેશભાઈ કાન્તીભાઈ**ના હાથમાં ધારિયુ . .. . . . . . આ લોકોને મેં જોયેલા. આ લોકો અમારા મકાનોને તોડફોડ કરી આગ લગાડતા હતા અને મહેમુદભાઈના ઘર તરફ આવતા હતા અને હું પાછો મારા ઘરમાં જતો રહેલો અને મહેમુદભાઈના ઘર તરફથી બચાવો બચાવોની બુમો આવતી હતી અને હુ બીકના મારે મારા ઘરમા સંતાઈ રહેલો. થોડા સમય પછી આ ટોળુ ભારતમાતા કી જય બોલાવીને જતુ રહેલું.

(૫) સાહેદ નં- ૬૦ બચુમીયા ઈમામમીયા શેખ :- સાહેદે પોતાની જુબાનીમાં જણાવ્યા પ્રમાણે મજકુર તોહમતદાર ગુનાહિત કૃત્ય કરી રહેલ ટોળામાં સામેલ હતા તેવુ તેમની જુબાનીમાં સ્પષ્ટ જણાય છે

> . . . . .. રાતના આશરે નવ સાડા નવના સુમારે મહાદેવ તરફથી અમારા ગામના ભારતમાતાકી જય બોલાવી હાથમાં હથિયાર પેટ્રોલ, કેરોસીન જેવા ડબલા હતા. લાઈટના અજવાળામાં ટોળાને જોયેલા તેમાં કચરાભાઈ ત્રિભોવનભાઈ, . . . . . . . .રમેશભાઈ કાન્તીભાઈ, . . . . . . . . પછી ટોળાના માણસોએ મારી જીપ ગાડી ઉપર પેટ્રોલ કેરોસીન છાંટી સળગાવેલ તે વખતે કચરાભાઈ ત્રિભોવનદાસ, અંબાલાલ મગનભાઈ એ કેરોસીન પેટ્રોલ છાંટેલું. રાજેશભાઈ પુંજાભાઈએ સળગતો કાકડો નાખેલો તેથી ગાડીને મોટો ભડકો થયેલો. તે પછી એ જ ટોળું મહેમુદભાઈના મકાન તરફ ગયેલું અને બારી તોડી કેરોસીન પેટ્રોલ છાંટી સળગતો કાકડો નાખી ૨૮ જણા સ્ત્રી પુરૂષો, નાના બાળકોને બાળી નાખેલા.. . . . .

(૬) સાહેદ નં-૬૨ રફીકમીયા મહંમદ હુસેનઃ- આ ઈન્જર્ડ સાહેદે પોતાની જુબાનીમાં તો.દાર નુ નામ આપેલ છે સાહેદે પોતાની નામદાર કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવેલ છે કે,

> પેરા નં. ૩. . . . .ત્યાર પછી આ ટોળાના માણસો અગિયાર સાડા અગિયાર વાગે બુમો અને ચીકીયારીઓ પાડતા આવેલ. મુસલમાનોને મારી નાખો, કાપી નાખો, પથ્થરમારો ચાલુ કરેલ. પહેલુ મકાન ભાઈમીંયા આલમમીંયાનું તોડફોડ કરીને બાળવા લાગેલા. પછી બીજા નંબરનું અકબરમીંયા નાથુમીંયાનું મકાન તરફ આવ્યા તે સમયે આ ટોળાના માણસો, અમારા ગામના માણસો મેં અંબાલાલ મગન ધારીયા સાથે, . . . . . . . . . .. . . . . . . . રમેશભાઈ કાન્તીભાઈ આ બધા માણસો હતા. એક પછી એત મકાન બાળતા હતા. હું મારો જીવ બચાવવા ઈબ્રાહીમમીંયા રસુલમીંયના ઘર તરફ જતો રહેલો. આ માણસો અંદર આવતા જોયેલા અને હું મારો જીવ બચાવવા ઈબ્રાહીમમીંયા રસુલમીંયાના ઘરની અંદર જતો રહેલો. પછી આ માણસો મહેમુદમીંયા હુસેનમીંયાના ઘર તરફ ગયા ત્યાં અમારા મહોલ્લાના માણસો બૈરા, છોકરા હતા ત્યાં મકાનને ઘેરીને બાળેલ અને અમે બુમો અને ચીકીયારીઓ સાંભળેલ. ત્યાર પછી આ માણસો બધા ત્યાંથી ભારત માતા કી જય બોલાવીને જતા રહેલા.. . . . . .

(૭) સાહેદ નં- ૬૬ અકબરમીયા રસુલમીયાઃ- આ ઈન્જર્ડ સાહેદે મજકુર તો.દારનુ નામ ગુનાહીત કૃત્ય કરતા ટોળામાં સામેલ હોવાનુ જણાવેલ છે સાહેદે પોતાની નામદાર કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવેલ છે કે,

. . . . . . .ફરી પાછુ સાડા અગિયાર વાગે આવેલુ જે પહેલી તારીખે આવેલું. પછી મીયાંને મારી નાખો, કાપી નાખો અને જીવતા કુટી બાળો ત્યારે પથ્થરમારો કરેલો અને ઘર સળગાવવાનું ચાલુ કરેલ જે અમારા ગામના પટેલોએ ચાલુ કરેલું. સામ સામે અમે પણ પથ્થર નાખતા હતા ત્યારે મને જમણા પગે પથ્થર વાગેલો હતો. ત્યારે મને આ પથ્થર વાગતા અને બરડામાં અને કપાળમાં પણ પથ્થર વાગેલ હતો અને પગની નળી ઉપર પણ પથ્થર વાગેલ હતો. ત્યારે બચુભાઈની ગાડી પાછળ હું સંતાયેલો હતો ત્યારે અમારા ગામના પટેલો મહેમુદમીંયાના ઘર તરફ સળગાવતા સળગાવતા આવતા હતા અને નજીક આવેલ જેથી હું કબ્રસ્તાનના વડા પાસે દોડીને જતો રહેલો. મહેમુદમીંયાનુ ઘર પણ ઘેરી લીધેલ હતું. ઉપર ચડીને લોખંડનો ગૈણ (મોટો હથોડો) મારતા હતા તેની અવાજ હું સાંભળતો હતો. પછી પેટ્રોલ, કેરોસીન નાખેલ પછી હું વંડાની બાજુમાં બેઠેલ હતો એક પટેલ મને જોઈ ગયેલ કે આ રહ્યો બાંડીયો એક તે મારી હાંસે (પાછળ) પડેલ તેથી હુ કબ્રસ્તાનની પોલી કબરમાં પેસી ગયેલ અને ઉપર કાંટો નાખી દીધેલ તે પણ મને શોધતા હતા પણ હું મળેલ નહીં. ત્યારબાદ પટેલોએ કબ્રસ્તાનમાં કાકડો નાખેલ તેથી સુકુ ઘાસ સળગેલ તે પછી દશ ફુટ છેટે હોલવાઈ ગયેલ ત્યાર પછી થોડીવાર પછી મહાદેવના મંદિર આગળ ભેગા થઈ ભારતમાતાની જય બોલાવી જતા રહેલા.. . . . .

**(૮) સાહેદ નં-૬૮ ગુલામઅલી અકબરમીયા શેખઃ- આ ઈન્જર્ડ સાહેદે પણ મજકુર તો.દારનુ નામ બનાવ વખતે તોફાનો કરી રહેલ ટોળામાં સામેલ હોવાનુ જણાવી મજકુર તો.દારને ના.કોર્ટમા ઓળખી બતાવેલ છે. સાહેદ નામદાર કોર્ટ સમક્ષ જુબાનીમાં જણાવેલ છે કે,**

<u>પેરા નં.૩</u>. . . . . . . .અમોએ સામનો કરેલો પરંતુ આ ટોળું મોટુ હતુ હજાર પંદરસો જેવા માણસોનું ટોળુ હતું. અમે તેમનો સામનો કરી શકેલા નહી અને અમે અંદર અંદર ખસતા ગયા. પટેલોનું ટોળું મકાન સળગાવવાનું ચાલુ હતુ અને અંદર આવેલું. પથ્થરમારો ચાલુ હતો મને પથ્થર ડાબા પગે ધુંટણ ઉપર, ડાબા ખભાને પાછળ વાગેલ. પછી પટોલોનું ટોળું અંદર આવેલું ત્યારે મે જોયેલા અંબાલાલ મગન ઉશ્કેરણી કરતા હતા અને તેમના હાથણાં ધારીયુ હતું, મથુરબાઈ ત્રિકમભાઈના હાથમાં પથ્થર હતા. . . . . . . . **રમેશભાઈ કાન્તીભાઈ**, . . . . . . . . . . . . . . . .ગોવિંદભાઈ મોહનભાઈ ને મેં જોયેલા. હું નવેળીમાં થોડો અંદર જતો રહેલો અને બચુભાઈની દિવાલે અડીને ઉભો થઈ ગયેલો. આ પટેલોનું ટોળુ બાળતા બાળતા મહેમુદભાઈના ઘર તરફ ગયેલુ અને મહેમુદભાઈનું ઘર આ લોકોએ ઘેરી લીધેલું. મે બહાર આવીને નજર કરેલી આ ટોળાના લોકોએ મહેમુદમીંયા હુસેનમીંયના ઘરનો દરવાજો તોડવાની કોશીષ કરેલી. અમારા માણસો મહેમુદમીંયાના ઘરમાં જતા રહેલા. પટેલોનું ટોળુ એ બાજુ ગયેલું અને મકાનની બારી તોડી નાખેલી અને ઉપર ચડીને ધાબુ તોડવાની પણ કોશીષ કરેલી અને બારી તોડી કેરોસીન, પેટ્રોલ જેવુ

નાખીને અંદર સળગતા કાકડા નાખેલા અને અમારા માણસોની બચાવો બચાવોની બુમો આવતા અમારી ત્યાં હાજરી હોવા છતાં અમે તેને બચાવી શકેલા નહીં. પટેલોનું ટોળુ એવુ બુમ પાડતુ હતુ કે મારી નાખો, કાપી નાંખો, જીવતા સળગાવી દો. અમારા માણસોની ચીસાચીસ, બુમાબુમ પડતી હતી. આ તબક્કે સાહેદને બનાવની યાદ તાજી થતાં પાણી પીવા જવાની પરવાનગી આપવામાં આવે છે. પટેલોના ટોળા મહેમુદભાઈના ઘરની આગળ પાછળ હતા.

(૯) સાહેદ નં-૪૬ સાબીરમીંયા અકુમીંયા પઠાણઃ- સાહેદ નામદાર કોર્ટ સમક્ષ જુબાનીમાં જણાવેલ છે કે, ૨૮.૨.૦૨ ના રોજ ગામમાં વિશ્વ હિન્દુ પરિષદ મારફતે ગુજરાત બંધનું એલાન આપવામાં આવેલું . . . . . . .. . . માધાભાઈ વિઠ્ઠલભાઈની દુકાન આવેલ છે . . . . .. .. . .. . . મને જોઈને તે લોકો એ બુમ પાડેલી કે, બાંડિયાઓને કાપી નાંખો, મારી નાંખો તેવી બુમો પાડવામાં આ તો.દાર રમેશભાઈ કાન્તીભાઈ સામેલ હતા.

આમ મજકુર તો.દાર સામે પણ મોટા પ્રમાણમા માની શકાય તેવો પુરાવો છે જેમા સાહેબ આશીકહુસેન બચુમીયા, સાહેદ મહંમદ સત્તાર બચુમીયાની જુબાની અવગણવી મુશ્કેલ છે.

**<u>તોહમતદાર નં.૩૪ પટેલ માઘાભાઈ વિઠ્ઠલભાઈ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>**

સદરહુ તો.દાર સામે પણ દસ જેટલા સાહેદોની જુબાની ના.કોર્ટમાં પડેલ છે

(૧) સાહેદ નં-૪૭ ફરયાદી ઈબ્રાહીમભાઈઃ- તેમની જુબાનીમાં મજકુર તો.દારનુ નામ તોફાન વખતે ગુનાહિત કૃત્ય કરી રહેલ ટોળામાં હતા તે રીતે આપેલ છે.

(૨) સાહેદ નં-૪૯ ઈકબાલમીયા રસુલમીયા શેખઃ- આ ઈન્જર્ડ સાહેદે તેમની ના.કોર્ટની જુબાનીમાં મજકુર તો.દારનુ નામ બનાવમાં સામેલ તેવી વ્યકિતે તરીકે આપી તે બનાવ વખતે હાથમા પાઈપ સાથે તો.દાર હતા તેવુ જણાવી મજકુર તો.દારને ના.કોર્ટમાં ઓળખી બતાવેલ છે. ના.દાર કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવેલ છે કે,

. . . . .આશરે સાડા અગિયારે આવેલું બુમો, પાડતપ અને ચીકોરીયા પાડતું આવેલું કે સાલા બાંડીયાઓને કાપો, મારો, અને જીવતા સળગાવી દો અને અમારા શેખ મહોલ્લાના નાકે આવી પથ્થરમારો ચાલુ કરેલો. પથ્થર મારતા

મારતા આગળ વધેલા અને લુંટફાટ અને તોડફોડ કરતા કરચા મકાનો બાળતા બાળતા આગળ વધેલા. તે વખતે મેં જોયેલ તો રમણભાઈ ગણેશભાઈ હાથમાં ડબલા સાથે, . . . . . . . . ., માધાભાઈ વિઠ્ઠલબાઈ હાથમાં પાઈપ સાથે, . . . . . . . . . . . . . . .. રમેશભાઈ કચરાભાઈ આ ટોળાના આગેવાન હતા અને એવુ બોલતા હતા અને ઉશ્કેરણી કરતા હતા કે એક પણ બચવો જોઈએ નહીં. તે વખતે મને માથામા પથ્થર વાગેલો અને જમણા પગમાં અને ઈબ્રાહીમ રસુલમીંયાને માથામાં પથ્થર વાગેલો તે વખતે લોહી આવેલું અને હું મારો જીવ બચાવવા ઈબ્રાહીમ રસુલમીંયાના ઘર તરફ ગયેલો અને આ ટોળું મકાન બાળતું બાળતું આગળ વધેલું અને હું ઈબ્રાહીમ રસુલમીંયાના ઘરમાં ગયો અને આ ટોળું મહેમુદમીંયા હુસેનમીંયાના ઘર તરફ ગયેલું અને ચારેબાજુથી ઘેરી લીધેલું તે વખતે બારી તોડી પેટ્રોલ, કેરોસીન નાંખીને અમારા બૈરા છોકરાને જીવતા સળગાવી દીધેલા.

(૩) **સાહેદ નં- પ૧ નઝીર મહંમદ અકબરમીયાં શેખઃ- આ ઈન્જર્ડ સાહેદ ના.કોર્ટમાં તો.દાર માધાભાઈ વિઠ્ઠલભાઈને ગુનાહિત કૃત્ય કરી રહેલ ટોળામાં સામેલ હતા અને ના. કોર્ટમાં તો.દાર તરીકે ઓળખી બતાવેલ છે.**

(૪) **સાહેદ નં-પપ આશીક હુસેન બચુમીયાઃ- જેવા મહત્વના અને ખૂબ જ વિશ્વાસનીય એવા સાહેદે મજકુર તો.દારને બનાવના દિવસે તોફની કરી રહેલ ટોળામાં પાઈપ સાથે હોવાનુ જણાવી ના.કોર્ટમાં ઓળખી બતાવેલ છે આ સાહેદ આશીકહુસેને પોતાનુ તા.૨.૩.૦૨ ના રોજના પોલીસ જવાબમાં પણ તો.દાર માધાભાઈ વિઠ્ઠલભાઈનુ નામ શરૂઆતથી જ બતાવેલ છે જે ખૂબ જ મહત્વનુ છે. નામદાર કોર્ટની જુબાનીમાં જણાવેલ છે કે,**

.. . . . .તા. ૧.૩.૨૦૦૨ ના રોજ અમારા પરિવાર સાથે મારા ઘરે હાજર હતો તે દિવસે રાત્રે સાડા નવ વાગે અમારા ગામના હિન્દુ લોકોનું ટોળું મહાદેવના મંદિર તરફથી બુમો અને કીકારીયો પાડતું આવતું હતુ કે મુસલમાનોને મારી નાંખો, કાપી નાંખો, સળગાવી નાંખો, હાથોમાં હથિયાર સાથે આવેલા. લાકડી, ધારીયા, તલવારો, પાઈપો, કેરોસીનના ડબ્બા, પેટ્રોલની ડબ્બા, સળગતા કાકડા સાથે આવેલા. આવીને શેખવાસના નાકે આવેલા ત્રણ કેબીનો અને ગલ્લાઓને તોડફોડ કરી લુંટફાટ કરતા હતા અને આગ ચાંપતા હતા. તે વખતે પોલીસ આવી જતાં આ માણસોનું ટોળું વિખરાઈ ગયેલ અને પોલીસ તરત જતી રહેલી. ત્યારબાદ થોડીવાર પછી આ ટોળું ફરીથી અમારા શેખવાસ તરફ બુમો અને કીકીયારીઓ પાડતું આવતું હતું. આવીને શેખવાસના મકાનોને તોડફોડ અને લુંટફાટ કરતા હતા અને છુટા પથ્થરો અને ઢેખાડા નાખતા હતા તે વખતે મેં આ લોકોને જોયેલા જેમા પટેલ

અશ્વિનભાઈ બળદેવભાઈ ડબલા સાથે, . . .. . . . . . . .. . .. ., માધાભાઈ વિઠ્ઠલભાઈને પાઈપ સાથે , . . . . . . . . . .. . . રોહિતકુમાર રમણલાલ આ લોકોને હથિયાર સાથે ટોળામાં જોયેલા. ત્યારબાદ મારા પિતાજીએ મારી પત્ની, મારા બાળકો અને અમારા ઘરના સભ્યોને અમારા મહોલ્લાના છેડે આવેલ મહેમુદમીંયા હુસેનમીંયા પાકુ ધાબાવાળુ મકાન હોઈ તેમા સંતાઈ જવાનું કહેતા અમારા ઘરના સભ્યોને તેમાં મુકી આવેલ. પછી મારી જીપ સળગાવેલી. મારી જીપ સળગાવતા પટેલ કચરાભાઈ ત્રિભોવનદાસ, અંબાલાલ મગન, રમણભાઈ ગણેશભાઈને જોયેલા. તે ટોળુ મહેમુદમીંયા હુસેનમીંયાના ઘર તરફ આવતું હતું. . . . .

(૫) સાહેદ નં- ૫૬ ઐયુબમીયા રસુલમીયાઃ- આ ઈન્જર્ડ સાહેદે મજકુર તો.દારનુ નામ તોફાનો કરી રહેલ ટોળામાં હોવાનુ જણાવી આ સાહેદે જે વખતે મજકુર તો.દારને જોયેલ તે સમયે હાથમાં ધારીયા સાથે હતા તેવુ જણાવે છે અને ના.કોર્ટમા મજકુર તો.દારને ઓળખી બતાવેલ છે. આ સાહેદ પોતે બનાવ વખતે ખભા અને ગરદન ઉપર દાઝી ગયેલ આ સાહેદના જણાવ્યા પ્રમાણે ટોળાએ તેમને સળગાવી તેઓના હાથમા સાધન હતા ટોળામાં મજકુર માઘાભાઈ વિઠ્ઠલભાઈને આ સાહેદે જોયેલ અને તો.દાર માઘાભાઈ વિઠ્ઠલભાઈને ના.કોર્ટમાં ઓળખી બતાવેલ છે. સાહેદે પોતાની કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવેલ છે કે,

. . . . .ફરીથી આ ટોળુ બુમો અને ચીકોરીયો પાડતુ મુસલમાનોને બાળી કુટો અને મારી નાખો એમ બુમો પાડતા અમારા શેખ મહોલ્લામાં પથ્થરમારો કરેલો. પછી અમારા મકાનોમાં લુંટફાટ અને મકાનો સળગાવવાનું ચાલુ કરેલુ. આ પથ્થર વાગવાથી મારા મામા ઈબ્રાહીમમીંયા રસુલમીંયાને માથામાં વાગેલું. આ ટોળુ જોઈને હું ઈબ્રાહીમમીંયા રસુલમીંયના મકાન તરફ ગયેલો તો મારા ભાઈ ઈકબાલમીંયા રસુલમીંયાને માથામાં પથ્થર વાગતા અને જમણા પગમાં પથ્થર વાગતા ઈબ્રાહીમમીંયાના મકાન તરફ ગયેલો પછી હું મહેમુદમીંયના મકાન તરફ ગયેલો. તે વખતે આ માણસોના ટોળામાં મેં જોયેલા રમણભાઈ ગણેશભાઈ, . . . . . . . . .. . માધાભાઈ વિઠ્ઠલભાઈ, . . . . . . .. . ., કચરાભાઈ ત્રિભોવનદાસ, આવીને મને કહેલ કે તમે હાથ જોડો તો તમોને જીવતા મુકી દઈશું. અમે હાથ જોડયા તોય અમને છોડયા નહીં. અમને સળગાવેલ. તેઓના હાથમાં સાધન હતા. . . . .. . . . . . ., માધા વિઠ્ઠલના હાથમાં ધારીયું, .. .. . . .. . . ., તે લોકોના હાથમાં સળગતા કાકડા નાખી અને અમોને અંદર રૂમમાં પેટ્રોલ કેરોસીન, કેમીકલ નાંખીને સળગાવ્યા. અમે બચાવ બચાવની બુનો પાડતા હતા. . .. . . . . . . .. . .. . . . . . .. . .. . હુ બળી ગયેલો હતો, મારી પત્ની બળી ગયેલી હતી. હુ બંને ખભા ઉપર અને ગરદન ઉપર દાઝી ગયેલ હતો.

(૬) સાહેદ નં- ૫૭ મુસ્તુફામીયા રસુલમીયા શેખઃ- આ ઈન્જર્ડ સાહેદની ના.કોર્ટની જુબાનીમા જણાવ્યુ છે કે ટોળાએ હથિયારો, કેરોસીનના ડબ્બા સાથે આવેલા અને તેમના મકાનોને તોંડફોડ કરી આગ આપેલી આ સાહેદના કહેવા પ્રમાણે તેણે

ટોળાના માણસોને જોયેલ તેમા મજકુર તો.દાર માઘાભાઈ વિઠ્ઠલભાઈ પણ હતા અને તેમણે મજકુર તો. દારને ના.કોર્ટમાં ઓળખી બતાવેલ છે. સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે,

> . . . . ફરીથી તે જ ટોળુ રાત્રીના સાડા અગિયાર વાગ્યાના સુમારે બુમો પાડતુ કીકારીયો પાડતું મીયાને મારી નાખો, એક પણ મીયાં જીવતો ન રહેવો જોઈએ. હથિયારો, કેરોસીનના ડબલા સાથે આવેલા. અમારા મહોલ્લાના મકાનોને તોડફોડ કરીને આગ ચાંપેલી તે વખતે અમારા માણસો મહેમુદભાઈના ઘર તરફ ગયેલા. મારી પત્ની અને મારો પુત્ર જાવેદમીયા મહેમુદમીંયાના ઘર તરફ ગયેલા. તે માણસોને મેં ભાળેલા જેમાં લક્ષ્મણભાઈ ધુળાભાઈ પટેલ, . . . .. માધાભાઈ વિઠ્ઠલભાઈ પટેલ, . . . . . . . . . તુલસીભાઈ ગિરધરભાઈ પટેલ એ લોકો અમારા મહેમુદમીંયાના ઘર તરફ ગયેલા. અમારા માણસોને મહેમુદમીંયાના મકાનમાં પેટ્રોલ, કેરોસીન નાંખીને જીવતા સળગાવેલા. તે વખતે હું બચુમીંયા ઈમામમીંયાના ઘરની આડમા સંતાઈ ગયેલો. અમારા માણસે બચાવો બચાવોની બુમો પાડતા હતા તે મેં સાભળેલી. તે વખતે ધમાલમાં મને પથ્થર વાગતા હુ છુપાઈ ગયેલો.

(૭) સાહેદ નં-૬૫ અકબરમીયા નાથુમીયા શેખઃ- પણ ના.કોર્ટમાં જુબાની આપેલ છે તે પ્રમાણે હિન્દુઓના ટોળાએ મીયાભાઈને મારીનાખો, કાપીનાખો, સળગાવી દો, તેવી બૂમો પાડી પેઈન્ટર મનુભાઈનુ મકાન સળગાવેલ, તોંડફોડ કરેલ. સાહેદ અકબરમીયા નાથુમીયાને તે ટોળામાં મજકુર તો.દા માઘાભાઈ વિઠ્ઠલભાઈ તે જોયેલ આ સાહેદ મજકુર તો.દારને ના.કોર્ટમાં ઓળખી પણ બતાવેલ છે. કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવેલ છે કે,

> . . . . . . . .ફરીવારનું આ હિન્દુઓનું ટોળું મીયાંભાઈને કાપી નાખો, મારી નાખો, સળગાવી દો ની બુમો પાડતું પેન્ટર મનુભાઈનું ઘર તોડપોડ કરી સળગાવેલ. ત્યાંથી મેં આરોપી રમેશભાઈ ગંગાવત પાસે ધારીયું, માધાભાઈ વિઠ્ઠલભાઈના હાથમાં લાકડી, . .. . .. . . . .. .. . . . . પવન મુરલી વાસણવાળો ઉશ્કેરણી કરતો હતો મીંયા ભાઈન મારી નાખો અને કાપી નાંખો. પછી મને બીક લાગતાં હું મારી પત્નીને બચુમીંયા નાથુમીંયાના ઘરેથી લઈને મહેમુદમીંયના ઘરના આગળ થઈને હું રાવળ વાસમાં સંતાઈ ગયેલો.. . . . .

(૮) સાહેદ નં-૬૬ અકબરમીયા રસુલમીયા શેખે પણ ના.કોર્ટની જુબાનીમા જણાવેલ છે કે બનાવ વખતે તેને જમણા પગે બરડામા અને કપાળમા પથ્થર વાગેલ તે બચુભાઈની ગાડી પાછળ સંતાયેલો ત્યારે ગામના પટેલો મેહમુદમીયાના

**ઘર તરફ સળગાવતા હતા ટોળામા તેમણે ગામના પટેલોને જોયેલ તેમા મજકુર તો.દાર માઘાભાઈ વિઠ્ઠલભાઈ પણ હથિયાર સાથે હતા તેમને મે ઓળખેલ છે આ સાહેદ ના.કોર્ટની જુબાનીમાં સ્પષ્ટ જણાવેલ છે.**

. . . . . .ફરી પાછુ સાડા અગિયાર વાગે આવેલુ જે પહેલી તારીખે આવેલું. પછી મીયાંને મારી નાખો, કાપી નાખો અને જીવતા કુટી બાળો ત્યારે પથ્થરમારો કરેલો અને ઘર સળગાવવાનું ચાલુ કરેલ જે અમારા ગામના પટેલોએ ચાલુ કરેલું. સામ સામે અમે પણ પથ્થર નાખતા હતા ત્યારે મને જમણા પગે પથ્થર વાગેલો હતો. ત્યારે મને આ પથ્થર વાગતા અને બરડામાં અને કપાળમાં પણ પથ્થર વાગેલ હતો અને પગની નળી ઉપર પણ પથ્થર વાગેલ હતો. ત્યારે બચુભાઈની ગાડી પાછળ હું સંતાયેલો હતો ત્યારે અમારા ગામના પટેલો મહેમુદમીંયાના ઘર તરફ સળગાવતા સળગાવતા આવતા હતા અને નજીક આવેલ જેથી હું કબ્રસ્તાનના વડા પાસે દોડીને જતો રહેલો. મહેમુદમીંયાનુ ઘર પણ ઘેરી લીધેલ હતું. ઉપર ચડીને લોખંડનો ગૈણ (મોટો હથોડો) મારતા હતા તેની અવાજ હું સાંભળતો હતો. પછી પેટ્રોલ, કેરોસીન નાખેલ પછી હું વંડાની બાજુમાં બેઠેલ હતો એક પટેલ મને જોઈ ગયેલ કે આ રહ્યો બાંડીયો એક તે મારી હાંસે (પાછળ) પડેલ તેથી હુ કબ્રસ્તાનની પોલી કબરમાં પેસી ગયેલ અને ઉપર કાંટો નાખી દીધેલ તે પણ મને શોધતા હતા પણ હું મળેલ નહીં. ત્યારબાદ પટેલોએ કબ્રસ્તાનમાં કાકડો નાખેલ તેથી સુકુ ઘાસ સળગેલ તે પછી દશ ફુટ છેટે હોલવાઈ ગયેલ ત્યાર પછી થોડીવાર પછી મહાદેવના મંદિર આગળ ભેગા થઈ ભારતમાતાની જય બોલાવી જતા રહેલા.

**આ ગુનાહિત કૃત્ય કરી રહેલ ટોળામાં માધાભાઈ વિઠ્ઠલભાઈ ટોળામાં હથિયાર સાથે હતા. તેવુ ના. કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવેલ છે.**

**(૯) સાહેદ નં- ૬૮ ગુલામઅલી અકબરમીયા શેખ:- આ ઈન્જર્ડ સાહેદના જણાવ્યા પ્રમાણે ના.કોર્ટની જુબાનીમાં જણાવ્યા પ્રમાણે પટેલોનુ ટોળુ મકાન સળગાવતુ હતુ અને પથ્થરમારો ચાલુ હતો આ સાહેદના પગે ડાબા ખભે ઈજા થયેલ પટેલોનુ ટોળુ અંદર આવેલુ ત્યારે આ સાહેદે બચુમીયા ઈમામમીયાની નવેલીમાંથી જોયુ અને તો.દારને ઓળખેલા તેમા તો.દાર માઘાભાઈ વિઠ્ઠલભાઈ પણ હતા. વધુમા આ સાહેદ તો.દારને ના.કોર્ટમાં ઓળખી પણ બતાવેલ છે. આ સાહેદે પોતાની જુબાનીમાં જણાવ્યા પ્રમાણે. . . .**

<u>પેરા નં.૩</u>. . . . . . . .અમોએ સામનો કરેલો પરંતુ આ ટોળું મોટુ હતુ હજાર પંદરસો જેવા માણસોનું ટોળુ હતું. અમે તેમનો સામનો કરી શકેલા નહી અને અમે અંદર અંદર ખસતા ગયા. પટેલોનું ટોળું મકાન સળગાવવાનું ચાલુ હતુ અને અંદર આવેલું. પથ્થરમારો ચાલુ હતો મને પથ્થર ડાબા પગે ધુંટણ ઉપર, ડાબા ખભાને પાછળ વાગેલ. પછી પટોલોનું ટોળું અંદર આવેલું ત્યારે મે જોયેલા અંબાલાલ મગન ઉશ્કેરણી કરતા હતા અને તેમના હાથણાં ધારીયુ હતું, મથુરબાઈ ત્રિકમભાઈના હાથમાં પથ્થર હતા. . . . . . . . **માધાભાઈ વિઠ્ઠલભાઈ** . . . . . . . . . . . . . .ગોવિંદભાઈ મોહનભાઈ ને મેં જોયેલા. હું નવેળીમાં થોડો અંદર જતો રહેલો અને બચુભાઈની દિવાલે અડીને ઉભો થઈ ગયેલો. આ પટેલોનું

ટોળુ બાળતા બાળતા મહેમુદભાઈના ઘર તરફ ગયેલુ અને મહેમુદભાઈનું ઘર આ લોકોએ ઘેરી લીધેલું. મે બહાર આવીને નજર કરેલી આ ટોળાના લોકોએ મહેમુદમીંયા હુસેનમીંયના ઘરનો દરવાજો તોડવાની કોશીષ કરેલી. અમારા માણસો મહેમુદમીંયાના ઘરમાં જતા રહેલા. પટેલોનું ટોળુ એ બાજુ ગયેલું અને મકાનની બારી તોડી નાખેલી અને ઉપર ચડીને ધાબુ તોડવાની પણ કોશીષ કરેલી અને બારી તોડી કેરોસીન, પેટ્રોલ જેવુ નાખીને અંદર સળગતા કાકડા નાખેલા અને અમારા માણસોની બચાવો બચાવોની બુમો આવતા અમારી ત્યાં હાજરી હોવા છતાં અમે તેને બચાવી શકેલા નહીં. પટેલોનું ટોળુ એવુ બુમ પાડતુ હતુ કે મારી નાખો, કાપી નાંખો, જીવતા સળગાવી દો. અમારા માણસોની ચીસાચીસ, બુમાબુમ પડતી હતી. આ તબક્કે સાહેદને બનાવની યાદ તાજી થતાં પાણી પીવા જવાની પરવાનગી આપવામાં આવે છે. પટેલોના ટોળા મહેમુદભાઈના ઘરની આગળ પાછળ હતા.

**(૧૦) સાહેદ નં-૪૮ સાબીર હુસેન કાદરમીયા શેખે ના.કોર્ટની પોતાની જુબાનીમાં જણાવ્યા પ્રમાણે રાતના ૧૦.૦૦ વાગ્યાના સુમારે ગામના પટેલોએ શેખ મોહલ્લા ઉપર ધારીયા, લાકડી, પાઈપ પેટ્રોલ, કેરોસીન, કેમીકલ, ના કેરબા સાથે હુમલો કરેલો. શેખ મોહલ્લાની સાથ ફોક્સ લાઈટ લગાડેલી હતી તે વખતે તેણે જોયેલુ કે ગામના પટેલ અંબાલાલ મગનભાઈ વિગેરે સહિત આ તો.દાર માઘાભાઈ વિઠ્ઠલભાઈ પણ ટોળામાં હતા. પોતાની જુબાનીમાં જણાવેલ છે કે**

. . . . .તા. ૧.૩.૦૨ ના રોજ ભારતબંધનું એલાન હતું.. . . . . . . . . . . રાતના દશ વાગ્યાના સુમારે અમારા ગામના પટેલોએ શેખ મહોલ્લા ઉપર ધારિયા, લાકડીઓ, પાઈપો અને કેરોસીન, પેટ્રોલના કેરબા અને કેમીકલના કેરબા સાથે શેખ મહોલ્લા ઉપર હુમલો કરેલો. . .. . . . . . તે શેખ મહોલ્લાના નાકે ત્રણ કેબીનો હતા તે સળગાવેલા . . .. મહોલ્લાની સામે ફોક્સ લાઈટ લગાડેલી હતી તે વખતે મેં જોયેલું કે અમારા ગામના આગળ પટેલ અંબાલાલ મગનભાઈ. . . . . . . . **માધાભાઈ વિઠ્ઠલભાઈ** . . . . . . . .

. .. ચતુરભાઈ કાનાભાઈ વિગેરે હતા. ટોળાની ઉશ્કેરણી કરતા હતા અને શેખ મહોલ્લામાં ઘરો બાળવાનું શરૂ કરેલું અને પથ્થરો મારવાનું ચાલું કરેલું અને તે વખતે પટેલોના મકાનો ઉંચા હતા અને શેખ મહોલ્લાના મકાનો નીચા હતા તે વખતે ઘરો ઉપરથી પથ્થરો મારતા હતા અને કબ્રસ્તાનના વરંડામાંથી પણ પટેલો હતા અને પથ્થરો મારતા હતા અને ચારે બાજુથી પથ્થરો આવતા હતા. તે વખતે અમો જીવ . . .. . . . મને ગરદન ઉપર ઈટ વાગેલી . . .. . . **આ ટોળાના માણસોએ દરેકના હાથમાં જીવલેણ હથિયારો સાથે અને ઈરાદાપુર્વક શેખ મહોલ્લામાં આગળ વધેલા** .. ઘરો બાળતા બાળતા અમારા **માણસો શેખ મહેમુદમીંયા હુસેનમીંયાના મકાનમાં સંતાયેલા હોઈ તે મકાન તરફ ગયેલા અને તે મકાનની બારી તોડી તેમાં પેટ્રોલ, કેરોસીન નાંખી સળગાવેલું.** તે

વખતે એક લોખંડનો લાંબો સળીયો હતો તે સળીયાને કરન્ટ જોઈન્ટ કરેલો અને રૂમમાં મુકી દીધેલો તે મકાનમાંથી બચાવો બચાવોની બુમો આવતી હતી અને ચીકારીયો સંભળાતી હતી.

**(૧૧) સાહેદ નં-૪૬ સાબીર મીંયા અકુમીંયા પઠાણઃ- આ સાહેદ ના. કોર્ટમા થયેલી પોતાની જુબાનીમાં સ્પષ્ટ જણાવે છે કે. . . .. . .**

**. . . . .૨૦૦૨ ના બનાવ પહેલા ૨૦-૨૫ દિવસ પહેલા વિશ્વ હિન્દુ પરિષડના આગેવાન હરેશ ભટ્ટ ગામમાં આવેલા મહાદેવના મંદિરમાં (જયાંથી બનાવની રાત્રે ટોળું આવેલ તે) પટેલ કોમના યુવાનોની એક મીટીંગ રાખેલી . . . . .હરેશભટ્ટ આવેલા તે વખતે પટેલ યુવા વર્ગનું ટોળું હતું. . . . . . . . હરેશભાઈ એ તીવ્ર ભાષણ કરેલું કે આ મુસ્લીમો હિન્દુસ્તાનમાં ભારરૂપી છે અને તેમને હિન્દુસ્તાનમાં રહેવાનો કોઈ અધિકાર નથી. આ વખતે જો મોકો મળે અને તોફાન થાય તો એક પણ મુસ્લીમ રહેવો જોઈએ નહીં. તે પછી હરેશભટ્ટે ત્રિશુળનું વિતરણ કરેલું.. . . પાંચ વ્યક્તિઓને ત્રિશુળ આપેલા હતા. જે પાંચ વ્યકિતઓમાં, સહ તો.દારો સાથે માધાભાઈ વિઠ્ઠલભાઈ પણ હતા.**

**૨૮.૨.૦૨ ના રોજ ગામમાં વિશ્વ હિન્દુ પરિષદ મારફતે ગુજરાત બંધનું એલાન આપવામાં આવેલું . . . . . .. . . માધાભાઈ વિઠ્ઠલભાઈની દુકાન આવેલ છે . . . . .. .. .. . . મને જોઈને તે લોકો એ બુમ પાડેલી કે, બાંડિયાઓને કાપી નાંખો, મારી નાંખો તેવી બુમો પાડવામાં આ તો.દાર માધાભાઈ વિઠ્ઠલભાઈ સામેલ હતા.**

**અમા, મજકુર તો.દાર સામે ખૂબ જ મોટા પ્રમાણમા માની શકાય તેવો દસ જેટલા સાક્ષીઓનો પુરાવો છે.**

**<u>તોહમતદાર નં.૩૫ પટેલ સુરેશભાઈ બળદેવ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>**

**(૧) સાહેદ નં-૫૨ હિઝબુલ હુસેનમીયા શેખઃ- મજકુર ઈન્જર્ડ સાહેદ ૧.૩.૦૨ ના રોજ જમીને સાંજના પોતાના પરિવાર સાથે બેઠેલ ત્યારે ગામના પટેલોના ટોળે-ટોળા ભેગા થયેલા અને હોબાળો કરતા હતા કે, મુસ્લમાનો સળગાવેલા પોલીસ આવતા આ ટોળુ ભાગી ગયેલ પરંતુ પછી આ ટોળુ ફરી બૂમો પાડતા આવેલુ અને શેખવાસ ઉપર હુમલો કરેલ આ સાહેદ બીક લાગતા લપાઈ ગયેલ અને ટોળાના માણસોએ કેબીનો અને ઘરો સળગાવતા મેહમુદભાઈના મકાને ગયેલા આ સાહેદે સ્પષ્ટ જોયેલ કે ટોળામા મજકુર તો.દાર બીજા તો.દારોની સાથે ટોળામાં હતા આ સાહેદ મજકુર તો.દારનુ નામ સીટ સમક્ષના પોતાના જવાબમાં પણ આપેલ છે. પોતાની જુબાનીમાં જણાવેલ છે કે,**

> ......પાછું આ ટોળું એજ પાછુ બુમો પાડતું આવેલું કે, મુસલમાનોને મારી નાંખો, કાપી નાંખો તેવું બોલતા હતા અને શેખ વાસ તરફ આવતું હતું. શેકવાસના નાકે આવી પ્રથમ પથ્થરમારો કરેલો. અમારા બધા મુસલમાનોના છોકરા બૈરા શેખ મહેબુબભાઈના ધાબાવાળા ઘરમાં પથ્થરમારવાથી બચવા પેસી ગયેલા અને આ ટોળાના માણસોએ પથ્થરમારો ચાલુ રાખેલો. તેવામાં ઈબ્રાહીમભાઈને પથ્થર વાગતા તેઓ નીચે પડી ગયેલા અને હું શેખ અકબરભાઈની ઘરની આડમાં સંતાઈ ગયેલો. મને બીક લાગતાં હુ લપાઈ ગયેલો અને આ ટોળાના માણસો અમારા ગલ્લા કેબીનો સળગાવેલા અને અમારા પણ ઘરો સળગાવતા સળગાવતા મહેબુબભાઈના મકાન તરફ ગયેલા. મેં જોયેલ તો મારા ગામના પટેલ ચતુરભાઈ કાનાભાઈ પાઈપ સાથે, .......... .... **પટેલ સુરેશભાઈ બળદેવભાઈ**, .......... .... આ ટોળાના માણસો જતા હતા તે વખતે મને ડાબા હાથે કાંડા ઉપર જોરથી પથ્થર વાગેલો. ઉપરોકત આ ટોળાના માણસો અમારા શેખવાસના ઘરોમાં આગ લગાવેલી અને મહેબુબભાઈના મકાનમાં અમારા મુસલમાનોના બૈરા છોકરાની બુમાબુમ ચીસાચીસ સંભળાયેલી.. ..... આ મહેબુબભાઈના મકાનમાં મારી પત્ની સંતાયેલી, હુસેનાબીબી મારો દિકરો રીફાકત બંને જણા સળગાવી દેવાથી મરણ ગયેલ છે. મારી દિકરી સઈદાને પણ ઈજા થયેલી. ....

**(૨) સાહેદ નં-૬૨ રફીકમીયા મોહંમદ હુસેનઃ- આ ઈન્જર્ડ સાહેદ બનાવના દિવસે પોતાના મોહલ્લામાં જ હતો અને પટેલોના ટોળે-ટોળા સાંજના બૂમો અને ચિચિયારીઓ પાડતા તેમના મોહલ્લા ઉપર હુમલો કરેલ અને પથ્થરમારો કરી આગ લૂંટફાટ કરેલ તે ટોળામાં મજકુર તો.દાર સુરેશભાઈ બળદેવભાઈ પણ હતા.**

(૩) સાહેદ નં-૭૦ મુનસફખાન યાસીનખાનઃ- જુબાનીમાં પણ સ્પષ્ટ થાય છે કે, બનાવના દિવસે પથ્થરમારો આગ લગાડતા અને લૂંટફાટ કરતા ટોળામાં મજકુર તો.દાર પટેલ સુરેશ બળદેવભાઈ પણ હતા અને સાહેદ મુનસફખાને મજકુર તો.દારને ઓળખી બતાવેલ છે.

> . . . . . .. . . . આશરે નવ સાડા નવની આસપાસ ગામના પટેલોનુ ટોળુ મીંયાઓને મારી નાખો, સળગાવી દો તેવી બુમો પાડતુ મારા જુના ઘરના પાછળની સાઈડે શેખ મહોલ્લાના નાકે આવેલ. . . . . . . . ફરીથી ટોળુ ભેગુ થઈ ગયેલુ અને મારા જુના ઘર તરફ પથ્થરમારો કરેલો જે ટોળામાં મે જોયેલ તો પટેલ રાજેશભાઈ પુંજાભાઈ, પ્રહલાદભાઈ જગાભાઈ. . . . . . . . . . . . . . .. . **સુરેશભાઈ બળદેવભાઈ**. . . . . .. . . બાબુભાઈ કાન્તીભાઈ વિગેરે હતા. . . . .. . . . . .આ લોકોએ મારા ઘર ઉપર પથ્થરમારો કરતાં અમોએ પથ્થરોથી સામનો કરેલો જેથી શેખ મહોલ્લા ઉપર હુમલો કરી શેખ મહોલ્લાના ઘરોને આગ લગાડેલી. તે પછી મોડી રાત્રે આશીકમીંયા બચુમીંયા ડ્રાઈવરનો છોકરો મહોલ્લાની અંદર આવેલો અને મને કહેલ કે, પટેલોના ટોળાએ મારૂ ઘર, જીપ સળગાવી દીધેલ છે. અને શેખ મહેમુદમીંયાના ઘરની અંદર બચવા માટે જે માણસો પેઠેલા છે તેમને પણ સળગાવી દીધેલ છે અને મારી નાખેલ છે.

(૪) સાહેદ નં-૪૬ સાબીર મીંયા અકુમીંયા પઠાણઃ- આ સાહેદ ના. કોર્ટમા થયેલી પોતાની જુબાનીમાં સ્પષ્ટ જણાવે છે કે. . . .. . .

. . . . .૨૦૦૨ ના બનાવ પહેલા ૨૦-૨૫ દિવસ પહેલા વિશ્વ હિન્દુ પરિષડના આગેવાન હરેશ ભટ્ટ ગામમાં આવેલા મહાદેવના મંદિરમાં (જયાંથી બનાવની રાત્રે ટોળું આવેલ તે) પટેલ કોમના યુવાનોની એક મીટીંગ રાખેલી . . . . .હરેશભટ્ટ આવેલા તે વખતે પટેલ યુવા વર્ગનું ટોળું હતું. . . . . . . . હરેશભાઈ એ તીવ્ર ભાષણ કરેલું કે આ મુસ્લીમો હિન્દુસ્તાનમાં ભારરૂપી છે અને તેમને હિન્દુસ્તાનમાં રહેવાનો કોઈ અધિકાર નથી. આ વખતે જો મોકો મળે અને તોફાન થાય તો એક પણ મુસ્લીમ રહેવો જોઈએ નહીં. તે પછી હરેશભટ્ટે ત્રિશુળનું વિતરણ કરેલું.. . . પાંચ વ્યક્તિઓને ત્રિશુળ આપેલા હતા. જે પાંચ વ્યકિતઓમાં, સહ તો.દારો સાથે સુરેશભાઈ બળદેવભાઈ પણ હતા.

૨૮.૨.૦૨ ના રોજ ગામમાં વિશ્વ હિન્દુ પરિષદ મારફતે ગુજરાત બંધનું એલાન આપવામાં આવેલું . . . . . . .. . . માધાભાઈ વિઠ્ઠલભાઈની દુકાન આવેલ છે . . . . .. .. . .. . . મને જોઈને તે લોકો એ બુમ પાડેલી કે, બાંડિયાઓને કાપી નાંખો, મારી નાંખો તેવી બુમો પાડવામાં આ તો.દાર સુરેશભાઈ બળદેવભાઈ સામેલ હતા.

**<u>તોહમતદાર નં.૩૬ પટેલ દશરથભાઈ અંબાલાલ ધ્વારકાદાસ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>**

(૧) સાહેદ નં-૪૭ ઈબ્રાહીમભાઈ રસુલભાઈ :- ફરીયાદીએ જુબાની આપેલ છે અને તોફાન કરતા ટોળામાં મજકુર તો.દાર હોવાનુ જણાવે છે.

(૨) સાહેદ નં-૬૪ સાહેદ રફીકમીયા બાબુમીયા શેખઃ- ના.કોર્ટની જુબાનીમાં સ્પષ્ટ જણાવેલ છે કે બનાવના દિવસે ચિચિયારીઓ પાડતા મારીનાખો-કાપીનાખો સાથે આગ લગાવતા લૂંટફાટ કરતા ટોળામાં મજકુર તો.દાર દશરથભાઈ પણ હતા અને તે ટોળાએ મેહમુદમીયાના ઘરને આગ લગાડી તે મકાનમાં મોહલ્લાના માણસો,બૈરા, છોકરાના આ મકાનને ઘેરીને બાળેલ ત્યારબાદ બધા ત્યાંથી ભારતમાતાકી જય બોલાવી જતા રહેલા. આ સાહેદ પોલીસ ધ્વારા નોંધવામાં આવેલ જવાબમાં પણ મજકુર તો.દાર દશરથભાઈનુ નામ આપેલ છે તેમજ ના.કોર્ટ સમક્ષ પણ તો.દારને ઓળખી બતાવેલ છે.

(૩) સાહેદ નં-૭૯ સમીમબાનુ મેહમુદમીયાઃ- બનાવના દિવસે મોહલ્લાની તમામ ઔરતો બચવા માટે તેમના મકાનમાં ઘૂસી આવેલ તે વખતે સમીમબાનુ પોતાના મકાનમાં હતી પટેલ લોકોએ ચારે-બાજુથી ઘેરી લઈ કેરોસીન,પેટ્રોલ,કાકડા, નાખી બધાને સળગાવેલ. આ સાહેદે ના.કોર્ટમાં જુબાની આપેલ છે તે મુજબ તેણીએ બનાવ નજરે આંખેથી જોયો છે. તે ચહેરા ઉપરથી તો.દારોને ઓળખી શકે છે પરંતુ તો.દારોના નામ તેણીને આવડતા નથી. ના.કોર્ટમા આ સાહેદ તો.દાર દશરથભાઈ અંબાલાલને ઓળખી બતાવેલ છે. આમ, આ સાહેદનો પુરાવો ખૂબ જ મહત્વપુર્ણ અને નકારી શકાય તેવો નથી.

(૪) સાહેદ નં-૮૦ રૂકશાનાબાનુ ઈબ્રાહીમભાઈ આ સાહેદ બનાવના દિવસે જે મહેમુદભાઈના જે મકાનને ટોળાએ પેટ્રોલ,કેરોસીનનાંખી બાળી મૂકેલ તે ઘરમા મોજૂદ હતી. ના.કોર્ટમાં તેણીની જુબાની પ્રમાણે તેણીના ગામના લોકોનુ ટોળુ આગ,લૂંટફાઈ પથ્થરમારો કરતા ધસી આપેલ અને તેણીને તે વખતે આંખ ઉપર અને ઢીંચણ ઉપર પથ્થરમારાથી ઈજા થયેલ અને જાન બચાવવાને મેહમુદભાઈના ઘરમાં ઘૂસી ગયેલ અને તે ઘરમાં પેટ્રોલ,કેરોસીન છાંટી આગ લગાડેલ અને અંદર

લોકો બૂમો પાડતા હતા પરંતુ કોઈએ બચાવેલા નહિ. મેહમુદભાઈના મકાનમા ૨૦ જેટલા માણસોને બાળી મૂકવામાં આવેલ તેમા આ સાહેદની માતા જાયદાબીબી, નાની બહેદ રજીયાબાનુ, પરવીનબાનુ કાકા શેરૂમીયા અને તેમના પત્ની અને તેણીની કાકીની છોકરી મુમતાજ અને નાનોભાઈ, તેણીના મોટા બાપા અકબરમીયાભાઈ ઈદ્રીશ, અને ભાભી વહીદા, તે ઘરમાં બાળી મૂકવામાં આવેલ આ સાહેદ બાઈ માણસ હોવાથી તો.દારોને નામથી નથી ઓળખતા પરંતુ તેણી તો.દારને ચહેરા ઉપરથી ઓળખી શકે છે તેવુ સીટ સમક્ષ પણ જણાવેલ અને ના.કોર્ટમાં તેણીની જુબાનીમાં પેરા નં-૩ માં તેણીએ સ્પષ્ટ જણાવેલ છે કે ટોળામાં જે માણસો હતા તેમને ચહેરા ઉપરથી ઓળખી શકે છે. ના.કોર્ટમા આ સાહેદ રૂકશાબાનુએ મજકુર તો.દાર દશરથભાઈ અંબાલાલને સ્પષ્ટ રીતે ઓળખી પણ બતાવેલ છે.

**<u>તોહમતદાર નં.૩૭ વિષ્ણુભાઈ પ્રહલાદભાઈ સાથે વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>**

(૧) સાહેદ નં-૪૭ ફરીયાદી ઈબ્રાહીમભાઈ રસુલભાઈ શેખઃ- આ તો.દાર સામે ઈન્જર્ડ ફરીયાદી સાહેદની જુબાની છે

(૨) સાહેદ-૫૧ નજીર મોહંમદ અકબરમીયાઃ- મજકુર તો.દાર સામે આ સાહેદની જુબાની પ્રમાણે, બનાવ તા.૧.૩.૦૨ નાં રોજ ભારત બંધનુ એલાન હોઈને કુટુંબના સભ્યો સાથે હતા તે વખતે ગામના પટેલોનુ ટોળુ બૂમો પાડી શેખ મોહલ્લા ઉપર પથ્થમારો શરૂ કરેલો તે વખતે અને ચિચિયારીયો પાડતુ મીયાને મારીનાખો, કાપીનાખો, જીવતા સળગાવી નાખો, તેવી બૂમો ટોળાના માણસો હથિયાર સાથે હતા અને તેમા આ તો.દાર વિષ્ણુભાઈ પણ હાથમા ધારીયા સાથે હતા આ સાહેદ નજીર મોહંમદે તેમના તા.૧૦.૩.૦૨ ના પોલીસ જવાબમા પણ મજકુર તો.દાર પટેલ વિષ્ણુભાઈ પણ ટોળામાં તે વખતે હાથમાં ધારીયા સાથે હતા તેવુ જણાવેલ છે. આ ઈન્જર્ડ સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે,

. . . . . . .આ ટોળું અમારા મહોલ્લા આગળ ઘસી આવેલું અને બુમો અને કીકીયારીયો પાડતું હતું અને બુમો પાડતું હતુ કે આજે તો મીંયાને મારી નાંખો, કાપી નાંખો, જીવતા સળગાવી નાખો અને અમારા મહોલ્લા ઉપર આડેધડ પથ્થરમારો શરૂ કરેલો તે વખતે આ ટોળામાં મેં જોયેલા માણસોમાં રમેશભાઈ કાન્તીભાઈ ધારિયા સાથે,. . . . . . . . . પટેલ વિષ્ણુભાઈ પ્રહલાદભાઈ ધારીયા સાથે. . . . . .અને પટેલ જોઈતાભાઈ રામાભાઈ ગંગાવત ને મેં જોયેલા. તે લોકોએ અમારા મહોલ્લા ઉપર હુમલો કરેલો . . . .. . . . . . . . આ લોકોએ અમારા મુસ્લીમોના ઘરો ઉપર તોડફોડ કરી આગ લગાડતા મેં જોયેલા. આ ટોળુ મહેમુદમીંયા હુસેનમીંયાના ઘર તરફ જતા જોયેલું અને અમારા મહોલ્લાના બૈરા છોકરા ગભરાઈ જતાં મહેમુદમીંયા હુસેનમીંયાનું ઘર સલામત હોઈ તે સમજીને મકાનમાં ઘુસી ગયેલા. તે વખતે આ ટોળાએ મને પણ છુટા પથ્થરો મારવાથી મને ડાબા હાથની કોણી ઉપર ઈજા થયેલી અને ડાબા આંખના ડોળા ઉપર પથ્થર વાગવાથી ઈજા થયેલી. તે વખતે હું મારા જુના ઘરમાં સંતાઈ ગયેલ અને આ ટોળુ મહેમુદભાઈના ઘર તરફ ગયેલું અને તે મકાનની બારીઓ તોડી કેરોસીન, પેટ્રોલ નાખી આ મકાન સળગાવેલું..

(૩) **સાહેદ નં-૬૪ રફીકમીયા બાબુમીયા શેખઃ-** આ સાહેદની ના.કોર્ટની જુબાની પ્રમાણે ભારતબંધના દિવસે તેમના પરિવાર સાથે આખો દિવસ ઘરે હતા ત્યારે રાતના હિન્દુઓના ટોળાએ મીયાભાઈને મારીનાખો, કાપીનાખોની બૂમો પાડતા આવેલા ને શેખમોહલ્લા ઉપર પથ્થરમારો કરી ઘરો સળગાવેલા મોહલ્લાના માણસો બૈરા, છોકરા, મેહમુદમીયાના મકાનમાં સંતાઈ ગયેલા, ટોળા ઘરો અને કેબીનો સળગાવતા હતા આ સાહેદે જોયેલ તો ગામના સરપંચ કનુભાઈ જોઈતાભાઈ ટોળાને ઉશ્કેરણી કરતા હતા અને ટોળાએ મેહમુદભાઈનુ મકાન સળગાવી દીધેલ એ ટોળામાં મજકુર તો.દાર વિષ્ણુભાઈ પ્રહલાદભાઈ પણ હતા. આ સાહેદ મજકુર તો.દાર વિષ્ણુભાઈને સ્પષ્ટ રીતે ઓળખી પણ બતાવેલ છે. આ સાહેદ રફીકમીયા બાબુમીયાએ પોતાના પોલીસ જવાબમાં પણ તો.દાર વિષ્ણુભાઈનુ નામ આપેલ છે.

## <u>તોહમતદાર નં. ૩૮ પટેલ રાજેશકુમાર, રાજેશપૂંજાભાઈ ત્રિભોવનદાસ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>

આ સાહેદ સામે ના.કોર્ટમાં ૧૩ જેટલા મહત્વના સાહેદોએ ખૂબ જ સબળ પૂરાવો આપેલ છે.

(૧) સાહેદ નં- ૪૭ ફરીયાદી ઈબ્રાહીભાઈઃ- ના.કોર્ટની જુબાનીમા જણાવે છે તે પ્રમાણે તો.દાર રાજેશપૂંજાભાઈ તા. ૨૮.૨.૦૨ ના રોજ સાંજાના સાતેક વાગે ગામના ટોળે-ટોળા ફરતા હતા એન કેબીનો સળગાયેલા તો.દાર રાજેશભાઈ પૂંજાભાઈએ ઈબ્રાહીભાઈની કેબીનનીએ એક કાંકડો કેબીન નીચે મૂકીને જતા રહેલા આ હકીકત ફરીયાદીમાં તેમની જુબાનીના પેરા-૩ ની છેલ્લી બે-ત્રણ લાઈનમાં સ્પષ્ટ જણાવે છે સાહેદે ઈબ્રાહીમભાઈ આગઉ જણાવ્યા પ્રમાણે ખૂબ જ મહત્વના સાહેદ છે તેમની ફરીયાદ પોલીસે તા.૨.૩.૦૨ ના રોજ નોંધેલ છે તે મહત્વની ફરીયાદ એફ.આઈ.આર.માં પણ ફરીયાદી ઈબ્રાહીભાઈએ તો.દાર રાજેશ પૂંજાભાઈનુ નામ આપેલ છે અને આ સાહેદે ના.કોર્ટમાં પણ તો.દાર રાજેશ પૂંજાભાઈનુ નામ પોતાની જુબાનીમાં આપેલ છે તે ઉપરાંત ઈબ્રાહીમભાઈ એ મજકુર તો.દાર રાજેશ પૂંજાભાઈ તે ઓળખી પણ બતાવેલ છે.

(૨) સાહેદ નં-૪૯ ઈકબાલમીયા રસુલમીયાંઃ- આ ઈન્જર્ડ સાહેદ જુબાની પ્રમાણે બનાવના દિવસે હિન્દુઓનુ ટોળુ સાલા બાંડીયાઓને મારો કાપો,જીવતા સળગાવીદોની બૂમો પાડતુ શેખ મોહલ્લા નાકે આવી પથ્થરમારો ચાલુ કરેલ અને લૂંટફાટ,તોંડફોડ કરતા-કરતા મકાનો બાળતા-બાળતા આગળ વધેલા તે ટોળામાં તેમણે રાજેશભાઈ પૂંજાભાઈને હાથમા ધારીયા સાથે જોયેલા આ સાહેદે ના.કોર્ટમા તો.દારોની ઓળખવીધી કરેલ તે વખતે ના.કોર્ટમાં બેઠક વ્યવસ્થા એવી હતી કે, તો.દારોને સાહેદના પાંજરામાંથી સાહેદને જોવાની મુશ્કેલી પડતી હતી આ હકીકત આ સાહેદની જુબાનીના પેરા નં-૫ માં નોંધાયેલ જોવામાં આવે છે આમ, છતાં આ સાહેદે તો.દાર રાજેશભાઈ પૂંજાને ઓળખી બતાવેલ છે પરંતુ, તેનુ નામ શરતચુકથી બાબુભાઈ કાનાભાઈ તરીકે આપેલ છે.

(૩) સાહેદ નં-૫૬ ઐયુબમીયા રસુલમીયાંઃ- આ ઈન્જર્ડ સાહેદ પણ ખૂબ જ મહત્વનો સાહેદ છે બનાવના દિવસે બૂમો ચિચિયારીયો પાડતા આવેલા હિન્દુઓના ટોળાને તેણે જોયેલ છે ટોળાએ મકાનોમાં આગ, લૂંટફાટ, આગ લગાડવાનુ ચાલુ કરેલુ તે ટોળામા સાહેદ ઐયુબમીયાએ બીજા તો.દારો સાથે

તો.દાર રાજેશભાઈ પૂંજાભાઈને જોયેલ છે તેમણે જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે, રાજેશભાઈ પૂંજાભાઈના હથામાં ધારીયુ આ સાહેદે પોતાના પોલીસ જવાબમાં પણ આ તો.દારનુ નામ આપેલ છે અને ધારીયા સાથે હતા તેવુ તા.૧૦.૩.૦૨ ના રોજ લખાવેલ છે અને ઉપરાંત આ સાહેદે તો.દાર રાજેશ પૂંજાભાઈને કોર્ટમાં સ્પષ્ટ રીતે ઓળખી પણ બતાવેલ છે.

(૪) સાહેદ નં-૫૯ મોહંમદ સત્તાર બચુમીયાં શેખઃ- આ સાહેદનો પોલીસ જવાબ તા.૨.૩.૦૨ ના રોજ બનાવ બાદ વહેલામા વહેલી તકે નોંધવામાં આવેલ છે. તે જવાબમાં પણ સાહેદ મોહંમદ સત્તારે આ તો.દારને લાકડી સાથે તોફાન કરના ટોળામાં હતા તેવુ લખાવેલ છે અને ના.કોર્ટ સમક્ષની જુબાનીમાં પણ સ્પષ્ટ જણાવેલ છે કે બનાવ વખતે પટેલોનુ ટોળુ કિકિયારીયો પાડતુ બાળો કાપો પાડતુ આવી બાળી,લૂંટફાટ કરી તીવ્ર પથ્થરમારો કરતુ આવેલ તે વખતે આ સાહેદે બાજુના અકબરમીયા રસુલમીયાના મકાનમાં સંતાઈ ગયેલ અને તેણે બારીમાંથી જોયેલ તો તેમના ઘર આગળ ટોળાએ તેમની જીપગાડી સળગાવી દીધેલી તે ગાડી બળતી હતી તેના અજવાળામાં આ સાહેદ સ્પષ્ટ જણાવે છે કે, તો.દાર રાજેશ પૂંજાભાઈને ટોળામા હાથમાં લાકડી સાથે હતા. આ મહત્વના સાહેદે મજકુર તો.દાર રાજેશ પૂંજાભાઈને ઓળખી પણ બતાવેલ છે આમ, સાહેદ મોહંમદ સત્તારનો ખૂબ જ મહત્વનો શંકા રહિત અને અવગણી ના શકાય તેવો મજબૂત પુરાવો રાજેશ પૂંજાભાઈ વિરૂધ્ધ છે.

(૫) સાહેદ નં-૬૦ બચુમીયા ઈમામમીયાઃ- ના.કોર્ટમાં મજકુર તો.દાર રાજેશભાઈ પૂંજાભાઈએ સળગતો કાકડો તેમની જીપ ઉપર નાંખેલો અને તેથી મોટો ભડકો થયેલો તેવુ જણાવે છે.

> . . . . :એ ટોળું આશરે અગિયાર વાગ્યના સુમારે પાછુ આવેલું. રસ્તામાંથી પથ્થરમારો ચાલુ કરેલો. પહેલું મકાન મનુમીંયા આલમમીંયા ઉર્ફે ભાઈમીંયાનું સળગાવેલુ. બીજુ મકાન અકબરમીંયા નાથુમીંયાનું સળગાવેલું. ત્રીજુ મકાન બચુમીંયા નાથુમીંયાનું સળગાવેલું, પછી રસુલમીંયા નાનુમીંયાનુ ઘર સળગાવેલ, પછી જમાલભાઈ ડોસભાઈનું મકાન સળગાવેલુ. તે પછી ટોળાના માણસોએ મારી જીપ ગાડી ઉપર પેટ્રોલ કેરોસીન છાંટી સળગાવેલ તે વખતે કચરાભાઈ ત્રિભોવનદાસ, અંબાલાલ મગનભાઈ એ કેરોસીન પેટ્રોલ છાંટેલું. રાજેશભાઈ પુંજાભાઈએ સળગતો કાકડો નાખેલો તેથી ગાડીને મોટો ભડકો થયેલો. તે પછી એ જ ટોળું મહેમુદભાઈના મકાન તરફ

ગયેલું અને બારી તોડી કેરોસીન પેટ્રોલ છાંટી સળગતો કાકડો નાખી ૨૮ જણા સ્ત્રી પુરૂષો, નાના બાળકોને બાળી નાખેલા.

(૬) સાહેદ નં- ૬૨ રફીકમીયા મોહંમદ હુસેનઃ- આ ઈન્જર્ડ સાહેદ બનાવના દિવસે તા. ૧.૩.૦૨ ના રોજ ભારતબંધના એલાનમાં દિવસે તેના મોહલ્લામાં જ હતો પટેલોના ટોળાએ એકપણ મુસ્લમાન બચવો જોઈએ નહિ તેવુ જણાવી હુમલો કરેલ આ હુમલા આગઉ પટેલોના માણસો દુકાનો અને કેબીનો બંધ કરાવતા હતા તેઓ આ સાહેદની કેબીને ગયેલા અને કેબીન બંધ કરવા જણાવી અને કેબીન બંધ નહી કરો તો બાળી કરીશુ તેવી ધમકી આપેલ. આ સાહેદે તેમની જુબાનીમા વધુમાં જણાવે છે કે તેમણે કેબીન બંધ કરેલ તે વખતે પટેલોએ જેમ-તેમ ગાળો બોલી ઝપાઝપી કરેલ ને ઝપાઝપી કરવામાં આ તો.દાર રાજેશ પૂંજાભાઈ પણ હતા ત્યારબાદ સાહેદ રફીકમીયાં તેમનો ઘરે જતા રહેલ અને ત્યારબાદ રાત્રે પંચાયતની આગળ મુસ્લમાનોના કેબીન બાળી નાંખેલા. આ સાહેદ ના.કોર્ટમાં મજકુર તો.દાર રાજેશપૂંજાભાઈને ઓળખી પણ બતાવેલ છે.

(૭) સાહેદ નં-૬૫ અકબરમીયા નાથુમીયાઃ- ના.કોર્ટમા પોતાની જુબાનીમાં તા.૨૮.૨.૦૨ ના રોજ સાંજે સ્ટ્રીટ લાઈટના થાંભલે તો.દાર મથુરભાઈ ત્રિકમભાઈ વાયરમેન,કનુભાઈ સરપંચ, બેચરભાઈ ઓધવભાઈએ સ્ટ્રીટલાઈટ ફોકસલાઈટ લગાડેલી તા.૧.૩.૦૨ ના રોજ ભારતબંધનુ એલાન હતુ તેથી આ સાહેદ તેમના ઘરે હતા તે દિવસે સાંજે ચાર થી પાંચ વાગે કનુભાઈ સરપંચ, બેચરભાઈ, ઓધવભાઈ,મથુરભાઈ ત્રિકમભાઈએ ઘરની આગળ લાઈટ લગાડી ચાલુ કરેલી ત્યારબાદ રાતના પટેલોનુ ટોળુ સાડા નવ વાગ્યાના સુમારે મહાદેવ મંદિર તરફથી મીયાભાઈને મારીનાંખો,કાપીનાંખો,સળગાવીનાંખો ની બૂમો પાડતા આવેલ અને શેખ મોહલ્લાના નાકે આવેલ કેબીનો સળગાવી દીધેલ તે વખતે આ સાહેદ મોહલ્લાના નાકે ઉભો હતો ફરીવાર આ હિન્દુઓના ટોળુ મીયાભાઈઓને કાપીનાખો, મારીનાખો,સળગાવી નાખો ની બૂમો પાડતુ ઘરોને તોંડફોડ કરી આગ લગાડતા હતા સાહેદ અકબરમીયા તે વખતે જોયેલ તો તો.દાર રાજેશભાઈ પૂંજાભાઈ હાથમા લાકડી સાથે હતા આ બનાવ જોયા બાદ સાહેદ અકબરમીયાને બીક લાગતા તેની પત્ની સાથે રાવળવાસમાં સંતાઈ ગયેલો આ મહત્વના સાહેદે રાજેશ પૂંજાભાઈને ના.કોર્ટમાં ઓળખી પણ બતાવેલ છે આમ,

આ સાહેદ અકબરમીયાનો અતિ મજબૂત પુરાવો તો.દાર રાજેશ પૂંજાભાઈ વિરૂધ્ધ નોંધાયેલ છે.

(૮) સાહેદ નં-૬૬ અકબરમીયા રસુલમીયાઃ- આ ઈન્જર્ડ સાહેદનો જવાબ પોલીસમાં તા.૧૦.૩.૦૨ ના રોજ થયેલ છે અને તેમા લખાવ્યા પ્રમાણે તો.દાર રાજેશ પૂંજાભાઈ તોફાની ટોળામાં લાકડી સાથે હતો તેવુ જણાવે છે વળી, ના.કોર્ટ સમક્ષની જુબાનીમા આ સાહેદે જણાવે છે કે, બનાવના દિવસે ગામના પટેલો મેહમુદમીયાના ઘર તરફ સળગાવતા-સળગાવતા આવતા હતા આ સાહેદ બચુભાઈની ગાડી પાછળ સંતાઈ ગયેલ ટોળુ નજીક આવતા તે કબ્રસ્તાનના વંડા પાસે દોડીને જતો રહેલો મેહમુદમીયાનુ ઘર ઘેરી લેવામાં આવેલ પેટ્રોલ,કેરોસીન, નાંખેલ તે વખતે આ સાહેદ વંડાની બાજુમા હતો એક પટેલ જોઈ ગયેલ અને પાછળ પડેલ તેથી આ સાહેદ કબ્રસ્તાનની પોળી કબરમા પેસી ગયેલ અને ઉપર કાંટો નાંખી દીધેલ તેમા આ સાહેદે આ ગંભીર ગુનાઓ કરતા ટોળામા તો.દારોને જોયેલ તો.દાર રાજેશભા પૂંજાભાઈ પણ લાકડી સાથે હતા તેવુ તેનુ કહેવુ છે.

(૯) સાહેદ નં-૬૭ ઈમ્તીયાઝભાઈ મોહંમદ હુસેનઃ- આ સાહેદ બનાવ વખતે સરદારપુરા રહેતા તા.૧.૩.૦૨ ના રોજ હિન્દુઓના ટોળાએ હથિયારો સાથે શેખ મોહલ્લા ઉપર હુમલો કરેલ ત્યારે આ સાહેદ ઐયુબમીયા રસુલમીયાના મકાન તરફ ઉભેલો હતો ત્યારે પથ્થરમારો કરતા અને મનુમીયા ભાઈમીયા, અકબરમીયાનુ મકાન ટોળાએ સળગાવેલ તે આ સાહેદે જોયેલ અને તે ટોળામાં તો.દાર રાજેશ પૂંજાને પણ જોયેલ આ ટોળાએ મેહમુદભાઈનુ મકાન પણ સળગાવેલ આ મહત્વના સાહેદ મજકુર તો.દાર રાજેશ પૂંજાભાઈને ના.કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે.

(૧૦) સાહેદ નં-૬૮ ગુલામઅલી અકબરમીયાઃ- આ ઈન્જર્ડ સાહેદનો પોલીસ જવાબ તા.૧૦.૩.૦૨ રોજ થયેલ છે તે જવાબમા પણ તેણે મજકુર તો.દાર રાજેશ પૂંજાભાઈનુ તો.દાર તરીકે નામ આપેલ છે ના.કોર્ટ સમક્ષની જુબાનીમા પણ બનાવના દિવસે હિન્દુઓનુ ટોળુ શેખવાસ ઉપર હુમલો કરી મકાનો કેબીનો સળગાવતા હતા ત્યારે પથ્થરમારાનો થોડીવાર સામનો કર્યા બાદ ટોળુ અંદર આવેલ ત્યારે આ સાહેદ ગુલામઅલીએ તો.દારોને ઓળખેલા તેમા બીજા તો.દારોની સાથે તો.દાર રાજેશભાઈ પૂંજાભાઈ પણ હતા. આ સાહેદ નવેલીમાં થોડો અંદર જતા રહેલા અને બચુભાઈની દિવાલે અડીને ઉભો થઈ ગયેલો અને

તેણે જોયુ તો પટેલોનુ ટોળુ બાળતા-બાળતા મેહમુદમીયાના ઘર તરફ ગયેલુ અને મેહમુદભાઈનુ ઘર ઘેરી લીધેલુ ટોળાઓ બારી તોંડી કેરોસીન, પેટ્રોલ,નાંખીને અંદર સળગતા કાકડા નાંખેલા મેહમુદમીયાના મકાનની અંદરના માણસો બચાવો બચાવોની બૂમો પાડતા હતા પરંતુ, આ સાહેદના જણાવ્યા મુજબ તેઓ ત્યાં હાજર હોવા છતાં કોઈને બચાવી શકેલા નહિ આ મહત્વના સાહેદે ના.કોર્ટમાં તો.દાર રાજેશ પૂંજાભાઈને ઓળખી પણ બતાવેલ છે.

(૧૧) સાહેદ નં-૬૯ મેહમુદમીયા હુસેનમીયા શેખઃ- ના.કોર્ટમાં જણાવેલ છે કે, શેખ મોહલ્લા ઉપર ગામના પટેલ લોકોએ બનાવના દિવસે હુમલો કરેલ તે વખતે ટોળાના માણસો મકાનો સળગાવતા હતા અને મોહલ્લાના માણસો બચવા માટે શેખ મોહલ્લામાં આ સાહેદનના ઘરમાં ઘૂસી ગયેલા આશરે ચાલીસેક માણસો તેના ઘરમાં ઘૂસેલા મોહલ્લામા જે ટોળુ આવ્યુ તેઓ ધારીયા,કેરોસીન, સળગતા કાકડા, સાથે આવેલ હતા અને ટોળાન વ્યકિતઓ તેમના ઘરના દરવાજાને લાતો મારી તોડવા લાગેલ તે વખતે આ સાહેદ બાબાભાઈના મકાનના પતરા નીચે હતો અને બનાવ જોઈ રહેલ હતો આ સાહેદે જોયુ તે વખતે પટેલ લોકો તેના મકાનના ધાબા ઉપર ચઢેલા અને ધાબુ તોંડવા લાગેલા. <u>તો.દાર રાજેશ પૂંજાભાઈ ધણ લઈને ધાબુ તોડતો હતો.</u> આ સાહેદ બન્ને પગે અપંગ હોઈ તે વીટનેશ બોક્ષમાં ઉભા પણ રહી શકતા ન હતા અને વીટનેશ બોક્ષમાં બેઠકની વ્યવસ્થા કરવી પડેલ આ સાહેદ વીટનેશ બોક્ષમાંથી દૂર બેઠેલા વ્યકિતઓને બરોબર જોઈ ઓળખી શકવામા મૂશ્કેલી અનુભવતા હોઈ ના.કોર્ટનુ ધ્યાન દોરતા ના.કોર્ટ અવારનવાર તો.દારો એક પછી એક ગીચ લાઈનમાં બેઠેલ તો.દારોને તેમની પાછળ બેઠેલ તો.દારો આ અપંગ સાહેદ જોઈ શકે તે માટે તેમના માથા નીચે કરાવવા આદેશ પણ આપવા પડેલ આ સાહેદે તો.દારોને વીટનેશ બોક્ષમાં સ્રીર રહી ઘણી મૂશ્કેલીથી તો.દારોને ઓળખવામા મોટી મૂશ્કેલી અનૂભવેલ અને તેથી તો.દારોને ઓળખવા માટે વીસએક મીનીટ જેટલો સમય લીધેલ આ તો.દાર વિપરિત પરિસ્થિતિમાં ના.કોર્ટમાં તો.દાર પશાભાઈ મોહનભાઈ, અને આ તો.દાર રાજેશ પૂંજાભાઈને તે વખતે ઓળખી શકેલ નહિ.

(૧૨) સાહેદ નં-૭૦ મુનસફખાન યાસીનખાનઃ- જેવા મહત્વના સાહેદે જેમનો જવાબ તા.૬.૩.૦૨ ના રોજ નોંધેલ છે તેમા તેમણે આ તો.દાર રાજેશ પૂંજાભાઈનુ નામ લખાવેલ છે અને ના.કોર્ટ સમક્ષની પોતાની જુબાનીમાં બનાવ વખતે ટોળામાં

તેમણે આ તો.દાર રાજેશ પૂંજાભાઈ લાકડી સાથે જોયેલાનુ જણાવે છે વળી, આ સાહેદે તો.દાર રાજેશભાઈ પૂંજાભાઈને ના.કોર્ટમાં ઓળખી પણ બતાવેલ છે.

(૧૨) સાહેદ નં-૭૮ બશીરાબીબી બચુમીયા શેખઃ- આ સાહેદ ના પતિ બનાવમાં ગુજરી ગયેલ હોઈ ઈદ્દતમાં બેઠેલ અને તે સમય દરમ્યાન રીવાજ પ્રમાણે ઘરની બહાર નીકળી શકે નહિ. તેણીએ સીટ સમક્ષ તા.૨૨.૫.૦૮ ના રોજ નિવેદન આપેલ છે તેમા તેણીના જણાવ્યા પ્રમાણે તા.૧૭.૪.૦૨ ના રોજ પોલીસ રૂબરૂના જવાબમાં તો.દારના નામ લખાવેલ તે નીચે મુજબ હતા તેમ જણાવી તેણીએ દસ જેટલા તો.દારોના નામ લખાવેલ છે જેમા આ તો.દાર રાજેશ પૂંજાભાઈનુ નામ પણ તેણીએ લખાવેલ ના.કોર્ટ સમક્ષની જુબાનીમાં તેણીએ સ્પષ્ટ રીતે જણાવેલ છે કે બનાવના દિવસે પટેલ લોકોનુ ટોળુ મીયાને મારી નાંખો કાપી નાંખો એક પણ જીવતો રહેવો જોઈએ નહી તેવુ બૂમો પાડતુ શેખ મોહલ્લાના નાકે આવેલુ અને ઘરો સળગાવવા લાગેલા લૂંટફાટ કરેલી ટોળાના માણસોને આ સાહેદે નજરો નજર જોયેલા અને તેણીને બીક લાગતા જીવ બચાવવાતે મહેમુદમીયાંના ઘરમાં ગયેલ તેણી તેના પતિ બચુમીયા નાથુમીયા તેણીનો ભાઈ, તેણીની મામી,નાનાભાભી, ભત્રીજી,ત્રણ દિકરા મેહમુદમીયાના ઘરમાં ગયેલા ટોળાએ મહેમુદમીયાનુ મકાન ચારે-બાજુથી ઘરી લીધેલ અને તેણીએ જોયેલ તો બારી તોંડી કેરોસીન, પેટ્રોલ નાંખી કાકડા નાંખી સળગાવી દીધેલ તે ટોળામાં તેણીએ આ તો.દાર રાજેશ પૂંજાભાઈને જોયેલ આ હુમલામાં આ સાહેદ બશીરાબીબી પતિ બચુમીયા, તેણીના મોટાભાઈ અબ્બાસમીયા,ભાભી રૂકશાનાબીબી, ભાભી મુમતાજબીબી,ભત્રીજી સાયરાબીબીને જીવતા બાળી નાંખવામા આવેલ આ સાહેદે પણ પોતાને થયેલ ઈજાઓની સારવાર લીધેલી છે તેણી બન્ને પગ મોંઢા ઉપર બનાવ વખતે બળી ગયેલ તેણીના નાના બાબા ઈલીયાસને પણ ટોળ દ્વારા આચરવામાં આવેલ અગ્નિકાંડમા ડાબા કાને, ડાબા પગે, સખત ઈજાઓ થયેલ આ સાહેદે આ તો.દાર રાજેશ પૂંજાભાઈને ના.કોર્ટમાં ઓળખી બતાવેલ છે.

આમ, આ તો.દાર સામે ખૂબજ મહત્વનો સબળ વિશ્વસનીય તેની સામેના તોહમત મુજબના ગુનાઓ સાબિત કરવા પુરતા છે.

## તોહમતદાર નં.૩૯ પટેલ બળદેવભાઈ રણછોડભાઈ ધ્વારકાદાસ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો

**(૧) સાહેદ નં-૪૭ ઈબ્રાહીમભાઈ રસુલભાઈ :- સદરહું તો.દાર વિરૂધ્ધ ફરીયાદીનો સબળ પુરાવો છે.**

**(૨) સાહેદ નં-પર હિઝબુલમીયા હુસેનમીયાં :- સાહેદ પોતાની જુબાની માં જણાવે છે કે,**

> . . . . . .પાછું આ ટોળું એજ પાછુ બુમો પાડતું આવેલું કે, મુસલમાનોને મારી નાંખો, કાપી નાંખો તેવું બોલતા હતા અને શેખ વાસ તરફ આવતું હતું. શેકવાસના નાકે આવી પ્રથમ પથ્થરમારો કરેલો. અમારા બધા મુસલમાનોના છોકરા બૈરા શેખ મહેબુબભાઈના ધાબાવાળા ઘરમાં પથ્થરમારવાથી બચવા પેસી ગયેલા અને આ ટોળાના માણસોએ પથ્થરમારો ચાલુ રાખેલો. તેવામાં ઈબ્રાહીમભાઈને પથ્થર વાગતા તેઓ નીચે પડી ગયેલા અને હું શેખ અકબરભાઈની ઘરની આડમાં સંતાઈ ગયેલો. મને બીક લાગતાં હુ લપાઈ ગયેલો અને આ ટોળાના માણસો અમારા ગલ્લા કેબીનો સળગાવેલા અને અમારા પણ ઘરો સળગાવતા સળગાવતા મહેબુબભાઈના મકાન તરફ ગયેલા. મેં જોયેલ તો મારા ગામના પટેલ ચતુરભાઈ કાનાભાઈ પાઈપ સાથે, . . . . . . . . .. . . . .. **બળદેવભાઈ રણછોડભાઈ તલવાર સાથે,** . . . . . .. . . . . .. આ ટોળાના માણસો જતા હતા તે વખતે મને ડાબા હાથે કાંડા ઉપર જોરથી પથ્થર વાગેલો. ઉપરોકત આ ટોળાના માણસો અમારા શેખવાસના ઘરોમાં આગ લગાવેલી અને મહેબુબભાઈના મકાનમાં અમારા મુસલમાનોના બૈરા છોકરાની બુમાબુમ ચીસાચીસ સંભળાયેલી.. . . . . . આ મહેબુબભાઈના મકાનમાં મારી પત્ની સંતાયેલી, હુસેનાબીબી મારો દિકરો રીફાકત બંને જણા સળગાવી દેવાથી મરણ ગયેલ છે. મારી દિકરી સઈદાને પણ ઈજા થયેલી. . . . .

**(૩) સાહેદ નં-૬૮ ગુલામઅલી અકબરમીયા:- આ ઈન્જર્ડ સાહેદનો પુરાવો ના.કોર્ટ સમક્ષ છે આ સાહેદના જણાવ્યા પ્રમાણે બનાવના દિવસે ગંભીર પ્રકારના ગુનાઓ આચરી રહેલ ટોળામાં આ તો.દાર પણ સામેલ હતો.**

> <u>પેરા નં.૩</u>. . . . . . . .અમોએ સામનો કરેલો પરંતુ આ ટોળું મોટુ હતુ હજાર પંદરસો જેવા માણસોનું ટોળુ હતું. અમે તેમનો સામનો કરી શકેલા નહી અને અમે અંદર અંદર ખસતા ગયા. પટેલોનું ટોળું મકાન સળગાવવાનું ચાલુ હતુ અને અંદર આવેલું. પથ્થરમારો ચાલુ હતો મને પથ્થર ડાબા પગે ધુંટણ ઉપર, ડાબા ખભાને પાછળ વાગેલ. પછી પટોલોનું ટોળું અંદર આવેલું ત્યારે મે જોયેલા અંબાલાલ મગન ઉશ્કેરણી કરતા હતા અને તેમના હાથણાં ધારીયુ હતું, મથુરબાઈ ત્રિકમભાઈના હાથમાં પથ્થર હતા. . . . . . . . **બળદેવભાઈ રણછોડભાઈ** . . . . .. . . . . . . . . . .ગોવિંદભાઈ મોહનભાઈ ને મેં જોયેલા. હું નવેળીમાં થોડો અંદર જતો રહેલો અને બચુભાઈની દિવાલે અડીને ઉભો થઈ ગયેલો. આ પટેલોનું ટોળુ બાળતા બાળતા મહેમુદભાઈના ઘર તરફ ગયેલુ અને મહેમુદભાઈનું ઘર આ લોકોએ ઘેરી લીધેલું. મે બહાર આવીને નજર કરેલી આ ટોળાના લોકોએ મહેમુદમીંયા હુસેનમીંયના ઘરનો દરવાજો તોડવાની કોશીષ કરેલી. અમારા માણસો મહેમુદમીંયાના ઘરમાં જતા રહેલા. પટેલોનું ટોળુ એ બાજુ ગયેલું અને મકાનની બારી તોડી નાખેલી અને ઉપર ચડીને ધાબુ તોડવાની પણ કોશીષ કરેલી અને બારી તોડી કેરોસીન, પેટ્રોલ જેવુ નાખીને અંદર સળગતા કાકડા નાખેલા અને અમારા માણસોની બચાવો બચાવોની બુમો આવતા અમારી

ત્યાં હાજરી હોવા છતાં અમે તેને બચાવી શકેલા નહીં. પટેલોનું ટોળુ એવુ બુમ પાડતુ હતુ કે મારી નાખો, કાપી નાંખો, જીવતા સળગાવી દો. અમારા માણસોની ચીસાચીસ, બુમાબુમ પડતી હતી. આ તબક્કે સાહેદને બનાવની યાદ તાજી થતાં પાણી પીવા જવાની પરવાનગી આપવામાં આવે છે. પટેલોના ટોળા મહેમુદભાઈના ઘરની આગળ પાછળ હતા.

(૪) સાહેદ નં-૪૬ સાબીરમીંયા અકુમીંયા પઠાણઃ- સાહેદ નામદાર કોર્ટ સમક્ષ જુબાનીમાં જણાવેલ છે કે, ૨૮.૨.૦૨ ના રોજ ગામમાં વિશ્વ હિન્દુ પરિષદ મારફતે ગુજરાત બંધનું એલાન આપવામાં આવેલું . . . . . . .. . . માધાભાઈ વિઠ્ઠલભાઈની દુકાન આવેલ છે . . . . .. .. . .. . . મને જોઈને તે લોકો એ બુમ પાડેલી કે, બાંડિયાઓને કાપી નાંખો, મારી નાંખો તેવી બુમો પાડવામાં આ તો.દાર બળદેવભાઈ રણછોડભાઈ સામેલ હતા.

## <u>તોહમતદાર નં.૪૦ પટેલ પ્રહલાદભાઈ જગાભાઈ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>

(૧) સાહેદ નં-૪૭ ઈબ્રાહીમભાઈ રસુલમીયાઃ- આ તો.દાર વિરૂધ્ધ ફરીયાદીએ જણાવેલ છે કે મજકુર તો.દાર બનાવના દિવસે લૂંટફાટ, પથ્થરમારો અને આગ ચાંપતા ટોળામાં સામેલ હતા.

(૨) સાહેદ નં-૫૨ હિઝબુલમીયા :- એ આ તો.દારનુ નામ ગુનાહિત ટોળામાં સામેલ હોવાનુ આપેલ છે.

(૩) સાહેદ નં-૫૪ શરીફમીયા ભીખુમીયા :- એ આ સાહેદનો પોલીસ જવાબ બનાબાદ વહેલામા-વહેલી તકે તા.૬.૩.૦૨ ના રોજ નોંધવામા આવેલ છે અને તે પોલીસ જવાબમાં પણ આ સાહેદે મજકુર તો.દાર પ્રહલાદ જગાભાઈનુ નામ તો.દાર તરીકે આપેલ છે વળી, ના.કોર્ટ સમક્ષની પોતાની જુબાનીમાં જણાવેલ છે કે તા. ૧.૩.૦૨ ના રોજ ભારતબંધનુ એલાન હતુ તે વખતે તે ઘરે હતા અને સાંજના સાત વાગે તો.દાર અમૃતભાઈ સોમાભાઈ લાઈટના થાંભલા ઉપર હેલોજન લેમ્પ લગાડેલ હતો તે વખત તેણે આજે બાંડીયાઓને મારવાની મજા આવશે તેવુ કહેતા આ સાહેદ શરીફમીયાને બીક લાગતાને શેખ મોહલ્લામાં બચુમીયા ઈમામમીયાના ઘરે ગયેલો તે રાત્રે હિન્દુઓના ટોળાએ શેખ મોહલ્લા ઉપર હુમલો કરેલ અને

પથ્થરમારો કરી ઘરો સળગાવવા માંડેલ તે વખતે એ ટોળામાં આ સાહેદે બીજા તો.દારોની સાથે તો.દાર પ્રહલાદભાઈ જગાભાઈ પણ હતા આ સાહેદ તો.દાર પ્રહલાદભાઈ જગાભાઈને ના.કોર્ટમા ઓળખી બતાવેલ છે.

(૪) સાહેદ નં-૫૬ ઐયુબમીયા રસુલમીયા :- આ ઈન્જર્ડ સાહેદે ના.કોર્ટમાં મજકુર તો.દારનુ નામ ગુનાહિત કૃત્ય કરી રહેલ ટોળામાં આવેલ હોવાનુ જણાવે છે. સાહેદ પોતાની જુબાનીમાં જણાવે છે કે

. . . . .ફરીથી આ ટોળુ બુમો અને ચીકોરીયો પાડતુ મુસલમાનોને બાળી કુટો અને મારી નાખો એમ બુમો પાડતા અમારા શેખ મહોલ્લામાં પથ્થરમારો કરેલો. પછી અમારા મકાનોમાં લુંટફાટ અને મકાનો સળગાવવાનું ચાલુ કરેલુ. આ પથ્થર વાગવાથી મારા મામા ઈબ્રાહીમમીંયા રસુલમીંયાને માથામાં વાગેલું. આ ટોળુ જોઈને હું ઈબ્રાહીમમીંયા રસુલમીંયના મકાન તરફ ગયેલો તો મારા ભાઈ ઈકબાલમીયા રસુલમીંયાને માથામાં પથ્થર વાગતા અને જમણા પગમાં પથ્થર વાગતા ઈબ્રાહીમમીંયાના મકાન તરફ ગયેલો પછી હું મહેમુદમીંયના મકાન તરફ ગયેલો. તે વખતે આ માણસોના ટોળામાં મેં જોયેલા રમણભાઈ ગણેશભાઈ, . . . . . . . .. . **પ્રહલાદભાઈ જગાભાઈ** . . . . . . .. . . .. . . . .. . . , તે લોકોના હાથમાં સળગતા કાકડા નાખી અને અમોને અંદર રૂમમાં પેટ્રોલ કેરોસીન, કેમીકલ નાંખીને સળગાવ્યા. અમે બચાવ બચાવની બુનો પાડતા હતા. . .. . . . . . . . .. . . .. . . . . .. . .. . હુ બળી ગયેલો હતો, મારી પત્ની બળી ગયેલી હતી. હુ બંને ખભા ઉપર અને ગરદન ઉપર દાઝી ગયેલ હતો.

(૪) સાહેદ નં-૫૯ મોહંમદ સત્તાર બચુમીયા શેખ :- આ સાહેદ તા.૧.૩.૦૨ના રોજનો ગંભીર ગુનો નજરે જોયેલ છે અને પટેલોનુ ટોળુ મકાનો બાળતા અને પથ્થરમારો કરતા આગળ વધેલ ત્યારે તે ગભરાઈ અકબરમીયા રસુલમીયાના ઘરમાં સંતાઈ ગયેલ અને બારીમાંથી જોઈ રહયો હતો ત્યારે ટોળાએ તેમની ગાડીને આગ લગાડેલ તે બળતી હતી તેના અજવાળામા તેણે જોયેલ તો બીજા તો.દારોની સાથે આ તો.દાર પ્રહલાદભાઈ જગાભાઈ પણ હતા આ સાહેદે ના.કોર્ટમા મજકુર તો.દારને ઓળખી પણ બતાવેલ છે.

. . .. આજ ટોળુ સાડા અગિયાર બારેક વાગે બુમો અને કીકીયારીઓ પાડતું આવેલું કે મુસલમાનોને મારી નાખો, જીવતા સળગાવી દો કેમકે આજ મુસલમાનોને છોડવાના નથી કેમકે આ મુસ્લીમોએ ગોધરામાં અમારા હિન્દુ લોકોને જીવતા સળગાવી દીધેલા છે તેના કારણે આમને પણ જીવતા સળગાવી મારી નાખો અને પથ્થરમારો ચાલુ કરેલો. અમે થોડો પથ્થરનો સામનો કરેલો. . . . . .. . . . . . . . . ગાડી બળતી હતી તેના અજવાળામાં મેં આ લોકોને જોયલા અને ઓળખેલા. અંબાલાલ મગનલાલના હાથમાં ધારીયું, . . . . .. . . . . .. .. પ્રહલાદભાઈ જગાભાઈ . .. . . . . . . આ લોકોને મેં જોયેલા. આ લોકો અમારા મકાનોને તોડફોડ કરી આગ લગાડતા હતા અને મહેમુદભાઈના ઘર તરફ આવતા

હતા અને હું પાછો મારા ઘરમાં જતો રહેલો અને મહેમુદભાઈના ઘર તરફથી બચાવો બચાવોની બુમો આવતી હતી અને હુ બીકના મારે મારા ઘરમા સંતાઈ રહેલો. થોડા સમય પછી આ ટોળુ ભારતમાતા કી જય બોલાવીને જતુ રહેલું.

(૬૧) સાહેદ નં-૬૯ મેહમુદમીયા હુસેનમીયા શેખ :- આ મહત્વનો સાહેદ બન્ને પગે અપંગ છે તેમણે પોતાના તા.૬.૩.૦૨ ના પોલીસ જવાબમાં તો.દાર પ્રહલાદભાઈનુ નામ આપેલ છે. અને બનાવના દિવસે તેમના મોહલ્લામાં જે ટોળુ આવેલ અને પથ્થરમારો અને આગ ચાંપતુ હતુ, ટોળુ મારા ઘર તરફ આવવા લાગેલું. મારા ઘરના દરવાજાને લાતો મારીને તોડવા લાગેલ. તેમા તો.દાર પ્રહલાદભાઈ જગાભાઈ પણ હતા અને તેમની પાસે તે વખતે સળગતા કાકડા હતા આ સાહેદે તો.દાર પ્રહલાદભાઈ જગાભાઈએ ઓળખી પણ બતાવેલ છે.

(૭) સાહેદ નં-૭૦ મુનસફખાન યાસીનખાન પઠાણ :- નો જવાબ પોલીસમા તા.૬.૩.૦૨ ના રોજ થયેલ છે તેમા પણ આ તો.દારનુ નામ તેમણે તો.દાર પ્રહલાદભાઈ જગાભાઈ ટોળામાં સળગતા કાકડા સાથે હતા તેવુ લખાવેલ છે ના.કોર્ટ સમક્ષની જુબાનીમા પણ બનાવના દિવસે પથ્થરમારો લૂંટફાટ અને મુસ્લીમ લોકોના ઘરોને આગ લગાડતા ગામના પટેલોના ટોળામાં આ તો.દાર પ્રહલાદભાઈ સળગતા કાકડા સાથે હતા આ ઉપરાંત આ સાહેદે તો.દાર પ્રહલાદભાઈ જગાભાઈને ના.કોર્ટમાં ઓળખી પણ બતાવેલ છે.

**<u>તોહમતદાર નં.૪૧ પટેલ રમેશભાઈ રામાભાઈ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>**

(૧) સાહેદ નં-૪૭ ફરીયાદી ઈબ્રાહીમભાઈ રસુલમીંયાઃ- આ તો.દાર વિરૂધ્ધ પુરાવો આપેલ છે. ફરીયાદી ઈબ્રાહીમભાઈએ તેમની ફરીયાદ (F.I.R) માં પણ આ તો.દારનુ નામ લખાવેલ છે અને ના.કોર્ટની પોતાની જુબાનીમાં આ તો.દાર બનાવના દિવસે આગ, લૂંટફાટ, પથ્થરમારો કરતા હિન્દુઓના ટોળામાં હોવાનુ જણાવેલ છે.

(૨) સાહેદ નં-૫૧ નજીર મોહંમદ અકબરમીયા :- આ સાહેદે પોતાના તા.૧૦.૩.૦૨ ના પોલીસ જવાબમાં પણ મજકુર તો.દાર હાથમા ધારીયા સાથે ગુનાહિત કૃત્ય કરી રહેલ ટોળામાં હોવાનુ નિર્દેશ કરે છે અને ના.કોર્ટની જુબાનીમા પણ બનાવના દિવસે પણ બૂમો કિકિયારીયો પાડતુ પટેલોનુ ટોળુ ઘસી આવેલ તે ટોળામાં આ તો.દાર પણ હાથમા ધારીયા સાથે હતા તેવી જુબાની આપેલ છે.

(૩) સાહેદ નં-૫૮ સાબીર હુસેન ઈમામશા :- આ મહત્વના સાહેદ સાબીર હુસેનનો પોલીસ જવાબ તા.૩.૩.૦૨ ના રોજ થયેલ છે તેમા આ સાહેદ સાબીર હુસેને તો.દાર પટેલ રમેશભાઈ રામાભાઈનુ નામ લખાવેલ છે અને ના.કોર્ટમાં તેમની જુબાનીમા પણ બનાવના દિવસે બૂમો પાડતા મીયાઓને મારો, કાપો,જીવતા સળગાવી દો તેવુ બોલતા ગામના પટેલોના હથિયારબંધ ટોળામાં રમેશભાઈ રામાભાઈ પણ હતા આ સાહેદની જુબાની વખતે તો.દારની ઓળખ વખતે તો.દારો સાહેદની પાસે પોતે ઓળખાઈ ન જાય તે માટે તેઓ કેવા-કેવા પ્રયત્ન કરતા હતા તે દેખાઈ આવે છે. સમાન્ય રીતે ટ્રાયલ ચાલતી વખતે તો.દારો ના.કોર્ટ સમક્ષ સામે બેઠેલા હોય છે અને ના.કોર્ટમાં સાઈડની લાઈનમાં મુખ્યત્વે ફરજ પરના પોલીસ, સીકયુરીટીના માણસો, તથા એડવોકેટસ બેઠેલા હોય છે આ તો.દાર રમેશભાઈ રામાભાઈ સાહેદ સાબીર હુસેન જયારે ના.કોર્ટમાં તો.દારને ઓળખી બતાવતા હતા ત્યારે આ તો.દાર રમેશભાઈ રામાભાઈ ચાલાકી પૂર્વક ના.કોર્ટમા એડવોકેટસ તથા પોલીસવાળા સામાન્ય રીતે બેસે છે તે લાઈનમાં સાઈડમા બેસી ગયેલ જેથી સાહેદ તેને ઓળખી ન શકે! ના.કોર્ટમા ઓળખવિધી વખતે ન્યાયની પ્રક્રિયામાં આ રીતે બનાવટ કરતી વાંધાજનક બાબતનુ ધ્યાન દોરતી અરજી આંક-૫૬૦ થી નામદાર કોર્ટનું ધ્યાન દોરવામાં આવેલ કે, સાહેદ તરફથી થઈ રહેલ ઓળખ વિધિ વખતે આ તો.દાર રમેશ રામાભાઈ ના.કોર્ટમાં પોતાના

માથા ઉપર વાળની વીગ તથા ચશ્મા અને ટાઈ પહેરી કોર્ટ રૂમમાં વકીલ સાહેબો બેસે છે તે તરફથી લાઈનમા હાથમા ચોપડી લઈ બનાવટ કરી બેસી ગયેલ અને તે રીતે બધાને પોતાની ઓળખ છુપાવવા છેતરેલ છે આ ઉપરાંત સાહેદ સાબીર હુસેન ઈમામશા ફકીરની ના.કોર્ટ સમક્ષની જુબાનીમાં ના.કોર્ટમાં બેઠેલ તો.દાર અડધા ઉપરાંત બરોબર દેખાતા નથી તે બાબત અરજી આપી ના.કોર્ટનુ ધ્યાન આંક-૫૫૪ ની અરજીથી દોરવામાં આવેલ અને તો.દારોને ઓળખ વખતે એક પછી એક ઉભા કરવામાં આવે તેમા બચાવ પક્ષના વકીલ શ્રી ધ્રુવ સાહેબને પણ વાંધો નથી તેવા સંજોગોમાં યોગ્ય હુકમ કરવા અસરગ્રસ્ત તરફથી વિનંતી કરવામા આવેલ પરંતુ, ના.કોર્ટ પોતાના આદેશમાં નોંધેલ છે તે પ્રમાણે અડધા ઉપરના આરોપીઓ એક બીજાની આડમાં દેખાતા નથી તેવુ ના.કોર્ટમાં સ્પષ્ટ જણાવેલ છતા તેના તે કથનને ગ્રાહય ન રાખી કે બચાવના વકીલ સાહેબે વ્યકત કરેલ પધ્ધતિ અનુસાર તો.દારોને એક પછી એક ઉભા કરવાનુ મંજુર ન રાખવા યોગ્ય ગણી સાહેદને આરોપીઓ પાસે જઈ તેમને ઓળખી બતાવવાની મંજુરી આપવાનુ મુનાસીબ સમજેલ નહિ આ સંજોગોમાં આ સાહેદ મજકુર તો.દાર રમેશભાઈ રામાભાઈને તેમની ચાલાકી ના કારણે ઓળખી શકેલ નહિ.

આ તબક્કે ન્યાયના હિતમાં ના.કોર્ટનુ ધ્યાનુ દોરવુ યોગ્ય ગણાશે કે ના.કોર્ટને સમક્ષ ચાલતી ટ્રાયલમાં સાહેદોને જયારે-જયારે તો.દારોને ઓળખવામાં ના.કોર્ટમા તો.દારોની બેઠક વ્યવસ્થાના કારણે મુશ્કેલી જણાવયેલ ત્યારે-ત્યારે તે વખતે ના.કોર્ટમાં ધ્યાન દોરવામાં આવેલ ના.કોર્ટમાં સાહેદ હિઝબુલમીયાની જુબાની આંક-૫૧૩ થી થયેલ તે વખતે આ સાહેદે તો.દાર અશ્વિનભાઈ જગાભાઈ, બળદેવભાઈ રણછોડભાઈ, પ્રહલાદ જગાભાઈ ચતુરભાઈ કાનાભાઈ, પ્રજાપતિ રવિકુમાર અમૃતભાઈના નામ પોતાની જુબાનીમા આપેલ હોવા છતા ના.કોર્ટમા તેની પોતાની ઉંચાઈ ખૂબ જ ઓછી હોવાને કારણે તેમજ ના.કોર્ટમા તો.દારો મોટી સંખ્યામાં એક બીજાની આડમા બેઠેલ હોઈ તેઓની બેઠક વ્યવસ્થામાં ઓળખી શકવામાં મુશ્કેલી અનુભવના હતા અને તેની જુબાની વખતે ડિસેમ્બર માસમા ઠંડીને કારણે કે બીજા હેતુસર તો.દારો માથે ટોપી તથા વાંદરા ટોપી પહેરી બેઠેલ હોઈ સાહેદને તેમની ઓળખાણ કરવામા મુશ્કેલી પડતી હોવા અંગે ધ્યાન દોરેલ અને આ સાહેદને તો.દારોની નજીક જઈ ઓળખવાની તક આપવા આંક ૫૧૪ થી વિનંતી કરેલી પરંતુ ના.કોર્ટને તે

મુનાસીબ લાગેલ નહી. પરંતુ, અમારા નમ્રમત પ્રમાણે આ સાહેદને તો.દારોને ઉપર જણાવેલ કારણોસર ઓળખવમાં મુશ્કેલી પડતી હોવાથી તે ના.કોર્ટમાં તેમને ઓળખી શકેલ નહિ.

આ ઉપરાંત ના.કોર્ટમાં સાહેદ નં-૫૯ મોહંમદ સત્તારની જુબાની ના.કોર્ટમાં થયેલ છે તેમા તો.દાર જયન્તી મંગળભાઈ, પટેલ રઘુભાઈ રેવાભાઈ ને ના.કોર્ટમાં નહિ ઓળખી શકવામાં તો.દારોની ના.કોર્ટમાંની બેઠક વ્યવસ્થા વિઘ્નરૂપ હતી તે બાબતે ના.કોર્ટનુ ધ્યાન આંક-૫૫૬ થી દોરવામા આવેલ આ સાહેદોની જુબાની સંદર્ભે મુલવવા વિનંતી છે.

(૪) સાહેદ નં-૬૩ ભીખુમીયા કાલુમીયા શેખ :- ની ના.કોર્ટમાં જુબાની થયેલ છે તેમા તેણે સ્પષ્ટ રીતે જણાવેલ છે કે ગામના પટેલોએ બનાવના દિવસે પથ્થરમારો કરી તેમના ઘર સળગાવેલા આ ગુનાહિત કૃત્ય કરી રહેલ ટોળામાં તેમણે જોયેલ તો આ તો.દાર રમેશભાઈ રામાભાઈ પણ હતા આ સાહેદે મજકુર તો.દારને ઓળખી બતાવેલ છે.

(૫) સાહેદ નં-૬૬ અકબરમીયા રસુલમીયા :- આ સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે બનાવ વખતે ગામના પટેલોએ શેખવાસ ઉપર હુમલો કરેલો અને પથ્થરમારો કરેલો જેમા આ સાહેદને બરડામાં, કપાળમા, પગની નળી ઉપર પથ્થર વાગેલ, તે બચુભાઈને ગાડી પાછળ સંતાઈ ગયેલો હતો ત્યારે ગામના પટેલો મેહમુદમીયાના ઘર તરફ સળગાવતા-સળગાવતા આવતા હતા તેથી આ સાહેદ કબ્રસ્તાનના વંડા પાસે દોડીને જતો રહેલો, ટોળાએ મેહમુદમીયાનું ઘર ઘેરી લીધેલ અને પેટ્રોલ, કેરોસીન, નાંખેલ સાહેદ દેવડાની બાજુમા બેઠેલ હતો તેને એક પટેલ જોઈ જતાને બચવા માટે કબ્રસ્તાનની પોળી કબરમા બેસી ગયેલ અને ઉપર કાંટો નાખી દીધેલ ટોળામાં ગામના પટેલોમા આ તો.દાર રમેશભાઈ રામાભાઈ પણ હતા અને આ સાહેદે ના.કોર્ટમાં તો.દાર રમેશભાઈ રામાભાઈને ઓળખી પણ બતાવેલ છે.

(૬) સાહેદ નં-૬૫ અકબરમીયા નાથુમીયા :- આ સાહેદનો પોલીસ જવાબ તા.૧૦.૩.૦૨ રોજ થયેલ છે તેમા પણ તેણે આ તો.દાર રમેશભાઈ રામાભાઈ ધારીયા સાથે હતા તેવુ લખાવેલ છે ના.કોર્ટ સમક્ષની જુબાનીમાં પણ આ સાહેદ જણાવે છે બનાવના દિવસે મોહલ્લાના નાકે તે ઉભો હતો ત્યારે હિન્દુઓનો ટોળુ મીયાભાઈને મારીનાખો, કાપીનાખો, સળગાવીદોની બૂમો પાડતુ આવેલ અને

મકાનોને તોડફોડ કરી સળગાવેલા તે વખતે આ સાહેદે જોયેલ કે તો.દાર રમેશભાઈ રામાભાઈ ગંગાવત પાસે ધારીયુ હતુ. આ સાહેદે મજકુર તો.દારને ના.કોર્ટમા રમેશભાઈ રામાભાઈ ગંગાવત તરીકે ઓળખી બતાવેલ છે.

(૭) સાહેદ નં-૬૮ ગુલામઅલી અકબરમીયા શેખ :- આ ઈન્જર્ડ સાહેદનો પોલીસ જવાબ તા.૧૦-૩-૦૩ ના રોજ થયેલ છે તે જવાબમાં પણ આ સાહેદે મજકુર તો.દાર રમેશભાઈ હાથમા ધારીયા સાથે બનાવના દિવસે ટોળામાં હતા તે બાબતે તેમનુ નામ લખાવેલ છે ના.કોર્ટ સમક્ષની જુબાનીમા પણ આ સાહેદે બનાવના દિવસે ગામમાં પટેલોના ટોળાએ પથ્થરમારો અને આગ લગાડવાનુ શરૂ કરેલ અને બાંડીયાઓને મારીનાખો વિગેરે બોલતા આ પટેલોનુ ટોળુ મહેમુદમીંયાના ઘર તરફ ગયેલુ. ટોળામા આ તો.દાર રમેશભાઈ રામાભાઈ પણ હતા અને તેમના હાથમાં ધારીયુ હતુ તેવી જુબાની આપેલ છે આ ઉપરાંત આ સાહેદે આ તો.દાર રમેશભાઈ રામાભાઈ ગંગાવતને ના.કોર્ટમાં ઓળખી બતાવેલ છે.

(૮) સાહેદ નં-૭૦ મુનસફખાન યાસીનખાન પઠાણ :- આ સાહેદનો પોલીસ જવાબ તા.૬.૩.૦૨ ના રોજ થયેલ છે તેમા પણ તો.દાર તરીકે પટેલ રમેશભાઈ રામાભાઈનુ નામ આપેલ છે અને બનાવના દિવસે આગ,લૂંટફાટ, મારીનાખો, સળગાવીદો, વિગેરે બૂમો પાડતા ટોળામા આ તો.દાર રમેશભાઈ રામાભાઈ ગંગાવત હતા તેવુ જણાવે છે અને ના.કોર્ટમા તો.દાર રમેશભાઈ રામાભાઈ ગંગાવતને ઓળખી બતાવે છે.

(૯) સાહેદ નં-૭૬ હમીદાબીબી અકબરમીયા :- આ સાહેદે ના.કોર્ટમા જુબાની આપેલ છે તે પ્રમાણે બનાવના દિવસે ટોળાએ આવીને પથ્થરમારો ચાલુ કરેલ તેમને બીક લાગતા તે ઈબ્રાહીમભાઈ રસુલભાઈના મકાનમા સંતાઈ ગયેલા ત્યાંથી તેણીએ ટોળાને જોયેલ ટોળુ મહેમુદભાઈના ઘર તરફ ગયેલ તે ટોળામાં જે માણસો હતાં તે ટોળામા તો.દાર રમેશભાઈ રામાભાઈ સ્ટેજ ઉપર છેલ્લી લાઈનમા બેઠેલ તેમને ઓળખી બતાવેલ છે.

(૧૦) સાહેદ નં-૮૧ સાબેરાબીબી સાબીર હુસેન ફકીર :- આ સાહેદનો મહત્વનો પોલીસ જવાબ બનાવબાદ વહેલામા-વહેલી તકે તા.૩.૩.૦૨ ના રોજ થયેલ છે તેમા પણ પટેલ રમેશભાઈ રામાભાઈનુ નામ લખાવેલ છે તેણીએ બનાવના દિવસે સરદારપુરગામમા સરદારપુરના પટેલોએ ગલ્લા બાળી કુટેલા અને મારીનાખો,

કાપીનાખો, બાળીનાખો, બૂમો પાડતા હતા તેમના હાથમા લાકડી, ધારીયા, પાઈપો, ભાલા, તલવારો હતા તેણીએ ટોળામા જે લોકો હતા તેમને અજવાળામા જોયેલા તેમા તો.દાર રમેશ રામા પણ હતા તેવુ તેનુ કહેવુ છે. પરંતુ બનાવને ઘણો વખત થઈ ગયેલ હોવાથી તો.દારો ઓળખવામાં આવતા નથી. તેણી વૃધ્ધ ઉંમરની, છુટક મજુરી કરતી, અભણ બાઈ માણસ છે અને તેથી  તેવા સંજોગોમા તો.દારોને હાલ ઓળખી ન શકે તે માની શકાય તેમ છે.

(૧૧) સાહેદ નં-૪૮ સાબીર હુસેન કાદરમીયા :- આ સાહેદ મહત્વનો સાહેદ છે તેનો પોલીસ જવાબ તા.૬.૩.૦૨ ના રોજ નોંધવામા આવેલ છે તે જવાબમાં પણ આ સાહેદના જણાવ્યા મુજબ તો.દાર રમેશભાઈ રામાભાઈ બનાવ વખતે ટોળામા ધારીયા સાથે હતા. ના.કોર્ટ સમક્ષની પોતાની જુબાનીમા પણ આ સાહેદે જણાવેલ છે કે, બનાવના દિવસે રાતના દસેક વાગ્યાના સુમારે ગામના પટેલોએ શેખ મોહલ્લા ઉપર ધારીયા, લાકડીઓ, પાઈપો, કેરોસીન, પેટ્રોલના કેરબા, કેમીકલના કેરબા સાથે હુમલો કરેલ અને મોહલ્લામાં આગ લગાડેલી. શેખ મોહલ્લાની સામે ફોકસ લાઈટ લાગડેલી હતી તે વખત તેણે જોયેલુ તો બીજા તો.દારોની સાથે તો.દાર રમેશભાઈ રામાભાઈ પણ ટોળામા હતા, ટોળામા જે માણસો હતા તેમને ઓળખી બતાવતા આ સાહેદ સાબીર હુસેન મજકુર તો.દાર રમેશભાઈ રામાભાઈ ગંગાવતને પણ ના.કોર્ટમાં ઓળખી બતાવેલ છે.

આમ, આ સાહેદ વિરૂધ્ધ ના.કોર્ટમા અગિયાર જેટલા સાહેદોનો સશકત પુરાવો છે.

**તોહમતદાર નં.૪૨ પટેલ પરષોત્તમભાઈ મોહનભાઈ ઉર્ફે પશા મોહન વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો**

(૧) સાહેદ નં-૪૭ ઈબ્રાહીભાઈ :- એ પોતાની જુબાનીમાં ના.કોર્ટમાં જણાવેલ છે તે મુજબ આ તો.દાર ગુનાહિત કૃત્ય આચરી રહેલ ટોળામા સામેલ હતો.

(૨) સાહેદ નં-૫૪ શરીફમીયા ભીખુમીયા :- આ સાહેદ મહત્વના સાહેદ છે, આ સાહેદે તેમના તા.૬.૩.૦૨ ના પોલીસ જવાબમા પણ આ તો.દાર બનાવ વખતે ટોળામાં ડબલા સાથે હતા અને ના.કોર્ટ સમક્ષની જુબાનીમા પણ આ સાહેદે હથિયારો સાથે ચિચિયારીયો પાડતા હિન્દુઓના ટોળામાં મારીનાખો, સળગાવી દો બૂમો પાડતા અને પથ્થરમારો કરતા ટોળામા પશાભાઈ મોહનભાઈ ડબ્બા સાથે હતા તેવુ જણાવેલ છે.

(૩) સાહેદ નં-૫૫ આશીકહુસેન બચુમીયા :- આ સાહેદ ખૂબ જ મહત્વનો સાહેદ છે તેનો પોલીસ જવાબ બનાવબાદ વહેલામા-વહેલી તકે તા.૨.૩.૦૨ ના રોજ નોંધવામાં આવેલ છે તે જવાબમાં સાહેદ આશીકહુસેને આ તો.દાર પટેલ પરષોત્તમભાઈ મોહનભાઈનું નામ કેરબા સાથે હતાં તેમ આપેલ છે. નામદાર કોર્ટ સમક્ષની જુબાનીમા પણ આ સાહેદ બનાવના દિવસે હથિયારો સાથે હિન્દુઓનુ ટોળુ મુસ્લમાનોને મારીનાખો, કાપીનાખો, સળગાવીનાખો, બોલતુ પેટ્રોલ, કેરોસીન, સળગતા કાકડા સાથે આવેલ અને શેખવાસના મકાનોને તોંડફોડ,લૂંટફાટ કરતા હતા તે વખતે તે લોકોને આ સાહેદે જોયેલ તેમા તો.દાર પસાભાઈ મોહનભાઈ ડબલા સાથે હતા તેવુ સ્પષ્ટ જણાવેલ છે અને ના.કોર્ટમા આ સાહેદે મજકુર તો.દારને ઓળખી પણ બતાવેલ છે.

(૪) સાહેદ નં-૬૧ શફીકમીયા બાબુમીયા :- ની ના.કોર્ટમા જુબાની થયેલ છે તે પ્રમાણે બનાવના દિવસે ટોળુ શેખ મોહલ્લાની અંદર સળગાવતા-સળગાવતા આવતા હતા ત્યારે તેણે જોયેલા અને ઓળખેલા તો.દારોમા પટેલ પશાભાઈ મોહનભાઈ પણ હતા એ ટોળુ મકાનો સળગાવતા-સળગાવતા મેહમુદમીયાના મકાન તરફ ગયેલુ અને કેરોસીન,પેટ્રોલ,કાકડા નાંખી સળગાવેલ આ સાહેદ ના.કોર્ટમાં તો.દારને ઓળખી બતાવેલ છે.

> . . . . . . .. એજ ટોળુ બુમો ચીકારીઓ પાડતુ આશરે સાડા અગિયાર વાગે આવેલું કે મીયાંભાઈને મારી નાખે, કાપી નાંખો અને જીવતા સળગાવી દો. પછી અમારા શેખ મહોલ્લા ઉપર જોરદાર પથ્થરમારો કરેલો તે પથ્થરમારામાં મને જમણા પગે ઈજા થયેલી. એ જ ટોળું અમારા શેખ મહોલ્લાની અંદર આવતા મકાન સળગાતા સળગાવતા હતા ત્યારે

મેં જોયેલ અને ઓળખેલા હથિયાર સાથે.કચરાભાઈ ત્રિભાભાઈ . . .. પશાભાઈ મોહનભાઈ .. . .આ સાતોને હથિયાર સાથે જોયેલા . .. . . પછી મને બીક લાગતા હું બચુમીંયા ઈમામમીંયાની નવેળીમાં સંતાઈ ગયેલો. એ ટોળુ મકાનો સળગાવતા સળગાવતા મહેમુદમીંયાના મકાન તરફ ગયેલું ત્યાં જઈને તે મકાનને ચારે બાજુથી ઘેરી લીધેલું. કેરોસીન, પેટ્રોલ, સળગતા કાકડા નાખી મકાન સળગાવેલુ. અમારા માણસોએ ચારેબાજુ બચાવો બચાવોની બુમો પાડવા માંડેલી.. . . . .

(૫) સાહેદ નં-૬૨ રફીકમીયા મોહંમદ હુસેન :- આ ઈન્જર્ડ સાહેદનો પોલીસ જવાબ તા.૧૦.૩.૦૨ ના રોજ થયેલ છે તેમા આ સાહેદે મજકુર તો.દારને નામ આપેલ છે વળી, આ સાહેદે ના.કોર્ટમા પણ બનાવના દિવસે પટેલોના ટોળે-ટોળા ભેગા થતા હતા અને મુસ્લમાનોને મારીનાખો કાપીનાખો બોલી, પથ્થરમારો ચાલુ કરી મુસ્લીમોના મકાનને તોડફોડ કરી, આગ ચાંપવા લાગેલ આ માણસો મેહમુદમીંય હુસેનમીંયાના ઘર તરફ ગયેલ. તે સમયે તે ટોળાના માણસોમા આ સાહેદ રફીકમીયા મોહંમદ હુસેન તો.દાર પશાભાઈ મોહનભાઈને જોયેલ.

(૬) સાહેદ નં-૬૬ અકબરમીયા રસુલમીયા :- આ સાહેદની ના.કોર્ટમા જુબાની થયેલ છે તે પ્રમાણે અગાઉ જણાવ્યા પ્રમાણે તેમણે બનાવ નજરે જોયલ છે તે બનાવ વખતે બચુભાઈ ગાડી પાછળ સંતાઈ ગયેલ હતો તેને બરડામા, કપાળમા, પગની નળીએ ઈજાઓ થયેલ તેણે ગામના પટેલોને મેહમુદમીયાના ઘર તરફ સળગાવતા-સળગાવતા આવતા જોયેલ તે પોતાની જાતને બચાવવા કબ્રસ્તાનની કબરમા સંતાઈ ગયેલ આ સાહેદે ના.કોર્ટમા તો.દાર પરષોત્તમ મોહનભાઈને ઓળખી બતાવેલ છે.

(૭) સાહેદ નં- ૬૮ ગુલામઅલી અકબરમીયા :- આ ઈન્જર્ડ સાહેદ ના.કોર્ટમા પોતાની જુબાનીમા સ્પષ્ટ જણાવે છે કે બનાવના દિવસે પટેલોનુ ટોળુ પથ્થરમારો કરતુ અને આગ લગાડતુ શેખ મોહલ્લામા આવેલ અને તેમનો થોડીવાર સામનો કર્યા બાદ આ સાહેદને પગે,ખભા ઉપર ઈજાઓ થયેલ અને તે બચુમીયા ઈમામમીયાની નવેળીએ ઉભો રહેલો તે વખતે પટેલોનુ ટોળુ અંદર આવેલુ ત્યારે તેણે જોયેલ તો બીજા તો.દારો સાથે આ તો.દાર પશાભાઈ મોહનભાઈ પણ હતા. આ પટેલોનુ ટોળુ બાળતા બાળતા મહેમુદભાઈના ઘર તરફ ગયેલુ, મહેમુદભાઈના ઘરને આ લોકોએ ઘેરી લીધેલું, મહેમુદભાઈના ઘરના દરવાજાનો તોડવાની કોશીશ કરેલી તેમજ મકાનની બારી તોડ નાંખેલી, ધાબુ તોડવાની પણ

કોશીશ કરેલી. ભારી તોડીને કેરોસીન પેટ્રોલ સળગતા કાકડા નાખેલા. અમારા લોકો બચાવો બચાવોની બુમો પડતા હતા. ત્યાં સાહેદની હાજરી હોવા છતાં બચાવી શકેલા નહીં. તેવી સ્પષ્ટ જુબાની ના.કોર્ટ સમક્ષ આપેલ છે. અને આ અગ્નિકાંડ કરી રહેલ ટોળામાં તોહમતદાર પશાભાઈ મોહનભાઈ પણ હતા.

(૮) સાહેદ નં-૬૯ મેહમુદમીયા હુસેનમીયા :- આ સાહેદનો પોલીસ જવાબ તા.૬.૩.૦૨ ના રોજ થયેલ છે અને તેમાં પણ આ સાહેદે આ તો.દારનું નામ આપેલ છે અને ના.કોર્ટ સમક્ષ પોતાની જુબાનીમા પણ જણાવેલ છે તે પ્રમાણે બનાવના દિવસે ટોળાના હુમલાથી બચવા શેખ મોહલ્લાના માણસો આ સાહેદના ઘરમાં ઘૂસેલા જે હથિયારબંધ ટોળુ મોહલ્લામા આવેલ તો આ તો.દાર પશાભાઈ મોહનભાઈ પણ હતા અને તેમના હાથમા કેરોસીનનુ ડબલુ હતુ. આ સાહેદ બન્ને પગે અપંગ હોઈ તેમજ વીટનેશ બોક્ષમાંથી દુરથી તો.દારોને ઓળખવામા મુશ્કેલી અનુભવતો હોઈ અને તો.દારોમા પાછળ બેઠેલ વ્યક્તિઓ જોઈ શકાય તે માટે આગળના તો.દારને માથુ નીચે કરવા કોર્ટે પગલા લેવા પડેલ પરંતુ આ સાહેદ તો.દારને ઉપરોક્ત કારણોસર ઓળખવામા મુશ્કેલી અનુભવતો હતો.

(૯) સાહેદ નં-૭૦ મુનસફખાન યાસીનખાન પઠાણ :- આ સાહેદે પોતાના પોલીસ જવાબમાં આ તો.દાર પશાભાઈ મોહનભાઈ ડબલા સાથે હતા ઉપરાંત ના.કોર્ટમાં પણ બનાવના દિવસે જે ટોળુ પથ્થરમારો,આગ,લૂંટફાટ, કરતુ હતુ તેમા તો.દાર પશાભાઈ મોહનભાઈ પાસે કેરબો હતો તેવી જુબાની છે.

(૧૦) સાહેદ નં-૭૭ બદરૂનીશા અકબરમીયા તથા આ સાહેદોએ ના.કોર્ટમાં પોતાની જુબાનીમાં બનાવના દિવસે તો.દાર પશાભાઈ મોહનભાઈ ગુનાહિત કૃત્યો કરી રહેલ ટોળામા હતા તે તરફ અંગુલી નિર્દેશ કરેલ છે.

(૧૧) સાહેદ નં-૭૮ બશીરાબીબી બચુમીયા :- આ ઈન્જર્ડ સાહેદ ના પતિ બનાવમાં ગુજરી ગયેલ હોઈ ઈદ્દતમાં બેઠેલ અને તે સમય દરમ્યાન રીવાજ પ્રમાણે ઘરની બહાર નીકળી શકે નહિ. તેણીએ સીટ સમક્ષ તા.૨૨.૫.૦૮ ના રોજ નિવેદન આપેલ છે તેમા તેણીના જણાવ્યા પ્રમાણે તા.૧૭.૪.૦૨ ના રોજ પોલીસ રૂબરૂના જવાબમાં તો.દારના નામ લખાવેલ તે નીચે મુજબ હતા તેમ જણાવી તેણીએ દસ જેટલા તો.દારોના નામ લખાવેલ છે જેમા આ તો.દાર પશાભાઈ મોહનભાઈનુ નામ પણ તેણીએ લખાવેલ ના.કોર્ટ સમક્ષની જુબાનીમાં તેણીએ સ્પષ્ટ રીતે જણાવેલ છે કે બનાવના દિવસે પટેલ લોકોનુ ટોળુ મીયાને મારી નાંખો કાપી નાંખો એક પણ જીવતો

રહેવો જોઈએ નહી તેવુ બૂમો પાડતુ શેખ મોહલ્લાના નાકે આવેલુ અને ઘરો સળગાવવા લાગેલા લૂંટફાટ કરેલી ટોળાના માણસોને આ સાહેદે નજરો નજર જોયેલા અને તેણીને બીક લાગતા જીવ બચાવવાતે મહેમુદમીયાંના ઘરમાં ગયેલ તેણી તેના પતિ બચુમીયા નાથુમીયા તેણીનો ભાઈ, તેણીની મામી,નાનાભાભી, ભત્રીજી,ત્રણ દિકરા મેહમુદમીયાના ઘરમાં ગયેલા ટોળાએ મહેમુદમીયાનુ મકાન ચારે-બાજુથી ઘરી લીધેલ અને તેણીએ જોયેલ તો બારી તોંડી કેરોસીન, પેટ્રોલ નાંખી કાકડા નાંખી સળગાવી દીધેલ તે ટોળામાં તેણીએ આ તો.દાર પશાભાઈ મોહનભાઈને જોયેલ આ હુમલામાં આ સાહેદ બશીરાબીબી પતિ બચુમીયા, તેણીના મોટાભાઈ અબ્બાસમીયા,ભાભી રૂકશાનાબીબી, ભાભી મુમતાજબીબી,ભત્રીજી સાયરાબીબીને જીવતા બાળી નાંખવામા આવેલ આ સાહેદે પણ પોતાને થયેલ ઈજાઓની સારવાર લીધેલી છે તેણી બન્ને પગ મોંઢા ઉપર બનાવ વખતે બળી ગયેલ તેણીના નાના બાબા ઈલીયાસને પણ ટોળ દ્વારા આચરવામાં આવેલ અગ્નિકાંડમા ડાબા કાને, ડાબા પગે, સખત ઈજાઓ થયેલ આ સાહેદે આ તો.દાર પશાભાઈ મોહનભાઈ ગુનાહિત કૃત્ય કરી રહેલ ટોળામાં હતા તે તરફ અંગુલી નિર્દેષ કરેલ છે.

(૧૨) સાહેદ નં-૮૧ દિલાવરખાન અબ્બાસમીયા શેખ :- આ સાહેદ ખૂબ જ મહત્વનો સાહેદ છે તે બનાવ વખતે ખૂબ જ નાની ઊંમર એટલે કે બાર વર્ષનો હતો તે સરદારપુર ગામનો રહેવાસી છે બનાવના દિવસે હિન્દુઓના ટોળાએ શેખવાસ ઉપર હુમલો કરેલ તે વખતે જીવ બચાવવા મેહમુદમીયા ઉપર હુમલો કરેલ તે વખતે જીવ બચાવવા મેહમુદમીયા હુસેનમીયાના મકાનમા ૫૦ જેટલા માણસો સંતાઈ ગયેલ તેમા આ કુમળી વયનો સાહેદ પણ હતો, હુમલો કરનાર ટોળાના લોકોએ જે મેહમુમીયાના ઘરમા આ સાહેદ હતો તે ઘરના દરવાજા બંધ કરી દીધેલ અને બારી તોડી અંદર પેટ્રોલ, કેરોરસીન, કેમીકલ, છાંટી મેહમુદમીયાનું ઘર સળગાવેલ તેથી આગ લાગતા ૨૯ માણસો સળગીને મૃત્યુ પામેલા મૃત્યુ પામનારાઓમા આ બાળ સાહેદના માતા-પિતા અને મોટી બહેન પણ તેની નજરો સમક્ષ સળગીને મૃત્યુ પામેલ તેની નાની બહેન બન્ને પગે દાઝી ગયેલ અને પોલીસે આવીને તેમને ઘરમાંથી બહાર કાઢેલ આ સાહેદના જણાવ્યા પ્રમાણે ટોળાના માણસોને તે જોઈને ઓળખી શકે છે જુબાની વખતે આ સાહેદની ઊંમર ૧૭ વર્ષની છે તેણે હુમલો કરનાર ટોળામા જે તો.દારો હતા તેમને એક પછી એક

ઓળખી બતાવેલ છે આ સાહેદે ના.કોર્ટમાં આ તો.દાર પરષોત્તમભાઈ મોહનભાઈને ઓળખી બતાવેલ છે.

## <u>તોહમતદાર નં.૪૩ પટેલ અશ્વિનભાઈ જગાભાઈ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>

(૧) <u>સાહેદ નં-૪૭ ઈબ્રાહીમભાઈ રસુલભાઈ શેખ</u>

ફરીયાદી ઈબ્રાહીભાઈ રસુલમીયાએ આ કામમાં તા.ર.૩.૦ર ના રોજ બનાવ બાબતની છે ફરીયાદ આપેલ છે તે મહત્વની F.I.R. છે. તે એફ.આઈ.આર માં પણ બનાવના દિવસે પટેલોનુ ટોળુ સાલાબાંડીયાઓને કાપીનાખો, બાળીનાખો એકેય બચવો જોઈએ નહી તેવુ બૂમો પડતું શેખ મહોલ્લા પર હુમલો કરવા આવેલ તથા ગલ્લાઓ તથા મકાનોને સળગાવવા માંડેલ તે ટોળુ હથિયારોથી સજ્જ હતુ અને તે ટોળામા આ તો.દાર પટેલ અશ્વિનભાઈ જગાભાઈ હતા તે આ સાહેદે નજરોનજર જોયેલ છે.

(ર) <u>સાહેદ નં-પર હિઝબુલમીયા હુસેનમીયા</u>

આ સાહેદ હિઝબુલમીયા હુસેનમીયાંનો પોલીસ જવાબ તા.૧૦-૩-૦ર ના રોજ થયેલ છે અને પોતાના પોલીસ જવાબમાં આ તો.દાર તોફાની ટોળામાં આગ લૂંટ ફાટ કરતાં હથિયારબંધ તો.દારોમાં આ તો.દાર પટેલ અશ્વિનભાઈ જગાભાઈ પણ હતા તેવુ લખાવેલ છે ના.કોર્ટ સમક્ષ ની જુબાનીમાં પણ આ સાહેદ હિઝબુલમીયાએ જુબાની આપેલ છે તે પ્રમાણે, બનાવના દિવસે તે જમી પરવારી પોતાના ઘરે બેઠો હતો તે વખતે પટેલોના ટોળે-ટોળા ભેગા થયેલા મુસ્લમાનોને મારીનાંખો કાપીનાંખો તેવુ બોલતા હતા. અને નવેક વાગ્યાના સુમારે સાંજના સમયે કેબીનો અને ગલ્લાઓ તેઓએ સળગાવેલા પોલીસ આવતા તે ટોળુ નાસી ગયેલ પરંતુ થોડી વાર પછી એ ટોળુ બૂમો પાડતુ મુસ્લમાનોને મારીનાખો કાપીનાખો તેવુ બોલતા શેખવાસ તરફ આવેલ અને પથ્થરમારો શરૂ કરેલ શેખવાસના માણસો બચવા માટે મહેમુદભાઈના મકાનમાં પેસી ગયેલ આ સાહેદને બીક લાગતા તે અકબરભાઈના

ઘરની આડમા સંતાઈ ગયેલ અને જોયેલ તો પટેલોના ટોળામાં બીજા તો.દારો સાથે આ તો.દાર પટેલ અશ્વિનભાઈ જગાભાઈ પણ હતા.

અગાઉ ના.કોર્ટનુ ધ્યાન દોરવામા આવેલ તે પ્રમાણે આ સાહેદને ના.કોર્ટમાં તો.દારોને ઓળખવામાં તેમની બેઠક વ્યવસ્થાના કારણો મુશ્કેલી પડતી હોવાના કારણે અરજી આંક ૫૧૪ થી ના.કોર્ટને વિનંતી કરવામા આવેલ કે તેને તો.દારો પાસે જઈ તેમની ઓળખાણ કરવા તક આપવામાં આવે પરંતુ, ના.કોર્ટ તેની રીતે અરજી ના મંજૂર કરેલ અને કમનસીબે આ સાહેદ આ તો.દાર અશ્વિનભાઈ જગાભાઈને ના.કોર્ટમા ઓળખી શકેલ નહી.

(૩) <u>સાહેદ નં-૫૪ શરીફમીયાં ભીખુમીયા</u>

આ સાહેદનો પોલીસ જવાબ તા. ૬.૩.૨૦૦૨ ના રોજ થયેલ છે અને મહત્વની હકીકત તે છે કે તે જવાબમાં આ સાહેદ શરીફમીયાએ આ તો.દાર અશ્વિન જગાભાઈ ગુનાહિત કૃત્યો કરી રહેલ ટોળામાં સળગતા કાકડા સાથે હતો તેવુ લખાવેલ છે.

ના.કોર્ટ સમક્ષની જુબાનીમાં પણ આ સાહેદે બનાવના દિવસે પથ્થરમારો અને આગચાંપતા અને બૂમો પાડતા હિન્દુઓના ટોળામાં આ તો.દાર અશ્વિનભાઈ જગાભાઈ પણ બનાવના દિવસે હાજર હતા તેવુ જણાવેલ છે.

(૪) <u>સાહેદ નં-૫૯ મહંમદ સત્તાર બચુમીયાં</u>

આ સાહેદે ના.કોર્ટની તેની જુબાનીમા સ્પષ્ટ જણાવેલ છે કે ૧.૩.૦૨ ના રોજ ભારત બંધનુ એલાન હતુ તે વખતે રાતના ૧૧.૩૦, ૧૨.૦૦ એક વાગે પટેલોનુ ટોળુ મુસલમાનોને મારી નાખો વગેરે બૂમો પાડતું ગોધરામાં હિન્દુ લોકોને જીવતાં સળગાવી દીધા છે તેના કારણે આમને પણ જીવતા સળગાવી મારો જેવી બૂમો પાડી પથ્થરમારો ચાલુ કરેલો તે ટોળુ મુસ્લીમોના મકાનોને તોંડફોડ કરી આગ લગાડતા હતા. બધા ગભરાઈ જતા તેમના પરિજનોને મેહમુદભાઈના મકાનમાં મૂકી આવેલા આ સાહેદ બીકના માર્યા બાજુના અકબરમીયાં રસુલમીયાના મકાનમા સંતાઈ ગયેલો અને તેની બારીમાંથી જોઈ રહેલો તેના ઘર આગળ જીપગાડી ટોળાએ સળગાવી દીધેલ તે ગાડી બળતી હતી તેના અજવાળામાં તેણે તો.દારોને ઓળખેલ તે તો.દારના ટોળામા આ તો.દાર પટેલ અશ્વિનભાઈ જગાભાઈ પણ હતા તે આ સાહેદે જોયેલ છે. આ મહત્વના સાહેદે ના.કોર્ટમાં મજકુર તો.દાર અશ્વિન જગાભાઈને ઓળખી પણ બતાવેલ છે. આમ, આ સાહેદની જુબાની ખૂબજ મહત્વની અને સશક્ત છે.

(૫) <u>સાહેદ નં-૬૨ રફીકમીયાં મહંમદ હુસેન :-</u>

આ ઈન્જર્ડ સાહેદનો પોલીસ જવાબ તા. ૧૦.૩.૨૦૦૨ ના રોજ થયેલ છે અને પોતાના તે જવાબમાં પણ આ સાહેદે તો.દાર અશ્વિનભાઈ જગાભાઈનુ નામ આપેલ છે.

તેથી આ સાહેદના મજકુર તો.દાર સામેના પુરાવાનુ મહત્વ વધી જાય છે આ સાહેદે નામદાર કોર્ટમાં પણ પોતાની જુબાનીમાં સ્પષ્ટ જણાવ્યુ છે કે, બનાવના દિવસે રાતના પટેલોનુ ટોળુ ચીચીયારીઓ પાડતુ મુસલમાનોને મારી નાખો કાપીનાખો બુમો પાડતુ આવેલ અને પથ્થરમારો ચાલુ કરેલ તે ટોળાના માણસો આ સાહેદના ગામના માણસો હતા તેમા આ સાહેદે જોયેલ તેમા આ તો.દાર અશ્વિનભાઈ જગાભાઈ પણ હતા. તે ટોળુ એક પછી એક મકાન બાળતા મેહમુદમીયાં હુસેનમીયાં ઘર તરફ ગયેલા અને તે મકાનને ઘેરીને બાળેલ

આ સાહેદે ના.કોર્ટમાં તો.દાર અશ્વિન જગાભાઈને ઓળખી પણ બતાવેલ છે.

(૬) <u>સાહેદ નં-૬૫ અકબરમીયાં નાથુમીયાં શેખ :-</u>

આ સાહેદનો પોલીસ જવાબ તા.૧૦.૩.૦૨ ના રોજ થયેલ છે તેમા પણ આ સાહેદે આ તો.દાર અશ્વિનભાઈ જગાભાઈનુ નામ તો.દાર તરીકે જણાવેલ છે ના.કોર્ટ સમક્ષની જુબાનીમા પણ બનાવના દિવસે આ સાહેદ મહોલ્લાના નાકે ઉભો હતો આ સાહેદના જણાવ્યા પ્રમાણે કનુભાઈ સરપંચ, બેચરભાઈ ઓધવભાઈ,મથુરભાઈ ત્રિકમભાઈએ ઘરની આગળ લાઈટ લગાડી ચાલુ કરેલી રાતના હિન્દુઓનુ ટોળુ મીયાંભાઈને કાપીનાખો,મારીનાખો સળગાવી દો બૂમો પાડતુ આવેલ અને ઘરોને આગ લગાડી તોડફોડ કરી સળગવવા માંડેલ તે ટોળામાં અશ્વિન જગાભાઈ પણ ડબલા સાથે હતા.

(૭) <u>સાહેદ નં-૬૯ મેહમુદમીયાં હુસેનમીયાં શેખ</u>

આ મહત્વના સાહેદનો જવાબ પોલીસે તા.૬.૩.૦૨ ના રોજ લીધેલ છે બનાવ આ સાહેદના ઘરમા બનેલ છે, બનાવના દિવસે એટલે કે ૧.૩.૦૨ ના રોજ ભારતબંધનુ એલાન હતુ અને રાત્રીના ૯.૩૦ વાગ્યાના સુમારે પટેલોના ટોળાએ શેખ મહોલ્લા ઉપર પ્રથમ હુમલો કરેલ અને મહોલ્લાના નાકે ગલ્લા સળગાવેલા, પોલીસ

આવતા ટોળુ વિખેરાઈ ગયેલુ પછી ટોળુ ફરીથી આવેલ અને ઘરો સળગાવવા માંડેલ શેખ મહોલ્લાના માણસો બચવા માટે આ સાહેદના ઘરમાં ઘૂસી ગયેલ ૪૦ માણસો તે ઘરમાં ઘૂસી ગયલા જે ટોળુ સળગતા કાકડા સાથે આગચાંપતુ હતુ તે ટોળામા આ પટેલ અશ્વિન જગાભાઈ પણ હતા આ સાહેદ બાબાભાઈના મકાનના પતરા નીચે હતો અને આ બધુ જોઈ રહયો હતો તે મતલબની જુબાની ના.કોર્ટમા છે.

આ મહત્વના સાહેદે તો.દાર પટેલ અશ્વિનભાઈ જગાભાઈને ના.કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે.

(૮) <u>સાહેદ નં-૭૫ ફીરોજાબાનુ બચુમીયાં શેખ :-</u>

આ સાહેદ કમનસીબ બનાવના દિવસે મહેમુમીયાંના મકાનમા હતી તે રૂમમાં હિન્દુ લોકોએ બારીનો સળીયો તોડી તેમાંથી કરોસીન, પેટ્રોલ નાંખી અંદરના માણસોને સળગાવેલા, પોલીસ આવેલી અને દરવાજો ખોલીને તેમને બહાર કાઢેલા, પોલીસે દરવાજો પકડયો તે વખતે ઈલેકટ્રીક શોર્ટ ચાલુ હતો પોલીસે રાઈફલથી વાયર તોંડેલ તે વાયર નટુ પવારના ઘરમાંથી આવતો હતો. આ બાઈને પણ ઈજા થયેલ હતી. ના.કોર્ટ સમક્ષની જુબાનીનાં પેરા-૩માં આ સાહેદે સ્પષ્ટ જણાવેલ છે કે મે ટોળામાં જે વ્યક્તિઓને જોંયેલા તેમને હુ ઓળખી શકુ. ના.કોર્ટમાં આ સાહેદે તો.દાર અશ્વિન જગાભાઈને ઓળખી બતાવેલ છે.

આ સાહેદની જુબાની ના માનવાનુ દેખીતુ કોઈ જ કારણ નથી.

## <u>તોહમતદાર નં.૪૪ પટેલ અંબાલાલ મગનભાઈ કપૂર વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>

(૧) <u>સાહેદ નં-૪૭ ઈબ્રાહીમભાઈ રસુલભાઈ શેખ :-</u>

ફરીયાદી ઈબ્રાહીમભાઈ ના.કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવના દિવસે તોફાન લૂંટફાટ, આગચંપી કરી રહેલ ટોળામા આ તો.દાર અંબાલાલ પણ હતા, જે ફરીયાદીએ જોયેલ અને ઓળખેલ, ના.કોર્ટ સમક્ષ પણ ફરીયાદી તો.દાર અંબાલાલ મગનભાઈને ઓળખી બતાવેલ છે

(૨) <u>સાહેદ નં-૫૪ શરીફમીયાં ભીખુમીયાં શેખ :-</u>

આ સાહેદનો પોલીસ જવાબ ૬.૩.૦૨ના દિવસે નોંધવામાં આવેલ છે તેમા પણ આ સાહેદે તો.દાર અંબાલાલ મગનભાઈ બનાવના દિવસે ટોળામાં ધારીયા સાથે હતા તેવુ લખાવેલ છે. વળી, ના.કોર્ટ સમક્ષની જુબાનીમાં સાહેદ શરીફમીયાએ જણાવેલ છે કે સરદારપુરા ગામમાં તે રહેતો હતો અને પાન-બીડીનુ કેબીન ચલાવતો હતો.

તા. ૧.૩.૦૨ના રોજ સાંજના સાતેક વાગ્યે અમરતભાઈ સોમાભાઈ મહેરવાડીયાએ લાઈટના થાંભલા ઉપર હેલોજન લેમ્પ લગાડેલ તે વખતે એમણે કહેલ કે, આજે બાંડીયાઓને મારવાની મજા આવેશે આથી આ સાહેદને બીક લાગતા તે પરિવાર સાથે શેખ મહોલ્લામા બચુમીયા ઈમામમીયાના ઘરે જતો રહેલ રાત્રીના નવ વાગ્યાના સુમારે હિન્દુઓનુ ટોળુ હથિયારો ધારીયા, પાઈપો,તલવારો સાથે બૂમો ચીચીયારીઓ પાડતા આવેલ અને શેખ મહોલ્લાના નાકે આવેલ ત્રણ કેબીનો સળગાવેલા પોલીસ આવતા ટોળુ વિખેરાઈ ગયેલ પરંતુ, પોલીસ આવીને જતી રહી પછી તેજ ટોળુ શેખ મહોલ્લાના નાકે ચીચીયારીએ પાડતુ આવેલ અને મીયાઓને મારીનાખો, સળગાવીનાખો તેવી બૂમો પાડતા પથ્થરમારો કરેલો.

આ ટોળાએ મુસ્લીમોના મકાનો સળગાવી તોડફોડ કરવા માંડેલ તે ટોળામા તો.દાર અંબાલાલ મગનભાઈ પણ ધારીયા સાથે સામેલ હતા.

આ સાહેદે ના.કોર્ટમાં તો.દાર અંબાલાલ મગનભાઈને ઓળખી પણ બતાવેલ છે.

આમ, સાહેદને ન માનવાનુ કોઈ કારણ નથી અને તેમની જુબાની ભરોસાપાત્ર અને મહત્વની છે.

(૩) <u>સાહેદ નં-૫૫ આશીક હુસેન બચુમીયાં :-</u>

આ સાહેદે ના.કોર્ટ સમક્ષની જુબાનીમા જણાવેલ છે કે, તા.૧.૩.૦૨ ના રોજ તે તેના પરિવાર સાથે ઘરે હાજર હતો તે વખતે રાતના નવ વાગે ગામના હિન્દુ લોકોના ટોળાએ બૂમો ચીચીયારીઓ પાડી હાથમા હથિયારો સાથે કેરોસીન,પેટ્રોલના ડબ્બા સળગતા કાકડા સાથે હુમલો કરેલ અને શેખવાસના નાકે ત્રણ કેબીનોને તોડફોડ લૂંટફાટ કરી આગચાંપેલ પોલીસ આવતા ટોળુ વિખરાઈ ગયેલ ત્યારબાદ થોડી જ વાર પછી આજ ટોળુ ફરીથી શેખવાસ તરફ બૂમો કીકીયારીઓ પાડતુ શેખવાસના મકાનો અને ગલ્લાઓ તોડફોડ, લૂંટફાટ, પથ્થરમારો કરતુ આવેલ તે ટોળામા આ સાહેદે અંબાલાલ મગનભાઈને પણ જોયેલા, તેની જીપ સળગાવતા પટેલ કચરાભાઈ ત્રિભોવનદાસ તેમ આ તો.દાર અંબાલાલ મગનભાઈ તથા રમણભાઈ ગણેશભાઈને આ સાહેદે જોયેલા ત્યારબાદ આ સાહેદ જીવ બચાવવા પઠાણ મહોલ્લા તરફ ભાગી ગયેલો.

ના.કોર્ટ સમક્ષ આ મહત્વના સાહેદે મજકુર તો.દારને ઓળખી પણ બતાવેલ છે.

(૪) <u>સાહેદ નં-૫૮ સાબીરહુસેન ઈમામશા :-</u>

આ સાહેદ ખૂબ જ મહત્વનો સાહેદ છે અને તા.૧.૩.૦૨ના રોજ બનેલ બનાવ બાદ વહેલામા-વહેલી તકે તેના પોલીસ જવાબ તા. ૩.૩.૦૨ના રોજ નોંધવામા આવેલ છે. પોતાના તે પોલીસ જવાબમા પણ સાહેદ સાબીરહુસેને તો.દાર અંબાલાલ મગનભાઈનુ નામ લખાવેલ છે. વળી, ના.કોર્ટ સમક્ષની જુબાનીમા સાહેદ શાબીર હુસેન જણાવેલ છે કે, તા.૧.૩.૦૨ના રાત્રીના ૮.૩૦ વાગ્યાના સુમારે તે તેના ઘરમાં હતો, ત્યારે બૂમો અને કીકીયારીઓના અવાજ સંભળાતા ઘરની બહાર નીકળીને જોયેલુ તો ગામના પટેલોનુ ટોળુ ઉભેલુ હતુ અને બૂમો પાડતા હતા કે, મીયાઓને મારો,કાપો અને જીવતા સળગાવી દો તે બધાના હાથમા હથિયાર હતા જેમા લાકડીઓ ધારીયા,પાઈપો અને તલવારો જેવા હથિયારો હતા આ ટોળુ તેના ઘર તરફ આવવા લાગેલ તે વખતે તેણે તે ટોળામા તો.દારોને ઓળખેલ તેમા આ તો.દાર અંબાલાલ મગનભાઈ પણ હતા.

સાહેદ સાબીરહુસેન તો.દાર અંબાલાલ મગનભાઈને ના.કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે.

(૫) <u>સાહેદ નં-૫૯ મોહંમદ સત્તાર બચુમીયાં શેખ</u>

આ સાહેદ આ તો.દાર સામેના પુરાવા માટે ખૂબ જ મહત્વનો સાહેદ છે. આ સાહેદે તા. ૧.૩.૦૨ના બનાવ બાદ પોલીસમાં વહેલામા-વહેલી તકે તા.૨.૩.૦૨ ના

રોજ જવાબ લખાવેલ છે તેમા પણ મજકુર તો.દાર હાથમાં ધારીયા સાથે બનાવ વખતે હતા તેવુ લખાવેલ છે વળી, ના.કોર્ટ સમક્ષની જુબાનીમા પણ તા. ૧.૩.૦૨ના રોજ તે પોતાના ઘરે હતો ત્યારે રાતના ૯.૩૦-૧૦.૦૦ વાગે પટેલોના ટોળાએ મારો કાપોની બૂમો પાડી શેખ મહોલ્લાના નાકે આવેલા ત્રણ કેબીનોની તોડફોડ કરી લૂંટફાટ કરી સળગાવેલા અને પોલીસ આવતા તે ટોળુ નાસી ગયેલુ, બાદમા તેજ ટોળુ ૧૧.૦૦ એક વાગે ફરથી બૂમો કીકીયારીઓ પાડતુ આજે મુસલમાનોને છોડવાના નથી-ગોધરામા હિન્દુ લોકોને મુસ્લીમોએ જીવતા સળગાવી દીધા છે તેના કારણે આપને પણ જીવતા સળગાવી મારીનાંખો જેવી બૂમો પાડી પથ્થરમારો કરેલો અને મુસ્લીમોના મકાનો તોડફોડ કરી આગ લગાડવાનુ શરૂ કરતા તેઓ ગભરાઈ ગયેલા અને પોતાના પરિવારને મેહમુદભાઈના પાકા મકાનમા મૂકી આવેલા આ  સાહેદ બીકના મારે બાજુના અકબરમીયા રસુલમીયાના મકાનમા સંતાઈ ગયેલો અને તેની  બારીમાંથી જોઈ રહેલો ટોળાએ તેમની જીપ સળગાવી દીધેલ અને ગાડી બળતી હતી તેના અજવાળામા આ સાહેદે ટોળાના છે લોકોને જોયલા અને ઓળખેલા તેમા અંબાલાલ મગનભાઈના હાથમા ધારીયુ હતુ તેવી તેની સ્પષ્ટ જુબાની છે.

આ ઉપરાંત આ સાહેદે ના.કોર્ટમા આ તો.દારને ઓળખી પણ બતાવેલ છે આમ, તો.દાર અંબાલાલ મગનભાઈ કપૂર સામે સાહેદ મોહંમદ સત્તાર બચુમીયા શેખનો ખૂબ જ મહત્વનો વિશ્વસનીય અને સશકત પુરાવો છે.

(૬) <u>સાહેદ નં-૬૦ બચુમીયાં ઈમામમીયાં :-</u>

આ સાહેદની ના.કોર્ટમાં જુબાની થયેલ છે તે પ્રમાણે તા.૨૮.૨.૦૨ ના રોજ શેખ મહોલ્લાના નાકે સ્ટ્રીટ લાઈટનો થાંભલો આવેલ છે તે વખતે વાયરમેન મથુરભાઈ ત્રિકમભાઈએ ડાયરેક્ટ લાઈટ ચાલે કરેલી તેમના કબ્રસ્તાનના થાંભલા ઉપર ફોક્સલાઈટ મૂકેલી જેનુ શેખ મહોલ્લા તરફ પડતુ હતુ. તા. ૨૮.૨.૦૨ ના રાતના સમયે બજારમાં કેબીનો સળગાવવામાં આવેલ તા.૧.૩.૦૨ ના રોજ ભારતબંધનુ એલાન હતુ અને શેખ મહોલ્લાના તમામ સભ્યો હાજર હતા તે વખતે પેટ્રોલ, અને કેરોસીન જેવા ડબ્બા સાથે ટોળુ આવેલ, લાઈટના અજવાળામાં આ સાહેદે જોયલ તે ટોળામાં આ તો.દાર અંબાલાલ મગનભાઈ પણ હતા આ ટોળાએ મહોલ્લાના નાકે ત્રણ કેબીનો તોડફોડ કરી સળગાવેલ અને પોલીસ આવતા વિખરાઈ ગયેલ

એ ટોળુ આશરે ૧૧.૦૦ વાગ્યાના  સુમારે પાછુ આવેલુ અને પથ્થરમારો ચાલુ કરેલો ટોળાના માણસોએ આ સાહેદની જીપગાડી ઉપર પેટ્રોલ-કેરોસીન છાંટી

સળગાવી તે વખત કચરાભાઈ ત્રિભોવન દાસ તથા આ તો.દાર અંબાલાલ મગનભાઈએ કેરોસીન પેટ્રોલ છાંટેલુ રાજેશ પૂંજાભાઈએ સળગતો કાકડો નાખેલો તેથી ગાડીને મોટો ભડકોં થયેલો તે પછી આ ટોળુ મેહમુદભાઈના મકાન તરફ ગયેલુ અને બારી તોડી કેરોસીન પેટ્રોલ છાંટી કાકડો નાંખી ૨૮ જેટલા સ્ત્રી-પુરુષો અને નાના બાળકોને બાળી નાખંલા ના.કોર્ટ સમક્ષ આ સાહેદે તો.દાર અંબાલાલ મગનભાઈને ઓળખી બતાવેલ છે.

આમ, આ સાહેદનો પુરાવો મજકુર તો.દાર સામે ખૂબ જ મજબૂત અને વિશ્વસનીય પુરાવો છે.

(૭) <u>સાહેદ નં-૬૧ સફીકમીયાં બાબુમીયાં</u>

આ સાહેદ ના.કોર્ટમાં બનાવના દિવસે બૂમો ચીચીયારીઓ પાડતા હથિયાર બંધ ટોળુ આગ લગાડતા શેખ મહોલ્લા ઉપર પથ્થરમારો કરતુ આવેલ તેમા તેને જમણા પગે ઈજા થયેલાનુ જણાવે છે તે ટોળુ શેખ મહોલ્લાની અંદર આવતા મકાન સળગાવતા આવતા હતા ત્યારે તેણે જોયેલ અને ઓળખેલ ત્યારે તેમા આ તો.દાર અંબાલાલ મગનભાઈ પણ હતા એ ટોળુ મકાનો સળગાવતા સળગાવતા મેહમુદમીયાના મકાન તરફ ગયેલુ ત્યાં જઈને તે મકાનને ચારે બાજુથી ઘેરી લઈને કેરોસીન,પેટ્રોલ સળગતા કાકડા નાંખી મકાન સળગાવેલુ તે મકાનમા આ સાહેદનીમા મરણ પામેલ, તેની પત્ની ફરીદાબાનુ દાઝી ગયેલ, દીકરી સુહાના બાનું દાઝી ગયેલ જે પાછળથી મરણ પામેલ આ સાહેદે ના.કોર્ટમા તેની જુબાનીમા પેરા-૩માં તો.દારોને ઓળખી બતાવેલ છે તેમાં આ તો.દા અંબાલાલ મગનભાઈની પણ તેણે ઓળખી બતાવેલ છે. આમ, મજકુર તો.દાર સામે આ સાહેદ પણ મહત્વનો પુરાવો આપે છે.

(૮) <u>સાહેદ નં-૬૨ રફીકમીયાં મહંમદ હુસેન :-</u>

આ ઈન્જર્ડ સાહેદે પોતાના ૧૦.૩.૦૩ના પોતાના પોલીસ જવાબમા પણ આ તો.દારનુ નામ લખાવેલ છે તેમજ ના.કોર્ટમાં તેની જુબાનીમા જણાવે છે તે પ્રમાણે, તેનુ કેબીન ધમકી આપી, ઝપાઝપી કરી ગામના પટેલોએ બંધ કરાવેલ ત્યારે તે કેબીન બંધ કરી મહોલ્લામાં પોતાના ઘરે જતો રહેલ બનાવના દિવસે ગામના પટેલો સાંજના સમયે ભેગા થતા હતા અને પંચાયત આગળ મુસ્લમાનોના કેબીન બાળી નાંખેલા ત્યારબાદ તા. ૧.૩.૦૨ ના રોજ સાંજના સમયે પટેલોના ટોળે-ટોળા ભેગા થયેલા અને ૯.૩૦ વાગ્યાના સુમારે બાળીનાંખો, મુસલમાનોને કાપીનાંખો, સળગાવી દો જેવી બૂમો પાડી મહોલ્લાના નાકે આવેલ કેબીનો જેમા આ સાહેદનુ કેબીન પણ હતુ તે બાળી નાંખેલ પોલીસ આવતા આ માણસો જતાં રહેલા. ત્યાર પછી આ ટોળાના માણસો ૧૧.૦૦-૧૧.૩૦ વાગે ફરી

બૂમો અને ચીચીયારીઓ પાડતા આવી પથ્થરમારો ચાલુ કરેલ અને મકાનોને તોડફોડ કરી આગ લગાડવા લાગેલ આ સાહેદે તે સમયે તે ટોળાના માણસોમાં અંબાલાલ મગનભાઈને ધારીયા સાથે જોયેલ આ ટોળુ એક પછી એક મકાનો બાળતા આગળ વધેલ અને તેઓએ મેહમુદમીયાં હુસેનમીયાનુ ઘર જેમા મહોલ્લાના માણસો બૈરા-છોકરા હતા તે મકાનને ઘેરીને બાળેલ આ સાહેદે તેમની ચીચીયારીઓ સાંભળેલ આ સાહેદે ના.કોર્ટમાં તો.દાર અંબાલાલ મગનને ઓળખી પણ બતાવેલ છે.

આમ, આ સાહેદની જુબાની પણ ખૂબ જ મહત્વની અને નકારી ન શકાય તેવી છે.

(૯) <u>સાહેદ નં-૬૩ ભીખુમીયાં કાલુમીયાં શેખ :-</u>

આ સાહેદનો પોલીસ જવાબ તા.૧૦.૩.૦૨ ના રોજ થયેલ છે તેમા પણ તેણે મજકુર તો.દારનુ નામ આપેલ છે ના.કોર્ટ સમક્ષની જુબાનીમા ૧.૩.૦૨ ના રોજ રાત્રે લગભગ ૧૧.૩૦ વાગ્યાના સુમારે ગામના પટેલોએ પથ્થરમારો ચાલુ કરેલો અને તેમના મકાનો સળગાવેલા તે ટોળામા આ સાહેદ ભીખુમીયાએ તો.દાર અંબાલાલ મગનને પણ જોયેલ આ સાહેદને માથામા જમણી અને ડાબી બાજુ પથ્થર વાગેલ ટોળુ બાંડીયાઓને મારીનાંખો, કાંપીનાંખો બૂમ પાડતુ હતુ. અને જીપ સળગાવેલ. જીપ સળગાવતા મોટો ભડકો થયેલો તેથી આ સાહેદ બચુમીયાના ઘરમાં ઘુસી ગયેલ પછી ગેસ જેવુ થઈ ગયેલુ તેથી તે પતરૂ ઉંચુ કરીને ગેલેરીમાં નીકળી ગયેલ. આ સાહેદે ના. કોર્ટમાં તોહમતદાર અંબાલાલ કપુરને ઓળખી બતાવેલ છે.

(૧૦) <u>સાહેદ નં-૬૪ રફીકમીયાં બાબુમીયાં શેખ :-</u>

આ સાહેદ બનાવના દિવસે તેના ઘરે હતો ભારતબંધનુ એલાન હતુ, રાતના હિન્દુઓનુ પટેલોનુ ટોળુ નવ વાગ્યાના સુમારે મહાદેવ તરફથી મીયાંભાઈને મારીનાંખો કાપીનાંખો બૂમો પાડતુ આવેલ અને મહોલ્લાના નાકે ત્રણ કેબીનો સળગાવેલા પછી ફરી ૧૧.૩૦ વાગ્યાના સુમારે બૂમો પાડતુ ટોળુ આવેલ અને પથ્થરમારો કરી ઘરો સળગાવતા હતા. મહોલ્લાના માણસો બૈરા છોકરા મેહમુદમીયાના પાકા મકાનમાં સંતાઈ ગયેલા ટોળાના માણસો મેહમુદભાઈના મકાન તરફ ગયેલા આ સાહેદ મહોલ્લાના માણસોની બચાવો-બચાવોની બૂમો સાંભળેલી મેહમુદમીયાનુ મકાન સળગાવી દીધુ હતુ અને મકાનમાં જે માણસો હતા તે બળી ગયા હતા જે ૨૮ જેટલા હતા આ સાહેદ ના જણાવ્યા પ્રમાણે તો.દાર અંબારામ કપૂર ટોળામાં હતા અને સાહેદે તો.દારને ના.કોર્ટમા ઓળખી બતાવેલ છે.

(૧૧) <u>સાહેદ નં-૬૫ અકબરમીયાં નાથુમીયાં શેખ :-</u>

ના.કોર્ટમાં આ સાહેદે જુબાની આપેલ છે એ પ્રમાણે બનાવના દિવસે આ સાહદ મહોલ્લાના નાકે ઉભો હતો અને હિન્દુઓના ટોળાએ મુસ્લીમો ઉપર હુમલો કરી મકાનોને તોડફોડ કરી સળગાવેલા તેમજ મેહમુદમીયાંના મકાનને આગ લગાડી તે ટોળાના માણસોને તે ઓળખી શકે છે. ના.કોર્ટની જુબાનીમા પેરા-૪માં ટોળાના માણસોને હુ ઓળખી શકુ તેમ જણાવી તેણે તો.દાર અંબાલાલ મગનભાઈને બનાવ વખતે ટોળામા સામેલ વ્યક્તિ તરીકે ઓળખી બતાવેલ છે.

(૧૨) <u>સાહેદ નં-૬૬ અકબરમીયાં રસુલમીયાં શેખ :-</u>

આ સાહેદનો પોલીસ જવાબ તા.૧૦.૩.૦૨ ના રોજ થયેલ છે તેમા પણ તેણે આ તો.દાર અંબાલાલ મગનભાઈનુ નામ તો.દાર તરીકે લખાવેલ છે. આ સાહેદે ના.કોર્ટમા જુબાની આપેલ છે તે પ્રમાણે ૧.૩.૦૨ના રોજ મીયાંને મારીનાંખો કાપીનાંખો બૂમો પાડતુ પથ્થરમારો કરતા ગામના પટેલોનુ ટોળુ આવેલ આ પથ્થરમારામાં આ સાહેદને બરડામા કપાળમા અને પગની નળી ઉપર ઈજાઓ થયેલ તે બચુભાઈની ગાડી પાછળ સંતાઈ ગયેલો ગામના પટેલો મેહમુદમીયાંના ઘર તરફ સળગાવતા-સળગાવતા આવતા હતા તેથી કબ્રસ્તાનના વંડા પાસે દોડીને જતો રહેલો, ટોળાએ મેહમુદમીયાનુ ઘર ઘેરી લીધેલ પછી પેટ્રોલ કેરોસીન નાંખેલ, આ સાહેદ વંડાની બાજુમા બેઠેલ હતો ત્યારે એક પટેલ તેને જોઈ ગયેલ અને તેની પાછળ પડતા આ સાહેદ કબ્રસ્તાનની પોળી કબરમા પેસી ગયેલ પોલીસ આવેલી ત્યારે તે બહાર આવેલો મેહમુદમીયાંના ઘર તરફ ગયેલો અને ૨૮ જેટલી લાશો પેટ્રોલ,કેરોસીન નાંખીને ગામના પટેલોએ બાળી મૂકેલ તે જોંયેલ આ હીચકારા કૃત્યો કરતા ટોળામા આ સાહેદે ગામના પટેલોને જોંયેલ તેમા આ તો.દાર અંબાલાલ મગન ધારીયા સાથે હતા તેવુ ના.કોર્ટ સમક્ષની પોતાની જુબાનીમા પેરા-૩મા આ સાહેદે જણાવેલ છે અને તો.દાર અંબાલાલ મગનને ના.કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે.

આમ, સાહેદનો પણ મજકુર તો.દાર સામે ખૂબ જ મહત્વનો અને સશકત પુરાવો છે.

(૧૩) <u>સાહેદ નં-૬૮ ગુલામઅલી અકબરમીયાં :-</u>

આ સાહેદનો તેના ૧૦.૩.૦૨ના પોલીસ જવાબમાં પણ આ તો.દારનુ નામ લખાવેલ છે.

તેમજ ના.કોર્ટ સમક્ષની પોતાની જુબાનીમા જણાવેલ છે કે, ૨૭.૨.૦૨ ના રોજ ગોધરામા ટ્રેનનો બનાવ બનેલો તે દિવસે આ સાહેદ સરદારપુરમા જૈન દેરસરમા આગળની સાઈડે કામ કરતા હતા ત્યારે સાંજના લગભગ ૪-વાગ્યાના સુમારે આ તો.દાર અંબાલાલ મગનલાલ કપૂર બીજા તો.દાર બેચરભાઈ ઓધવભાઈ સાથે ત્યાંથી પસાર થયેલ અને એવી વાતો કરતા હતા કે બાંડીયાઓને કાપીનાંખો.

તા.૨૮.૨.૦૨ ના રોજ બજારમા કેબીનો સળગાવેલા અને ગામમાં વાતાવરણ તંગ હતુ આ સાહેદના જણાવ્યા પ્રમાણે ૧.૩.૦૨ના રોજ ભારતબંધનુ એલાન હતુ તે દિવસે તે ઘરે હતા તે દિવસે ગામનુ વાતાવરણ તંગ હતુ અને ગામમા પટેલોના ટોળે-ટોળા ભેગા થયેલ હતા તે ટોળામા આ સાહેદે આ તો.દાર અંબાલાલ મગનને રમેશભાઈ રામભાઈ ગંગાવતને રમેશભાઈ કાન્તીભાઈને અને મથુરભાઈ ત્રિકમભાઈને ઉશ્કેરણી જનક વાતો કરતા જોંયેલા.

આ સાહેદ પોતાની જુબાનીમા જણાવે છે તેમ તા.૧.૩.૦૨ના રોજ જે પટેલોના ટોળાએ મહોલ્લામા પથ્થરમારો કરી મકનોને આગચાંપેલ, તે ટોળુ મહોલ્લામા અંદર આવતા તેણે જોંયેલ તો આ તો.દાર અંબાલાલ મગન ઉશ્કેરણી કરતાં હતા અને તેમના હાથમા ધારીયુ હતુ, આ પટેલનુ ટોળુ બાળતા બાળતા મેહમુદભાઈના ઘર તરફ ગયેલુ અને મેહમુદભાઈનુ ઘર આ લોકોએ ઘેરી લીધેલ આ ટોળાના માણસોએ મકાનની બારી તોડી કેરોસીન પેટ્રોલ નાંખી અંદર સળગતા કાકડા નાંખી અને અંદરના માણસોને જીવતા બાળી નાંખેલ. આ સાહેદે ના.કોર્ટમાં આ તો.દાર અંબાલાલ મગનભાઈને ઓળખી પણ બતાવેલ છે આમ, આ સાહેદની જુબાની પણ ખૂબ જ સશકત પુરાવો છે.

(૧૪) <u>સાહેદ નં-૬૯ મેહમુદમીયાં હુસેનમીયાં શેખ :-</u>

આ મહત્વના સાહેદનો પોલીસ જવાબ તા.૬.૩.૦૨ ના રોજ નોંધવામા આવેલ છે તેમા પણ આ સાહેદે આ તો.દાર અંબાલાલ મગનભાઈનું નામ તો.દાર તરીકે દર્શાવેલ છે.

આ ઉપરાંત ના.કોર્ટ સમક્ષની જુબાનીમા તેણે સ્પષ્ટ જણાવેલ છે કે તા.૧.૩.૦૨ ના રોજ રાત્રીના ૧૧.૩૦ વાગ્યાના સુમારે જે ટોળાએ શેખમહોલ્લા પર પથ્થરમારો કરી ઘરો સળગાવેલ અને શેખ મહોલ્લાના માણસો આ સાહેદના મકાનમા ઘૂસી ગયલા તે વખતે તે ટોળુ સળગતા કાકડા લઈ તેના ઘર તરફ આવેલ અને લાતો મારી દરવાજો તોડવા લાગેલ, બાળીનાંખો તેવી કીકીયારીઓ પાડતા આ લોકોએ કાકડાનાંખી

બાળવાનુ ચાલુ રાખેલ આ ગુનાહીત કૃત્યો કરી રહેલ ટોળામા આ તો.દાર અંબાલાલ કપૂર પણ હાથમા ધારીયા સાથે હતા.

આ મહત્વના સાહેદે મજકુર તો.દારને પોતાની જુબાનીના પેરા-ઉમા ઓળખી પણ બતાવેલ છે. આમ સાહેદ નો પુરાવો પણ મહત્વોનો અને નકારી શકાય તેવો નથી.

(૧૫) <u>સાહેદ નં-૭૦ મુનસફખાન યાસીનખાન પઠાણ :-</u>

આ સાહેદનો ના.કોર્ટમા પોતાની જુબાનીમા બનાવના દિવસે ગામના પટેલોનુ જે ટોળુ સુત્રોચાર કરી પથ્થરમારો કરી મુસ્લીમોના શેખ મહોલ્લાના ઘરોને સળગતા કાકડાનાંખી બાળવા માંડેલ અને મેહમુદમીયાના ઘરની અંદરના માણસોને પણ બાળી મૂકેલ તે ટોળામા આ તો.દાર અંબાલાલ મગનભાઈ પણ હતા વળી, આ સાહેદે મજકુર તો.દારને ના.કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે.

(૧૬) <u>સાહેદ નં-૭૫ ફીરોજાબાનુ બચુમીયાં :-</u>

આ મહત્વના સાહેદ બનાવ વખતે સરદારપુર ગામમા રહેતી હતી તેણીનો પોલીસ જવાબ બનાવ બાદ વહેલામા-વહેલી તકે તા. ૨.૩.૦૨ ના રોજ નોંધાયેલ છે. તે પોલીસ જવાબમા પણ આ સાહેદે આ તો.દારનુ નામ લખાવેલ છે આ ઉપરાંત આ તો.દાર બનાવના દિવસે રાત્રીના ૧૧.૦૦-૧૧.૩૦ વાગ્યાના સુમારે આગ, તોડફોડ અને પથ્થરમારો કરી રહેલ અને મેહમુદમીયાના મકાનમા બચવા માટે સંતાઈ ગયેલ તે વખતે હિન્દુઓના ટોળાએ બારીનો સળીયો તોડી નાંખેલો અને તેમા કેરોસીન, પેટ્રોલ નાંખી આગ લગાડેલી અને બીજા ૨૬ માણસો બળીને મરી ગયેલા અને બીજા ઘાયલ થયેલા આ સાહેદે પોતાની જુબાનીમા સ્પષ્ટ જણાવેલ છે કે ટોળામા તેણીએ તો.દાર અંબાલાલ કપૂરને જોયેલા એટલુ નહી પરંતુ, તેણીએ તો.દાર અંબાલાલ મગનકપૂરને ના.કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે.

આમ, આ સાહેદનો પુરાવો પણ ખૂબ જ મહત્વનો,વિશ્વસનીય અને અવગણી ન શકાય તેવો સશકત પુરાવો તો.દાર વિરૂધ્ધ છે.

(૧૭) <u>સાહેદ નં-૭૬ હમીદાબીબી અકબરમીયાં :-</u>

આ સાહેદની જુબાનીમા ના.કોર્ટમાં નોંધાયેલ છે તે પ્રમાણે બનાવના દિવસે આ સાહેદ ને બીક લાગતા ઈબ્રાહીમમીયાં રસુલમીયાના મકાનમા સંતાઈ ગયેલી અને તેણીએ ટોળાને જોંયેલ તે ટોળુ મેહમુદમીયાના ઘર તરફ ગયેલ અને મેહમુદમીયાના મકાનમા જે લોકો હતા તેમને પટેલ લોકોએ જીવતા બાળી મૂકેલા અને બૂમો પાડતા હતા

બાંડીયાઓને કાપો અને મારો, આ સાહેદને ડાબા પગના ઢીંચણ ઉપર તથા માથમા જમણી બાજુ વાગેલુ,તેણીએ આ તો.દાર અંબારામ મગનને ના.કોર્ટમાં ઓળખી બતાવેલ છે.

(૧૮) <u>સાહેદ નં-૭૭ બદરૂનીશા અકબરમીયાં શેખ :-</u>

આ મહત્વના સાહેદનો પોલીસ રૂબરૂ તા.૬.૩.૦૨ ના રોજ જવાબ થયેલ છે તે જવાબમા પણ આ સાહેદે આ તો.દારનુ નામ લખાવેલ છે.

ના.કોર્ટ સમક્ષની જુબાનીમા બનાવના દિવસનુ વર્ણન કરતા આ સાહેદે જણાવેલ છે કે પટેલોનુ ટોળુ તેમના ઘર તરફ આવી તેમના ઘરોને આગચાંપેલ અને બચુભાઈની જીપ સળગાવેલી તે વખતે તેણીએ જોંયેલ તો.દારોમા અંબાલાલ કપૂર પણ હતા. આ સાહેદે ના.કોર્ટમા તો.દાર અંબાલાલ કપૂરને ઓળખી પણ બતાવેલ છે. આ સાહેદને નહી માનવાનુ કોઈ કારણ નથી.

(૧૯) <u>સાહેદ નં-૮૨ સાબેરાબીબી સાબીરહુસેન :-</u>

આ મહત્વના સાહેદનો પોલીસ જવાબ તા.૩.૩.૦૨ ના રોજ થયેલ છે. તેમા તેણીએ આ તો.દારનુ નામ આપેલ છે.

ના.કોર્ટ સમક્ષની પોતાની જુબાનીમા તેણીએ જણાવેલ છે કે બનાવના દિવસે સરદારપુરાના પટેલો આવેલા અને મુસલમાનોને મારીનાંખો કાપીનાંખો બાળીનાંખો તેવી બૂમો પાડતા, હાથમા લાકડી, ધારીયા પાઈપોઓ ભાલા અને તલવારો હતા, આ લોકોએ આવીને તેમના ઘરને બાળેલુ આ સાહેદ પાછળના ખેતરમા જતા રહેલ અને ઘર બાળ્યું તેના અજવાળામા તે લોકોને ઓળખેલા પોતાની જુબાનીમા પેરા-૩માં આ સાહેદ સ્પષ્ટ જણાવે છે કે મે અજવાળામા જે વ્યક્તિઓને જોંયેલ તેમા અંબાલાલ કપૂર હતા. આ સાહેદના જણાવ્યા પ્રમાણે બનાવને ઘણો ટાઈમ થઈ ગયેલ હોઈ તે તો.દારને ઓળખી શકતી નથી.

(૨૦) <u>સાહેદ નં-૮૩ શરીફાબીબી સાબીરહુસેન શેખ :-</u>

આ સાહેદે બનાવ ચંદ્રમાના અજવાળા અને ઘર બાળ્યું તેના અજવાળામા તો.દારોને ઓળખી જોંયેલ છે તેણીએ આ તો.દાર અંબાલાલ કપૂરને ટોળામા જોંયેલા

(૨૧) <u>સાહેદ નં-૪૮ સાબીરહુસેન કાદરમીયાં શેખ :-</u>

આ સાહેદ મહત્વનો  સાહેદ છે અને તેનું પોલીસ જવાબ બનાવ બાદ વહેલામા-વહેલ તકે તા. ૬.૩.૦૨ ના રોજ નોંધવામા આવેલ છે તે જવાબમાં પણ આ સાહેદે આ તો.દારનુ નામ આપેલ છે. વળી, ના.કોર્ટ સમક્ષની જુબાનીમાં આ સાહેદે સ્પષ્ટ જણાવેલ છે કે, ૨૮.૨.૦૨ ના રોજ તે પોતાના ઘરે હાજર હતો તે દિવસે રાત્રે ૭.૩૦ વાગ્યાના સુમારે તેમના ઘરે સામેના કપૂર વાસમાંથી અંબારામ મગનભાઈ અને અમૃતભાઈ સોમાભાઈ મેહરવાડીયાએ તેમના ઘર સામેના ઈલેકટ્રીકના થાંભલા પાસે આવી ઉભા રહેલા અને અમૃતભાઈ સોમાભાઈ થાંભલા પર ચઢીને ઉપરના વાયરો સાથે ટ્યુબલાઈટના છેડા જોઈન્ટ કરી ડાયરેક્ટ લાઈટ ચાલુ કરેલી તે વખતે અંબાલાલ મગનભાઈ થાંભલા પાસે ઉભા હતા અને તેઓ તેને પિતાને જોઈને બોલેલ કે હવે બાંડીયાઓને મારવાની મજા આવશે.

આ સાહેદના જણાવ્યા પ્રમાણે તે દિવસે રાત્રે તેમના ગામના પટેલો તેમના મહોલ્લાના નાકે ભેગા થતા હતા અને તોફાન કરવાની વાતો કરતા હતા તેઓએ બજારમાં મુસ્લીમો અને બીજી કોમના કેબીનો અને દુકાનો સળગાવેલા આ સાહેદ વધુમા પોતાની જુબાનીમા જણાવે છે કે તા.૧.૩.૦૨ ના રોજ ભારતબંધનુ એલાન હતુ અને ઘેર આવી ગયેલો તે રાતના દશ વાગ્યાના સુમારે ગામના પટેલોએ શેખવાસ પર હુમલો કરી મહોલ્લાના નાકે કેબીનો સળગાવેલા મહોલ્લની સામે મૂકવામા આવેલ ફોક્સ લાઈટ લગાડેલી હતી તે વખતે આ સાહેદે જોંયેલ તો આ તો.દા અંબાલાલ મગનભાઈ બીજા તો.દારો સાથે હતા. અને ટોળાની ઉશ્કેરણી કરતા હતા આ સાહેદના જણાવ્યા પ્રમાણે ટોળાના માણસો જીવેલણ હથિયારો સાથે ઘરો બાળતા બાળતા શેખ મેહમુદમીયા હુસેનમીયાના મકાન તરફ ગયેલા અને તે મકાનની બારી તોડી, તેમા પેટ્રોલ કેરોસીન નાંખી સળગાવેલ આ સાહેદની જુબાનીના પેરા-૪મા સ્પષ્ટ થાય છે કે આ બનાવ રાતના ૧૦.૦૦ વાગ્યાથી માંડી રાત્રીના બે વાગ્યા સુધી જારી રહેલ અને લોકો બચાવ માટે બૂમાબૂમ કરતા રહેલ પરંતુ અઢી વાગ્યાના સુમારે પોલીસ આવતા ટોળાના માણસો નાસી ગયેલા.

આ સાહેદે જુબાનીના પેરા-પમાં જણાવેલ છે કે, તે ટોળાના માણસોને ઓળખી શકે છે અને આ તો.દાર અંબાલાલ મકાનભાઈને ઓળખી બતાવે છે.

આ સમગ્ર હત્યાકાંડ નિર્દય રીત નિર્દોષ સ્ત્રીઓ-બાળકો ને જીવતા સળગાવી મારી નાંખવામા આવેલ જેનુ વર્ણન કરતાં અવારનવાર ના.કોર્ટમા સાહેદો ધુસકે,ધુસકે રડી પડતા હતા આ સાહેદ પણ આવા પ્રસંગે ડુસકે ડુસકે રડી પડેલ અને

ગળામા ડુમો ભરાઈ જતા તે બોલી પણ શકતો ન હોવાથી તેને પાણી પીવા જવા દેવા ના.કોર્ટમા ૫ મીનીટનો બ્રેક પણ પાડવામા આવેલ.

(૨૨) સાહેદ નં-૪૬ સાબીર મીંયા અકુમીંયા પઠાણઃ- આ સાહેદ ના. કોર્ટમા થયેલી પોતાની જુબાનીમાં સ્પષ્ટ જણાવે છે કે. . .. . .

. . . . .૨૦૦૨ ના બનાવ પહેલા ૨૦-૨૫ દિવસ પહેલા વિશ્વ હિન્દુ પરિષડના આગેવાન હરેશ ભટ્ટ ગામમાં આવેલા મહાદેવના મંદિરમાં (જયાંથી બનાવની રાત્રે ટોળું આવેલ તે) પટેલ કોમના યુવાનોની એક મીટીંગ રાખેલી . . . . .હરેશભટ્ટ આવેલા તે વખતે પટેલ યુવા વર્ગનું ટોળું હતું. . . . . . . . હરેશભાઈ એ તીવ્ર ભાષણ કરેલું કે આ મુસ્લીમો હિન્દુસ્તાનમાં ભારરૂપી છે અને તેમને હિન્દુસ્તાનમાં રહેવાનો કોઈ અધિકાર નથી. આ વખતે જો મોકો મળે અને તોફાન થાય તો એક પણ મુસ્લીમ રહેવો જોઈએ નહીં. તે પછી હરેશભટ્ટે ત્રિશુળનું વિતરણ કરેલું.. . . પાંચ વ્યક્તિઓને ત્રિશુળ આપેલા હતા. જે પાંચ વ્યકિતઓમાં, સહ તો.દારો સાથે અંબારામ મગનભાઈ પણ હતા.

## <u>તોહમતદાર નં.૪૬ પટેલ રમેશ પ્રભાભાઈ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>

(૧) <u>સાહેદ નં-૪૭ ઈબ્રાહીમભાઈ રસુલભાઈ શેખ :-</u>

આ ફરીયાદીએ તેમની મહત્વની તા.૨.૩.૦૨ ની આપેલ ફરીયાદમા પણ બનાવ બાદ વહેલામા-વહેલી તકે આ તો.દારનુ નામ ફરીયાદમા આપેલ છે.

ના.કોર્ટ સમક્ષની જુબાનીમા પણ આ સાહેદે મજકુર તો.દાર બનાવના દિવસે મારીનાંખો,કાપીનાંખો એકે બચવો જોઈએ નહિ તેવી બૂમો પાડતા શેખ મહોલ્લા પર હુમલો કરી કેબીનો અને મકાનોને આગચાંપી લૂંટફાટ કરતા પટેલોના હથિયાર બંધ ટોળામા આ તો.દાર રમેશભાઈ પ્રભાભાઈ પણ હતા, તે ટોળાને કચરાભાઈ ત્રિભોવનદાસ ઉશ્કેરણી કરતા હતા કે બાંડીયાઓને મારીનાંખો,કાપીનાંખો અને આ ટોળુ

પથ્થરમારો કરતા આગળ વધેલુ અને મુસ્લીમોના મકાનો વગેરે બાળી મેહમુદમીયાના મકાનમાંના માણસોને પેટ્રોલ કેરોસીનનાંખી સળગાવી દીધેલ.

(૨) સાહેદ નં –૫૫ આશીકહુસેન બચુમીયાઃ- અગાઉ જણાવ્યા પ્રમાણે ખૂબ જ મહત્વનો સાહેદ WHOLLY RELIABLE વીટનેશ ગણી શકાય તેમ છે તેનો પોલીસ જવાબ તા.૨.૩.૦૨ના રોજ થયેલ તેમા પણ આ તો.દારનુ નામ આપેલ છે અને બનાવ વખતે ધારીયા સાથે હતો તેવુ જણાવેલ છે વળી, ના.કોર્ટની જુબાનીમા આ સાહેદે સ્પષ્ટ જણાવેલ છે બનાવના દિવસે તે તેના પરિવાર સાથે ઘરે હાજર હતો તે દિવસે ગામના હિન્દુલોકોના ટોળાએ નવેક વાગ્યાના સુમારે મુસ્લમાનોને મારીનાંખો, કાપીનાંખો,સળગાવીનાંખો,હાથમા હથિયારો સાથે હુમલો કરેલ અને શેખવાસના નાકે આવેલ કેબીનો તોડફોડ કરી લૂંટફાટ કરી આગચાંપેલ આ જ ટોળુ ફરીથી થોડીવાર રહી આવેલ અને કિકિયારીયો પાડતુ અને શેખવાસના મકાનો ને તોડફોડ અને લૂંટફાટ કરતા પથ્થરમારો કરેલ આ ટોળામા આ સાહેદે બીજા તો.દારોની સાથે આ તો.દાર રમેશભાઈ પ્રભાભાઈને પણ ધારીયા સાથે જોંયેલા, આ ટોળુ મેહમુદમીયાના પાકા ધાબાવાળા મકાન તરફ ગયેલ જયાં મોહલ્લાના માણસો,બૈરા છોકરા, સંતાઈ ગયેલા હતા ટોળાએ આ સાહેદની જીપ સળગાવેલી અને તેની નાની દીકરી આશીયાનાબાનુ તેમજ બીજા લોકોને હિન્દુલોકોએ સળગાવેલા, આ સાહેદની નજરો સમક્ષ દીકરી આશીયાનાબાનુને આ રીતે ટોળાએ જીવતી બાળી નાંખેલ તેની પત્ની અને બાળકને દાઝી જવાથી ઈજાઓ થયેલ અને તેની બીજી દીકરી શાહીનબાનુને જમણા કાને પથ્થર વાગેલ આ સાહેદે બનાવબાદ વહેલામા-વહેલી તકે નોંધાયેલ તા. ૨.૩.૦૨ ના પોતાના પોલીસ જવાબમા આ તો.દાર રમેશભાઈ પ્રભાભાઈ ટોળામા ધારીયા સાથેનુ લખાવેલ છે તે ઉપરાંત વિરૂધ્ધ ના.કોર્ટમા પણ સ્પષ્ટ અને માનવાલાયક પુરાવો આપેલ છે અને ના.કોર્ટ સમક્ષ આ તો.દારને ઓળખી બતાવેલ છે આ સાહેદની જુબાની ન માનવાનુ કોઈ કારણ નથી.

## <u>તોહમતદાર નં.૪૭ પટેલ જીવણભાઈ ધ્વારકાદાસ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>

(૧) <u>સાહેદ નં-૬૦ બચુમીયા ઈમામમીયાં :-</u>

સાહેદ નં-૬૦ બચુમીયા ઈમામમીયાએ જુબાની આપેલ છે સાહેદ બચુમીયા બનાવ વખતે શેખ મોહલ્લામા રહેતો હતો બનાવના દિવસે શેખ મોહલ્લા ઉપર હુમલો કરનાર હિન્દુઓના ટોળામા પથ્થરમારો,ચીચીયારીયો,અને આગ લૂંટફાટ કરી રહેલ ટોળાના માણસોમા આ તો.દાર જીવણભાઈ પણ હતા તેવુ તેણે જુબાનીમા જણાવેલ છે.

(૨) <u>સાહેદ નં-૭૯ શમીમબાનુ મેહમુદમીયા શેખ :-</u>

સાહેદ નં-૭૯ શમીમબાનુ મેહમુદમીયા શેખે ના.કોર્ટમા જુબાની આપે છે તે પ્રમાણે બનાવના દિવસે રાતના પટેલ લોકોનુ ટોળુ બારેક વાગ્યાના સુમારે શેખ મોહલ્લા ઉપર આવી અને તેઓ મકાનો સળગાવતા-સળગાવતા મોહલ્લામાં ઘૂસી ગયેલ ત્યારે મોહલ્લાની ઔરતો બચવા માટે આ સાહેદનુ મકાન પાકુ હોઈ તેમા ઘૂસી ગયેલ પટેલ લોકોએ તેમના મકાનને ચારેબાજુથી ઘેરી લીધેલ, કેરોસીન,પેટ્રોલ,કાકડા,નાંખી અંદરના માણસોને સળગાવેલા તે બનાવ આ સાહેદે પોતાની નજરે-આંખે જોયો છે ના.કોર્ટની તેની જુબાનીમા એક મહત્વની હકીકત જણાવેલ છે કે તે એ છે કે તેણીને તો.દારોના નામ આવડતા નથી પરંતુ તે ચેહરા ઉપરથી ઓળખી શકે તેમ છે આ સાહેદે નામદાર કોર્ટમાં તે વખતે ટોળામાં સામેલ તો.દારોને ઓળખી બતાવેલ છે, તેમા આ તો.દાર જીવણભાઈ ધ્વારકાદાસને પણ દીઠે ઓળખી બતાવે છે.

આમ, આ સાહેદનો પણ ખૂબ જ મહત્વનો વિશ્વાસનીય અને મજબૂત પુરાવો આ તો.દાર વિરૂધ્ધ ના.કોર્ટમા પડેલ છે.

(૩) <u>સાહેદ નં-૮૧ દિલાવરખાન અબ્બાસમીયા શેખ :-</u>

૮૧ દિલાવરખાન અબ્બાસમીયા શેખ સાહેદ દિલાવરખાન અબ્બાસમીયા અગાઉ જણાવ્યા પ્રમાણે chield વીટનેશ છે. બનાવ વખતે તેની ઉંમર ૧૨ વર્ષની હતી અને તા.૧.૩.૦૨ ના રોજ આ સાહેદ શેખવાસમા રહેતો હતો અને ભારતબંધનુ એલાન હોઈ ઘરે હાજર હતો તે વખતે ગામના પટેલ હિન્દુઓના ટોળાએ શેખવાસ ઉપર મુસ્લમોના ઘરો ઉપર હથિયારો વડે હુમલો કરેલ પચાસેક માણસો જીવ બચાવવા મેહમુદમીયા હુસેનમીયાના ઘરમા સંતાઈ ગયેલ તે વખતે ટોળાના લોકોએ ઘરના દરવાજા

બંધ કરી દીધેલ અને બારીતોડી અંદર પેટ્રોલ,કેરોસીન,કેમીકલ છાંટી મેહમુદમીયાનુ ઘર સળગાવેલુ તે વખતે આ સાહેદ મેહમુદમીયાના મકાનમા હતો મેહમુદમીયાના ઘરને આગ લગાડવામા આવતા એકજ સ્થળે ૨૯ માણસો સળગીને મૃત્યુ પામેલા તેમા આ વખતના બાળકના માતા-પિતા,મોટી બહેન,તેથી નજરો સમક્ષ સળગીને મૃત્યુ પામેલ. આ સાહેદ અને તેની નાની બહેન બચી ગયેલા પરંતુ, તેની નાનાી બહેન બન્ને પગે દાઝી ગયેલ આવા કમકમાટી ભર્યા બનાવના ત્રણેક-કલાક બાદ પોલીસે આવીને ઘરમાંથી બહાર કાઢેલ જે ટોળાએ હુમલો કરેલ તે ટોળાના માણસોને જોઈને ઓળખી શકુ તેમ આ સાહેદે ના.કોર્ટમા પોતાની જુબાનીમા જણાવેલ છે. ટોળામા સામેલ તો.દારોને તેણે ના.કાર્ટમા એક પછી એક ઓળખી બતાવેલ છે તેમા આ તો.દાર જીવણભાઈ ધ્વારકાદાસને પણ દીઠે ઓળખી બતાવે છે. આમ, આ સાહેદનો પણ ખૂબ જ સશકત અને **WHOLLY RELIABLE** તરીકેના સાહેદ તરીકેનો પુરાવો ના.કોર્ટ સમક્ષ છે તેમ કહી શકાય.

## <u>તોહમતદાર નં.૪૮ જયંતીભાઈ અંબાલાલ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>

(૧) <u>સાહેદ નં-૪૭ ઈબ્રાહીમમીયા રસુલમીયા :-</u>

સાહેદ નં-૪૭ ઈબ્રાહીમમીયા રસુલમીયાએ વહેલમા-વહેલી તકે લખાવેલ ફરીયાદમા આ તો.દારનુ નામ આપેલ છે વળી, બનાવના દિવસે ગંભીર ગુનાઓ આચરી રહેલ ટોળામા આ તો.દાર પણ સામેલ હતો તેવી સ્પષ્ટ જુબાની ના.કોર્ટમા આપેલ છે.

(૨) <u>સાહેદ નં-૫૫ આશીકહુસેન બચુમીયા શેખ :-</u>

સાહેદ નં-૫૫ આશીકહુસેન બચુમીયા શેખ સાહેદ આશીકહુસેન બચુમીયા જેવા મહત્વના સાહેદ ના.કોર્ટમા જુબાની આપેલ છે, તેમાં બનાવના દિવસે ગંભીર પ્રકારના ગુનાઓ આચરી રહેલ ટોળામા આ તો.દાર પણ છુટા પથ્થરો અને ઢેકાણા નાંખતા હતા તેવી જુબાની આપેલ છે અને આ સાહેદે મજકુર તો.દાર પટેલ જયન્તીભાઈ અંબાલાલને ઓળખી બતાવેલ છે.

(૩) <u>સાહેદ નં-૫૯ મોહંમદ સત્તાર બચુમીયા :-</u>

સાહેદ નં-૫૯ મોહંમદ સત્તાર બચુમીયા આ મહત્વના સાહેદની જુબાનીમા તેણે ના.કોર્ટમા સ્પષ્ટ જણાવેલ છે કે બનાવના દિવસે શેખ મોહલ્લા ઉપર હુમલો કરી લૂંટફાટ અને આગ લગાડતા હિન્દુઓના ટોળાને તેણે અકબરમીયા રસુલમીયાની

મકાનની બારીમાંથી જોયેલ છે અને ટોળાએ તેની જીપગાડીને સળગાવી તેના અજવાળામા આ સાહેદે તો.દારોને ઓળખેલા તેમા આ તો.દાર જયન્તીભાઈ અંબાલાલ તેમના હાથમાં ઢેખાડા પથ્થરો હતા. આ લોકો મકાનોને તોડફોડ કરી આગ લગાડતા હકા અને મહેમુદભાઈના ઘર તરફ આવતા હતા અને આ સાહેદે ના.કોર્ટમા આ તો.દાર જયન્તીભાઈ અંબાલાલને ઓળખી પણ બતાવે છે.

(૪) <u>સાહેદ નં-૬૦ બચુમીયા ઈમામમીયા શેખ :-</u>

સાહેદ નં-૬૦ બચુમીયા ઈમામમીયા શેખ આ સાહેદે પણ ના.કોર્ટમા પોતાની જુબાનીમા બનાવના દિવસે ગામના માણસોએ તેમના શેખવાસ ઉપર હુમલો કરેલ અને વિસ્તૃત વર્ણન આપી આગ, લૂંટફાટ, મકાન સળગાવતા,જીપગાડીને સળગાવતા ટોળાના માણસોના નામ આપેલ છે તેમાં આ સાહેદે આ તો.દાર જ્યંતિ અંબાલાલને પણ જોયેલ હતા આ સાહેદ લગભગ ૬૮ વર્ષની ઊંમરના ખૂબ જ વૃધ્ધ માણસ છે અને બનાવને ઘણો લાંબો આઠેક વર્ષ ઉપરાંતનો સમય વીતી ગયેલ હોઈ પોતાની શારીરીક અને માનસીક પરિસ્થિતિમા પણ ખૂબ જ અશક્તિ થયેલ હોઈ અને તો.દારના ચેહરા મોહરામા પણ અનેક કારણસર તેમને ન ઓળખી શકવાના ફેરફાર થયેલ હોઈ વ્યાજબી કારણો ગણી શકાય તે તરફ ના.કોર્ટનુ અમે નમ્ર રીતે ધ્યાન દોરીયે છીએ.

(૫) <u>સાહેદ નં-૬૫ અકબરમીયા નાથુમીયા :-</u>

આ મહત્વના સાહેદે બનાવબાદ તા.૧૦.૩.૦૨ ના રોજ લખાવેલ પોતાના પોલીસ જવાબમા પણ આ તો.દાર બનાવના દિવસે ગુનાહિત કૃત્ય કરી રહેલ ટોળામા લાકડી સાથે હતા તેવુ લખાવેલ છે. તે ઉપરાંત ના.કોર્ટ સમક્ષની જુબાનીમા પણ સ્પષ્ટ જણાવેલ છે કે આ સાહેદ મોહલ્લાના નાકે ઉભો રહેલો અને હિન્દુઓનુ ટોળુ મીયાભાઈને કાપીનાંખો,મારીનાંખો, સળગાવી દો, બોલી ઘરોને તોડફોડ કરી સળગાવતા હતા તે ટોળામા આ સાહેદે તો.દાર જયન્તીભાઈ અંબાલાલને હાથમા લાકડી સાથે જોયેલ છે. ના.કોર્ટમા આ સાહેદે મજકુર તો.દારને ઓળખી પણ બતાવેલ છે.

(૬) <u>સાહેદ નં-૬૬ અકબરમીયા રસુલમીયા :-</u>

આ ઈન્જર્ડ સાહેદે ના.કોર્ટમા બનાવના દિવસે શેખવાસ ઉપર હુમલો કરી ગંભીર પ્રકારના ગુનાઓ આચરતા ગામના પટેલોના ટોળામા આ તો.દાર હતા તે રીતે તેમને દીઠે ઓળખી બતાવે છે.

(૭) <u>સાહેદ નં-૬૮ ગુલામઅલી અકબરમીયા શેખ :-</u>

સાહેદ નં-૬૮ ગુલામઅલી અકબરમીયા શેખ આ સાહેદે ના.કોર્ટમા પોતાની જુબાનીમા સ્પષ્ટ પણે જણાવેલ છે કે બનાવના દિવસે સૂત્રોચાર પથ્થરમારો,લૂંટફાટ, અને આગ લગાડતા ગામના પટેલોના ટોળામા આ તો.દાર જયન્તીભાઈ અંબાલાલ પણ હતા આ સાહેદને પથ્થરમારામા ડાબાપગે, ઘૂંટણ ઉપર,ડાબાખભ્ભાના પાછળના ભાગે વાગેલ, અને પટેલોનુ ટોળુ વધુ અંદર આવતા તે બચુમીયા ઈમામમીયાની નવેલીમા ઉભો રહેલો અને પટેલોનુ ટોળુ અંદર આવેલુ ત્યારે જોંયેલ અને તો.દારોને ઓળખેલા તેમા તેણે આ તો.દારને જોઈ ઓળખેલા. આ પટેલોનુ ટોળુ બાળતા બાળતા મહેમુદભાઈના ઘર તરફ ગયેલુ અને મહેમુદભાઈના ઘરને ઘેરીલીધેલુ. મહેમુદભાઈના ઘરના દરવાજાને તોડવાની કોશિશ કરેલી, બારી તોડી નાંખેલી, ધાબુ તોડવાની કોશીશ કરેલી, બારી તોડી નાંખી કેરોસીન, પેટ્રોલ જેવુ નાંખી સળગતા કાકડા નાંખેલા. અમારા માણસો બચાવો બચાવોની બુમો પાડતા હતા અમે ત્યાં હાજર હોવા છતાં બચાવી શકેલા નહીં. તેવી સ્પષ્ટ જુબાની નામદાર કોર્ટ સમક્ષ આપેલ છે. આ સાહેદે ના.કોર્ટમા તો.દારા જયંતિભાઈ અંબાલાલ ને ઓળખી શકે છે તેવુ જણાવી આ તો.દારને ના.કોર્ટમા ઓળખી બતાવે છે.

આમ, આ સાહેદના પુરાવો પણ ખૂબજ માનવાલાયક અને તો.દાર વિરૂધ્ધ સશકત પુરાવો છે.

(૮) <u>સાહેદ નં-૭૦ મુનસફખાન યાસીનખાન પઠાણ :-</u>

આ મહત્વના સાહેદે પણ ના.કોર્ટ સમક્ષની પોતાની જુબાનીમા બનાવના દિવસે તોફાનો કરી રહેલ પટેલોના ટોળાના ગુનાહિત કૃત્યોનુ વિસ્તૃત વર્ણન આપી તે ટોળામા આ તો.દાર પણ હતા તેવુ જણાવી ના.કોર્ટમા આ તો.દારને ઓળખી પણ બતાવે છે.

(૯) <u>સાહેદ નં-૭૧ મંગાભાઈ રામાભાઈ :-</u>

આ ખૂબજ મહત્વના સાહેદ તટસ્થ સાહેદ છે. આ તટસ્થ સાહેદે ના.કોર્ટમા જુબાની આપેલી છે તે ખૂબજ મહત્વની જુબાની આપેલી છે આ સાહેદને કોઈ તો.દાર સાથે અદાવત નથી અને તેમની સામે ખોટી જુબાની આપવાનો કોઈ વ્યાજબી કારણ જ નથી આ સાહેદની ના.કોર્ટમા જુબાની થયેલ છે તેમા તેમણે સ્પષ્ટ જણાવેલ છે કે, તા. ૧.૩.૦૨ ના રોજ રાતના નવેક વાગ્યાના સુમારે મોડી રાત્રે રામાભાઈ મોહનભાઈ પટેલે ઘરની બાજુમા રસ્તા ઉપર ટ્રેકટર ઉભુ રાખેલુ તેમા કેરોસીનના બે,ત્રણ,ચાર પીપડા હતા

અને પેટ્રોલનુ એક પીપડુ હતુ બીજા તો.દારની સાથે આ તો.દાર જયન્તીભાઈ અંબારામ પટેલને પોતાના ઘર આગળ રસ્તો છે ત્યાંથી નીકળતા જોયેલા અને તેઓ કાન્તીભાઈ પ્રભુદાસના ઘર તરફ કેરોસીનના કેરબા લઈ જતા હતા તે આ સાહેદે જોયેલુ. આ સાહેદના જણાવ્યા પ્રમાણે તેના ઘર આગળથી આ તો.દારો નીકળ્યા ત્યારે વાસ આવતી હતી તેથી તેને ખબર પડેલી મોડી રાત્રે પટેલોના ટોળે ટોળા તેણે જોયેલ લાઈટના ફોકસ ચાલુ હતા તેમા તેણે પટેલોના ટોળા જોયેલા શેખ મોહલ્લામા મેહમુદભાઈના ઘર તરફ ભડકોં જોયેલા, શેખ મોહલ્લાના માણસોની ચીચીયારીયો અને બચાવો બચાવોની બૂમો સાંભળેલી અને ટોળુ મોટુ હોઈ આ સાહેદ ત્યા જઈ શકેલ નહી આમ, અતિ મહત્વના સાહેદે મજકુર તો.દાર સામે ખૂબજ સશકત પુરાવો આપેલ છે અને ના.કોર્ટમા આ તો.દારને ઓળખી પણ બતાવેલ છે આ તો.દારની જુબાની ખૂબજ તટસ્થ વ્યક્તિની જુબાની છે તેને કોઈની સાથે કોઈ જ અદાવત નથી ક કોઈનુ ખોટી રીતે નામ આપવામા તેના માટે કોઈજ કારણ નથી આ સાહેદની જુબાની કાયદેસરની રીતે અવગણી શકાય તેમ નથી.

(૧૦) <u>સાહેદ નં-૭૮ બશીરાબીબી બચુમીયા :-</u>

આ સાહેદે બનાવ વખતે પોતાના પતિ બચુમીયા, ભાઈ અબ્બાસમીયા, ભાભી રૂકશાનાબાનુ,ભાભી મુમતાઝ, ભત્રીજી સાયરાબીબી, ભત્રીજો ફીરોઝમીયાને બનાવ વખતે હિન્દુ ટોળાએ અગ્નિકાંડમા જીવતા બાળી મૂકતા જોયેલા છે બનાવ વખતે તેણીને પણ ઈજાઓ થયેલ અને તેણીએ મેહસાણા સિવિલમાં સારવાર લીધેલ છે તેણીના પતિ મરી જવાને કારણે ઈદ્દતમા બેઠેલ. તેણીએ પોતાના પોલીસ જવાબમા પણ તો.દારનુ નામ આપેલ છે ના.કોર્ટની જુબાનીમા તેણીએ સ્પષ્ટ જણાવેલ છે કે, બનાવના દિવસે તેણી પોતાના પતિ અને બીજા સંબધીઓ સાથે બીકના મારે જીવ બચાવવા મેહમુદમીયાના ઘરમાં ગયેલા હુમલો કરનાર પટેલ લોકોના ટોળાને તેણીએ નજરે જોંયેલ મેહમુદમીયાના મકાનમા તેઓ હતા ત્યારે મકાનને ચારેબાજુથી ઘેરી લેવામા આવેલ બારી તોડી અંદરથી તેણે જોંયેલુ તો કેરોસીન,પેટ્રોલ,કાકડા નાંખી સળગાવવામા આવેલ તેણીએ તો.દારને જોયેલ અને ઓળખેલ તેમા આ તો.દાર જયન્તીભાઈ અંબારામ પણ હતા તે તેણીએ નજરો-નજર જોંયેલ તેવુ તેણે ના.કોર્ટ સમક્ષની જુબાનીમા સ્પષ્ટ નિવેદન છે આ સાહેદે આ તો.દાર જયન્તીભાઈ અંબાલાલને સ્પષ્ટ રીતે ઓળખી પણ બતાવેલ છે આમ, આ

સાહેદનો પુરાવો અતિ મહત્વનો વિશ્વવાસનીય ખૂબજ મહત્વનો અને સશકત અવગણીન શકાય તેવો છે.

(૧૧) <u>સાહેદ નં-૪૮ સાબીરહુસેન કાદરમીયા શેખ :-</u>

આ સાહેદ પણ ખૂબજ મહત્વનો સાહેદ છે તેણે પોતાના તા.૬.૩.૦૨ના પોલીસ જવાબમા આ તો.દાર જયન્તીભાઈ અંબાલાલનુ નામ આપેલ છે અને ના.કોર્ટ સમક્ષની પોતાની જુબાનીમા પણ બનાવના દિવસે કેવી રીતે તેમનો ગલ્લો બાળી નાખવામા આવેલ અને તેઓ બીક લાગતા શેખ મોહલ્લામા જતા રહેલા તે વખતે રાતના ગામના પટેલોએ શેખ મોહલ્લા ઉપર હુમલો કરી કેરોસીન,પેટ્રોલ, અને કેમીકલના કેરબા સાથે શેખ મોહલ્લા ઉપર હુમલો કરી મોહલ્લાના ઘરોને બાળવાનું શરૂ કરેલ અને પથ્થરો મારવાનુ શરૂ કરેલુ આ ટોળાના હાથમા જીવલેણ હથિયારો હતા અને તેઓએ મેહમુદમીયાના મકાનમા સંતાયેલ લોકો તરફ ગયેલા અને તે મકાનની બારી તોડી તેમા પેટ્રોલ,કેરોસીન,નાંખી સળગાવી મૂકેલા તેવુ વર્ણન કરતા આ સાહેદ ના.કોર્ટમા ડુસકે-ડુસકે રડી પડેલ અને ના.કોર્ટ તેને સાંત્વના આપવા તેને પાણી પીવડાવી ટ્રાયલને થોડીવાર અટકાવેલ આ સાહેદે પોતાની જુબાનીમા વધુમા જણાવેલ છે કે, લોખંડનો લાંબો સળીયો કરંટ જોઈન્ટ કરી તે રૂમમા મૂકી દીધેલો અને બચાવો-બચાવોની ચીચીયારીયો સાંભળેલી આ સાહેદે ના જણાવ્યા પ્રમાણે રાત્રીના દસ વાગ્યા થી રાતના બે વાગ્યા સુધી તેઓએ બૂમા-બૂમ કરેલી પરંતુ, તેઓને બચાવવા કોઈજ આવેલ નહી. આ સાહેદે ના.કોર્ટમા ટોળામાં માણસોને ઓળખી બતાવેલ છે તેમા તેણે આ તો.દાર જયન્તીભાઈ અંબાલાલને ઓળખી બતાવેલો આમ, આ સાહેદ પણ ખૂબજ વિશ્વાસનીય સશકત અને મહત્વનો પૂરાવો ના.કોર્ટમા આપેલ છે.

## <u>તોહમતદાર નં.૪૯ કનુભાઈ જોઈતારામ પટેલ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>

આ તો.દાર વિરૂધ્ધ ના.કોર્ટમા ખૂબજ મોટા પ્રમાણમા ૧૬ જેટલા સાક્ષીઓએ તેમની વિરૂધ્ધ જુબાની આપેલ છે અને લગભગ બધાએ આ તો.દારને ના.કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે આ તો.દાર સામે ના.કોર્ટમા પડેલ પૂરાવામા નીચે મુજબના સાહેદોની જુબાની છે.

(૧) <u>સાહેદ નં-૪૭ ઈબ્રાહીમમીયા રસુલમીયા :-</u>

ના.કોર્ટમા સાહેદ નં-૪૭ ઈબ્રાહીમમીયા રસુલમીયા ઉપરાંત સાહેદ નં-૫૬ ઐયુબમીયા રસુલમીયા, સાહેદ નં-૫૮ સાબીરહુસેન ઈમામશા, સાહેદ નં-૫૯ મોહંમદ સત્તાર બચુમીયા, સાહેદ નં-૬૦ બચુમીયા ઈમામમીયા, સાહેદ નં-૬૩ ભીખુમીયા કાલુમીયા, સાહેદ નં-૬૪ રફીકમીયા બાબુમીયા, સાહેદ નં-૬૫ અકબરમીયા નાથુમીયા, સાહેદ નં-૬૬ અકબરમીયા રસુલમીયા, સાહેદ નં-૬૮ ગુલામઅલી અકબરમીયા, સાહેદ નં-૭૦ મુનસફખાન યાસીનખાન,સાહેદ નં-૭૪ સિંકદરમીયા રસુલમીયાની જુબાની થયેલ છે તેમા આ તમામ સાહેદોએ ના.કોર્ટમા પોતાની જુબાનીમા આ તો.દાર બનાવના દિવસે ગંભીર પ્રકારના ગુન્હાઓ કરી રહેલ ટોળામા સામેલ હોવાનુ જણાવી તેમને ના.કોર્ટ સમક્ષ ઓળખી પણ બતાવેલ છે.

(૨) <u>સાહેદ નં-૫૬ ઐયુબમીયા રસુલમીયા :- </u>આ ઈન્જર્ડ સાહેદએ ના.કોર્ટ સમક્ષની પોતાની જુબાનીમા જણાવેલ છે કે, તા.૧.૩.૦૨ ના રોજ ભારતબંધનુ એલાન હતુ તે ઘરે હતો અને સાંજના પાંચેક વાગ્યાના સુમારે મુનસફખાનના ઘરે ગયેલો ત્યાં આ તો.દાર કનુભાઈ સરપંચ આવેલા અને મીટીંગ થયેલી ત્યા  તો.દાર કનુભાઈએ કહેલુ તમે તમારો બચાવ કરી લેજો. સાહેદ ઐયુબમીયાએ તેના ઘર તરફ આવતા જોયેલ કે સ્ટ્રીટ લાઈટ ઉપર હેલોજન લાઈટનો તેમના મોહલલા તરફ કરેલો હતો તો.દાર કનુભાઈ સરપંચને પુછેલ તો તેમણે કહેલ લાઈટબીલ ભરાઈ ગયેલ છે અને એવુ પણ કહેલ હવે મુસ્લમાનો ને મારવાની મજા આવશે આ સાહેદના જણાવ્યા પ્રમાણે વાયરમેન મથુરભાઈ ઉપર ચઢેલા અને લાઈટ ચાલુ કરેલી આ સાહેદના જણાવ્યા પ્રમાણે ત્યારબાદ રાતના નવેક વાગે હિન્દુઓનુ ટોળુ ચીચીયારીયો પાડતુ આવેલ અને કેબીનો બાળેલ પોલીસ આવતા તે ટોળુ વિખરાઈ ગયેલ પરંતુ આજ ટોળુ ફરીથી ચીચીયારીયો પાડતુ મુસ્લમાનોને બારીકુટો શેખ મોહલ્લા ઉપર પથ્થરમારો કરી લૂંટફાટ અને મકાનો સળગાવવાનુ ચાલુ કરેલ તે ટોળામા

આ સાહેદે બીજા તો.દારો સાથે આ તો.દાર કનુભાઈ સરપંચને પણ જોયેલા આ સાહેદે ના.કોર્ટમા કનુભાઈ જોઈતાભાઈને ઓળખી બતાવેલ છે.

(૩) સાહેદ નં-૫૮ સાબીરહુસેન ઈમામશા ફકીર :- આ સાહેદ ખૂબજ મહત્વનો સાહેદ છે ના.કોર્ટની જુબાનીમા સાહેદ જણાવે છે કે, ૧.૩.૦૨ ના રાતના ૮.૩૦ વાગેના સુમારે તે તેના ઘરમા હતો. ત્યારે બુમો અને કીકીયારીઓના અવાજ સંભળાતા ઘરની બહાર નીકળીને જોયુ તો ગામના પટેલોનુ ટોળુ ઉભુ હતુ અને બુમો પાડતા હતા કે, મારો, કાપો અને જીવતા સળગાવી દો તે બધાના હાથમા હથિયારો હતા જેમા લાકડીઓ,ધારીયા,પાઈપો અને તલવારો જેવા હથિયારો હતા.આ ટોળુ તેના ઘર તરફ આવવા લાગેલ તે વખતે તેને તે ટોળામા તો.દારોને ઓળખેલ તેમા આ તો.દાર કનુભાઈ સરપંચ પણ હતા. સાહેદ સાબીરહુસેને તો.દાર કનુભાઈ જોઈતાભાઈ(સરપંચ)ને ના.કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે.

(૪) સાહેદ નં-૫૯ મોહંમદ સત્તાર બચુમીયાં શેખ

આ સાહેદ આ તો.દાર સામેના પુરાવા માટે ખૂબ જ મહત્વનો સાહેદ છે. આ સાહેદે તા. ૧.૩.૦૨ના બનાવ બાદ પોલીસમાં વહેલામા-વહેલી તકે તા.૨.૩.૦૨ ના રોજ જવાબ લખાવેલ છે તેમા પણ મજકુર કનુભાઈ સરપંચ તો.દારે બનાવ વખતે હતા તેવુ લખાવેલ છે વળી, ના.કોર્ટ સમક્ષની જુબાનીમા પણ તા. ૧.૩.૦૨ના રોજ તે પોતાના ઘરે હતો ત્યારે રાતના ૯.૩૦-૧૦.૦૦ વાગે પટેલોના ટોળાએ મારો કાપોની બૂમો પાડી શેખ મહોલ્લાના નાકે આવેલા ત્રણ કેબીનોની તોડફોડ કરી લૂંટફાટ કરી સળગાવેલા અને પોલીસ આવતા તે ટોળુ નાસી ગયેલુ, બાદમા તેજ ટોળુ ૧૧.૦૦ એક વાગે ફરથી બૂમો કીકીયારીઓ પાડતુ આજે મુસલમાનોને છોડવાના નથી-ગોધરામા હિન્દુ લોકોને મુસ્લીમોએ જીવતા સળગાવી દીધા છે તેના કારણે આમને પણ જીવતા સળગાવી મારીનાંખો જેવી બૂમો પાડી પથ્થરમારો કરેલો અને મુસ્લીમોના મકાનો તોડફોડ કરી આગ લગાડવાનુ શરૂ કરતા તેઓ ગભરાઈ ગયેલા અને પોતાના પરિવારને મેહમુદભાઈના પાકા મકાનમા મૂકી આવેલા આ સાહેદ બીકના મારે બાજુના અકબરમીયા રસુલમીયાના મકાનમા સંતાઈ ગયેલો અને તેની બારીમાંથી જોઈ રહેલો ટોળાએ તેમની જીપ સળગાવી દીધેલ અને ગાડી બળતી હતી તેના અજવાળામા આ સાહેદે ટોળાના જે લોકોને જોયલા અને ઓળખેલા તેમા કનુભાઈ સરપંચ પણ હતા. તેવી તેની સ્પષ્ટ જુબાની છે.

આ ઉપરાંત આ સાહેદે ના.કોર્ટમા આ તો.દારને ઓળખી પણ બતાવેલ છે આમ, તો.દાર કનુભાઈ સરપંચ સામે સાહેદ મોહંમદ સત્તાર બચુમીયા શેખનો ખૂબ જ મહત્વનો વિશ્વસનીય અને સશકત પુરાવો છે.

(૫) <u>સાહેદ નં-૬૦ બચુમીયા ઈમામમીયાં શેખ :-</u> આ સાહેદ પોતાની જુબાનીમા જણાવેલ છે તે પ્રમાણે બનાવના દિવસે મોહલ્લાના નાકે સ્ટ્રીટલાઈટનો થાંભલો આવેલ છે તેના ઉપર વાયરમેન મથુરભાઈએ ડારેકટ લાઈટ ચાલુ કરેલી અને તે વખતે આ તો.દાર કનુભાઈ સરપંચ નીચે હતા. કબ્રસ્તાનના થાંભલા ઉપર મૂકેલ ફોકસ લાઈટનુ અજવાળુ તેમના મોહલ્લા તરફ પડતુ હતુ અને તા.૧.૩.૦૨ના રોજ તેઓ શેખ મોહલ્લામા હાજર હતા ત્યારે ગામના પટેલોએ હથિયારો, પેટ્રોલ,કેરોસીન સાથે તેમના ઉપર હુમલો કરેલ ત્યારે લાઈટના અજવાળામા ટોળાને જોયેલ તેમા આ તો.દાર કનુભાઈ સરપંચ પણ હતા તેવુ તેણે પોતાની જુબાનીમા પેરા નં-૩માં સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે આ સાહેદે ના.કોર્ટમા તો.દાર કનુભાઈ સરપંચને ઓળખી પણ બતાવેલ છે.

(૬) <u>સાહેદ નં-૬૩ ભીખુમીયા કાલુમીયા :-</u> આ સાહેદ બનાવ અંગે પોલીસમા તા.૧૦.૩.૦૨ ના રોજ જવાબ લખાવેલ છે તેમા પણ આ તો.દાર કનુભાઈ જોઈતારામના નામનો ઉલ્લેખ છે તે સિવાય આ સાહેદે ના.કોર્ટમા જુબાની આપેલ છે તેમા પણ બનાવના દિવસે ગામના પટેલોએ તોફાન કરી હથિયાર સહિત શેખ મહોલ્લા પર હુમલો કરી મુસ્લીમોના ઘરો સળગાવેલા તે ટોળામા આ તો.દારપણ હતા આ સાહેદે ના.કોર્ટમા મજકુર તો.દારને ઓળખી પણ બતાવેલ છે.

(૭) <u>સાહેદ નં-૬૪ રફીકમીયા બાબુમીયા શેખ :-</u> આ સાહેદ પોતાના પોલીસ જવાબમા પણ આ તો.દાર કનુભાઈ જોઈતાભાઈ સરપંચનુ નામ લખાયેલ છે અને ના.કોર્ટ સમક્ષની જુબાનીમા પણ તેણે જણાવેલ છે કે બનાવના દિવસે રાતના સાડા અગિયાર વાગ્યાના સુમારે મીયાભાઈને મારીનાંખો, કાપીનાંખો, બૂમો પાડતા હિન્દુ પટેલોનુ ટોળુ આવેલ અને મોહલ્લા તરફ પથ્થરમારો કરી ઘરો સળગાવેલા તે ટોળામા આ સાહેદે જોયેલ તો તેના જણાવ્યા પ્રમાણે તેના ગામના કનુભાઈ જોઈતાભાઈ સરપંચ ટોળાને ઉશ્કેરણી કરતા હતા આ સાહેદે વધુમા આ તો.દારને ના.કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે.

(૮) <u>સાહેદ નં-૬૫ અકબરમીયા નાથુમીયા શેખ :-</u> આ સાહેદ ના.કોર્ટમા જુબાની આપેલ છે તે પ્રમાણે તારીખ ૧.૩.૦૨ ના રોજ ભારતબંધનુ એલાન હતુ તે પોતાના પરિવાર સાથે ઘરે હતા તે દિવસે ચાર થી પાંચ વાગે કનુભાઈ સરપંચ, બેચરભાઈ

વોધવભાઈ,મથુરભાઈ ત્રિકમભાઈએ ઘરની આગળ લાઈટ લગાડી ચાલુ કરેલી ત્યારબાદ રાતના સાડા નવ વાગેના સુમારે પટેલ લોકોનુ ટોળુ બૂમો પાડતુ કેબીનોને આગ લગાડતુ આવેલા સાહેદે મજકુર તો.દારને ઓળખી પણ બતાવેલ છે આમ, આ સાહેદના જણાવ્યા પ્રમાણે સમગ્ર ગંભીર ગુનાહિત કૃત્યમા આ તો.દાર ગુનાહિત કાવતરા સાથે સામેલ છે.

(૯) <u>સાહેદ નં-૬૬ અકબરમીયા રસુલમીયા શેખ :-</u> આ ઈન્જર્ડ સાહેદે ના.કોર્ટમા જુબાની આપેલ છે તે પ્રમાણે ૧.૩.૦૨ના રોજ મીયાંને મારીનાંખો કાપીનાંખો બૂમો પાડતુ પથ્થરમારો કરતા ગામના પટેલોનુ ટોળુ આવેલ આ પથ્થરમારામાં આ સાહેદને બરડામા કપાળમા અને પગની નળી ઉપર ઈજાઓ થયેલ તે બચુભાઈની ગાડી પાછળ સંતાઈ ગયેલો ગામના પટેલો મેહમુદમીયાંના ઘર તરફ સળગાવતા-સળગાવતા આવતા હતા તેથી કબ્રસ્તાનના વંડા પાસે દોડીને જતો રહેલો, ટોળાએ મેહમુદમીયાનુ ઘર ઘેરી લીધેલ પછી પેટ્રોલ કેરોસીન નાંખેલ, આ સાહેદ વંડાની બાજુમા બેઠેલ હતો ત્યારે એક પટેલ તેને જોઈ ગયેલ અને તેની પાછળ પડતા આ સાહેદ કબ્રસ્તાનની પોળી કબરમા પેસી ગયેલ પોલીસ આવેલી ત્યારે તે બહાર આવેલો મેહમુદમીયાંના ઘર તરફ ગયેલો અને ૨૮ જેટલી લાશો પેટ્રોલ,કેરોસીન નાંખીને ગામના પટેલોએ બાળી મૂકેલ તે જોંયેલ આ હીચકારા કૃત્યો કરતા ટોળામા આ સાહેદે ગામના પટેલોને જોંયેલ તેમા આ તો.દાર કનુભાઈ જોઈતાભાઈ હતા. તેવુ ના.કોર્ટ સમક્ષની પોતાની જુબાનીમા પેરા-૩મા આ સાહેદે જણાવેલ છે અને તો.દાર કનુભાઈ જોઈતાભાઈને ના.કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે.

આમ, સાહેદનો પણ મજકુર તો.દાર સામે ખૂબ જ મહત્વનો અને સશકત પુરાવો છે.

(૧૦) <u>સાહેદ નં-૬૮ ગુલામઅલી અકબરમીયા શેખ :-</u> આ ઈન્જર્ડ સાહેદે ના.કોર્ટમા પોતાની જુબાનીમા સ્પષ્ટ પણે જણાવેલ છે કે બનાવના દિવસે સૂત્રોચાર પથ્થરમારો,લૂંટફાટ, અને આગ લગાડતા ગામના પટેલોના ટોળામા આ તો.દાર કનુભાઈ જોઈતાભાઈ પણ હતા આ સાહેદને પથ્થરમારામા ડાબાપગે, ઘૂંટણ ઉપર,ડાબાખભાના પાછળના ભાગે વાગેલ, અને પટેલોનુ ટોળુ વધુ અંદર આવતા તે બચુમીયા ઈમામમીયાની નવેલીમા ઉભો રહેલો અને પટેલોનુ ટોળુ અંદર આવેલુ ત્યારે જોંયેલ અને તો.દારોને ઓળખેલા તેમા તેણે આ તો.દારને જોઈ ઓળખેલા. આ પટેલોનુ ટોળુ બાળતા બાળતા મહેમુદભાઈના ઘર તરફ ગયેલુ અને મહેમુદભાઈના ઘરને ઘેરીલીધેલુ. મહેમુદભાઈના ઘરના દરવાજાને તોડવાની કોશિશ કરેલી, બારી તોડી નાંખેલી, ધાબુ તોડવાની કોશીશ કરેલી, બારી તોડી નાંખી કેરોસીન, પેટ્રોલ જેવુ નાંખી સળગતા કાકડા

નાંખેલા. અમારા માણસો બચાવો બચાવોની બુમો પાડતા હતા અમે ત્યાં હાજર હોવા છતાં બચાવી શકેલા નહીં. તેવી સ્પષ્ટ જુબાની નામદાર કોર્ટ સમક્ષ આપેલ છે. આ સાહેદે ના.કોર્ટમા તો.દારા કનુભાઈ જોઈતાભાઈ ને ઓળખી શકે છે તેવુ જણાવી આ તો.દારને ના.કોર્ટમા ઓળખી બતાવે છે.

આમ, આ સાહેદના પુરાવો પણ ખૂબજ માનવાલાયક અને તો.દાર વિરૂધ્ધ સશકત પુરાવો છે.

(૧૧) <u>સાહેદ નં-૬૯ શમીમબાનુ મેહમુદમીયા શેખ :-</u> આ સાહેદ મેહમુદમીયાની કે જેમના ઘરને ટોળાએ બાળી મુકેલ તેમની દીકરી છે બનાવ વખતે તે સગીર ઉંમરની હતી અને તે બનાવના દિવસે જે મકાનને બાળી મુકવામા આવેલ તેમા હાજર હતી પટેલ લોકોએ તેમના મકાનને ચારે બાજુથી ઘેરી કેરોસીન નાંખી કાકડા નાંખી, પેટ્રોલનાંખી બધાને સળગાવ્યા તે તેણીએ તેની નજરે આંખોથી જોેયેલ છે.

ના.કોર્ટમા તેણીની જુબાનીમા સાહેદે સ્પષ્ટ જણાવેલ છે કે તે તો.દારોને ચહેરા પરથી ઓળખી શકે તેમ છે પરંતુ તેમના નામ આવડતા નથી. આ તબકકે એ હકીકત ધ્યાનમા લેવા જેવી છે કે બનાવ વખતે આ સાહેદ સગીર વયની તેમજ બાઈ માણસ હોઈ તો.દારના નામ ન આવડે તે બધુ આશ્ચર્ય જનક નથી.

આ સાહેદે ના.કોર્ટમા આ તો.દારને દીઠે ઓળખી બતાવેલ છે.

આ સાહેદ ખૂબજ મહત્વના સાહેદ તરીકે ઉપસી આવે છે અને કોઈને ખોટી રીતે સંડોવવામા તેને કોઈ રસ ન હોય.

(૧૨) <u>સાહેદ નં-૭૦ મુનસફખાન યાસીનખાન પઠાણ :-</u>

આ મહત્વના સાહેદે પણ ના.કોર્ટ સમક્ષની પોતાની જુબાનીમા બનાવના દિવસે તોફાનો કરી રહેલ પટેલોના ટોળાના ગુનાહિત કૃત્યોનુ વિસ્તૃત વર્ણન આપી તે ટોળામા આ તો.દાર કનુભાઈ જોઈતાભાઈ પણ હતા તેવુ જણાવી ના.કોર્ટમા આ તો.દારને ઓળખી પણ બતાવે છે.

(૧૩) <u>સાહેદ નં-૮૨ સાબેરાબીબી સાબીર હુસેન ફકીર :-</u> આ સાહેદની ના.કોર્ટમા જુબાની થયેલ છે તેમા તેણીએ સ્પષ્ટ જણાવેલ છે ગોધરાકાંડ પછી બીજા દિવસે ગુજરાબંધનુ એલાન હતુ પટેલોએ તેમના ગામના ગલ્લા બાળી મૂકેલ પછી બીજા દિવસે મુસ્લમાનોને મારીનાંખો, કાપીનાંખો,બાળીનાંખો, ધારીયા,પાઈપો,તલવારો સાથે હુમલો કરેલ અને તે લોકોએ આવીને તેમનુ ઘર બાળ્યુ તેના અજવાળામા આ સાહેદે તે લોકોને ઓળખેલા તેમા કનુભાઈ જોઈતાભાઈ સરપંચ હતા તેવી આ સાહેદની જુબાની છે આ

સાહેદના જણાવ્યા પ્રમાણે બનાવને ઘણો વખત થઈ ગયેલ હોઈ તેણી તો.દારને ઓળખી શકતી નથી આ સાહેદ પણ વૃધ્ધ ઉંમરના છે તે નોંધવુ રહયુ.

(૧૪) સાહેદ નં-૮૩ શરીફાબીબી સાબીર હુસેન ફકીર :- આ સાહેદની ના.કોર્ટમા જુબાની થયેલ છે તે પ્રમાણે બનાવના દિવસે સરદારપુરા પટેલોએ બજારમા કેબીનો સળગાવેલા અને મીયાને મારીનાંખો, કાપીનાંખો,સળગાવીનાંખો, બોલતા તેમના ઘર તરફ આવેલા તેથી ધીમે રહીને ખેતરોમા નીકળી છુપાઈ ગયેલા આ સાહેદની જુબાનીમા તેણીએ સ્પષ્ટ જણાવેલ છે કે, ચંદ્રમાના અજવાળામા ઘરબાળ્યુ તેના અજવાળામા તેણીએ અમુક માણસોને ઓળખેલા તેણે ઓળખેલા તો.દારોમા આ તો.દાર કનુભાઈ જોઈતાભાઈ પણ હતા આ મહત્વના સાહેદે આ તો.દારોને ના.કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે.

(૧૫) સાહેદ નં-૪૮ સાબીર હુસેન કાદરમીયા :- આ સાહેદે પણ ના.કોર્ટમા બનાવના દિવસે ગુનાહિત કૃત્ય કરી હુમલો કરનાર ટોળામા આ તો.દાર પણ સામેલ હતા તેવી સ્પષ્ટ જુબાની આપેલ છે આ તો.દાર તરફથી આચરવામા આવેલ ગુનાઓનુ વર્ણન કરતા આ સાહેદ ના.કોર્ટમાં રડી પણ પડેલ અને તેણે આ તો.દારને ના.કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે.

## તોહમતદાર નં.૫૦ પ્રજાપતિ રમણભાઈ ગણેશભાઈ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો

(૧) સાહેદ નં-૪૯ ઈકબાલમીયા રસુલમીયા :-

આ ઈન્જર્ડ સાહેદનો પોલીસ જવાબ ૧૦.૩.૦૨ ના રોજ લખાવેલ છે તેમા પણ આ તો.દાર ગુનાહિત ટોળામા ડબલા સાથે હતા તેમા તેમનુ નામ તો.દાર તરીકે દર્શાવેલ છે વળી, ના.કોર્ટ સમક્ષની જુબાનીમા પણ બનાવના દિવસે તો.દાર રાતના સાડા અગિયાર વાગ્યાના સુમારે હિન્દુઓના ટોળામા પથ્થરમારો કરતા લૂંટફાટ તોડફોડ અને મકાનોને આગ લગાડતા આગળ વધેલા અને મહેમુદમીયાન ઘરને ચારેબાજુથી ઘેરી પેટ્રોલ કેરોસીન નાંખીને બૈરા-છોકરાને જીવતા સળગાવેલા. તે ટોળામા હાથમા ડબલા સાથે હતા તેવુ આ સાહેદે જોયેલ છે અને ના.કોર્ટ સમક્ષ આ સાહેદે મજકુર તો.દારને

ઓળખી પણ બતાવેલ છે આમ, સાહેદની મહત્વની જુબાની મજકુર તો.દાર વિરૂધ્ધ નોંધાયેલ છે જે ખૂબજ વિશ્વાસનીય અને નકારી શકાય તેમ નથી.

(૨) <u>સાહેદ નં-૫૧ નજીર મોહંમદ અકબરમીયા :-</u>

આ મહત્વના ઈન્જર્ડ સાહેદનો પોલીસ જવાબ તા.૧૦.૩.૦૨ ના રોજ લખાવેલછે તેમા પણ આ તો.દાર બનાવ વખતે કરોસીન ભરેલ ડબ્બા સાથે હતો તેવુ લખાવેલ છે. તેમજ ના.કોર્ટ સમક્ષની જુબાનીમા પણ આ સાહેદે સ્પષ્ટ જણાવે છે કે બનાવના દિવસે આગ લૂંટફાટ સૂત્રોચ્ચાર કરતા ટોળામા આ તો.દાર રમણભાઈ ગણેશભાઈ કેરોસીનના ડબ્બા સાથે હતા તે લોકેએ મુસ્લિમોના મોહલ્લા ઉપર હુમલો કરેલો મેહમુદમીયાના મકાનની બારી તોડી પેટ્રોલનાંખી મકાન સળગાવી આ ટોળાના પથ્થરમારામા આ સાહેદને ડાબા હાથની કોણી ઉપર તથા ડાબા આંખના ડોળા ઉપર પથ્થર વાગવાથી ઈજા થયેલી આ સાહેદે ના.કોર્ટમા આ તો.દારને ઓળખી પણ બતાવેલ છે.

(૩) <u>સાહેદ નં-૫૨ હિઝબુલમીયા હુસેનમીયા શેખ :-</u>

આ સાહેદની ના.કોર્ટમા જુબાની થયેલ છે તે પ્રમાણે તા.૧.૩.૦૨ના રોજ ગામના પટેલોએ ટોળે ભેગા થઈ મુસ્લમાનો વિરૂધ્ધ સૂત્રોચ્ચાર કરી તેમના મકાનોને આગ લગાડવાનુ શરૂ કરેલ મુસ્લિમ લોકો બચવા માટે મેહમુદમીયાના ધાબાવાળા ઘરમા પેસી ગયેલ આ સાહેદ અકબરભાઈના ઘરની આડમા સંતાઈ ગયેલ ટોળાના માણસો મકાનોને આગ લગાડતા મહેમુદભાઈના ઘર તરફ આગળ વધેલા અને આ સહેદે જોયેલ તો ગામના બીજા તો.દારો સાથે આ તો.દાર રમણભાઈ ગણેશભાઈ પણ હતા આ મહત્વના સાહેદે મજકુર તો.દારને ના.કોર્ટ સમક્ષ ઓળખી પણ બતાવેલ છે.

(૪) <u>સાહેદ નં-૫૫ આશીકહુસેન બચુમીયા શેખ :-</u>

આ મહત્વના સાહેદે પોતાના અતિ મહત્વના પોલીસ જવાબ જે તા. ૨.૩.૦૨ ના રોજ નોંધવામા આવેલ છે તેમા પણ આ તો.દારનુ નામ લખાવેલ છે ના.કોર્ટ સમક્ષની જુબાનીમા પણ બનાવના દિવસે ગામના હિન્દુ લોકોના ટોળાએ શેખવાસ ઉપર હુમલો કરી મકાનોને તોડફોડ લૂંટફાટ કરી પથ્થરમારો કરી આગ ચાંપવાનુ શરૂ કરેલુ તે ટોળામા સાહેદે જોંયેલ કે આ તો.દાર પ્રજાપતિ રમણભાઈ ગણેશભાઈ પણ હતા અને તેઓ આ સાહેદની જીપ સળગાવવામા પણ બીજા તો.દારો સાથે સામેલ હતા આ મહત્વના સાહેદે ના.કોર્ટમા આ તો.દાર પ્રજાપતિ રમણભાઈ ગણેશભાઈને સ્પષ્ટ રીતે ઓળખી પણ બતાવે છે.

(૫) <u>સાહેદ નં-૫૬ ઐયુબમીયા રસુલમીયા :-</u>

આ ઈન્જર્ડ સાહેદનો પોલીસ જવાબ તા.૧૦.૩.૦૨ ના રોજ થયેલ છે તેમા પણ તેમણે આ તો.દારનુ નામ લખાવેલ છે વળી, ના.કોર્ટ સમક્ષની જુબાનીમા આ સાહેદે બનાવના દિવસે બૂમો અને ચીચીયારીયો પાડતા આગ અને લૂંટફાટ, મકાનો સળગાવતા આ સાહેદ મહેમુદમીંયાન મકાન તરફ ગયેલો. આ સાહેદના કહેવા પ્રમાણે અમોને અંદર રૂમમાં પેટ્રોલ કેરોસીન નાંખીને સળગાવ્યા અને અમે બચાવો બચાવોની બુમો પાડચા હતા. આ ગુનાહિત કૃત્ય કરતા હિન્દુઓના ટોળામા આ તો.દાર રમણભાઈ ગણેશભાઈ ના હાથમાં ડબલુ હતુ તે તેણે જોંયેલ છે.

(૬) <u>સાહેદ નં-૬૫ અકબરમીયા નાથુમીયા :-</u>

આ સાહેદનો જવાબ પોલીસમા ૧૦.૩.૦૨ ના રોજ થયેલ છે જેમા આ તો.દારનુ નામ લખાવેલ છે અને ના.કોર્ટ સમક્ષની જુબાનીમા પણ તેમણે જણાવેલ છે કે, તે તેના ઘર આગળ મોહલ્લાના નાકે બનાવના દિવસે ઉભેલ હતો, સ્ટ્રીટ ફોકસ લાઈ લગાવેલી હતી, હિન્દુઓનુ ટોળુ મીયાભાઈને કાપીનાખો વિગેરે બોલતુ હતુ તોડફોડ આગ લગાડતુ આવેલ તે ટોળામા આ સાહેદે રમણભાઈ ગણેશભાઈ ને પણ ડબલા સાથે જોંયેલા છે.

(૭) <u>સાહેદ નં-૭૫ ફીરોઝાબાનુ બચુમીયા શેખ :-</u>

સાહેદે ના.કોર્ટમા જુબાની આપેલ છે તે પ્રમાણે બનાવના દિવસે ગામના પટેલોએ નવેક વાગ્યે મોહલ્લાના કેબીન બાળેલા પછી અગિયાર સાડા અગિયારના અરસામા ફરીથી હિન્દુલોકો આવેલા મકાન બાળવા લાગેલા અને પથ્થરમારો ચાલુ કરેલો છોકરીઓ અને સ્ત્રીઓ બચવા માટે મેહમુદમીયાના મકાનમા જતા રહેલા હિન્દુલોકોએ બારીનો સળીયો તોડી અંદર કેરોસીન,પેટ્રોલનાંખી, સળગાવેલા તે ટોળામા તેણીએ આ તો.દાર પ્રજાપતિ રમણભાઈ ગણેશભાઈને જોંયેલા અને ના.કોર્ટમા તેણીએ જુબાની આપેલ છે તે પ્રમાણે પોલીસે તેણીને પુછતા તેણીએ તેઓને મારવા વાળાઓના નામ લખાવેલા આ સાહેદે તો.દારનો તેમની કમાન્ડર જીપ બાળતા પણ જોયેલા, તેઓ તોડફોડ કરતા હતા કેરોસીનનાંખી દીવાસળી ચાંપતા હતા તેણીએ ચારપાંચ જણાને જોયેલા તેણીએ જતા જતા ત્રણ જણાને જોયેલા તેમા તેણીએ ના.કોર્ટમા અંબાલાલ કપૂર,કચરાત્રિભા, રોહિતકુમાર રમણભાઈ અને આ તો.દાર પ્રજાપતિ રમણભાઈ ગણેશભાઈને જોયલાનુ આ મહત્વના સાહેદે ના.કોર્ટમા તો.દારને રમણભાઈ ગણેશભાઈ તરીકે ઓળખી પણ બતાવેલ છે.

## <u>તોહમતદાર નં.૫૧ મારવાડી આશુતોષ ઉર્ફે પવનકુમાર મુરલીધર વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>

(૧) <u>સાહેદ નં-૪૯ ઈકબાલમીયા રસુલમીયા શેખ :-</u>

આ ઈન્જર્ડ સાહેદે તેના ૧૦.૩.૦૨ના પોલીસ જવાબમા પણ આ તો.દારનુ નામ આપેલ છે ના.કોર્ટ સમક્ષની જુબાનીમા બનાવના દિવસે તોહમતદાર રાત્રે સાડા અગ્યાર વાગ્યાના સુમારે હિન્દુઓના ટોળામાં પથ્થરમારો કરતા લુટફાટ, તોડફોડ અને મકાનોને આગ લગાડતા આગળ વધેલા અને ટોળુ મહેમુદમીંયાના ઘરને ઘેરી, બારી તોડી પેટ્રોલ કેરોસીન નાંખી, બૈરા-છોકરાઓને જીવતા સળગાવી નાખેલા આ ગુનાહિત કુત્ય કરી રહેલ ટોળામા પવનભાઈ મારવાડી હાથમા પાઈપ સાથે હતા તેવુ જણાવે છે અને આ સાહેદે ના.કોર્ટમા આ તો.દારને પવન મારવાડી તરીકે ઓળખી પણ બતાવેલ છે આ સાહેદને બનાવ વખતે ઈજાઓ થયેલ અને સારવાર પણ કરાવેલ છે આમ, આ સાહેદની જુબાની મહત્વની અને માની શકાય તેવી છે.

(૨) <u>સાહેદ નં-૬૫ અકબરમીયા નાથુમીયા :-</u>

આ સાહેદનો પોલીસ જવાબ ૧૦.૩.૦૨ ના રોજ થયેલ છે તે જવાબમા પણ આ સાહેદ મજકુર તો.દારનુ નામ આપેલ છે વળી, ના.કોર્ટની જુબાનીમાં પણ આ સાહેદ બનાવના દિવસે ગુનાહિત કૃત્યો કરી રહેલ હિન્દુઓના ટોળામા આ તો.દાર પવન મુરલી વાસણવાળો ઉશ્કેરણી કરતો હતો  મીંયાભાઈને મારી નાંખો અને કાપી નાંખો તેવી જુબાની આપેલ છે.

## તોહમતદાર નં.૫૨ પટેલ ડાહ્યાભાઈ કચરાભાઈ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો

(૧) સાહેદ નં-૪૯ ઈકબાલમીયા રસુલમીયા શેખ :-

આ ઈન્જર્ડ સાહેદે પોતાના ૧૦.૩.૦૨ ના પોલીસ રૂબરૂના નિવેદનમા પણ આ તો.દારનુ નામ આપેલ છે ના.કોર્ટ સમક્ષની જુબાનીમા બનાવના દિવસે તોહમતદાર રાત્રે સાડા અગ્યાર વાગ્યાના સુમારે હિન્દુઓના ટોળામાં પથ્થરમારો કરતા લુટફાટ, તોડફોડ અને મકાનોને આગ લગાડતા આગળ વધેલા અને ટોળુ મહેમુદમીંયાના ઘરને ઘેરી, બારી તોડી પેટ્રોલ કેરોસીન નાંખી, બૈરા-છોકરાઓને જીવતા સળગાવી નાખેલા આ ગુનાહિત કુત્ય કરી રહેલ ટોળામા ડાહ્યાભાઈ કચરાભાઈ હાથમા પાઈપ સાથે હતા તેવુ જણાવે છે અને આ સાહેદે ના.કોર્ટમા આ તો.દારને ડાહ્યાભાઈ કચરાભાઈ તરીકે ઓળખી પણ બતાવેલ છે આ સાહેદને બનાવ વખતે ઈજાઓ થયેલ અને સારવાર પણ કરાવેલ છે આમ, આ સાહેદની જુબાની મહત્વની અને માની શકાય તેવી છે.

(૨) સાહેદ નં-૫૧ નજીર મોહંમદ અકબરમીયા :-

આ મહત્વના સાહેદે પણ પોતાના ૧૦.૩.૦૨ ના જવાબમા આ તો.દારનું નામ આપેલ છે અને નામદાર કોર્ટ સમક્ષની જુબાનીમા બનાવના દિવસે આગ લુટફાટ અને સુત્રોચ્ચાર કરતા ગુનાહિત કૃત્યો કરી રહેલ ટોળામા આ તો.દાર ડાહ્યાભાઈ કચરાભાઈ  હાથમાં પથ્થર સાથે હતા. તે લોકોએ શેખવાસ ઉપર હુમલો કરેલો, મહેમુદમીયાના મકાનની બારી તોડી, પેટ્રોલ નાંખી મકાન સળગાવી નાંખેલ. આ ટોળાના પથ્થરમારામાં આ સાહેદને ડાબાહાથની કોણી ઉપર તથા ડાબી આંખના ડોળા ઉપર પથ્થરવાગવાથી ઈજા થયેલી.આ સાહેદે ના.કોર્ટમા મજકુર તો.દારને ઓળખી પણ બતાવેલ છે આમ આ સાહેદ પણ મહત્વનો સાહેદ છે.

(૩) સાહેદ નં-૫૬ ઐયુબમીયા રસુલમીયા શેખ :-

સાહેદે તા.૧૦.૩.૦૨ ના પોલીસ જવાબમા આ તો.દારનુ નામ આપેલ છે તે ઉપરાંત બનાવના દિવસે ગુનાહિત કૃત્ય કરી રહેલ ટોળામા આ તો.દાર પણ સામેલ હોવાનુ પાઈપ સાથે હતા તેવુ સ્પષ્ટ જણાવેછે બનાવ વખતે આ સાહેદ મહેમુદમીંયાના ઘરમાં હતા તેમાં તેમને બળી જવાથી ઈજા થયેલ તેમની પત્ની પણ બળી ગયેલ આ સાહેદ બનાવ નજરે જોનાર સાહેદ છે અને ના.કોર્ટમા આ સાહેદે આ તો.દાર ડાહ્યાભાઈ

કચરાભાઈને ઓળખી બતાવે છે આમ, આ સાહેદની જુબાની ખૂબજ મહત્વની નકારી ન શકાય તેવી સશકત છે.

(૪) <u>સાહેદ નં-૭૨ પ્રહલાદભાઈ નાથાભાઈ રાવળ :-</u>

આ અત્યંત મહત્વના તટસ્થ સાહેદની જુબાની ના.કોર્ટમા થયેલ છે આ સાહેદને કોઈની સામે કોઈ અદાવત નથી કોઈની સામે ખોટી જુબાની આપવાનું કારણ નથી આ સાહેદ પોતાની જુબાનીમા જણાવેછે કે બનાવના દિવસે ગામના પટેલના ટોળે-ટોળા હતા તે રાત્રે આ સાહેદ ઘરે હતો તે દરમ્યાન દસ-સાડા દસના ગાળામા મેમણ જાન મોહંમદની દુકાન તોડી વલી કાકાના ઘરમા ઘૂસેલા અને બાંડીયાઓને મારીનાંખો કાપીનાંખો બૂમો પાડતા હતા વલીકાકાને ઘરે હુમલે કરનારના નામ ના.કોર્ટમા આપી તે સિવાય પણ બીજાઓ હતા જેમના તેમને નામ યાદ નથી તે લોકોએ પણ તોડફોડ કરી નથી નામદાર કોર્ટ  સમક્ષની જુબાનીમા પેરા નં-૪ માં આ સાહેદે વલીકાકાના ઘર આગળ આવેલ માણસોમા તો.દાર ડાહ્યાભાઈ કચરાભાઈ પણ હતા તે રીતે ઓળખી બતાવેલ છે.

(૫) <u>સાહેદ નં-૮૦ રૂકશાનાબાનુ ઈબ્રાહીમભાઈ :-</u>

સાહેદ નં-૮૦ રૂકશાનાબાનુ ઈબ્રાહીમભાઈ આ સાહેદે ના.કોર્ટમા જુબાની આપેછે તે પ્રમાણે બનાવના દિવસે તેઓ ગામના લોકોના હુમલામાંથી બચવા તેઓ મેહમુદભાઈના મકાનમા ઘૂસી ગયેલા ગામના લોકોએ તેમને ઘેરી લીધેલા ઘરમા કેરોસીન,પેટ્રોલ, છાંટી  આગ લગાડેલ અને અંદર આ સાહેદ સાથે બીજાઓ બચાવો-બચાવોની બૂમો પાડતા હતા આ સાહેદને બનાવ વખતે આંખની જમણીબાજુ તથા ઢીંચણ ઉપર ઈજાઓ થયેલ બનાવ વખતે મેહમુદભાઈના મકાનમા તેણી હતી અને તેણીએ તેની માતા, બહેનો, તેમજ કુટુંબના અનેક વ્હાલસોયાઓને ગુમાવ્યા છે ના.કોર્ટ સમક્ષની જુબાનીના પેરા-૩માં સ્પષ્ટ જણાવેલ છે કે ટોળામા જે માણસો હતા તેમને ચેહરા ઉપરથી ઓળખી શકે તેમ છે આ સાહેદે આ તો.દાર ડાહ્યાભાઈ કચરાભાઈને ના.કોર્ટમા સ્પષ્ટ રીતે ઓળખી બતાવે છે આમ, આ સાહેદનો પણ મહત્વનો પુરાવો તો.દાર વિરૂધ્ધ છે જેને ન માનવુ કોઈ કારણ નથી.

**<u>તોહમતદાર નં.૫૩ પટેલ રમેશભાઈ બળદેવભાઈ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>**

(૧) **<u>સાહેદ નં-૭૩ ફરીદાબાનુ આશીકહુસેન :-</u>**

**આ સાહેદે કમનસીબ બનાવમા પોતાની દીકરી આશીયાનાબાનુને ગુમાવેલ છે તેણીને પોતાને પણ દાઝવાથી ઈજાઓ થયેલી છે તેણીનો બનાવના તરત જ તા.૨.૩.૦૨ ના રોજ જવાબ થયેલો છે તેણી પગે,હાથે,દાઝી ગયેલી તેણીનો દીકરો આફતાબ પણ દાઝી ગયેલો બનાવના દિવસે આફતાબ પણ દાઝી ગયેલો બનવાના દિવસે રાતના અગિયાર બાર વાગ્યાના સુમારે ગામના પટેલોને ટોળુ મીયાભાઈને બાળો, મારો ની બૂમો પાડતુ આવેલુ અને શેખ મોહલ્લા ઉપર હુમલો કરેલ તેમા આ સાહેદ બચવા સારૂ મેહમુદભાઈના મકાનમા ઘૂસી ગયેલા આ સાહેદે ગામના લોકોને તમને લોકોને બાળીનાંખવાના છે સળગાવી નાંખવાના છે તેવુ કહેતા સાંભળેલા તેણીએ ગામના લોકોને કેરોસીન,પેટ્રોલ નાખતા જોંયેલા તેણીએ ના.કોર્ટમા જુબાની આપેલ છે તે પ્રમાણે તેણીએ પોલીસમા તો.દારોના નામ બતાવેલ અને બનાવને બહુ ટાઈમ થઈ ગયેલ હોઈ ચેહરા ઉપરથી ઓળખી શકે તેમ છે તેણીએ ના.કોર્ટમા રમેશભાઈ બળદેવભાઈને ઓળખી બતાવેલ છે આમ, આ સાહેદની જુબાની ખૂબજ મહત્વની અને નકારી ન શકાય તેવી છે.**

(૨) **<u>સાહેદ નં-૮૧ દિલાવરખાન અબ્બાસમીયા શેખ :-</u>**

**આ સાહેદ અગાઉ જણાવ્યા પ્રમાણે બનાવ વખતે ખૂબજ કાચી ઉમરના બાર વર્ષનો chield વીટનેશ બનાવના દિવસને મેહમુદમીયાના મકાનની અંદર હતો બનાવમા તેણે માતા-પિતા અને મોટી બહેનને ગુમાવેલ છે તેથી નાની બહેન પગે દાઝી ગયેલી. આ સાહેદના જણાવ્યા પ્રમાણે અમારા ગામના પટેલ હિન્દુઓના ટોળાએ શેખવાસના ઘરો પર હથિયાર વડે હુમલો કરેલો અને તેઓ જીવ બચાવવા મહેમુદમીંયાના ઘરમાં પચાસેક જેટલા માણસો સંતાઈ ગયેલા અને આ ટોળાએ મહેમુદમીંયાના ઘરનો દરવાજો બંધ કરી દીધેલ બારી તોડી પેટ્રોલ, કેરોસીન, કેમીકલ છાંટી સળગાવેલા. જે ટોળાએ હુમલો કર્યો તે ટોળાના માણસોને જોઈને ઓળખી શકે તેમ છે આ તો.દાર રમેશભાઈ બળદેવભાઈને સાહેદે ઓળખી બતાવેલ છે આમ ના.કોર્ટ સમક્ષ આ ખૂબજ મહત્વનો** chield **વીટનેશ છે અને મજકુર તો.દાર સામે તેનો સશકત પુરાવો છે.**

## તોહમતદાર નં.૫૪ પટેલ મથુરભાઈ ત્રિકમભાઈ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો

(૧) સાહેદ નં-૪૯ ઈકબાલમીયા રસુલમીયા :-

આ ઈન્જર્ડ સાહેદે પોતાના ૧૦.૩.૦૨ ના પોલીસ રૂબરૂના નિવેદનમા પણ આ તો.દારનુ પટેલ મથુરભાઈ ત્રિકમભાઈનું નામ આપેલ છે ના.કોર્ટ સમક્ષની જુબાનીમા બનાવના દિવસે તોહમતદાર રાત્રે સાડા અગ્યાર વાગ્યાના સુમારે હિન્દુઓના ટોળામાં પથ્થરમારો કરતા લુટફાટ, તોડફોડ અને મકાનોને આગ લગાડતા આગળ વધેલા અને ટોળુ મહેમુદમીયાના ઘરને ઘેરી, બારી તોડી પેટ્રોલ કેરોસીન નાંખી, બૈરા-છોકરાઓને જીવતા સળગાવી નાખેલા આ ગુનાહિત કુત્ય કરી રહેલ ટોળામા પટેલ મથુરભાઈ ત્રિકમભાઈ હાથમા ધારિયા સાથે હતા તેવુ જણાવે છે અને આ સાહેદે ના.કોર્ટમા આ તો.દારને પટેલ મથુરભાઈ ત્રિકમભાઈ તરીકે ઓળખી પણ બતાવેલ છે આ સાહેદને બનાવ વખતે ઈજાઓ થયેલ અને સારવાર પણ કરાવેલ છે આમ, આ સાહેદની જુબાની મહત્વની અને માની શકાય તેવી છે.

(૨) સાહેદ નં-૫૬ ઐયુબમીયા રસુલમીયા :-

સાહેદે પોતાના તા.૧૦.૩.૦૨ ના પોલીસ જવાબમા આ તો.દારનુ નામ આપેલ છે વળી, ના.કોર્ટ સમક્ષની પોતાની જુબાનીમા બનાવના બનાવ વખતે આ સાહેદ મહેમુદમીંયાના ઘરમાં હતા તેમાં તેમને બળી જવાથી ઈજા થયેલ તેમની પત્ની પણ બળી ગયેલ આ સાહેદ બનાવ નજરે જોનાર સાહેદ છે. સાહેદે ગુનાહિત કૃત્યો કરી રહેલ ટોળામા આ તો.દાર મથુરભાઈ ત્રિકમભાઈ હાથમા ધારીયા સાથે હતા તેવુ જણાવે છે તેટલુ જ નહી પરંતુ, આ સાહેદે મજકુર તો.દારને ના.કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે.

(૩) સાહેદ નં-૫૮ સાબીરહુસેન ઈમામશા :-

આ સાહેદ પોતાની ના.કોર્ટ સમક્ષની જુબાનીમા આ તો.દાર બનાવના દિવસે ગુનાહિત કૃત્યો કરતા ટોળામા હતા અને આ સાહેદે તેમને ઓળખેલા આ સાહેદે ના.કોર્ટ સમક્ષ મજકુર તો.દાર મથુરભાઈ ત્રિકમભાઈને ઓળખી પણ બતાવે છે. અને આમાં સાહેદનો તો.દાર સામે સશક્ત પુરાવો છે.

(૪) સાહેદ નં-૬૦ બચુમીયા ઈમામમીયા શેખ :-

આ સાહેદ બનાવ અંગે વિસ્તૃત જુબાની આપી જણાવેછે કે તા.૨૮.૨.૦૨ના રોજ મોહલ્લાના નાકે સ્ટ્રીટલાઈટનો થાંભલો આવેલ છે તે વાયરમેન મથુરભાઈ ત્રિકમભાઈએ ડાયરેક્ટ લાઈટ ચાલુ કરેલી આમ, આ તો.દાર બનાવના પુરા કાવતરામા સામેલ હતો તે જણાઈ આવેછે અને આ સાહેદ મજકુર તો.દારને ના.કોર્ટમા ઓળખી પણ બતાવે છે. આમ, આ સાહેદને નમાનવાનુ કોઈ જ કારણ નથી અને તો.દાર વિરૂધ્ધ સાહેદનો વિશ્વાસનીય પુરાવો છે.

(૫) <u>સાહેદ નં-૬૩ ભીખુમીયા કાલુમીયા શેખ :-</u>

આ ઈન્જર્ડ સાહેદે ના.કોર્ટમા જુબાની આપેલ છે તેમા બનાવના દિવસે ગામના પટેલોએ તેમના ઘર સળગાવેલા અને તેમા આ તો.દાર મથુરભાઈ ત્રિકમભાઈને પણ જોંયેલા આ સાહેદને માથામા, ડાબીબાજુ ઈજાઓ થયેલ આ સાહેદ જુબાની આપતી વખતે લગભગ ૭૫ વર્ષની વૃધ્ધ ઉંમરના હોવાથી તેમજ બનાવ બન્યાને ઘણો લાંબો આઠ વર્ષ જેટલો સમય થઈ જવાથી આંખમા ઝાકણ આવેલ હોઈ બરોબર જોંઈ નહી શકતા હોવાનુ જણાવેલ.

(૬) <u>સાહેદ નં-૬૪ રફીકમીયા બાબુમીયા શેખ :-</u>

આ સાહેદે પોલીસ જવાબમા પણ આ તો.દારનુ નામ આપેલ છે તથા ના.કોર્ટ સમક્ષની જુબનીમા પણ બનાવના દિવસે આગ લૂંટફાટ અને પથ્થરમારો કરી ઘરો સળગાવેલા અમોએ પણ સામનો કરેલો. અમારા મહોલ્લાના માણસો, બૈરા-છોકરા મહેમુદમીંયાના પાકા મકાનમાં સંતાઈ ગયેલા. . . . તે ટોળાના માણસો મહેમુદમીંયાના મકાન તરફ ગયેલા તે ટોળામાં આ તો.દાર પણ હતા તેવુ જણાવે છે.

(૭) <u>સાહેદ નં-૬૫ અકબરમીયા નાથુમીયા :-</u>

આ સાહેદે ના.કોર્ટમા પોતાની જુબાનીમા સ્પષ્ટ જણાવેલ છે કે બનાવના દિવસે એટલે કે તા.૧.૩.૦૨ ના રોજ ચાર થી પાંચ વાગ્યાના સુમારે કનુભાઈ સરપંચ, બેચરભાઈ ઓધવભાઈ અને આ તો.દાર મથુરભાઈ ત્રિકમભાઈને તેમના ઘરની આગળ લાઈટ લગાડીને ચાલુ કરેલી ત્યારબાદ રાતના પટેલોનું ટોળુ મીયાભાઈને કાપીનાંખો,સળગાવીનાંખો, ની બૂમો પાડતુ આવેલુ અને કેબીનો સળગાવેલ આમ, આ તો.દારે ગંભીર પ્રકારના ગુનાઓ એક વિશિષ્ટ વર્ગ સામે કરવાના કાવતરાના એક ભાગ રૂપે તે ગુના સારી રીતે કરી શકાય તે માટે સગવડ કરી ગુનાહિત કૃત્યમા મદદરૂપ થયેલ છે, આ સાહેદે મજકુર તો.દારને ના.કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે.

(૮) <u>સાહેદ નં-૬૬ અકબરમીયા રસુલમીયા :-</u>

આ સાહેદે પણ ના.કોર્ટમા જુબાની આપેલ છે તે પ્રમાણે બનાવના દિવસે ગુનાહિત કૃત્યો કરી રહેલ પટેલોના ટોળા તેણે જોંયેલ છે તેને પથ્થર વાગતા બરડામા,કપાળમા,પગની નળીએ ઈજાઓ થયેલ બચુભાઈની ગાડી પાછળ સંતાયેલો ત્યારે તેના ગામના પટેલો મેહમુદમીયાના ઘર તરફ સળગાવતા-સળગાવતા આવતા હતા અને નજીક આવતા તેથી સાહેદ બચવા માટે કબ્રસ્તાનાના વંડા પાસે જતો રહેલ તેણે જોંયેલ કે મેહમુદમીયાનુ ઘર ઘેરી લેવામા આવેલ પછી પેટ્રોલ,કેરોસીન નાંખેલ તે વખત સાહેદ વંડાની બાજુમા બેઠલ હતો અને એક પટેલ તેને જોઈ જતા તે કબ્રસ્તાનની પોળી કબરમા પેસી ગયેલ આ સમગ્ર બનાવમા ટોળામા ગામના પટેલોમા બીજા તો.દારની સાથે આ તો.દાર મથુરભાઈ ત્રિકમભાઈ પણ હતા અને તેમને આ સાહેદ તેમને ઓળખે છે તેવુ તેમનુ ના.કોર્ટ સમક્ષની જુબાનીમા પેરા નં-૩મા તેવુ તેમનુ કહેવુ છે.

(૯) <u>સાહેદ નં-૬૮ ગુલામઅલી અકબરમીયા :-</u>

આ મહત્વના ઈન્જર્ડ સાહેદ છે. તેણે પોતાના તા.૧૦.૩.૦૨ ના પોલીસ જવાબમા પણ આ તો.દાર મથુર ત્રિકમનુ નામ લખાવેલ છે બનાવ વખતે આ સાહેદને ઈજાઓ થયેલ છે બનાવ તેણે નજરે જોંયેલ છે બનાવના દિવસે પટેલોના ટોળાએ શેખ મોહલ્લા ઉપર પથ્થરમારો કરી રહેલ હતો આ સાહેદને ડાબા પગે ઘૂંટણ ઉપર, ડાબા ખભાના પાછળ વાગેલ ટોળુ વધુ અંદર આવતા આ સાહેદ બચુમીયા ઈમામમીયાની નવેળીમા ઉભો રહી ગયેલો અને પટેલોનુ ટોળુ અંદર આવેલુ અને તેમને જોંયેલો. બીજા તો.દારની સાથે તો.દાર મથુરભાઈ ત્રિકમભાઈ પણ હતા અને તેમના હાથમા પથ્થર હતા આ સાહેદે મજકુર તો.દારને ના.કોર્ટ સમક્ષ મથુર ત્રિકમને ઓળખી પણ બતાવેલ છે આમ, મહત્વના સાહેદની મહત્વની સાહેદી ના.કોર્ટ સામે છે.

(૧૦) <u>સાહેદ નં-૮૩ શરીફાબીબી સાબીરહુસેન :-</u>

આ સાહેદ ના.કોર્ટ સમક્ષ આ સાહેદે જુબાની આપેલ છે તે પ્રમાણે આ સાહેદે બનાવના દિવસે વાંધા જનક સૂત્રોચ્ચાર કરતા ટોળાને જોઈ તેઓ ખેતરમા છુપાઈ ગયેલ અને ટોળાએ ઘર બાળ્યુ તેના અજવાળામા અને ચંદ્રમાના અજવાળામા તો.દારોને ઓળખેલ તેમા તો.દાર મથુરભાઈ ત્રિકમભાઈ પણ હતા એમ તેણીએ ના.કોર્ટમા મજકુર તો.દારને ઓળખી પણ બતાવેલ છે.

## તોહમતદાર નં.૫૫ પટેલ અશ્વિનભાઈ બળદેવભાઈ જોઈતાભાઈ ગાડીવાળા વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો

(૧) સાહેદ નં-૫૪ શરીફમીયા ભીખુમીયા :-

સાહેદ નો પુરાવો છે અને ના.કોર્ટમા જુબાની આપેછે તે પ્રમાણે ગુનાહિત કૃત્યો કરી રહેલ ટોળામા બનાવના દિવસે આ તો.દાર અશ્વિન બળદેવભાઈ ડબલા સાથે હતા આ સાહેદે આ તો.દાર અશ્વિન બળદેવભાઈ તે ના.કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે. આ સાહેદે પોતાના પોલીસ સમક્ષ તા.૬.૩.૦૨ના નિવેદનમા પણ આ તો.દારનુ નામ લખાવેલ છે.

(૨) સાહેદ નં-૪૮ સાબીરહુસેન કાદરમીયા :-

આ મહત્વના સાહેદે પોતાના તા.૬.૩.૦૨ ના પોલીસ જવાબમા પણ આ તો.દારનુ નામ આપેલ છે તથા બનાવના દિવસે ગુનાહિત કૃત્યો કરી રહેલ ગામના પટેલોના ટોળામા તો.દાર અશ્વિન બળદેવભાઈ પણ હતા તે આ સાહેદે જોંયેલ છે અને ના.કોર્ટમા તો.દાર અશ્વિન બળદેવભાઈને ઓળખી બતાવે છે આમ, આ તો.દાર સામે બે મહત્વના સાહેદનો સ્પષ્ટ પુરાવો છે.

## સેસન્સ કેસ નં-૧૨૦/૦૮ નાં

## તોહમતદાર નં.૧ પટેલ બાબુભાઈ વનાભાઈ  વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો

(૧) સાહેદ નં-૪૭ ઈબ્રાહીમભાઈ રસુલભાઈ :-

આ ઈન્જર્ડ સાહેદે (ફરીયાદી) આ તો.દાર બાબુભાઈ વનાભાઈ વિરૂધ્ધ જુબાની આપેલ છે અને બનાવના દિવસે ગુનાહિત કૃત્ય કરી રહેલ તોફાની ટોળામા આ તો.દાર હતા તે રીતે આ તો.દાર બાબુભાઈ વનાભાઈને ઓળખી બતાવે છે.

(૨) સાહેદ નં-૭૮ બશીરાબીબી બચુમીયા :-

આ ઈન્જર્ડ સાહેદનો તો.દાર સામે મહત્વના નો પુરાવો છે. સાહેદની ના.કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવેલ છે કે

> તે જ ટોળુ થોડીવાર રહીને ફરી આવેલુ અને આવીને પથ્થરમારો કરેલો. ઘરો સળગાવવા લાગેલા. લુંટફાટ કરેલી. . . . . . .. . તેઓ સળગાવતા સળગાવતા અંદર આવેલા તે વખતે મારા પતિને પથ્થર પણ વાગી ગયેલ હતો. આ લોકોને મેં નજરોનજર જોયેલા અને અમોને બીક લાગતા અમારો જીવ બચાવવા માટે મહેમુદ હુસેનમીંયાના ઘરમાં ગયેલા. હું મારા પતિ મારા ભાઈ, મારા ભાભી, નાની ભાભી, ભત્રીજી, ત્રણ દિકરા મહેમુદમીયા હુસેનમીંયાના ઘરમાં ગયેલા. ટોળાએ મહેમુદમીયાનુ મકાન ચારે બાજુથી ઘેરી લીધેલુ. બારી તોડી નાખેલી અને અંદરથી મેં જોયેલુ કેરોસીન પેટ્રોલ નાખતા, કાકડા સળગાવીને નાખી દીધેલા. રાજેશભાઈ પુંજાભાઈ, . . . . . . . .. .. . . ., બાબુભાઈ વનાભાઈ, . . . . .. . . . . . . .ને મેં નજરોનજર જોયેલા. અમારી વસ્તી બુમો અને ચીકારીઓ પાડતી હતી. બચાવો બચાવોની ચીકારીયો પાડતી હતી. હાથ પગ જોડેલા, ભૈસાબ પણ કીદેલુ કે અમોને બચાવો. પરંતુ, તે લોકોને જે કરવુ હતુ તે કરીને જ રહેલા. પછી પોલીસ આવેલી. . . . . . . . .. પછી બધા જીવતા સળગી ગયેલા પછી બધુ પતી ગયુ પછી કચરાભાઈ ત્રિભોવનદાસે જયભારતની જય બોલાવી દીધેલી. પછી પોલીસ આવેલી. પોલીસે બૂમ પાડેલ કે જે જીવતા હોય બહાર આવો અમે પોલીસ છીએ જેથી અમે બહાર આવેલા. બહાર આવીને મે જોયેલુ. મારા મોટા ભાઈ અબ્બામીયાં કેશરમીયા મરણ પામેલા હતા. મારા ભાભી રૂકસાના બીબી અબ્બાસમીયા મરણ પામેલ હતા. મારા ભાભી મુમતાજબીબી મકબુલમીયા મરણ પામેલ હતા. મારી ભત્રીજી સાહેરાબીબી અબ્બાસમીયા મરણ પામેલ હતી. મારા પતિ મરણ પામેલ હતા. પછી અમને પોલીસના ડબ્બામાં મહેસાણા લઈ ગયેલ. મહેસાણા મારી સારવાર કરાવેલ. મારા બંને પગ અને મોઢુ બળી ગયેલ હતુ. મારા નાના બાબા ઈલીયાસને ડાબા કાને અને ડાબા પગે બળી ગયેલ હતો. મહેસાણાથી અમે ઈલોલ પોલીસના ડબ્બામાં આવેલા. ઈલોલ મુકામે હુ મારી ભાણીને ત્યાં ઈદ્દત(ખુણો) ભરવા રહેલી.

સાહેદ બનાવના દિવસે બનાવ વખતે મેહમુદમીયા હુસેનમીયાના ઘરમા હતી તેણે તોડી નંખાયેલ બારીમાંથી તો.દારોને જોંયેલ છે તેણી પોતે બનાવ વખતે બન્ને પગે અને મોઢા ઉપર દાઝી ગયેલ અને મહેસાણામા તેની સારવાર કરાવેલ તેણીએ આ તો.દારને ના.કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે.

## <u>તોહમતદાર નં.૨ પટેલ રમેશભાઈ કચરાભાઈ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>

(૧) <u>સાહેદ નં-૪૯ ઈકબાલમીયા રસુલમીયા :-</u>

આ ઈન્જર્ડ સાહેદની ના.કોર્ટ સમક્ષની જુબાનીમા પણ બનાવના દિવસે તો.દાર રાતના સાડા અગિયાર વાગ્યાના સુમારે હિન્દુઓના ટોળામા પથ્થરમારો કરતા લૂંટફાટ તોડફોડ અને મકાનોને આગ લગાડતા આગળ વધેલા અને મહેમુદમીયાન ઘરને ચારેબાજુથી ઘેરી પેટ્રોલ કેરોસીન નાંખીને બૈરા-છોકરાને જીવતા સળગાવેલા. તે ટોળામા રમેશભાઈ કચરાભાઈ ગુનાહિત ટોળાના આગેવાન હતા અને એવુ બોલતા હતા અને ઉશ્કેરણી કરતા હતા કે એક પણ બચવો જોઈએ નહીં બનાવ વખતે આ સાહેદને ઈજા થયેલ. તેવુ આ સાહેદે જોંયેલ છે. અને ના.કોર્ટ સમક્ષ આ સાહેદે મજકુર તો.દારને ઓળખી પણ બતાવેલ છે આમ, સાહેદની મહત્વની જુબાની મજકુર તો.દાર વિરૂધ્ધ નોંધાયેલ છે જે ખૂબજ વિશ્વાસનીય અને નકારી શકાય તેમ નથી.

(૨) <u>સાહેદ નં-૮૧ દિલાવરહુસેન અબ્બાસમીયા :-</u>

આ સાહેદ અગાઉ જણાવ્યા પ્રમાણે બનાવ વખતે ખૂબજ કાચી ઉમરના બાર વર્ષનો **chield** વીટનેશ બનાવના દિવસને મેહમુદમીયાના મકાનની અંદર હતો બનાવમા તેણે માતા-પિતા અને મોટી બહેનને ગુમાવેલ છે તેથી નાની બહેન પગે દાઝી ગયેલી. આ સાહેદના જણાવ્યા પ્રમાણે અમારા ગામના પટેલ હિન્દુઓના ટોળાએ શેખવાસના ઘરો પર હથિયાર વડે હુમલો કરેલો અને તેઓ જીવ બચાવવા મહેમુદમીંયાના ઘરમાં પચાસેક જેટલા માણસો સંતાઈ ગયેલા અને આ ટોળાએ મહેમુદમીંયાના ઘરનો દરવાજો બંધ કરી દીધેલ બારી તોડી પેટ્રોલ, કેરોસીન, કેમીકલ છાંટી સળગાવેલા. જે ટોળાએ હુમલો કર્યો તે ટોળાના માણસોને જોઈને ઓળખી શકે તેમ છે આ તો.દાર રમેશભાઈ કચરાભાઈને આગ લગાડવામાં સામેલ હતા તે રીતે સાહેદે ઓળખી બતાવેલ છે આમ ના.કોર્ટ સમક્ષ આ ખૂબજ મહત્વનો chield વીટનેશ છે અને મજકુર તો.દાર સામે તેનો સશકત પુરાવો છે.

## તોહમતદાર નં.૩ પટેલ બાબુભાઈ કાનજીભાઈ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો

(૧) સાહેદ નં-૪૯ ઈકબાલમીયા રસુલમીયા :-

આ ઈન્જર્ડ સાહેદની ના.કોર્ટ સમક્ષની જુબાનીમા પણ બનાવના દિવસે તો.દાર રાતના સાડા અગિયાર વાગ્યાના સુમારે હિન્દુઓના ટોળામા પથ્થરમારો કરતા લૂંટફાટ તોડફોડ અને મકાનોને આગ લગાડતા આગળ વધેલા અને મહેમુદમીયાન ઘરને ચારેબાજુથી ઘેરી પેટ્રોલ કેરોસીન નાંખીને બૈરા-છોકરાને જીવતા સળગાવેલા. તે ટોળામા બાબુભાઈ કાનાભાઈ પણ ગુનાહિત ટોળાના આગેવાન હતા અને એવુ બોલતા હતા અને ઉશ્કેરણી કરતા હતા કે એક પણ બચવો જોઈએ નહીં બનાવ વખતે આ સાહેદને ઈજા થયેલ. તેવુ આ સાહેદે જોંયેલ છે. અને ના.કોર્ટ સમક્ષ આ સાહેદે મજકુર તો.દાર બાબુભાઈ કાનજીભાઈને બાબુભાઈ કાનાભાઈ તરીકે ઓળખી પણ બતાવેલ છે આમ, સાહેદની મહત્વની જુબાની મજકુર તો.દાર વિરૂધ્ધ નોંધાયેલ છે જે ખૂબજ વિશ્વાસનીય અને નકારી શકાય તેમ નથી.

(૨) સાહેદ નં-૫૨ હિઝબુલમીયા હુસેનમીયા :-

આ સાહેદે ના.કોર્ટમા જુબાની આપેલ છે તે પ્રમાણે બનાવના દિવસે આ ગુનાહિત કૃત્ય કરી રહેલ તો.દારોમાં આ તો.દાર બાબુભાઈ કાનજીભાઈ પણ ટોળામા ગંભીર પ્રકારના ગુના કરવામા સામેલ હતા. આ સાહેદને તો.દારોને સાહેદના પાંજરામાંથી ઉભા રહી ઓળખવામા અનેક કારણોસર મૂશ્કેલી પડતી હોઈ તે બાબતે ના.કોર્ટમા આંક-૫૧૪ થી અરજી આપી ના.કોર્ટ આ સાહેદને ઓળખવા માટે નજીક જવા દેવા વિનંતી કરવામા આવેલ પરંતુ, ના.કોર્ટને અરજી નામંજુર કરેલ.

(૩) સાહેદ નં-૭૩ ફરીદાબાનુ આશીકહુસેન :-

આ મહત્વના સાહેદે ના.કોર્ટમા જુબાની આપેલ છે અને બનાવના દિવસે કઈ રીતે ટોળાએ હુમલો કરી આગ લૂંટફાટ કરેલ અને કેરોસીન,પેટ્રોલ,કાકડા નાંખી મુસ્લિમોને બાળવામાં આવેલ તેનુ વિગતવાર વર્ણન કરેલ છે. આ સાહેદ બનાવ વખતે પગે હાથે દાઝી ગયેલ અને તેનો પુત્ર આફતાબ અને આશીયાનાબાનુ દાઝી ગયેલ આ સાહેદેના કોર્ટમા જુબાની આપેલ છે તેણે તો.દારોના નામ પોલીસમા લખાવેલ અને ચેહરા

ઉપરથી તો.દારને ઓળખી શકે છે તેણીએ ના.કોર્ટમા આ તો.દારને ઓળખી બતાવેલ છે. આમ, આ સાહેદની જુબાની ખૂબજ મહત્વની અને તો.દાર સામે સશકત પુરાવા રૂપે છે.

(૪) <u>સાહેદ નં-૭૮ બશીરાબીબી બચુમીયા :-</u>

આ ઈન્જર્ડ સાહેદે ના.કોર્ટમા મહત્વની જુબાની આપેલ છે. તે પ્રમાણે બનાવના દિવસે ઘરોને આગ લગાડતા લૂંટફાટ કરતા સૂત્રોચ્ચાર કરતા ટોળામા જે લોકો હતા તેમને આ સાહેદે નજરો નજર જોંયેલા અને બીક લાગતા તેણી જીવ બચાવવા મહેમુદમીયા હુસેનમીયા ઘરમા ગયેલ ટોળાએ મકાનને ઘેરી લીઘેલ અને બારી તોડી નાંખેલી આ સાહેદે અંદરથી જોંયેલ કે કેરોસીન,પેટ્રોલ કાકડા સળગાવીને નાંખવામા આવેલ તેમા તેણીએ બીજા તો.દારોની સાથે આ તો.દાર બાબુભાઈ કાનજીને પણ જોંયેલા.

(૫) <u>સાહેદ નં-૮૧ દિલાવરહુસેન અબ્બાસમીયા :-</u>

આ સાહેદ chield વીટનેશ હોવાના નાતે મહત્વનો સાહેદ છે બનાવના દિવસે કે, હુમલો કરનાર ટોળાના માણસોને જોંયેલા છે અને ના.કોર્ટમા તેની જુબાનીમા સ્પષ્ટ જણાવેછે કે ગુનાહિત કૃત્ય વર્ણવ્યા પ્રમાણે તે ટોળાના માણસોને જોંઈને ઓળખી શકે છે. આ મહત્વના સાહેદે તો.દાર બાબુભાઈ કાનજીભાઈને ના.કોર્ટમા ઓળખી બતાવે છે આમ, આ તો.દાર સામે ખૂબજ મહત્વના સાહેદ તરીકે આ સાહેદ દિલાવરહુસેનનો સશકત અને WHOLLY RELIABLE પુરાવો ગળી શકાય તેમ છે તેવુ અમારૂ નમ્ર માનવુ છે.

## <u>તોહમતદાર નં.૪ પટેલ કનુભાઈ રેવાભાઈ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>

(૧) <u>સાહેદ નં-૫૯ મોહંમદ સત્તાર બચુમીયા :-</u>

આ સાહેદનો આ તો.દાર સામે મહત્વનો પુરાવો છે બનાવના દિવસે પટેલોનુ ટોળુ આગ લૂંટફાટ કરતે મુસ્લિમોના ઘરો બાળતુ અને જીવતા સળગાવી મારોનો સૂત્રોચ્ચાર કરી પથ્થરમારો કરતુ ધસી આવેલ તે વખતે આ સાહેદ અકબરમીયા રસુલમીયાના મકાનમા સંતાઈ ગયેલો અને બારીમાંથી જોઈ રહેલો ટોળાએ તેમની જીપગાડીને આગ લગાડેલ તેમા આ તો.દાર કનુભાઈ રેવાભાઈ પણ હતા. આ લોકો મકાનોને તોડફોડ કરી આગ લગાડતા મહેમુદભાઈના ઘર તરફ જતા હતા. તે રીતની જુબાની સાહેદે ના. કોર્ટ સમક્ષ આપેલ છે.

આ સાહેદે મજકુર તો.દારને ના.કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે.

(૨) <u>સાહેદ નં-૭૮ બશીરાબીબી બચુમીયા :-</u>

આ ઈન્જર્ડ સાહેદનો તો.દાર સામે મહત્વના નો પુરાવો છે. સાહેદની ના.કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવેલ છે કે

> તે જ ટોળુ થોડીવાર રહીને ફરી આવેલુ અને આવીને પથ્થરમારો કરેલો. ઘરો સળગાવવા લાગેલા. લુંટફાટ કરેલી. . . . . . .. . તેઓ સળગાવતા સળગાવતા અંદર આવેલા તે વખતે મારા પતિને પથ્થર પણ વાગી ગયેલ હતો. આ લોકોને મેં નજરોનજર જોયેલા અને અમોને બીક લાગતા અમારો જીવ બચાવવા માટે મહેમુદ હુસેનમીંયાના ઘરમાં ગયેલા. હું મારા પતિ મારા ભાઈ, મારા ભાભી, નાની ભાભી, ભત્રીજી, ત્રણ દિકરા મહેમુદમીયા હુસેનમીંયાના ઘરમાં ગયેલા. ટોળાએ મહેમુદમીયાનુ મકાન ચારે બાજુથી ઘેરી લીધેલુ. બારી તોડી નાખેલી અને અંદરથી મેં જોયેલુ કેરોસીન પેટ્રોલ નાખતા, કાકડા સળગાવીને નાખી દીધેલા. રાજેશભાઈ પુંજાભાઈ, . . . . . . . .. .. . . કનુભાઈ રેવાભાઈ, . . . . .. . . . . . . .ને મેં નજરોનજર જોયેલા. અમારી વસ્તી બુમો અને ચીકારીઓ પાડતી હતી. બચાવો બચાવોની ચીકારીયો પાડતી હતી. હાથ પગ જોડેલાા, ભૈસાબ પણ કીદેલુ કે અમોને બચાવો. પરંતુ, તે લોકોને જે કરવુ હતુ તે કરીને જ રહેલા. પછી પોલીસ આવેલી. . . . . . . . .. પછી બધા જીવતા સળગી ગયેલા પછી બધુ પતી ગયુ પછી કચરાભાઈ ત્રિભોવનદાસે જયભારતની જય બોલાવી દીધેલી. પછી પોલીસ આવેલી. પોલીસે બૂમ પાડેલ કે જે જીવતા હોય બહાર આવો અમે પોલીસ છીએ જેથી અમે બહાર આવેલા. બહાર આવીને મે જોયેલુ. મારા મોટા ભાઈ અબ્બામીયાં કેશરમીયા મરણ પામેલા હતા. મારા ભાભી રૂકસાના બીબી અબ્બાસમીયા મરણ પામેલ હતા. મારા ભાભી મુમતાજબીબી મકબુલમીયા મરણ પામેલ હતા. મારી ભત્રીજી સાહેરાબીબી અબ્બાસમીયા મરણ પામેલ હતી. મારા પતિ મરણ પામેલ હતા. પછી અમને પોલીસના ડબ્બામાં મહેસાણા લઈ ગયેલ. મહેસાણા મારી સારવાર કરાવેલ. મારા બંને પગ અને મોઢુ બળી ગયેલ હતુ. મારા નાના બાબા ઈલીયાસને ડાબા કાને અને ડાબા પગે બળી ગયેલ હતો. મહેસાણાથી અમે ઈલોલ પોલીસના ડબ્બામાં આવેલા. ઈલોલ મુકામે હુ મારી ભાણીને ત્યાં ઈદ્દત(ખુણો) ભરવા રહેલી.

આ તો.દારને ના.કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે. આમાં સાહેદનો ખુબજ મહત્વનો અને સશક્ત પુરાવો આ તો.દાર સામે છે.

(૩) <u>સાહેદ નં-૮૧ દિલાવરખાન અબ્બાસમીયા :-</u>

અગાઉ જણાવ્યા પ્રમાણે આ સાહેદ chield વીટનેશ તરીકે મહત્વનો સાહેદ છે બનાવ વખતે હુમલો કરનાર ટોળાના માણસો જોંયેલો છે અને તે ટોળાના માણસોને જોંઈને ઓળખી શકે છે તેવુ તેનુ કથન છે આ મહત્વના સાહેદે ના.કોર્ટમા

કનુભાઈ રેવાભાઈ ને ઓળખી પણ બતાવેલ છે આમ, આ સાહેદે સહિત ઉપર જણાવ્યા પ્રમાણે બીજા સાહેદોનો પણ ખૂબજ સશકત પુરાવો આ તો.દાર સામે ના.કોર્ટ સમક્ષ છે.

## <u>તોહમતદાર નં.૫ પટેલ નટવરભાઈ કચરાભાઈ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>

(૧) <u>સાહેદ નં-૫૯ મોહંમદ સત્તાર બચુમીયા :-</u>

સદર સાહેદ જેવા મહત્વના સાહેદે આ તો.દાર સામે જુબાની આપતા જણાવેલ છે કે, બનાવના દિવસે તોફાન કરતા ટોળાને જોઈ અકબરમીયા રસુલમીયાના મકાનમા સંતાઈ ગયેલ અને બારીમાંથી જોઈ રહેલ હતો તો ટોળાએ તેમની જીપને બાળી મૂકેલ અને બળતી ગાડીના અજવાળામા તેણે ટોળામા સામેલ તો.દારોને જોંયેલા અને ઓળખેલા તેમા આ તો.દાર નટવરભાઈ કચરાભાઈ પણ હતા. આ સાહેદે મજકુર તો.દારને ના.કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે. આમ, મજકુર તો.દાર વિરૂધ્ધ આ સાહેદને WHOLLY RELIABLE વીટનેશ તરીકે માની શકાય તેમ છે.

(૨) <u>સાહેદ નં-૭૧ મંગાભાઈ રામાભાઈ રાવળ :-</u>

આ સાહેદ ખૂબજ તટસ્થ અને મહત્વનો સાહેદ છે તેને કોઈ તો.દારો સાથે અદાવત નથી કે તેમની વિરૂધ્ધ ખોટી જુબાની આપવામા કોઈ કારણ નથી. ગોધરાકાંડ પછી સમગ્ર ગુજરાતમા બનેલ કોમી તોફાનો સુયોજીત અને કાવતરાના ભાગરૂપે હતા. આ સાહેદની જુબાની પણ એક મોટા કાવતરા ઉપર પ્રકાશ પડતો દેખાઈ આવેછે. બનાવના દિવસે મોડી રાત્રે રામાભાઈ મોહનભાઈ પટેલે ઘરની બાજુમા રસ્તા ઉપર ટ્રેકટર ઉભુ રાખેલુ તેમા કેરોસીનના પીપડા હતા અને પેટ્રોલનુ એક પીપડુ હતુ. નટુભાઈ કચરાભાઈ પટેલ, જયન્તીભાઈ અંબારામપટેલ, કાળાભાઈ ભીખાભાઈ પટેલ, બકાભાઈ મંગળભાઈ પટેલ, કાન્તીભાઈ પ્રભુદાસ,જીતેન્દ્ર કાન્તીલાલ,ભીખાભાઈ જોઈતાભાઈ, આ સાહેદના ઘર આગળ રસ્તો છે ત્યાંથી નીકળેલા આ સાહેદે થયેલ અને તેઓને કેરોસીનના કેરબા લઈ જતા આ સાહેદે જોયેલ અને આ સાહેદના ઘર આગળથી નીકળેલા ત્યારે વાસ આવતી હોવાથી તેની ખબર પડેલી ત્યારબાદ મોડીરાત્રે પટેલોના ટોળે ટોળા દેખાવ માડેલા, લાઈટના ફોકસ ચાલુ હતા જેથી આ સાહેદ જોઈ રહેલ અને આગના ભડકા

શેખવાસ તરફ અને મેહમુદભાઈના ઘર તરફ ભડકા થવા માંડેલા આમ, આ સાહેદની જુબાની અત્યંત મહત્વની છે અને તે ગુનાહિત કાવતરામા સામેલ તો.દારોની સંડોવણી છતી કરેછે આ મહત્વના સાહેદે આ તો.દાર પટેલ નટવરભાઈ કચરાભાઈને ઓળખી પણ બતાવેલ છે.

## <u>તોહમતદાર નં.૬ પટેલ નાગર અશ્વિનબાઈ બળદેવભાઈ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>

આ તો.દાર વિરૂધ્ધ ના.કોર્ટમાં દસ સાહેદોની જુબાની થયેલ છે તે તમામ સાહેદોની જુબાની ખૂબજ સશકત પુરાવો તરીકે ના.કોર્ટમા તેમની નોંધાયેલ છે.

(૧) <u>સાહેદ નં-૪૭ ઈબ્રાહીમભાઈ રસુલભાઈ શેખ :-</u>

આ કેસના બનાવની વહેલામા-વહેલી તકે તા.૨.૩.૦૨ ના રોજ એફ.આઈ.આર. લખાવેલ છે તેમા આ તો.દારનુ નામ પણ આપેલ છે ના.કોર્ટ સમક્ષની જુબાનીમા પણ ફરીયાદીની જુબાની પ્રમાણે બનાવ તા. ૧.૩.૦૨ ના રોજ હિન્દુ પરીષદવાળાએ ભારતબંધનુ એલાન આપેલ હતુ તે દિવસે રાત્રીના પટેલોના ટોળે-ટોળા ગામમા ફરતા હતા. બાંડીયાઓને મારી નાંખો વિગેરે બૂમો પાડતા હતા તેમના હાથમા ધારીયા,તલવારો,ત્રિશુળ,પેટ્રોલ,કેરોસીનના ડબલા હતા તે ટોળાએ મકાનો સળગાવવાનુ ચાલુ કરેલ તે વખતે ફરીયાદીએ બીજા તો.દારો સાથે આ તો.દાર અશ્વિનભાઈ બળદેવભાઈ તે પણ જોંયેલ અને ઓળખેલા અને સાહેદે તોહમતદારને ના. કોર્ટ સમક્ષ ઓળખી બતાવેલ છે.

(૨) <u>સાહેદ નં-૪૯ ઈકબાલમીયા રસુલમીયા :-</u>

આ ઈન્જર્ડ સાહેદે ના.કોર્ટમા જુબાની આપેલ છે તેમા બનાવના દિવસે સાલા બાંડીયાઓને મારો,કાપો,ની ચીચીયારીયો પાડતા લૂંટફાટ,પથ્થરમારો કરતા અને મકાનો બાળતા બાળતા હિન્દુઓનુ ટોળુ આગળ વધેલ એ ટોળામા અશ્વિનભાઈ બોથમ

(આ તો.દાર) હાથમા ડબલા સાથે હતા. મહેમુદભાઈના ઘર તરફ જતા ટોળામાં સામેલ હોવાનુ જણાવે છે. આ સાહેદે ના.કોર્ટ સમક્ષની પોતાની જુબાનીના પેરા –૫ મા અશ્વિભાઈ બળદેવભાઈને અશ્વિનભાઈ બળદેવભાઈ બોથમ તરીકે ઓળખી બતાવે છે. અહિં એ હકીકત નોંધવી રહી કે, તા.૧૦.૫.૦૮ ના સીટ રૂબરૂના નિવેદનમા આરોપી અશ્વિનભાઈ બળદેવભાઈ નાગર (બોથમ નામથી ઓળખાય છે) તેવી સ્પષ્ટતા કરેલ છે આપ ના.કોર્ટમા આ સાહેદે આ તો.દાર પટેલ (નાગર) અશ્વિનભાઈ બળદેવભાઈને ખરી રીતે અશ્વિનભાઈ બળદેવભાઈ બોથમ તરીકે ઓળખી બતાવે છે.

(૩) <u>સાહેદ નં-૫૫ આશીકહુસેન બચુમીયા શેખ :-</u>

આ ખૂબજ મહત્વના સાહેદનો ખૂબજ મહત્વનો પોલીસ જવાબ નોંધવામા આવેલ છે. તે પોલીસ જવાબમા પણ આ સાહેદ આશીકહુસેને આ તો.દારનુ નામ અશ્વિન બળદેવભાઈ તરીકે આપેલ છે અને તેના સીટ રૂબરૂના તા. ૧૯.૫.૦૮ ના જવાબમા પણ તેણે આ તો.દારનુ નામ પટેલ અશ્વિનભાઈ બળદેવભાઈ જે નાગર (બોથમ) તરીકે ઓળખાય છે એ રીતે આપેલ છે ના.કોર્ટની જુબાનીમા આ મહત્વના સાહેદે સ્પષ્ટ જણાવે છે બનાવના દિવસે હિન્દુઓના ટોળામા બનાવ વખતે મુસલમાનોને મારીનાંખો,કાપીનાંખો, સળગાવીનાંખો, ના સૂત્રોચ્ચાર કરતા હથિયારબંધ ટોળામા આગ લૂંટફાટ કરતુ ટોળુ મેહમુદમીયાના ઘર તરફ ગયેલ તે ટોળાએ આ સાહેદની જીપ સળગાવેલી મેહમુદમીયાના મકાનમા હિન્દુ લોકોએ મુસ્લિમોને સળગાવેલા તેમા આ સાહેદની દીકરી આશીયાનાબાનુ પણ દાઝી મરણ પામેલ.

(૪) <u>સાહેદ નં-૫૬ ઐયુબમીયા રસુલમીયા :-</u>

આ ઈન્જર્ડ સાહેદે પણ બનાવના દિવસે આગ લૂંટફાટ પથ્થરમારો કરી રહેલ ગંભીર ગુનાઓ કરી રહેલ આ ટોળામા તો.દાર હતા તેવુ જણાવે છે.

> . . . . .ફરીથી આ ટોળુ બુમો અને ચીકોરીયો પાડતુ મુસલમાનોને બાળી કુટો અને મારી નાખો એમ બુમો પાડતા અમારા શેખ મહોલ્લામાં પથ્થરમારો કરેલો. પછી અમારા મકાનોમાં લુંટફાટ અને મકાનો સળગાવવાનું ચાલુ કરેલુ. આ પથ્થર વાગવાથી મારા મામા ઈબ્રાહીમમીંયા રસુલમીંયાને માથામાં વાગેલું. આ ટોળુ જોઈને હું ઈબ્રાહીમમીંયા રસુલમીંયના મકાન તરફ ગયેલો તો મારા ભાઈ ઈકબાલમીંયા રસુલમીંયાને માથામાં પથ્થર વાગતા અને જમણા પગમાં પથ્થર વાગતા ઈબ્રાહીમમીંયાના મકાન તરફ ગયેલો પછી હું મહેમુદમીંયના મકાન તરફ ગયેલો. તે વખતે આ માણસોના ટોળામાં મેં જોયેલા રમણભાઈ ગણેશભાઈ, . . . . . . . .. . માધાભાઈ વિઠ્ઠલભાઈ, . . . . . . .. . ., કચરાભાઈ ત્રિભોવનદાસ, આવીને મને કહેલ કે તમે હાથ જોડો તો તમોને જીવતા મુકી દઈશું. અમે હાથ જોડયા તોય અમને

> છોડયા નહીં. અમને સળગાવેલ. તેઓના હાથમાં સાધન હતા. . . . .. . . . . . ., **અશ્વિનભાઈ બળદેવભાઈ બોથમ** ના હાથમાં ડબલું, .. .. . . .. . . , તે લોકોના હાથમાં સળગતા કાકડા નાખી અને અમોને અંદર રૂમમાં પેટ્રોલ કેરોસીન, કેમીકલ નાંખીને સળગાવ્યા. અમે બચાવ બચાવની બુનો પાડતા હતા. . .. . . . . . .. . .. . . . . .. .. . હુ બળી ગયેલો હતો, મારી પત્ની બળી ગયેલી હતી. હુ બંને ખભા ઉપર અને ગરદન ઉપર દાઝી ગયેલ હતો.
>
> પેરા.૪ઃ-. . . આ તબક્કે કોર્ટમાં બેઠેલા છેલ્લેથી ત્રીજી લાઈનના વ્યક્તિઓ સાહેદને દેખાતા નથી અને તેના આગળ બેઠેલા વ્યક્તિઓનુ માથુ નીચુ કરવાનુ કહેતા પણ છેલ્લેથી ત્રીજી લાઈનમાં બેઠેલા વ્યક્તિઓ દેખાતા નથી તેમ જણાવે છે જેથી ત્યાં રૂબરૂમાં જઈ ઓળખી બતાવવાની પરવાનગી માંગે છે .. . . . . ( .. .. પરવાનગી આપતા ખુરશીમાં પાછળથી બેઠેલી વ્યક્તિ મથુરભાઈ ત્રિકમભાઈને ઓળખી બતાવે છે. . . . . .. . .

**(૫) <u>સાહેદ નં-૫૭ મુસ્તુફામીયા રસુલમીયા :-</u>**

**આ ઈન્જર્ડ સાહેદે ના.કોર્ટમા જુબાની આપેલ છે તેમા તેણે સ્પષ્ટ જણાવેલછે કે, બનાવના દિવસે હિન્દુ પરીષદે ભારતબંધનુ એલાન આપેલ રાતના પટેલ લોકોએ રાત્રીના સાડા અગિયાર વાગેના સુમારે એકપણ મીયો જીવતો ના રહેવો જોઈએ મીયાને મારીનાંખોની કિકિયારીયો હથિયાર અને કેરોસીનના ડબલા સાથે આવેલ અને તેમના મોહલ્લાના મકાનને તોડફોડ કરી આગચાંપેલ તે ટોળુ મેહમુદમીયાના ઘર તરફ ગયેલ આ સાહેદે જોંયેલ તો તે વખતે તે ટોળામા બીજા તો.દારો સાથે આ તો.દાર અશ્વિન બળદેવભાઈ બોથમ પણ હતા.**

**આ સાહેદે ના.કોર્ટમા આ તો.દારને ઓળખી બતાવેલ છે.**

**(૬) <u>સાહેદ નં-૬૦ બચુમીયા ઈમામમીયા :-</u>**

**આ સાહેદે ના.કોર્ટમા જુબાની આપેલ છે તેના જણાવ્યા પ્રમાણે બનાવના દિવસે ગુનાહિત કૃત્યો કરી રહેલ ટોળામા આ તો.દાર પણ હતા**

> . . .. ..રાતના આશરે નવ સાડા નવના સુમારે મહાદેવ તરફથી અમારા ગામના ભારતમાતાકી જય બોલાવી હાથમાં હથિયાર પેટ્રોલ, કેરોસીન જેવા ડબલા હતા. લાઈટના અજવાળામાં ટોળાને જોયેલા તેમાં કચરાભાઈ ત્રિભોવનભાઈ, અંબાલાલ મગનભાઈ, કનુભાઈ સરપંચ જોઈતાભાઈ, જીવણભાઈ દવાભાઈ, રમેશભાઈ કાન્તીભાઈ, જયંતીભાઈ અંબાલાલ, મંગળભાઈ મથુરભાઈ, **અશ્વિનભાઈ બળદેવભાઈ નાગર**, રાજેશબાઈ પુંજાભાઈ હતા. તે વખતે અમારા મહોલ્લાના નાકે ત્રણ કેબીનો આવેલા તેને તોડફોડ કરી, પેટ્રોલ કેરોસીન નાંખી સળગાવેલ. તે પછી પોલીસ આવતા ટોળુ વિખરાઈ . ગયેલુંએ ટોળું આશરે અગિયાર વાગ્યના સુમારે પાછુ

> આવેલું. રસ્તામાંથી પથ્થરમારો ચાલુ કરેલો. પહેલું મકાન મનુમીંયા આલમમીંયા ઉર્ફે ભાઈમીંયાનું સળગાવેલુ. બીજુ મકાન અકબરમીંયા નાથુમીંયાનું સળગાવેલું. ત્રીજુ મકાન બચુમીંયા નાથુમીંયાનું સળગાવેલું, પછી રસુલમીંયા નાનુમીંયાનુ ઘર સળગાવેલ, પછી જમાલભાઈ ડોસભાઈનું મકાન સળગાવેલુ. તે પછી ટોળાના માણસોએ મારી જીપ ગાડી ઉપર પેટ્રોલ કેરોસીન છાંટી સળગાવેલ તે વખતે કચરાભાઈ ત્રિભોવનદાસ, અંબાલાલ મગનભાઈ એ કેરોસીન પેટ્રોલ છાંટેલું. રાજેશભાઈ પુંજાભાઈએ સળગતો કાકડો નાખેલો તેથી ગાડીને મોટો ભડકો થયેલો. તે પછી એ જ ટોળું મહેમુદભાઈના મકાન તરફ ગયેલું અને બારી તોડી કેરોસીન પેટ્રોલ છાંટી સળગતો કાકડો નાખી ૨૮ જણા સ્ત્રી પુરૂષો, નાના બાળકોને બાળી નાખેલા.

**આ સાહેદ લગભગ ૬૮ વર્ષની ઉંમરના વૃધ્ધ માણસ છે અને બનાવને ઘણો લાંબો એવો આઠ એક વર્ષ ઉપરાંતનો સમય વીતી ગયેલ હોઈ પોતાની શારીરીક અને માનસિક પરિસ્થિતિ માં અશક્તિ થયેલ હોઈ અને તો.દારના ચહેરા મોહરા અનેક કારણ તેમને ન ઓળખી શકવાના ફેરફાર થયેલ હોઈ વ્શાજબી કારણો ગણી શકાય તે રીતે નામદાર કોર્ટનુ અમે નમ્ર રીતે ધ્યાન દોરીએ છીએ.**

**(૭) <u>સાહેદ નં-૬૫ અકબરમીયા નાથુમીયા :-</u>**

**આ સાહેદે ના.કોર્ટમા જુબાની આપેલ છે તે પ્રમાણે બનાવના દિવસે તે મોહલ્લાના નાકે ઉભો હતો ત્યારે રાતના હિન્દુઓનુ ટોળુ મીયાભાઈને કાપીનાંખો,મારીનાંખો, સળગાવીદોની બૂમો પાડતુ આવેલ અને તેઓએ મકાનોને સળગાવવાનુ શરૂ કરેલુ આ સાહેદે જોંયેલ તો તે ટોળામા તો.દાર અશ્વિનબળદેવભાઈ બોથમના હાથમા ડબલુ હતુ.**

**(૮) <u>સાહેદ નં-૬૮ ગુલામઅલી અકબરમીયા :-</u>**

**આ મહત્વના ઈન્જર્ડ સાહેદ છે તેણે બનાવના દિવસે તેણે સમગ્ર બનાવ જોયેલ છે તા.૧.૩.૦૨ ના રોજ પટેલોના ટોળે-ટોળા ભેગા થયેલા અને ભારત માતા કી જય બોલી આ સાહેદના મોહલ્લા તરફ ગયેલા અને નાકે આવેલ કેબીનો સળગાવેલા ત્યારબાદ પોલીસ આવતા ટોળુ ભાગી ગયેલુ પરંતુ ફરીથી તે ટોળુ પાછુ આવેલ અને મુસ્લિમોના મકાન બાળતા હતા અને પથ્થરમારો કરતા હતા. આ સાહેદેને પગે અને ડાબા ખભા પાછળ ઈજાઓ થયેલ આ સાહેદે બચુમીયા ઈમામમીયાની નવેલીમાં ઉભો રહેલો અને પટેલોનુ ટોળુ અંદર આવેલુ આ સાહેદે તે વખતે જોંયેલ તો આ તો.દાર અશ્વિનબળદેવ બોથમ તે ટોળામા સામેલ હતા તે ટોળુ મેહમુદમીયાના ઘર તરફ ગયેલ બારી તોંડી કેરોસીન,પેટ્રોલ રેડી, સળગાવી દીધેલ. તે ટોળામા જે માણસો હતા એમા આ તો.દાર અશ્વિનભાઈ બળદેવભાઈ બોથમ પણ હતા તે ના.કોર્ટમા ઓળખી બતાવે છે.**

(૯) <u>સાહેદ નં-૬૯ મેહમુદમીયા હુસેનમીયા :-</u>

આ મહત્વના સાહેદના જવાબ તા.૬.૩.૦૨ ના રોજ પોલીસે નોંધેલ છે તેમા પણ પોલીસ જવાબમા આ તો.દાર ટોળામા કેરોસીનના ડબલા સાથે હતા તેવુ લખાવે છે ના.કોર્ટની સમક્ષ આ સાહેદની જુબાની થયેલ છે તેમા આ સાહેદે બનાવ પોતે નજરે જોંયેલ છે તેન વિસ્તૃત વર્ણન કરેલ છે અને તે ટોળાએ તેમના મોહલ્લા ઉપર હુમલો કરી તેમના મકાન સળગાવી તેમના મોહલ્લાના માણસોને જીવતા બાળી નાંખેલ છે તેમા આ તો.દાર બનાવ વખતે અશ્વિનભાઈ બળદેવભાઈના હાથમા કેરોસીનનુ ડબલુ હતુ તેવુ સ્પષ્ટ જણાવે છે આ સાહેદે આ તો.દાર ના.કોર્ટમા સ્પષ્ટ ઓળખી પણ બતાવેલ છે.ટ્રાયલ દરમ્યાન એ હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે પટેલ અશ્વિનભાઈ બળદેવભાઈ નામની બે વ્યક્તિ છે ના.કોર્ટ સમક્ષ પણ બે તો.દારો ૧. પટેલ (નાગર) અશ્વિનભાઈ બળદેવભાઈ સે.કે.ન-૧૨૦/૦૮ મા તો.દાર નં-૬ તરીકે છે આ તો.દારને બોથમ તરીકે પણ ઓળખવામા આવે છે સીટ દ્વારા તેની ધરપકડ કરવામા આવેલ અને તેને જામીન ઉપર કોર્ટે ના છોડેલ હોઈ તે પોલીસ જાપ્તા સાથે ના.કોર્ટમા છેલ્લી લાઈનમા બેઠેલ હોય છે. આ સાહેદે પણ જે તો.દારને ના.કોર્ટને ના.કોર્ટમાં ઓળખી બતાવે છે તે છેલ્લી લાઈનમા બેઠેલ તો.દાર પટેલ (નાગર) અશ્વિનભાઈ બળદેવભાઈ સે.કે.નં-૧૨૦/૦૮ નાં તો.દાર છે આ તો.દારને બોથમ તરીકે ઓળખવામાં આવેછે બીજા સાહેદોની જુબાનીમા પણ આ તો.દારની ઓળખ બોથમ તરીકે આવેલ છે.

(૧૦) <u>સાહેદ નં-૭૩ ફરીદાબીબી આશીકહુસેન :-</u>

આ મહત્વના ઈન્જર્ડ સાહેદે બનાવ નજરે જોંયેલ છે ગંભીર પ્રકારના ગુનાઓ આચરી રહેલ બનાવના દિવસે ટોળામા જે લોકો સામેલ હતા તેમને આ સાહેદ ચેહરા ઉપરથી ઓળખી શકે તે મતલબની તેના ના.કોર્ટમા જુબાની છે. આ ઉપરાંત આ સાહેદે ગામના પટેલોનુ જે ટોળુ મકાનોને પટ્રોલ, કેરોસીન નાંખી સળગાવતુ હતુ અને આ સાહેદ મેહમુદમીયાના મકાનમા સંતાઈ ગયેલ ત્યારે ટોળાએ તે મકાનને પણ સળગાવેલ તે પટેલ લોકોના ટોળામા જે લોકો હતા તેમને ચેહરા ઉપરથી ઓળખી શકે છે તેમ હોવાથી તેણીએ ના.કોર્ટમા ખૂરશીની છેલ્લી લાઈનમા કે જયા ના.કોઈ કોર્ટ તરફથી તો.દારોને જામીન ઉપર છોડવામા નથી આવેલ તેઓ ટ્રાયલ દરમ્યાન બેસે છે તે રીતની બેઠક વ્યવસ્થામા ના.કોર્ટમા ખૂરશીની છેલ્લી લાઈનમા ત્રીજા નંબરે બેઠેલ અશ્વિનભાઈ બળદેવભાઈને ઓળખી બતાવેલ છે આ તો.દાર કસ્ટડીમા રહેલ તો.દાર સે.કે.નં-

૧૨૦/૦૮ ના તો.દાર પટેલ (નાગર) અશ્વિનભાઈ બળદેવભાઈ બોથમ છે જે રેકર્ડ ઉપરથી સ્પષ્ટ થાય છે.

આ ઉપરાંત સાહેદ નં-૫૭ મુસ્તુફામીયા રસુલમીયાએ ના.કોર્ટમા અશ્વિનભાઈ બળદેવભાઈ નાગરદાસને અશ્વિનભાઈ બળદેવભાઈ બોથમ તરીકે ઓળખી બતાવેલ છે અને તેના કહેવા મુજબ તે અશ્વિનભાઈ બળદેવભાઈ બોથમ તરીકે ઓળખાય છે.

## <u>તોહમતદાર નં.૭ પટેલ ડાહ્યાભાઈ વનાભાઈ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>

(૧) <u>સાહેદ નં-૪૭ ઈબ્રાહીમભાઈ રસુલભાઈ ( ઈન્જર્ડ):-</u>

આ તો.દાર વિરૂધ્ધ ફરીયાદી સાહેદની જુબાની ના.કોર્ટમા થયેલ છે તેમા બનાવના દિવસે આ તો.દાર ગુનાહિત કૃત્ય કરી રહેલ ટોળામા બનાવ વખતે હાજર હતા તે રીતે ના.કોર્ટમા આ તો.દારને ઓળખી બતાવે છે ફરીયાદી તથા આ તો.દાર એક જ ગામના રહેવાસીઓ હોઈ ફરિયાદીની આ તો.દારની ઓળખ મહત્વની છે અને તે મહત્વનો પુરાવો તો.દાર વિરૂધ્ધ ગણી શકાય તેમ છે.

(૨) <u>સાહેદ નં-૭૩ ફરીદાબીબી આશીકહુસેન :-</u>

આ ઈન્જર્ડ સાહેદે ના.કોર્ટમાં જુબાની આપેલ છે તે પ્રમાણે બનાવના દિવસે ગામના પટેલોનુ ટોળુ સૂત્રોચ્ચાર કરી મકાનો સળગાવતા હતા ત્યારે આ સાહેદ મેહમુદમીયાના મકાનમા બચવા માટે ઘૂસી ગયેલ મેહમુદમીયાના મકાનને ટોળાએ કેરોસીન, પેટ્રોલ, કાકડાનાંખી સળગાવેલ તે આ સાહેદે નજરે જોંયેલ આ સાહેદે ગામના લોકોને કેરોસીન,પેટ્રોલ,નાંખતા જોંયેલ તેવી તેણીની ના.કોર્ટ સમક્ષની જુબાની છે તેણી પગે હાથે દાઝી ગયેલ. આ બનાવમાં તેણીનો દિકરો આફતાબ તથા દીકરી આશિયાના બાનુ પણ દાઝી ગયેલ જેમાં, તેની દીકરી મહેસાણા સિવીલ જતા રસ્તામાં મરણ ગયેલ છે. તેણીના જણાવ્યા પ્રમાણે તેણીએ પોલીસમા તો.દારોના નામ લખાયેલા અને બહુ ટાઈમ થઈ ગયેલ હોઈ હવેથી તો.દારોને ચેહરા ઉપરથી ઓળખી શકે તેમ છે. તેણીએ ના.કોર્ટમા આ તો.દાર ડાહ્યાભાઈ વનાભાઈને ઓળખી બતાવેલ છે આ સાહેદની જુબાની મહત્વની અને તો.દાર વિરૂધ્ધ સશકત પુરાવા રૂપે છે.

(૩) <u>સાહેદ નં-૭૮ બશીરાબીબી બચુમીયા :-</u>

આ ઈન્જર્ડ સાહેદની જુબાની ના.કોર્ટમા થયેલ છે તે પ્રમાણે બનાવના દિવસે સાંજના પાંચ વાગે આ સાહેદ મજકુર તો.દાર ડાહ્યાભાઈ વનાભાઈની દુકાને ચણાનો લોટ લેવા ગયેલા ત્યારે આ તો.દારે તેણીને કહેલુ કે આ લોટ શુ કરશો. જેથી તેણીએ કહેલ કે ભજીયા બનાવવા માટે ત્યારે આ તો.દારે તેણીને કહેલુ કે આજનો દિવસ તમારો છેલ્લો છે. ભજીયા બજીયા ખાઈ લો કાલે જીવતા રહેશો તો ખાશો ને. ગામના પટેલોનુ ટોળુ પથ્થરમારો કરતુ લૂંટફાટ કરી મકાનો સળગાવતુ આવેલ અને તે ટોળુ સળગાવતા-સળગાવતા અંદર આવેલ તેણીએ તે લોકોને નજરો નજર જોંયેલા અને તેણીને બીક લાગતા મેહમુદમીયાના ઘરમા જતી રહેલ મેહમુદમીયાનુ મકાન ટોળાએ ચારેબાજુથી ઘેરી લીધેલ બારી તોંડી નાંખેલ અને આ સાહેદે અંદરથી જોંયલ તો ટોળુ કેરોસીન,પેટ્રોલ,કાકડા,નાંખી સળગાવતા હતા. આ ટોળામા આ તો.દાર ડાહ્યાભાઈ વનાભાઈ પણ હતા ના.કોર્ટ સમક્ષ આ સાહેદે આ તો.દારને ઓળખી પણ બતાવેલ છે આમ, આ સાહેદનો પણ આ તો.દાર વિરૂધ્ધ ખૂબજ સશકત પુરાવો છે.

(૪) <u>સાહેદ નં-૮૦ રૂકશાનાબાનુ ઈબ્રાહીમભાઈ :-</u>

આ મહત્વના ઈન્જર્ડ સાહેદે ના.કોર્ટમા જુબાની આપેલ છે તેમા તેણીએ સ્પષ્ટ જણાવેછે કે, બનાવના દિવસે તો.દારોના હુમલાથી બચવા તેણી મેહમુદભાઈના મકાનમા ઘૂસી ગયેલ તે મકાનને ચારેબાજુથી ગામના લોકોએ ઘેરી લીધેલ તેમા કેરોસીન,પેટ્રોલ છાંટી બાળવાનુ શરૂ કરેલ આ સાહેદ અને બીજા અંદરના માણસો બચવા માટે બૂમો પાડતા હતા પરંતુ ગામના લોકો જય બોલાવી જતા રહેલ મેહમુદમીયાના મકાનમા ૩૦,૩૧.જેટલા માણસોને આગચાંપી સળગાવી દઈ તેમનુ મરણ નિપજાવવામા આવેલ આ સાહેદે તે બનાવમા પોતાની માતા,બહેનો,કાકા,તેમની દીકરીઓ મોટાબાપા અને તેમના કુટુંબના સભ્યો મળી અનેક વ્હોલસોયા સંબંધીઓને ગુમાવેલ છે આ સાહેદે ના.કોર્ટમા જુબાની આપેલ છે તે પ્રમાણે પેરા નં-૩માં તેણીએ સ્પષ્ટ જણાવે છે કે ટોળામા જે માણસો હતા તેમને ચેહરા ઉપરથી ઓળખી શકે છે. આ સાહેદે આ તો.દાર ડાહ્યાભાઈ વનાભાઈ ને ના.કોર્ટ સમક્ષ સારી રીતે ઓળખી પણ બતાવેલ છે આમ, આ અત્યંત મહત્વના સાહેદ રૂકશાનાબીબીનો પુરાવો પણ મજકુર તો.દાર સામે ખૂબજ મહત્વનો પુરાવો જેને નકારી શકાય તેમ નથી બનાવ વખતે આ સાહેદને ઈજાઓ થયેલ તેની સારવાર તેણીએ મહેસાણા સિવિલ હોસ્પિટલ ખાતે કરાવેલ છે.

## <u>તોહમતદાર નં.૮ પટેલ જોઈતાભાઈ રામાભાઈ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>

(૧) <u>સાહેદ નં-૪૭ ઈબ્રાહીમભાઈ રસુલભાઈ :-</u>

આ કામના ફરીયાદી અને ઈન્જર્ડ સાહેદ છે અને ના.કોર્ટ સમક્ષ જુબાની આપેલ છે તેમા બનાવના દિવસે બનાવ વખતે આ તો.દાર ગુનાહિત કૃત્યો કરી રહેલ ટોળામા હતા તે રીતે તેમને ના.કોર્ટમા ઓળખી બતાવેલ છે ફરીયાદીને ના.કોર્ટ સમક્ષ પેરા નં-પમાં સ્પષ્ટ જણાવેલ છે કે ટોળામા જે માણસો હતા તેમને તે ઓળખી શકે છે અને આ તો.દાર જોઈતારામ રામાભાઈને ના.કોર્ટમા ઓળખી બતાવે છે મજકુર તો.દારને ખોટી રીતે ઓળખી બતાવવાનો કોઈ કારણ નથી અને આ સાહેદની જુબાની માની શકાય તેમ છે.

(૨) <u>સાહેદ નં-૫૧ નજીરમોહંમદ અકબરમીયા :-</u>

આ ઈન્જર્ડ સાહેદ પણ ખૂબજ મહત્વનો સાહેદ છે અને બનાવના દિવસે તે મોહલ્લામા હાજર હતા ત્યારે ગામના પટેલના ટોળાએ કિકિયારીયો પાડતા પથ્થરમારો કરી મકાનો સળગાવતા ટોળાને તેણે જોંયેલ છે તેવી તેની ના.કોર્ટ સમક્ષની જુબાની છે તે ટોળાએ મુસ્લિમોના ઘરોને આગ લગાડી અને મેહમુદમીયાના ઘર તરફ એ ટોળુ ગયેલ આ સાહેદને હાથની કોણી,ડાબા આંખે પથ્થર વાગવાથી ઈજાઓ થયેલ અને તે ઘરમા સંતાઈ ગયેલ તે ટોળુ મેહમુદભાઈના ઘર તરફ ગયેલુ અને તે મકાનની બારી તોડી પેટ્રોલ,કેરોસીનનાંખી સળગાવેલુ ના.કોર્ટ સમક્ષની જુબાનીમા પેરા નં-૪માં તેણે જણાવેલ છે ટોળામા જે માણસો હતા તેમને તે ઓળખે છે અને તે રીતે તેણે આ તો.દારને ના.કોર્ટમા સમક્ષ ઓળખી બતાવેલ છે.

આમ, આ સાહેદનો ખૂબજ મહત્વનો અને સશકત પુરાવો મજકુર તો.દાર વિરૂધ્ધ છે.

(૩) <u>સાહેદ નં-૫૮ સાબીરહુસેન ઈમામશા :-</u>

આ સાહેદે ના.કોર્ટ સમક્ષ જુબાની આપેલ છે તે પ્રમાણે બનાવના દિવસે આ સાહેદ તેના ઘરે હતો ત્યારે ગામના પટેલોનુ ટોળુ મીયાઓને મારો,કાપો ની બૂમા પાડતુ હાથમા હથિયારો સાથે આવેલ તે ટોળાના તો.દારોને તેણે ઓળખેલા તેમાં આ તો.દાર જોઈતાભાઈ રામાભાઈ પણ હતા આ જોયા બાદ આ સાહેદ બાજુમા આવેલ ખેતરમા જતો રહેલો આ સાહેદે ટોળુ સૂત્રોચ્ચાર કરતા તેના ઘર તરફ આવવા લાગેલ ત્યારે તેણે

તો.દારોને ઓળખેલા અને ટોળાએ તોડફોડ કરી તેના ઘરને અંગારચાંપેલી ત્યારે અંગારના અજવાળે પણ ખેતરમાંથી તો.દારોને ઓળખેલા તે મતલબની જુબાની ના.કોર્ટ સમક્ષ છે જેથી આ તો.દાર વિરૂધ્ધ આ સાહેદની જુબાની માની શકાય તેવી મહત્વની જુબાની છે.

(૪) <u>સાહેદ નં-૬૨ રફીકમીયા મોહંમદહુસેન :-</u>

આ ઈન્જર્ડ સાહેદ ના.કોર્ટ સમક્ષ ની જુબાનીમા બનાવના દિવસે ગામના પટેલો જે બૂમો અને ચીચીયારીયો પાડતા હતા, આગ લૂંટફાટ કરતા હતા તે સમયે તે ટોળાના માણસો તેમના ગામના માણસોને આ સાહેદે જોંયેલા તેમા આ તો.દાર જોઈતાભાઈ રામાભાઈ હાથમા ડબલા સાથે હતા પછી આ તો.દાર બીજા તો.દારો સાથે મહેમુદમીંયા હુસેનમીંયાના ઘર તરફ ગયેલ હોવાનો અને ત્યાં મહેમુદભાઈનુ મકાન ઘેરીને તેમના મહોલ્લાના માણસો બૈરા- છોકરાઓને બાળેલ તે મતલબની સ્પષ્ટ જુબાની છે અને આ સાહેદને માની શકાય તેવો સાહેદ છે.

<u>સે.કે.નં. ૭/૨૦૦૯</u>

<u>તોહમતદાર નં.૧ પટેલ કાન્તીભાઈ પ્રભુદાસ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>

(૧) <u>સાહેદ નં-૫૦ ઝાકીરહુસેન કાદરમીયા શેખ :-</u>

આ સાહેદની જુબાની ના.કોર્ટમા થયેલ છે તે પ્રમાણે બનાવના દિવસે હિન્દુઓનુ ટોળુ શેખ મહોલ્લાના નાકે આવેલુ અને કેબીનો સળગાવેલા અને પોલીસ આવતા ટોળુ ભાગી ગયેલુ અને તરત જ ટોળુ પાછુ આવેલુ અને શેખ મહોલ્લામા ઘૂસી મકાનોને તોડફોડ કરી સળગાવતા  પથ્થરમારવાનુ ચાલુ કરેલુ તે વખતે અંદર ઘૂસી આવતા ટોળાને આ તો.દાર કાન્તીભાઈ પ્રભુદાસ ઉશ્કેરણી કરતા હતા મીયાંઓને મારીનાંખો,કાપીનાંખો, સળગાવીનાંખો તેવી ઉશ્કેરણી કરતા હતા આ ટોળાને મહોલ્લામા ઘૂસ્તા આ સાહેદે આ તો.દારને જોંયેલ છે અને તેને ડર લાગતા તે ખેતર તરફ ભાગી ગયેલ અને ત્યાથી પણ તેણે જોંયેલુ અને બચાવ બચાવની બૂમો સાંભળેલી પોલીસ આવ્યા પછી તે ફરી ગામમા આવેલ.

ના.કોર્ટમા આ સાહેદે તો.દાર કાન્તીભાઈ પ્રભુદાસને ઓળખી બતાવેલ છે. આમ, આ સાહેદની જુબાની સ્પષ્ટ સરળ અને માની શકાય તેવી છે પોલીસે દ્રેષપુર્ણ રીતે કરેલ તપાસમા આ સાહેદની જુબાનીમાં શંકાના વાદળો ઉભા કરવા ખોટા વિરોધાભાસ તેની જાણ બહાર ઉભો કરેલ હોય તેવા સંજોગોમા આ સાહેદની જુબાની ના.કોર્ટને તેની ના.કોર્ટ સમક્ષની જુબાનીમા વિશ્વાસ ઉત્પન્ન થાય તેવી જુબાની છે કે, નહિ તેજ જોવાનુ રહેછે આ સાહેદ તે જ ગામનો રહેવાસી છે કુદરતી સાહેદ છે અને તો.દાર સામે ખોટી જુબાની આપવામા કોઈ કારણ નથી.

(૨) <u>સાહેદ નં-પ૩ કુલસુમબીબી કાદરમીયા :-</u>

આ સાહેદે ના.કોર્ટમા જુબાની આપેલ છે તે પ્રમાણે બનાવના દિવસે ગામના પટેલોના ટોળાને જે વખતે તે ટોળુ મકાનોને તોડફોડ કરી સળગાવતુ હતુ તે વખતે તે ટોળામા આ સાહેદે કાન્તીભાઈ પ્રભુદાસને તે ટોળાને ઉશ્કેરણી કરતા મારીનાંખો,કાપીનાંખો,સળગાવી દો તેવુ બોલતા જોંયેલ છે ટોળુ આગળ વધતા આ સાહેદ જીવ બચાવવા ખેતર તરફ નાસી ગયેલ અને ત્યાંથી શેખ મહોલ્લાની બચાવો બચાવોની બૂમો સાંભળેલી અને મકાનો સળગતા હતા તેનો પ્રકાશપણ સાહેદ જોઈ રહેલ આમ, આ સાહેદ મજકુર તો.દારને ગુનાહિત કૃત્યો કરી રહેલ ટોળામા સ્પષ્ટ જોંયેલ છે.

(૩) <u>સાહેદ નં-૭૧ મંગાભાઈ રામાભાઈ રાવળ :-</u>

આ સાહેદ સ્વતંત્ર અને તટસ્થ સાહેદ છે તેની જુબાની ખૂબજ મહત્વની છે બનાવના દિવસે એટલે કે, તા.૧.૩.૦૨ ના રોજ મોડી રાત્રે તેણે ઘરની બાજુમા રસ્તા ઉપર ટ્રેકટર જોયેલ જેમા કેરોસીનના પીપડા તેમજ પેટ્રોલનુ પીપડુ હતુ બીજા તો.દારની સાથે આ તો.દાર કાન્તીભાઈ પ્રભુદાસને પણ ત્યાંથી નીકળતા જોયેલા તેઓ કપૂરવાસ તરફ ગયેલા તેમને કેરોસીનના કેરબા લઈ જતા આ સાહેદે જોયેલા મોડી રાત્રે લાઈટના ફોકસ ચાલુ હતા અને પટેલોના ટોળે-ટોળા હતા આગના ભડકા શેખ મોહલ્લામા મેહમુદમીયાના ઘર તરફ થવા માંડેલા શેખ મોહલ્લાના માણસો ચીચીયારીયો પાડવા માંડેલા પટેલોના ટોળાએ આ સાહેદને પણ ધાક ધમકીઓ આપેલી આ સાહેદ ના.કોર્ટમા જુબાની આપેલી છે તે કોઈપણ જાતના દ્રેશભાવ વગર આપેલ જુબાની છે અને તે માની શકાય તેવી ખૂબજ મહત્વની જુબાની છે.

(૪) <u>સાહેદ નં-૭૮ બશીરાબીબી બચુમીયા :-</u>

બનાવના દિવસે આ સાહેદ તોફાની ટોળાના લોકોને નજરોથી જોંયેલા છે તેણી મેહમુદમીયાના મકાનમા બચવા માટે ઘૂસી ગયેલા તે મકાનને ટોળાએ બારી તોડી જોયેલ તો કેરોસીન,પેટ્રોલ, કાકડાનાંખી લોકોએ તેમને આગચાંપી તેણે તે વખતે આવા કૃત્યો કરી રહેલ ટોળાના માણસોને ઓળખેલ તેમા આ તો.દાર કાન્તીભાઈ પ્રભુદાસ પણ હતા આ સાહેદની  ના.કોર્ટમા જુબાની વખતે તેની ઉંમરના કારણે તેને ઝાંખુ દેખાઈ આવે છે તેવુ તેનુ કહેવુ હતુ અને તે તો.દારને ઓળખી શકેલ નહિ આ સાહેદની જુબાની પણ મજકુર તો.દાર સામે મહત્વની અને માની શકાય તેવી છે.

**<u>તોહમતદાર નં.૨ લક્ષ્મણભાઈ ધૂણાભાઈ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>**

(૧) <u>સાહેદ નં-૫૭ મૂસ્તુફામીયા રસુલમીયા :-</u>

આ ઈન્જર્ડ સાહેદની જુબાની પણ તો.દાર વિરૂધ્ધ મહત્વની જુબાની છે ના.કોર્ટ સમક્ષની જુબાનીમા જણાવે છે તે પ્રમાણે બનાવના દિવસે સાહેદ તેના ઘરે હતા ત્યારે રાતના તેણે પટેલોના ટોળાને બૂમો પાડી હથિયારો સાથે કેરોસીનના ડબલા સાથે તેમના મોહલ્લા તરફ આગ લગાડતા જોયેલ તે ટોળાએ એકપણ મીયો જીવતો ન રહેવો જોઈએ તેવા સૂત્રોચ્ચાર સાથે મોહલ્લાના મકાનોને તોડફોડ કરી આગચાંપેલી તે માણસોને આ સાહેદે જોયેલ તેમા આ તો.દાર લક્ષ્મણભાઈ ઘુળાભાઈ પટેલ પણ હતા અને તેઓ ટોળા સાથે મેહમુદમીયાના ઘર તરફ ગયેલા આ સાહેદે મજકુર તો.દારને ના.કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે આમ, આ સાહેદની જુબાની મહત્વની ગણી શકાય તો.દાર વિરૂધ્ધ તેને ખોટી જુબાની આપવાનુ કોઈ કારણ નથી.

## <u>તોહમતદાર નં.૩ મહેશભાઈ જીવણભાઈ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>

(૧) <u>સાહેદ નં-૫૯ મોહંમદ સત્તાર બચુમીયા શેખ :-</u>

આ મહત્વના સાહેદ છે તેમણે તેમની ના.કોર્ટ સમક્ષની જુબાનીમા જણાવે છે તે પ્રમાણે બનાવના દિવસે તેમણે વાંધાજનક સૂત્રોચ્ચાર કરતા પટેલોના ટોળાને આગ,લૂંટફાટ કરતા જોયેલ અને ટોળાનો પથ્થરમારો તીવ્ર હોઈ તે ગભરાઈ ગયેલ અને બીકના મારે અકબરમીયા રસુલમીયાના ઘરમા સંતાઈ ગયેલ અને તેમની બારીમાથી જોયેલ, ટોળાએ તેમની જીપને આગ લાગડેલ તે ટોળામાં તેમજ મકાનોને તોડફોડ કરી આગ લગાડી મહેમુદભાઈના ઘર તરફ જતા લોકોને જોયેલા અને ઓળખેલા. તેમા બીજા તો.દારો સાથે આ તો.દાર મહેશભાઈ જીવણભાઈ પણ હતા. તેમણે તેને જોયેલા આ ઉપરાંત તેણે ના.કોર્ટમા આ તો.દારને ઓળખી પણ બતાવેલ છે આમ, આ સાહેદની જુબાની મજકુર તો.દાર વિરૂધ્ધ ખૂબજ મહત્વની સશકત અને નકારી ન શકાય તેવી છે.

(૨) <u>સાહેદ નં-૬૦ બચુમીયા ઈમામમીયા :-</u>

આ સાહેદની જુબાની ના.કોર્ટ સમક્ષ થયેલ છે તે પ્રમાણે મજકુર તો.દાર તા.૨૮.૨.૦૨ ના રોજ ગુજરાત બંધનુ એલાન હોઈ ટોળા સાથે આ સાહેદ પાસે ગલ્લો બંધ કરાવવા ગયેલ આમ, આ તો.દાર મહેશભાઈ જીવણભાઈ બનાવના દિવસે વ્યાપક કાવતરાના ભાગ રૂપે થનાર તોફાનોમા એક મદદરૂપ કાર્યશીલ વ્યક્તિ હતો.

આ સાહેદ લગભગ ૬૮ વર્ષની ઉંમરના વૃધ્ધ માણસ છે અને બનાવને ઘણો લાંબો એવો આઠ એક વર્ષ ઉપરાંતનો સમય વીતી ગયેલ હોઈ પોતાની શારીરીક અને માનસિક પરિસ્થિતિ માં અશક્તિ થયેલ હોઈ અને તો.દારના ચહેરા મોહરા અનેક કારણ તેમને ન ઓળખી શકવાના ફેરફાર થયેલ હોઈ વ્યાજબી કારણો ગણી શકાય તે રીતે નામદાર કોર્ટનુ અમે નમ્ર રીતે ધ્યાન દોરીએ છીએ.

(૩) <u>સાહેદ નં-૬૮ ગુલામઅલી અકબરમીયા :-</u>

આ ઈન્જર્ડ સાહેદે ના.કોર્ટમાં જુબાની આપેલ છે તેમા બનાવના દિવસે મજકુર તો.દાર ગુનાહિત કૃત્યો કરી રહેલ પટેલોના ટોળામા સામેલ હતો. બનાવના દિવસે મકાનોને આગ સળગાવતા પથ્થરમારો કરતા પટેલોનુ ટોળુ શેખ મોહલ્લામા આવેલુ ત્યારે આ સાહેદ બચુમીયા ઈમામમીયા નવેલીમા ઉભો રહી ગયેલો અને

પટેલોનુ ટોળુ અંદર આવતા ત્યારે જોયેલુ અને ઓળખેલુ ત્યારે આ તો.દાર મહેશભાઈ જીવણભાઈ પણ હતા આમ, આ સાહેદે મજકુર તો.દારને સ્પષ્ટ રીતે ઓળખેલ છે અને તેની જુબાની ન માનવાનુ કોઈ કારણ નથી.

## <u>તોહમતદાર નં.પ પ્રજાપતિ પ્રહલાદભાઈ વરવાભાઈ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>

(૧) <u>સાહેદ નં-પર હિઝબુલમીયા હુસેનમીયા :-</u>

આ મહત્વના ઈન્જર્ડ સાહેદે ના.કોર્ટમા જુબાની આપેલ છે તે પ્રમાણે બનાવના દિવસે આ સાહેદે તેના ઘરે બેઠો હતો ત્યારે નવેક વાગે ગામના પટેલોનુ ટોળુ આવેલ મુસલમાનોને મારીનાખો, કાપીનાંખો તેવુ બોલતા હતા અને ગલ્લા સળગાવતા હતા અને પોલીસ આવતા ટોળુ નાસી ગયેલ આ સાહેદના જણાવ્યા પ્રમાણે એ જ ટોળુ થોડીવાર બાદ આવેલ તે વખત આ સાહેદ અકબરભાઈના ઘરની આડમા સંતાઈ ગયેલ ટોળાના માણસો ગલ્લા કેબીનો સળગાવતા, ઘરો સળગાવતા મેહમુદભાઈના ઘર તરફ ગયેલા આ સાહેદે જોયેલ તો ગામના ટોળામા બીજા તો.દાર સાથે આ તો.દાર પ્રજાપતિ પ્રહલાદભાઈ વરવાભાઈ પણ હતા અને તેઓ ટોળાને ઉશ્કેરણી કરતા હતા. આ સાહેદે ના.કોર્ટમા મજકુર તો.દારને ઓળખી પણ બતાવેલ છે આમ, આ સાહેદની જુબાની ખૂબજ મહત્વની છે અને નકારી કાઢવાના કોઈ કારણ નથી.

(૨) <u>સાહેદ નં-૮૨ સાબીરાબીબી સાબીરહુસેન :-</u>

સાહેદે ના.કોર્ટમા જુબાની આપી છે તે પ્રમાણે બનાવના દિવસે સરદારપુરના પટેલોએ હુમલો કરેલ અને ગલ્લા,મકાનો બાળેલ અને આ સાહેદનુ ઘર પણ બાળેલુ તેના અજવાળામા તેણીએ તે લોકોને જોયેલ તેણીએ અજવાળામા જે વ્યક્તિને જોયેલ તેમા પ્રહલાદ વરવા કુંભાર પણ સામેલ હતા આમ, આ સાહેદ તો.દારને તો.દારની ગુનાહિત કૃત્યમા સંડોવણી બાબતે અંગુલી નિર્દેશ કરે છે.

(૩) <u>સાહેદ નં-૮૩ શરીફાબીબી સાબીરહુસેન :-</u>

આ સાહેદની ના.કોર્ટમા જુબાની થયેલ છે તે પ્રમાણે બનાવના દિવસે મારીનાંખો,કાપીનાંખો,સળગાવીનાંખો,બૂમો પાડતા ટોળાને જોઈ તેઓ ખેતરોમા છૂપાઈ ગયેલા ચંદ્રમાના અજવાળામા અને ટોળાએ ઘર બાળ્યુ તેના અજવાળામા તેણીએ માણસોને ઓળખેલા તેમા આ તો.દાર પ્રજાપતિ પ્રહલાદભાઈ પણ હતા

આમ, મજકુર તો.દાર સામે ત્રણ સાહેદોની જુબાની છે જે માની શકાય તેવી છે.

**<u>તોહમતદાર નં.૬ પટેલ જગાભાઈ જીવણભાઈ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>**

(૧) <u>સાહેદ નં-૫૦ ઝાકીરહુસેન કાદરમીયા :-</u>

સાહેદની તો.દાર સામે જુબાની ના.કોર્ટ સમક્ષ છે આ સાહેદના જણાવ્યા પ્રમાણે બનાવના દિવસે શેખ મોહલ્લામા મકાનો તોડફોડ કરી સળગાવતા અને પથ્થરમારો કરતા મહોલલ્લામાં ઘુસી આવેલા ગામના હિન્દુઓના ટોળામા સહ તો.દારો સાથે આ તો.દાર જગાભાઈ જીવણભાઈ ઉશ્કેરણી કરતા હતા તેઓ મીયાને મારીનાંખો,કાપીનાંખો,સળગાવીનાખો, તેવી ઉશ્કેરણી કરતા હતા.

(૨) <u>સાહેદ નં-૫૨ હિઝબુલમીયા હુસેનમીયા :-</u>

આ ઈન્જર્ડ સાહેદની ના.કોર્ટમા જુબાની થયેલ છે તે પ્રમાણે બનાવના દિવસે શેખ મહોલ્લાના મકાનો સળગાવતા સળગાવતા મહેમુદભાઈના ઘર તરફ જતા સ્ગુનાહિત કૃત્ય કરી રહેલા  ટોળાના માણસોમાં સહ તો.દારો સાથે આ તો.દારને જગાભાઈ જીવાભાઈ એસીડના બાટલા સાથે જોયેલાં. આમ, આ તો.દાર વિરૂધ્ધ તેમની ગુનાહિત સંડોવણી બાબતે સાહેદોના પુરાવો છે.

## તોહમતદાર નં.૭ પટેલ ઉપેન્દ્ર મણીલાલ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો

(૧) સાહેદ નં-૫૦ ઝાકીરહુસેન કાદરમીયા :-

આ સાહેદે મજકુર તો.દાર સામે જુબાની આપતા જણાવેલ છે કે, બનાવના દિવસે શેખ મહોલ્લાના નાકે આવેલ ત્રણ કેબીનો બાળ્યા બાદ પોલીસ આવતા વિખેરાઈને વળી પાછા શેખ મહોલ્લામાં ઘુસી મકાનોની તોડફોડ કરી સળગાવી પથ્થરમારો કરી મહોલ્લામાં ઘુસેલા સહ તો.દારો સાથે મીંયાઓને મારી નાખો કાપી નાખો સળગાવી નાખો તેવી ટોળાને ઉશ્કેરણી કરતા આ તો.દારને જોયેલા. આમ, આ તો.દાર વિરૂધ્ધ તેમની ગુનાહિત સંડોવણી બાબતે સાહેદનો પુરાવો છે.

(૨) સાહેદ નં-૪૮ સાબીરહુસેન કાદરમીયા :-

આ મહત્વના સાહેદે મજકુર તો.દાર સામે ખૂબજ મહત્વની જુબાની આપી છે તે પ્રમાણે બનાવના દિવસે પથ્થરમારો કરી રહેલ ટોળાનો થોડીવાર સામનો કર્યા બાદ આ સાહેદને  ગરદન ઉપર ઈંટ વાગતા તે અકબરમીયા રસુલમીયાના ઘરમા જતો રહેલો આ સાહેદ બનાવના દિવસેનુ વર્ણન કરતા રડી પડેલ આ સાહેદ ના.કોર્ટમા જણાવે છે તે પ્રમાણે તે ટોળાના માણસોને ઓળખે છે તેમા તેણે બીજા તો.દારોની સાથે આ તો.દારને પણ  ઓળખી બતાવેલ છે અને શેખ મોહલ્લાની સામે ફોકસ લાઈટના અજવાળામાં હાથમાં જીવલેણ હથિયારો સાથે ઈરાદાપુર્વક શેખ મહોલ્લામાં આવેલા અને ઘરોને બાળતા બાળતા મહેમુદમીંયા હુસેનમીંયાના મકાન તરફ ગયેલા અને મકાનની બારી તોડી તેમાં કેરોસીન પેટ્રોલ નાંખી સળગાવતા સહ તો.દારો સાથે આ તો.દાર ઉપેન્દ્ર મણીલાલ પણ હતા.

આ તો.દારને ના. કોર્ટમાં પણ ઓળખી બતાવેલ છે.આમ, આ સાહેદની જુબાની મજકુર તો.દાર સામે સશકત પુરાવો છે.

## <u>તોહમતદાર નં.૮ પટેલ સંજય અંબાલાલ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>

(૧) <u>સાહેદ નં-૪૮ સાબીરહુસેન કાદરમીયા :-</u>

આ મહત્વના સાહેદે મજકુર તો.દાર સામે ખૂબજ મહત્વની જુબાની આપી છે તે પ્રમાણે બનાવના દિવસે પથ્થરમારો કરી રહેલ ટોળાનો થોડીવાર સામનો કર્યા બાદ આ સાહેદને ગરદન ઉપર ઈંટ વાગતા તે અકબરમીયા રસુલમીયાના ઘરમા જતો રહેલો આ સાહેદ બનાવના દિવસેનુ વર્ણન કરતા રડી પડેલ આ સાહેદ ના.કોર્ટમા જણાવે છે તે પ્રમાણે તે ટોળાના માણસોને ઓળખે છે તેમા તેણે બીજા તો.દારોની સાથે આ તો.દારને પણ ઓળખી બતાવેલ છે અને શેખ મોહલ્લાની સામે ફોકસ લાઈટના અજવાળામાં હાથમાં જીવલેણ હથિયારો સાથે ઈરાદાપુર્વક શેખ મહોલ્લામાં આવેલા અને ઘરોને બાળતા બાળતા મહેમુદમીંયા હુસેનમીંયાના મકાન તરફ ગયેલા અને મકાનની બારી તોડી તેમાં કેરોસીન પેટ્રોલ નાંખી સળગાવતા સહ તો.દારો સાથે આ તો.દાર સંજય અંબાલાલ પણ હતા.

વળી, આ સાહેદે ના.કોર્ટમા મજકુર તો.દારને ઓળખી પણ બતાવેલ છે. આમ, આ એકજ સાહેદ મજકુર તો.દાર સામે WHOLLY RELIABLE સાહેદ તરીકે મહત્વનો અને સશકત પુરાવો છે અને તેને માની શકાય તેવો પુરાવો છે.

## <u>તોહમતદાર નં.૯ પટેલ કાળાભાઈ ભીખાભાઈ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>

(૧) <u>સાહેદ નં-૫૫ આશીકહુસેન બચુમીયા :-</u>

આ મહત્વના સાહેદ ના.કોર્ટમા જુબાની આપેલ છે તે પ્રમાણે બનાવના દિવસે ગામના હિન્દુ લોકોના ટોળાએ હથિયારો સહિત હુમલો કરેલ મકાનોને તોડફોડ, લૂંટફાટ કરી આગ લગાડેલ ટોળામા આ સાહેદે મજકુર તો.દારને પણ જોયેલ તેણે ના.કોર્ટમા મજકુર તો.દારને ઓળખી પણ બતાવેલ છે આમ, આ સાહેદની જુબાની

મજકુર તો.દાર સામે મહત્વનો પુરાવો છે અને નિઃશંકા રહીત માની શકાય તેવો પુરાવો છે.

આમ, આ સાહેદ મજકુર તો.દાર સામે WHOLLY RELIABLE સાહેદ તરીકે મહત્વનો અને સશકત પુરાવો છે અને તેને માની શકાય તેવો પુરાવો છે.

(૨) <u>સાહેદ નં-૬૮ ગુલામઅલી અકબરમીયા :-</u>

આ ઈન્જર્ડ સાહેદે ના.કોર્ટમા મજકુર તો.દાર વિરૂધ્ધ જુબાની આપે છે તે પ્રમાણે બનાવના દિવસે પટેલોના ટોળાએ મુસ્લિમો વિરૂધ્ધ સૂત્રોચ્ચાર કરતા આવેલા અને પથ્થરમારો કરી શેખ મોહલ્લામા તે ટોળુ આવેલ આ સાહેદને પથ્થરમારામા ઈજાઓ થયેલ અને પટેલોનુ ટોળુ વધારે અંદર આવતા આ સાહેદ બચુમીયા ઈમામમીયાની નવેલીએ ઉભો રહી ગયેલો અને ટોળુ અંદર આવતા તેણે જોયેલ તો તો.દારોમા આ તો.દાર કાળાભાઈ ભીખાભાઈ પણ હતા આ ટોળુ મેહમુદમીયા ના ઘર તરફ ગયેલુ અને ઘરને ઘેરી લીધેલુ અને બારી તોડી પેટ્રોલ,કેરોસીન,સળગતા કાકડા નાંખી સળગાવી દીધેલ આ સાહેદે મજકુર તો.દારને ના.કોર્ટમા ઓળખી પણ બતાવેલ છે આમ આ સાહેદને ખૂબજ મહત્વનો અને શક્તિશાળી પુરાવો આ સાહેદનો છે.

(૩) <u>સાહેદ નં-૭૧ મંગાભાઈ રામાભાઈ રાવળ :-</u>

આ સ્વતંત્ર અને નિષ્પક્ષ સાહેદની જુબાની ના.કોર્ટમા થયેલ છે તે પ્રમાણે બનાવના દિવસે મોડી રાત્રે કેરોસીન,અને પેટ્રોલના પીપડા સાથે રસ્તા ઉપર ટ્રેકટર આ સાહેદે જોયેલ અને બીજા તો.દારોની સાથે આ તો.દાર કાળાભાઈ ભીખાભાઈ ને તેના ઘર આગળથી નીકળતા જોયેલ તેણે તે તો.દારોને કેરોસીનના કેરબા લઈ જતા જોયેલ લાઈટના ફોકસ ચાલુ હતા અને પટેલોના ટોળે-ટોળા હતા આગના ભડકા શેખ મોહલ્લામા લાગેલ હતા મેહમુદભાઈના ઘર તરફથી ચીચીયારીયો સંભળાતી હતી આ સાહેદની જુબાની મહત્વની છે અને તેને મજકુર તો.દાર સામે જુઠી જુબાની આપવાનુ કોઈ કારણ નથી.

(૪) <u>સાહેદ નં-૪૮ સાબીરહુસેન કાદરમીયા :-</u>

આ સાહેદની ના.કોર્ટમા જુબાની થયેલ છે તે પ્રમાણે આ સાહેદે બનાવના દિવસનુ વિગતવાર વર્ણન કરતા ખૂબજ લાગણીશીલ થઈ ગયેલ અને ના.કોર્ટમા ભાંગી પડેલ બનાવના દિવસે તો.દારોએ કઈ રીતે જીવલેણ હથિયારો સાથે ગુનાહિત ઈરાદાપુર્વક તેમના મોહલ્લા ઉપર હુમલો કરી શેખ મેહમુદમીયાના મકાનમા સંતાયેલા તે મકાનની

બારી તોડી પેટ્રોલ,કેરોસીન નાંખી સળગાવી દીધેલ અને લોખંડનો સળીયો કરંટ ચાલુ કરી મૂકેલો અને કેવી રીતે મૂકેલો તેનુ દર્દનાક વર્ણન ના.કોર્ટમા કરેલ છે તે ટોળામા જે માણસો હતા તેમને તે ઓળખે છે તેમ જણાવી તેમણે મજકુર તો.દાર કાળાભાઈ ભીખાભાઈને ના. કોર્ટ સમક્ષ ઓળખી પણ બતાવેલ છે આમ, આ સાહેદનો પણ ખૂબજ મહત્વનો અને નકારી ન શકાય તેવો પુરાવો મજકુર તો.દાર વિરૂધ્ધ ના.કોર્ટ સમક્ષ છે.

## <u>તોહમતદાર નં.૧૦ પટેલ ગોવિંદભાઈ મોહનભાઈ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>

(૧) <u>સાહેદ નં-૬૨ રફીકમીયા મોહંમદ હુસેન :-</u>

આ તો.દાર વિરૂધ્ધ ના.કોર્ટમા મહત્વના ઈન્જર્ડ સાહેદ રફીકમીયા મોહંમદ હુસેનની જુબાની થયેલ છે તે પ્રમાણે બનાવના દિવસે પટેલોના ટોળાએ મુસ્લિમો વિરૂધ્ધ સૂત્રોચ્ચાર કરી શેખ મોહલ્લા ઉપર હુમલો કરી મકાનોને આગચાંપવા માટે તે ટોળામા તે સમયે તેમના ગામના જે માણસો હતા તેમા આ તો.દાર ગોવિંદભાઈ મોહનભાઈ પણ હતા તે ટોળાએ મહેમુદમીયાના મકાનને ઘેરી બાળી મૂકેલ અને તે મકાનમાંથી બૂમો અને ચીચીયારીયો સંભળાતી હતી આ મહત્વના સાહેદે મજકુર તો.દારને ના. કોર્ટમાં ઓળખી પણ બતાવેલ છે આમ, આ અત્યંન મહત્વના સાહેદની જુબાની ખૂબજ મહત્વની છે. નકારી શકાય તેવી નથી મજકુર તો.દાર સામે ખોટી જુબાની આપવાનુ કોઈ કારણ નથી તેની જુબાની સંપૂર્ણપણે માની શકાય તેવી શંકા રહીત છે.

(૨) <u>સાહેદ નં-૬૮ ગુલામઅલી અકબરમીયા</u>

ના.કોર્ટમા આ ઈન્જર્ડ સાહેદે બનાવના દિવસ અંગે જુબાની આપતા પટેલોના ટોળાએ તેમના મોહલ્લા ઉપર કઈ રીતે હુમલો કરી પથ્થરમારો કરેલ અને મકાન બાળતા-બાળતા તેઓ મોહલ્લામા આગળ આવેલા ત્યારે બચુમીયા ઈમામમીયાની નવેલીએ આ સાહેદે ઉભા રહી તે પટેલોના તેમા આ તો.દાર પણ સામેલ હતા તે આ સાહેદે જોયેલ છે તે ટોળાએ મેહમુદમીયાના ઘરની બારી તોડી કેરોસીન પેટ્રોલનાંખી માણસોને જીવતા સળગાવી દીધેલ તે વખતે આ સાહેદ હાજર હોવા છતા બચાવી શકેલ નહિ આ સાહેદે ના.કોર્ટમા મજકુર તો.દાર ગોવિંદભાઈ મોહનભાઈને સ્પષ્ટરીતે ઓળખી

પણ બતાવેલ છે આમ, આ સાહેદની જુબાની ખૂબજ મહત્વની અને નકારી ન શકાય તેવો પુરાવો છે.

(૩) <u>સાહેદ નં-૮૦ રૂકશાનાબાનુ ઈબ્રાહીમભાઈ</u>

આ ઈન્જર્ડ સાહેદની જુબાની ના.કોર્ટમા થયેલ છે તે પ્રમાણે બનાવના દિવસે ગામના લોકોના ટોળાએ તેમના મોહલ્લા ઉપર આવી કેબીનો સળગાવી અને ત્યારબાદ થોડીવાર પછી એ ટોળુ આવેલ અને મુસ્લિમો વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી તેમના મહોલ્લામાં ઘુસેલ આગ, લૂંટફાટ, પથ્થરમારો કરતા ટોળાના કારણે આ સાહેદને આંખ,અને ઢીંચણ ઉપર ઈજાઓ થયેલ તેણી બચવા માટે મેહમુદમીયાના મકાનમા ઘૂસી ગઈ ટોળાએ તે મકાનને ઘેરી કેરોસીન,પેટ્રોલ,છાંટી બાળેલ તે મકાનમા ૩૦,૩૧, માણસોને સળગાવી મારી નાખવામા આવેલ તેમા આ સાહેદની માતા,બહેનો, અને કુટુંબના બીજા અનેક વ્હાલસોયા પરિજનો હતા આ સાહેદ બાઈ માણસ છે અને ના.કોર્ટમા તેણીની જુબાનીમા જણાવ્યા પ્રમાણે ટોળાના જે માણસો હતા તેમને ચેહરા ઉપરથી ઓળખી શકે છે એ રીતે આ મહત્વના સાહેદે મજકુર તો.દાર ગોવિંદ મોહનભાઈને ઓળખી બતાવેલ છે. આમ, આ તો.દાર વિરૂધ્ધ ખૂબજ મહત્વના એવા ત્રણ સાહેદોની જુબાની ના.કોર્ટ સમક્ષ છે અને આ ત્રણેય સાહેદોને મજકુર તો.દારને ના.કોર્ટમા ઓળખી બતાવેલ છે.

## <u>તોહમતદાર નં.૧૧ પટેલ બાબુભાઈ ગોકળદાસ વિરૂધ્ધનો નામદાર કોર્ટમાં નોંધાયેલ પુરાવો</u>

(૧) <u>સાહેદ નં-૪૯ ઈકબાલમીયા રસુલમીયા :-</u>

સદર ઈન્જર્ડ સાહેદે ના.કોર્ટમા જુબાની આપી છે તે પ્રમાણે બનાવના દિવસે બનાવ વખતે મુસ્લિમો વિરૂધ્ધ વાંધાજનક સૂત્રોચ્ચાર કરતા ટોળામા મકાનોને લૂંટફાટ અને આગચાંપતા ટોળામા આ સાહેદે આ તો.દાર ને ટોળાના આગેવાન તરીકે જોયેલ છે  અને ટોળાની આગેવાની કરતા એવી ઉશ્કેરણી કરતા હતા કે, એકપણ બચવો જોઈએ નહિ આ તો.દારે ના.કોર્ટમા આપેલ જુબાનીની પેરા નં-૫ ની વિગતો જોતા આ

તો.દારને ના.કોર્ટમા તો.દારોની બેઠક વ્યવસ્થાના કારણે તેમની ઓળખવીધી કરવામા ખૂબજ મૂશ્કેલી પડતી હતી. આમ, મજકુર તો.દાર સામે સાહેદ ઈકબાલમીયા રસુલમીયાની જુબાની માની શકાય તેવી છે.

- **<u>આ પ્રકારના ગુનાઓમાં ના.દાર ઉપરી અદાલતોએ આપેલ મહત્વના ચુકાદાઓ અંગેઃ-</u>**

આ કામમા બનાવના દિવસે તો.દારોએ ગોધરાકાંડ બાદ મુસ્લીમો ઉપર હુમલો કરવા જાણે તેમને છુટો દોર આપી દેવામા આવેલ તે રીતે વર્તી ગેરકાદેસર મંડળી રચી, મુસ્લીમોને મારો,કાપો,બાંડીયાઓને જીવતા સળગાવી દો એક પણ જીવતો બચવો જોઈએ નહિ તેવા વાંધાજનક સૂત્રોચ્ચારો કરી પોતાનો સામાન્ય ઈરાદો પુરો પાડવા ગંભીર પ્રકારના ગુનાઓ આચરેલ છે અને ૩૩ જેટલા મુસ્લીમ સ્ત્રી,બાળકો અને માણસોને જીવતા બાળીનાંખી ગુનાઓ કરેલ છે. આ હુલ્લડ અને તોફાન દરમ્યાન હિચકારા કૃત્યો અને ગુનાઓ કરતા ટોળામા સાહેદોએ ના.કોર્ટમા જુબાનીમા આવેલ છે અને તે તો.દારોને તે ગુનાહિત ટોળામા સામેલ જોંયેલ છે. તેથી બનાવ વખતે ગેરકાયદેસર મંડળીના સભ્ય તરીકે તેમનું સામાન્ય ઈરાદો મુસ્લીમોને મારીનાંખવા, આગ,લૂંટફાટ કરવાનો હતો અને તે પાર પાડવા તે ટોળાઅ જે ગંભીર ગુનાઓ કરેલ છે તે તમામ ગુનાઓ માટે તે ટોળામા સામેલ દરેક તો.દાર જવાબદાર છે અને તે ટોળાએ આચરેલ ગંભીર ગુનાઓ માટે સજાને પાત્ર છે. આ માટે દરેક તો.દારે overtact કરેલ હોવુ જરૂરી નથી તે કાયદામા ખૂબજ સ્પષ્ટ થયેલ હકીકત છે.

<u>આ બાબતે </u>(1995),4, Supreme Court Case 392

રનબીર યાદવ વિ.સ્ટેટ ઓફ બિહાર નો ના.સુપ્રિમકોર્ટનો ચુકાદો સ્પષ્ટ છે.

- આ ઉપરાંત કોઈ overtact તો.દારો તરફથી થયેલ નહોય છતા ટોળાના સામાન્ય ઈરાદો આગ,લૂંટફાટ અને ખૂન કરવાનો હોય તો ગેરકાયદેસર મંડળીના સભ્ય તરીકે તો.દારને ટોળાએ આચરેલ ગંભીર પ્રકારના આઈ.પી.સી. કલમ-૩૦૨, ૪૩૬ પ્રમાણે પણ દોષીત ઠરાવી શકાય તે મતલબનો ના.સુપ્રિમ કોર્ટનો (1992)

Supreme Court Case 727 મુક્તેસ્વરરાય તથા બીજા વિ. સ્ટેટ ઓફ બિહારનો ચૂકાદો આપણી સમક્ષ છે.

- તો.દારો હુમલો કરતા ટોળામા સામેલ હોય અને એક કોમના માણસોનુ ખૂન કરી મૃત્યુ નીપજાવતા હોય તો વિસ્તૃત વર્ણન કે તે પછીના બનાવ મહત્વના નથી અને તો.દારોએ તે ટોળામા હોવાથી તેમના ગુના સાબીત થયેલા ગણી શકાય.

  આ બાબતે **AIR 1999 S.C. 382** નો ચુકાદો મહત્વનો છે

કોમી હુલ્લડમા ટોળાએ લાકડીઓ અને પથ્થરમારાથી હુમલો કરી એક જાતીના લોકોને જીવતા બાળીનાંખેલ અને તે ટોળામા સાહેદોએ જે તો.દારો ને જોયેલા તેમને કલમ ૧૪૭,૩૦૨/૧૪૯ ૪૩૬/૧૪૯ ૩૨૩/૧૪૯ તથા ૩૦૭/૧૪૯ પ્રમાણે ના.કોર્ટ સજા ફરમાવેલ આ બાબતે ના.સુપ્રિમ કોર્ટનુ **AIR 1997 S.C. Page 1654** સ્પષ્ટ છે.

તો.દારોએ કોઈ overtact નથી કરી કે, બનાવ વખતે કોઈ ચોકકસ ભૂમીકા નથી ભજવી તે બાબત મહત્વની ગણી શકાય નહિ અને તો.દારો ગંભીર ગુના આચરતા ટોળામા સામાન્ય પૂરો કરવા સારું તેમા સામેલ ગણી કલમ ૧૪૯ પ્રમાણે સજા કરી શકાય તે મતલબનો ના.સુપ્રિમ કોર્ટનો ચુકાદો. **AIR 2004 S.C. Page 4570** છે.

આ ઉપરાંત બનાવના નજરે જોનાર સાહેદો ઈજાગ્રસ્ત હોય તો બનાવ વખતે તેમની હાજરીને શંકાસ્પદ ગણી નકાય આ ટ્રાયલમા પણ ના.કોર્ટમા જુબાની આપતા મોટાભાગના સાહેદો તેજ ગામમાં વર્ષોથી રહેનાર સાહેદો છે. બનાવ બન્યો છે તેજ મહોલ્લામા વર્ષોથી રહે છે. તો.દારો પણ તેજ ગામના છે અને તેથી તેમને ઓળખે છે. વળી, જુબાની આપનાર મોટાભાગના સાહેદોને બનાવ વખતે થયેલ પથ્થમારા કે મહેમુદભાઈના મકાનને લગાડવામા આવેલ આગમા થી ઈજાગ્રસ્ત છે. તેથી તેમની બનાવ વખતે હાજરી અંગે શંકા

કરવી નિરર્થક છે. આ સંબંધે ના.સુપ્રિમ કોર્ટનો ચુકાદો જે **AIR 1993 S.C. Page 1544** નોંધાવેલ છે તે મહત્વનો છે.

**ના.કોર્ટમા સાહેદોની જુબાનીને સંપૂર્ણરીતે વિશ્વસનીય ગણવાના સબળ કારણો**

ગોધરાકાંડ બાદ સરદારપુરા ગામે તા.૨૮.૨.૦૨ ના રોજ અને તા.૧.૩.૦૨ ના રોજ જે કોમી તોફાન થયેલ તે બાબતની F.I.R. ફરીયાદીએ તો.દારોના નામો આપેલ છે. તો.દારોના નામો ખોટી રીતે કોઈની ચઢવણી કે અદાવતના કારણે અપાયેલા હોવાની શકયતા કોઈપણ રીતે રહેતી નથી. આ કામના અસરગ્રસ્તો અને લઘુમતી કોમના લોકો ઉપર જે અત્યાચાર અને આગ,લૂંટફાટ, સામૂહિક હત્યાના કૃત્યો આચરવામા આવેલ તે કૃત્યો કરનાર ગામના લોકો જ હતા. અસરગ્રસ્ત સાહેદોએ તેમને સ્પષ્ટ ઓળખેલ છે અને પોલીસ તપાસ દરમ્યાન તા.૨.૩.૦૨ કે તા.૧૦.૩.૦૨ ના રોજ નોંધવામા આવેલ તેમના પોલીસ જવાબમા પણ તેમણે તો.દારોના નામ લખાવેલ છે. તે સમયે સાહેદો ઉપર કોઈપણ આગેવાનો કે સામાજીક કાર્યકારોની અસર કે ચઢવણીને અવકાશ હતો જ નહિ. બનાવ બન્યા બાદ વહેલામા-વહેલી તકે સાહેદોએ પોલીસ જવાબમા જે તો.દારોના નામ લખાવેલ છે તે ખોટા હોઈ ના શકે અને ખોટા માણસોના નામ લખાવવાનો સાહેદોનો કોઈ હેતુ જોવાતો નથી.

સાહેદોએ તેમના વહાલસોયા કુટુંબના સભ્યોને પોતાની આંખ સામે મોતને ઘાટ ઉતારતા તો.દારને જોયેલ છે.તેવા ખરા તો.દારોને જતાં કરી કોઈ નિર્દોષ માણસોને વગર કારણે સાહેદો સંડોવણી કરે તે શકય નથી અને માની શકાય નહિ.

તો.દારોએ ગુનાહિત કાતરાના ભાગરૂપે તેમના સામાન્ય ઈરાદાને વ્યવસ્થિત રીતે પાર પાડી શકાય તે હેતુથી હેલોજન લેમ્પ મુસ્લીમોની વસ્તી તરફ લગાડેલ હતા વળી, બનાવના દિવસે શેખ મહોલ્લાના મોટા ભાગના મકાનોને આગ લગાડી મોટો અગ્નિકાંડ સર્જવામા આવેલ તેના અજવાળામા સાહેદોએ તો.દારોને સારી રીતે ઓળખેલ છે. અને ના.કોર્ટમા પણ તેવા તો.દારોને ઓળખી બતાવે છે. મોટી સંખ્યામા તો.દારો જુદા-જુદા હથિયારો સાથે હુમલો કરતા અને સાહેદો બચવા સારુ જે મકાનમાં આશ્રય લીધેલ હોય તે મકાનને તો.દારોએ છાપરામા કાણું પાડી તોડેલ હોય તેવા સંજોગોમા સાહેદો તેમને થયેલ ઈજાઓ અને તેવી

વિપરીત સ્થિતિના કારણે એકસુત્રતા જુબાનીમા જાળવી ન શકે તે સમજી શકાય તેમ છે તે મતલબનો ચુકાદો ના.સુપ્રિમકોર્ટનો **1994 Cr.L.J. Page 1103** નો આ બનાવમા પણ તેવી પરિસ્થિતિમા સંપૂર્ણરીતે માની તેના પ્રકાશમાં સાહેદોએ જેમણે ખૂબ જ વિપરીત પરિસ્થિતિમા ઈજાગ્રસ્ત થઈ જે મકાનમા તેઓ આશરો લઈ રહેલ હતા તેની બારી તોડીને તેમને સળગાવવામાં આવેલ તેવા સમયે તેમણે જોંયેલ તો.દારો વિરુદ્ધની જુબાનીનું મુલ્યાંકન કરવા નમ્ર વિનંતી છે.

ગેરકાયદેસર મંડળીના સભ્ય હોવા છતાં તે વ્યક્તિએ ટોળા દ્વારા આચરાવમા આવતા ગુનાઓમા સક્રિય ભાગ નથી લીધો તેવુ માની તેને નિર્દોષ ઠરાવી શકાય નહિ આવી સ્થિતિમા તો.દારને **I.P.C.** કલમ ૧૪૯ પ્રમાણે ગેરકાયદેસર મંડળીના સભ્યો હોવાના કારણે તે મંડળીએ આચરેલ ગુનાઓ બાબતે સજા કરી શકાય તે મતલબનો ના.સુપ્રિમ કોર્ટનો **1989 Cri L.J. Page 850** છે.

તો.દારે ટોળામા કોઈ સક્રિયભાગ ભજવ્યા હોવાની જરૂરીયાત રહેતી નથી અને ટોળાએ આચરેલ ગંભીર પ્રકારના ગુનાઓ બાબત ટોળામા સામેલ તે તો.દારોની જવાબદારી પણ થઈ પડે છે. અને F.I.R. માં તો.દારના નામ ગેરકાયદેસરની મંડળીમા હોવાનુ આવ્યુ હોય તે પણ મહત્વનુ બની રહેછે તે બાબતે પ્રકાશ પાડતુ ના.સુપ્રિમકોર્ટનો **(1994)4 S.C.C. 397** ચુકાદો સુવિદિત છે.

એક મહત્વના મુકાદામા ના.સુપ્રિમકોર્ટે રીપોર્ટ થયેલ **AIR 1995 S.C. Page 1748** માં તે ચુકાદાના પેરા-૧૮ મા સ્પષ્ટતા કરેલ છે તે પ્રમાણે મોટાપાયે અનેક તો.દારો હુમલો કરતા હોય ત્યારે તેઓએ ભજવેલ વ્યક્તિગત ભાગ બાબતે સાહેદો જણાવી શકે નહિ. પરંતુ, તો.દારો બનાવ વખતે હથિયારો સાથે ટોળુ રચી, હુમલો કરવા આગળ આવેલ ત્યારે તેઓનો સામાન્ય ઈરાદો ગેરકાયદેસર મંડળી બની સામાપક્ષના માણસોનુ કાસળ કાઢવાનુ જ હતુ અને પુરાવા પ્રમાણે ઈ.પી.કો. કલમ ૩૦૨,૧૪૯ પ્રમાણે સજા પાત્ર છે.

આ બનાવમા ના.કોર્ટને મદદરૂપ થઈ પડે તેવો એક મહત્વનો ચુકાદો. **1998 Cri L.J. Page 988 (Delhi High Court)** નો છે. જે પ્રમાણે તો.દાર ગેરકાયદેસર મંડળીરચી પોતાનો સમાન્ય ઈરાદો ખૂન,લૂંટફાટ અને મકાનો

બાળવાનો હોઈ તે દરેકની વ્યક્તિગત સક્રિય ગુનાહિત કૃત્ય બતાવવુ જરૂરી નથી અને તો.દારોએ વિશેષ કોમના માણસોને મારી નાંખવા અને તેમની માલમીલ્કતને લૂંટવા અને બાળવાનો સામાન્ય ઈરાદો ધરાવતો હોય અને શંકાસ્પદ ઈન્વેસ્ટીગેશન થયેલુ હોય અને જયા લાશો કે ગુનામા વપરાયેલ હથિયારો મળી આવ્યા ન હોય તો તેવી હકીકત અને સંજોગો પણ ગંભીર ગણાઈ શકાય નહિ.

કેટલાક તો.દારોના નામ F.I.R. માં ના લખાવ્યા હોય તે પણ આવા સંજોગોમા મહત્વપૂર્ણ ગણી શકાય નહિ.

એકવધુ અતિમહત્વના ચુકાદામા ના.સુપ્રિમકોર્ટે **<u>AIR 2002 S.C. 1965</u>** માં ઉલ્લેખ કરેલ છે તે પ્રમાણે હિચકારા બનાવમા એકજ કોમના ૩૫ જેટલા માણસો મરણ પામ્યા હોય અને કેટલાકને ઈજાઓ થયેલ હોય અને તે વિસ્તારમાં ગભરાટ ફેલાયેલો હોય અને ખૂબજ ઉગ્ર ટોળાએ હુમલો કર્યો હોય તેવા સંજોગોમા એક કે બે સાહેદોની પણ જુબાની માની શકાય તેવી જુબાની મહત્વની થઈ પડે છે. આવા સંજોગોમા સાહેદોની સંખ્યા કરતા તેમના પુરાવાની ગુણવત્તા મહત્વની થઈ પડે છે. આજ ચુકાદામા ના.સુપ્રિમ કોર્ટ ખૂબજ મહત્વનુ ઓબ્જર્વેશન કરેલ છે અને જસ્ટીસ શ્રી અરીજીત પસાયત સાહેબના તેમના ચુકાદાના પેરા-૯૪ માં જણાવ્યા પ્રમાણે બનાવના સમયને સારો એવો સાથ વીતી ગયો હોય, માનસીકનિર્બળતા અને બનાવના વિકૃત દ્રશ્યો અને આઘાતના કારણે માનસીક આઘાત લાગેલ હોય તેવા સંજોગોમા સાહેદની જુબાનીમા સામાન્ય વિરોધાભાસ હોઈ શકે છે નામદાર કોર્ટોએ કયા પ્રકારના વિરોધાભાસને મહત્વનો ગણવો જોઈએ તે નકકી કરવુ જોઈએ.

**<u>AIR 1997 S.C. 1654</u>** માં ના સુપ્રિમ કોર્ટે આ કેસમા મદદરૂપ તે મતલબનુ એવુ ઓબ્જર્વેશન કરેલ છે કે જયારે હુલ્લડમા માણસો માર્યા ગયા હોય,ત્યારે બનાવને મોટો ચીતરવા મહત્વના ન ગણી શકાય તેવી વિરોધાભાસી જુબાની પ્રત્યતદર્શી સાહેદોની જુબાનીમા હોઈ શકે છે અને જયારે મોટા પ્રમાણમા હુમલાખોર તો.દારો હોય, હુલ્લડનો કેસ હોય અને સંખ્યાબંધ સાહેદો હોય, ત્યારે સાક્ષીઓના પુરાવાને નકારી ન કાઢતા સાહેદોની જુબાની એક સરખી ન હોય તે કુદરતી રીતે શકય છે.

આ હકીકત ના.સુપ્રિમ કોર્ટ તેમના ચુકાદાના પેરા-૩૨ મા નોંધેલ છે જે આ કામના સાહેદોની જુબાનીનું મૂલ્યાંકન કરતા પણ ધ્યાને લેવી જરૂરી છે.

તો.દારની ઓળખ બાબતમા ના.સુપ્રિમ કોર્ટે પોતાના **AIR 1997 S.C.Page 322** માં નોધ્યુ છે તે પ્રમાણે જયારે વધુ સાહેદો હોય તેવા સંજોગોમા એક સાહેદની જુબાની પણ તો.દારની ઓળખ માટે પૂરતી ગણી શકાય છતા મોટા પ્રમાણમા ગેરકાયદેસર મંડળી બાબતમા કોર્ટ બે માનવા લાયક સાક્ષીઓની ઓળખનો પુરાવો તો.દારની ઓળખના પુરાવા તરીકે આગ્રહ રાખી શકે. આ કામમા તો.દારોને ના.કોર્ટમા એક કરતા વધારે સાહેદોએ ઓળખી બતાવેલ છે.

ના.કોર્ટ સમક્ષની જુબાનીમા સાહેદોએ તો.દારોને ઓળખી બતાવેલ હોઈ પરંતુ, તેમના નામ તેઓએ અગાઉ લખાવેલ ન હોય તેવા સંજોગોમા **Dana Yadav V/S State of Bihar** મા **AIR 2002 S.C. Page 3325** માં નોંધ્યા પ્રમાણે આવા સાહેદની જુબાની ન માનવી તેવો કોઈ કાયદો નથી.

તો.દારો સામે પડેલ સમગ્ર પુરાવો જોતા એ સ્પષ્ટ થાય છે કે, સાહેદો તો.દારોના ગામના જ રહેવાસીઓ છે. તેમને તો.દારો સાથે કોઈ અદાવત નથી કે તેવો કોઈ કારણસર સાહેદો તેમના ખોટા નામ આપે વળી, બનાવ બન્યો તે બાદ મોટા ભાગના સાહેદોએનો વહેલામા-વહેલી તકે પોલીસ જવાબ લખાવેલ છે તેમા પણ સંબંધીત તો.દારોના નામ તેમણે જાહેર કરેલ છે અને ના.કોર્ટમા તેવા તો.દારને ઓળખીપણ બતાવેલ છે આવા સાહેદોની જુબાની નું મૂલ્યાંકન કરવામા આવે ત્યારે તેઓએ ના.કોર્ટમા આપેલ જુબાની ખૂબજ વિશ્વાસનીય શંકા રહીત અને માની શકાય તેવો પૂરાવો પૂરી પાડતી જુબાનીઓ છે.

કેટલાક સાહેદોએ ના.કોર્ટમા તો.દારોને ઓળખી બતાવવા મૂશ્કેલી અનૂભવેલ છે. ઓળખવિધી વખતે ના.કોર્ટમા તો.દારો સાહેદો તેમને ન ઓળખે તે માટે કેવી-કેવી યુક્તિઓ અપતાવતા હતા તે બાબતે ધ્યાન દોરવા

આંક-૫૬૦ થી ધ્યાન પણ દોરવામા આવેલ છે. તો.દારો તે ના.કોર્ટમાની બેઠક વ્યવસ્થા ખૂબજ ગીચ અને બધા તો.દારોને સ્પષ્ટરીતે જોઈ ન શકાય તે રીતેની હોવાથી તે બાબતે ના.કોર્ટનુ ધ્યાન સાહેદો તરફથી આંક-૫૧૪,૫૫૬ ની અરજીઓ આપી ધ્યાન દોરવામા આવેલ.

આ કામમા એ હકીકત સ્પષ્ટ છે કે, ૨૦૦૨મા બનેલ કમનસીબ કોમી હુલ્લડોમા તપાસ કરનાર એજન્સીઓ અને રાજય જેવા શક્તિશાળી બળનુ પક્ષપાતી અને દ્વેશપૂર્ણ વલણ હોવાને કારણે અસરગ્રસ્તોને ન્યાય મળી શકે તેવી કોઈ તપાસ જાણીબુઝીને થયેલ નહિ અને ખરા તો.દારો સુધી ન્યાયના હાથ પહોંચી શકે નહિ તે માટે પ્રયત્ન કરવામા આવેલ જેથી અસરગ્રસ્તોને દેશની સર્વોચ્ચ અદાલત સમક્ષ રાજયની તપાસ કરતી પોલીસ એજન્સી વિરૂધ્ધ રજુઆત કરાતા ના.કોર્ટ તે અરજમા તથ્ય જણાતા સીટની રચના કરેલ સીટની રચના થયા બાદ પણ તેના અમલદારો તરફથી થતી તપાસ બાબતમા અનેક આશંકાઓ રહેલી છે આમ, આ સ્થિતિમા ખૂબજ હિત પ્રકારના ગંભીર પ્રકારના ગુનાઓમા ભોગ બનેલ અસરગ્રસ્તોને તપાસ કરનાર એજન્સીઓની સાચી મદદ અને દોરવણીના બદલે હિન કૃત્યો અને ગંભીર ગુનાઓ કરતા તો.દારોને લાભ થાય તે પ્રકારનુ ઈન્વેસ્ટીગેશન થયેલાનુ જણાય છે આવા સંજોગોમા ના.સુપ્રિમ કોર્ટ Baladin and others V/S State of U.P. A.I.R. 1956 S.C. 181 માં નોંધેલ છે તે પ્રમાણે જયારે પોલીસ તપાસ શંકાશીલ રીતે થયેલ હોય તેવી સ્થિતિમા સાહેદોની જુબાનીમા Contradication, omissions, બહુ મહત્વના ન ગણી શકાય આ સંજોગોમા સાહેદે ના.કોર્ટમા આપેલ જુબાની જ મહત્વ ધારણ કરે છે અને તે જુબાની ના.કોર્ટ તે રીતે કેટલી વિશ્વાસપાત્ર અને માની શકાય તેમ છે તે રીતે તેનુ મૂલ્યાંકન કરવુ જોઈએ આ સિવાય ન્યાયની પ્રક્રિયાને આડે રસ્તે ચડાવવા એક યા બીજા પ્રકારના આક્ષેપો ઉભા કરી શક્તિશાળી પીઠબળ ધરાવતા સ્થાપિત હિતો તરફથી સાહેદોની જુબાની ઉપર યેનકેન પ્રકારે શંકાના વાદળો ઉભા કરવા જાત-જાતના પ્રયત્નો કરવામા કશુ બાકી રાખવામા આવ્યુ નથી તે ના.કોર્ટે સુક્ષ્મ રીતે જોવુ જોઈએ.ખૂબજ મોટા પ્રમાણમા થયેલ કોમી હુલ્લડોમા સાહેદોએ તેમના અનેક વ્હાલાસોયા પ્રીયજનોને ગુમાવેલ છે અને કોઈપણ જાતની

રોકટોક વગર સમાજમા આ રીતના અમાનવીય હત્યાકાંડ સર્જતા તત્વોને નશીયતરૂપ સજા થાય તે જરૂરી છે. આવા તત્વોને તેમના ગુનાઓ બદલ યોગ્ય સજા થાય તો જ સમાજમા છાસવારે કોમી-તંગીદીલી ઉભી કરી પોતાના લાભ સારૂં નિર્દોષ લોકોની જાન અને માલ-મિલ્કત સાથે ખેલ ખેલતા તેમને રોકી શકાય. ગંભીર પ્રકારના કોમી હુલ્લડો કરવા દોડી આવતા તો.દારોને કાયદા તરફથી યોગ્ય સજાના અભાવે તેઓને હંમેશ ના માટે મોકળુ મેદાન મળી જવાનો જાણે કે, પરવાનો મળી જશે તેથી પોતાનુ સર્વસ્વ ગુમાવનાર ગરીબ, અભણ અને અશક્ત લોકોની ન્યાયની પોકાર સાંભળી ગુનેગાર તો.દારોને સખત સજા કરવા નમ્ર વિનંતી છે.

**આ કામમા ફરીયાદ પક્ષ તરફથી તો.દારો વિરૂધ્ધ પુરાવામાં (૧)ગુનાવાળી જગ્યા,વિવિધ વસ્તુઓની રીકવરીના પંચનામા, (૨)એફ.એસ.એલ રિપોર્ટસ અને ડોકટરી પુરાવા**

**(૩)ગુન્હાવાળી જગ્યાની વિડિયોગ્રાફી અને રજુ થયેલ ફોટોગ્રાફ્સ**

**(૪) લાશોના P.M. નોટસ**

**બાબતે પ્રોસીક્યુશન તરફથી રજુ કરવામા આવેલ દલીલોને અમો Adopt કરીએ છીએ.**

- **આ પ્રકારના ગુનાઓમાં ના.દાર ઉપરી અદાલતોએ આપેલ મહત્વના ચુકાદાઓ અંગેઃ-**

૧) (1995),4, Supreme Court Case 392 રનબીર યાદવ વિ.સ્ટેટ ઓફ બિહાર

આ કામમા બનાવના દિવસે તો.દારોએ ગોધરાકાંડ બાદ મુસ્લીમો ઉપર હુમલો કરવા જાણે તેમને છુટો દોર આપી દેવામા આવેલ તે રીતે વર્તી ગેરકાદેસર મંડળી રચી, મુસ્લીમોને મારો,કાપો,બાંડીયાઓને જીવતા સળગાવી દો એક પણ જીવતો બચવો જોઈએ નહિ તેવા વાંધાજનક સૂત્રોચ્ચારો કરી પોતાનો સામાન્ય ઈરાદો પુરો પાડવા ગંભીર

પ્રકારના ગુનાઓ આચરેલ છે અને ૩૩ જેટલા મુસ્લીમ સ્ત્રી,બાળકો અને માણસોને જીવતા બાળીનાંખી ગુનાઓ કરેલ છે. આ હુલ્લડ અને તોફાન દરમ્યાન હિચકારા કૃત્યો અને ગુનાઓ કરતા ટોળામા સાહેદોએ ના.કોર્ટમા જુબાનીમા આવેલ છે અને તે તો.દારોને તે ગુનાહિત ટોળામા સામેલ જોંયેલ છે. તેથી બનાવ વખતે ગેરકાયદેસર મંડળીના સભ્ય તરીકે તેમનું સામાન્ય ઈરાદો મુસ્લીમોને મારીનાંખવા, આગ,લૂંટફાટ કરવાનો હતો અને તે પાર પાડવા તે ટોળાઅ જે ગંભીર ગુનાઓ કરેલ છે તે તમામ ગુનાઓ માટે તે ટોળામા સામેલ દરેક તો.દાર જવાબદાર છે અને તે ટોળાએ આચરેલ દરેક ગંભીર ગુનાઓ માટે વ્યકિતગત રીતે જવાબદાર અને સજાને પાત્ર છે. આ માટે દરેક તો.દારે overtact કરેલ હોવુ જરૂરી નથી તે કાયદામા ખૂબજ સ્પષ્ટ થયેલ હકીકત છે.

(૨) આ ઉપરાંત કોઈ overtact તો.દારો તરફથી થયેલ નહોય છતા ટોળાના સામાન્ય ઈરાદો આગ,લૂંટફાટ અને ખૂન કરવાનો હોય તો ગેરકાયદેસર મંડળીના સભ્ય તરીકે તો.દારને ટોળાએ આચરેલ ગંભીર પ્રકારના આઈ.પી.સી. કલમ-૩૦૨, ૪૩૬ પ્રમાણે પણ દોષીત ઠરાવી શકાય તે મતલબનો ના.સુપ્રિમ કોર્ટનો (1992) Supreme Court Case 727 મુક્તેસ્વરરાય તથા બીજા વિ. સ્ટેટ ઓફ બિહારનો ચૂકાદો આપણી સમક્ષ છે.

(૩) તો.દારો હુમલો કરતા ટોળામા સામેલ હોય અને એક કોમના માણસોનુ ખૂન કરી મૃત્યુ નીપજાવતા હોય તો વિસ્તૃત વર્ણન કે તે પછીના બનાવ મહત્વના નથી અને તો.દારોએ તે ટોળામા હોવાથી તેમના ગુના સાબીત થયેલા ગણી શકાય.

આ બાબતે **AIR 1999 S.C. 382** નો ચુકાદો મહત્વનો છે

(૪) કોમી હુલ્લડમા ટોળાએ લાકડીઓ અને પથ્થરમારાથી હુમલો કરી એક જાતીના લોકોને જીવતા બાળીનાંખેલ અને તે ટોળામા સાહેદોએ જે તો.દારો ને જોયેલા તેમને કલમ ૧૪૭,૩૦૨/૧૪૯ ૪૩૬/૧૪૯ ૩૨૩/૧૪૯ તથા ૩૦૭/૧૪૯ પ્રમાણે ના.કોર્ટ સજા ફરમાવેલ આ બાબતે ના.સુપ્રિમ કોર્ટનુ **AIR 1997 S.C. Page 1654** સ્પષ્ટ છે.

(૫) તો.દારોએ કોઈ overtact નથી કરી કે, બનાવ વખતે કોઈ ચોકકસ ભૂમીકા નથી ભજવી તે બાબત મહત્વની ગણી શકાય નહિ અને તો.દારો ગંભીર ગુના આચરતા ટોળામા સામાન્ય પૂરો કરવા સારું તેમા સામેલ ગણી કલમ ૧૪૯ પ્રમાણે સજા કરી શકાય તે મતલબનો ના.સુપ્રિમ કોર્ટનો ચુકાદો. **AIR 2004 S.C. Page 4570** છે.

(૬) આ ઉપરાંત બનાવના નજરે જોનાર સાહેદો ઈજાગ્રસ્ત હોય તો બનાવ વખતે તેમની હાજરીને શંકાસ્પદ ગણી નકાય આ ટ્રાયલમા પણ ના.કોર્ટમા જુબાની આપતા મોટાભાગના સાહેદો તેજ ગામમાં વર્ષોથી રહેનાર સાહેદો છે. બનાવ બન્યો છે તેજ મહોલ્લામા વર્ષોથી રહે છે. તો.દારો પણ તેજ ગામના છે અને તેથી તેમને ઓળખે છે. વળી, જુબાની આપનાર મોટાભાગના સાહેદોને બનાવ વખતે થયેલ પથ્થમારા કે મહેમુદભાઈના મકાનને લગાડવામા આવેલ આગમા થી ઈજાગ્રસ્ત છે. તેથી તેમની બનાવ વખતે હાજરી અંગે શંકા કરવી નિરર્થક છે. આ સંબંધે ના.સુપ્રિમ કોર્ટનો ચુકાદો જે **AIR 1993 S.C. Page 1544** નોંધાવેલ છે તે મહત્વનો છે.

(૭) આ ઉપરાંત એક ખુબજ મહત્વના ચુકાદામાં ના.સુપ્રિમકોર્ટે જણાવ્યુ છે તેમ હુલ્લડના ગુન્હાઓમાં સજા કરવા માટે બે ત્રણ કે વધારે સાહેદોની સાતત્યપુર્ણ (CONSISTENCE) જુબાની જરૂરી ગણી શકાય જે WHOLLY RELIABLE WITNESSન હોય તોય ચંદ્રશેખર વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર **AIR 2015 S.C. Page 4024**

## ના.કોર્ટમા સાહેદોની જુબાનીને સંપૂર્ણરીતે વિશ્વસનીય ગણવાના સબળ કારણો

ગોધરાકાંડ બાદ સરદારપુરા ગામે તા.૨૮.૨.૦૨ ના રોજ અને તા.૧.૩.૦૨ ના રોજ જે કોમી તોફાન થયેલ તે બાબતની F.I.R. ફરીયાદીએ તો.દારોના નામો આપેલ છે. તો.દારોના નામો ખોટી રીતે કોઈની ચઢવણી કે અદાવતના કારણે અપાયેલા હોવાની શકયતા કોઈપણ રીતે રહેતી નથી. આ કામના અસરગ્રસ્તો અને લઘુમતી કોમના લોકો ઉપર જે અત્યાચાર અને આગ,લૂંટફાટ, સામૂહિક હત્યાના કૃત્યો આચરવામા આવેલ તે કૃત્યો કરનાર

ગામના લોકો જ હતા. અસરગ્રસ્ત સાહેદોએ તેમને સ્પષ્ટ ઓળખેલ છે અને પોલીસ તપાસ દરમ્યાન તા.૨.૩.૦૨ કે તા.૧૦.૩.૦૨ ના રોજ નોંધવામા આવેલ તેમના પોલીસ જવાબમા પણ તેમણે તો.દારોના નામ લખાવેલ છે. તે સમયે સાહેદો ઉપર કોઈપણ આગેવાનો કે સામાજીક કાર્યકારોની અસર કે ચઢવણીને અવકાશ હતો જ નહિ. બનાવ બન્યા બાદ વહેલામા-વહેલી તકે સાહેદોએ પોલીસ જવાબમા જે તો.દારોના નામ લખાવેલ છે તે ખોટા હોઈ ના શકે અને ખોટા માણસોના નામ લખાવવાનો સાહેદોનો કોઈ હેતુ જણાતો નથી.

સાહેદોએ તેમના વહાલસોયા કુટુંબના સભ્યોને પોતાની આંખ સામે મોતને ઘાટ ઉતારતા જે તો.દારોને જોયેલ છે.તેવા ખરા તો.દારોને જતાં કરી કોઈ નિર્દોષ માણસોને વગર કારણે સાહેદો સંડોવણી કરે તે શકય નથી અને માની શકાય નહિ.

તો.દારોએ ગુનાહિત કાતરાના ભાગરૂપે તેમના સામાન્ય ઈરાદાને વ્યવસ્થિત રીતે પાર પાડી શકાય તે હેતુથી હેલોજન લેમ્પ મુસ્લીમોની વસ્તી તરફ લગાડેલ હતા વળી, બનાવના દિવસે શેખ મહોલ્લાના મોટા ભાગના મકાનોને આગ લગાડી મોટો અગ્નિકાંડ સર્જવામા આવેલ તેના અજવાળામા સાહેદોએ તો.દારોને સારી રીતે ઓળખેલ છે. અને ના.કોર્ટમા પણ તેવા તો.દારોને ઓળખી બતાવે છે. મોટી સંખ્યામા તો.દારો જુદા-જુદા હથિયારો સાથે હુમલો કરતા અને સાહેદો બચવા સારુ જે મકાનમાં આશ્રય લીધેલ હોય તે મકાનને તો.દારોએ છાપરામા કાણું પાડી તોડેલ હોય તેવા સંજોગોમા સાહેદો તેમને થયેલ જાઓ અને તેવી વિપરીત સ્થિતિના કારણે એકસુત્રતા જુબાનીમા જાળવી ન શકે તે સમજી શકાય તેમ છે તે મતલબનો ચુકાદો ના.સુપ્રિમકોર્ટનો (૮) <u>**1994 Cr.L.J. Page 1103**</u> નો આ બનાવમા પણ તેવી પરિસ્થિતિમા સંપૂર્ણરીતે માની તેના પ્રકાશમાં સાહેદોએ જેમણે ખૂબ જ વિપરીત પરિસ્થિતિમા ઈજાગ્રસ્ત થઈ જે મકાનમા તેઓ આશરો લઈ રહેલ હતા તેની બારી તોડીને તેમને સળગાવવામાં આવેલ તેવા સમયે તેમણે જોંયેલ તો.દારો વિરુદ્ધની જુબાનીનું મુલ્યાંકન કરવા નમ્ર વિનંતી છે.

ગેરકાયદેસર મંડળીના સભ્ય હોવા છતાં તે વ્યક્તિએ ટોળા દ્વારા આચરાવમા આવતા ગુનાઓમા સક્રિય ભાગ નથી લીધો તેવુ માની તેને નિર્દોષ ઠરાવી શકાય નહિ આવી સ્થિતિમા તો.દારને **I.P.C.** કલમ ૧૪૯ પ્રમાણે ગેરકાયદેસર મંડળીના સભ્યો હોવાના કારણે તે મંડળીએ આચરેલ ગુનાઓ બાબતે સજા કરી શકાય તે મતલબનો ના.સુપ્રિમ કોર્ટનો (૯) <u>**1989 Cri L.J. Page 850**</u> છે.

તો.દારે ટોળામા કોઈ સક્રિયભાગ ભજવ્યા હોવાની જરૂરીયાત રહેતી નથી અને ટોળાએ આચરેલ ગંભીર પ્રકારના ગુનાઓ બાબત ટોળામા સામેલ તે તો.દારોની

જવાબદારી પણ થઈ પડે છે. અને F.I.R. માં તો.દારના નામ ગેરકાયદેસરની મંડળીમા હોવાનુ આવ્યુ હોય તે પણ મહત્વનુ બની રહેછે તે બાબતે પ્રકાશ પાડતુ ના.સુપ્રિમકોર્ટનો (૧૦) (**1994)4 S.C.C. 397** ચુકાદો સુવિદિત છે.

એક મહત્વના મુકાદામા ના.સુપ્રિમકોર્ટે રીપોર્ટ થયેલ (૧૧) **AIR 1995 S.C. Page 1748** માં તે ચુકાદાના પેરા-૧૮ મા સ્પષ્ટતા કરેલ છે તે પ્રમાણે મોટાપાયે અનેક તો.દારો હુમલો કરતા હોય ત્યારે તેઓએ ભજવેલ વ્યક્તિગત ભાગ બાબતે સાહેદો જણાવી શકે નહિ. પરંતુ, તો.દારો બનાવ વખતે હથિયારો સાથે ટોળુ રચી, હુમલો કરવા આગળ આવેલ ત્યારે તેઓનો સામાન્ય ઈરાદો ગેરકાયદેસર મંડળી બની સામાપક્ષના માણસોનુ કાસળ કાઢવાનુ જ હતુ અને પુરાવા પ્રમાણે ઈ.પી.કો. કલમ ૩૦૨,૧૪૯ પ્રમાણે સજા પાત્ર છે.

આ બનાવમા ના.કોર્ટને મદદરૂપ થઈ પડે તેવો એક મહત્વનો ચુકાદો. (૧૨) **1998 Cri L.J. Page 988 (Delhi High Court)** નો છે. જે પ્રમાણે તો.દાર ગેરકાયદેસર મંડળીરચી પોતાનો સમાન્ય ઈરાદો ખૂન,લૂંટફાટ અને મકાનો બાળવાનો હોઈ તે દરેકની વ્યક્તિગત સક્રિય ગુનાહિત કૃત્ય બતાવવુ જરૂરી નથી અને તો.દારોએ વિશેષ કોમના માણસોને મારી નાંખવા અને તેમની માલમીલ્કતને લૂંટવા અને બાળવાનો સામાન્ય ઈરાદો ધરાવતો હોય અને શંકાસ્પદ ઈન્વેસ્ટીગેશન થયેલુ હોય અને જયા લાશો કે ગુનામા વપરાયેલ હથિયારો મળી આવ્યા ન હોય તો તેવી હકીકત અને સંજોગો પણ ગંભીર ગણાઈ શકાય નહિ.

કેટલાક તો.દારોના નામ F.I.R. માં ના લખાવ્યા હોય તે પણ આવા સંજોગોમા મહત્વપૂર્ણ ગણી શકાય નહિ.

એકવધુ અતિમહત્વના ચુકાદામા ના.સુપ્રિમકોર્ટે (૧૩) **AIR 2002 S.C. 1965** માં ઉલ્લેખ કરેલ છે તે પ્રમાણે હિચકારા બનાવમા એકજ કોમના ૩૫ જેટલા માણસો મરણ પામ્યા હોય અને કેટલાકને ઈજાઓ થયેલ હોય અને તે વિસ્તારમાં ગભરાટ ફેલાયેલો હોય અને ખૂબજ ઉગ્ર ટોળાએ હુમલો કર્યો હોય તેવા સંજોગોમા એક કે બે સાહેદોની પણ જુબાની માની શકાય તેવી જુબાની મહત્વની થઈ પડે છે. આવા સંજોગોમા

સાહેદોની સંખ્યા કરતા તેમના પુરાવાની ગુણવત્તા મહત્વની થઈ પડે છે. આજ ચુકાદામા ના.સુપ્રિમ કોર્ટ ખૂબજ મહત્વનુ ઓબ્જર્વેશન કરેલ છે અને જસ્ટીસ શ્રી અરીજીત પસાયત સાહેબના તેમના ચુકાદાના પેરા-૯૪ માં જણાવ્યા પ્રમાણે બનાવના સમયને સારો એવો સમય વીતી ગયો હોય, માનસીક નિર્બળતા અને બનાવના વિકૃત દ્રશ્યો અને આઘાતના કારણે માનસીક આઘાત લાગેલ હોય તેવા સંજોગોમા સાહેદની જુબાનીમા સામાન્ય વિરોધાભાસ હોઈ શકે છે નામદાર કોર્ટોએ કયા પ્રકારના વિરોધાભાસને મહત્વનો ગણવો જોઈએ તે નકકી કરવુ જોઈએ.

(૧૪)**<u>AIR 1997 S.C. 1654</u>** માં ના સુપ્રિમ કોર્ટે આ કેસમા મદદરૂપ તે મતલબનુ એવુ ઓબ્જર્વેશન કરેલ છે કે જયારે હુલ્લડમા માણસો માર્યા ગયા હોય,ત્યારે બનાવને મોટો ચીતરવા મહત્વના ન ગણી શકાય તેવી વિરોધાભાસી જુબાની પ્રત્યતદર્શી સાહેદોની જુબાનીમા હોઈ શકે છે અને જયારે મોટા પ્રમાણમા હુમલાખોર તો.દારો હોય, હુલ્લડનો કેસ હોય અને સંખ્યાબંધ સાહેદો હોય, ત્યારે સાક્ષીઓના પુરાવાને નકારી ન કાઢતા સાહેદોની જુબાની એક સરખી ન હોય તે કુદરતી રીતે શકય છે.

આ હકીકત ના.સુપ્રિમ કોર્ટ તેમના ચુકાદાના પેરા-૩૨ મા નોંધેલ છે જે આ કામના સાહેદોની જુબાનીનું મૂલ્યાંકન કરતા પણ ધ્યાને લેવી જરૂરી છે.

તો.દારની ઓળખ બાબતમા ના.સુપ્રિમ કોર્ટે પોતાના (૧૫) **<u>AIR 1997 S.C.Page 322</u>** માં નોધ્યુ છે તે પ્રમાણે જયારે વધુ સાહેદો હોય તેવા સંજોગોમા એક સાહેદની જુબાની પણ તો.દારની ઓળખ માટે પૂરતી ગણી શકાય છતા મોટા પ્રમાણમા ગેરકાયદેસર મંડળી બાબતમા કોર્ટ બે માનવા લાયક સાક્ષીઓની ઓળખનો પુરાવો તો.દારની ઓળખના પુરાવા તરીકે આગ્રહ રાખી શકે. આ કામમા તો.દારોને ના.કોર્ટમા એક કરતા વધારે સાહેદોએ ઓળખી બતાવેલ છે.

ના.કોર્ટ સમક્ષની જુબાનીમા સાહેદોએ તો.દારોને ઓળખી બતાવેલ હોઈ પરંતુ, તેમના નામ તેઓએ અગાઉ લખાવેલ ન હોય તેવા સંજોગોમા **Dana Yadav V/S State of Bihar** મા (૧૬)**AIR 2002 S.C. Page 3325** માં નોંધ્યા પ્રમાણે આવા સાહેદની જુબાની ન માનવી તેવો કોઈ કાયદો નથી.

તો.દારો સામે પડેલ સમગ્ર પુરાવો જોતા એ સ્પષ્ટ થાય છે કે, સાહેદો તો.દારોના ગામના જ રહેવાસીઓ છે. તેમને તો.દારો સાથે કોઈ અદાવત નથી કે તેવો કોઈ કારણસર સાહેદો તેમના ખોટા નામ આપે વળી, બનાવ બન્યો તે બાદ મોટા ભાગના સાહેદોએનો વહેલામા-વહેલી તકે પોલીસ જવાબ લખાવેલ છે તેમા પણ સંબંધીત તો.દારોના નામ તેમણે જાહેર કરેલ છે અને ના.કોર્ટમા તેવા તો.દારને ઓળખીપણ બતાવેલ છે આવા સાહેદોની જુબાની નું મૂલ્યાંકન કરવામા આવે ત્યારે તેઓએ ના.કોર્ટમા આપેલ જુબાની ખૂબજ વિશ્વાસનીય શંકા રહીત અને માની શકાય તેવો પૂરાવો પૂરી પાડતી જુબાનીઓ છે.

કેટલાક સાહેદોએ ના.કોર્ટમા તો.દારોને ઓળખી બતાવવા મૂશ્કેલી અનૂભવેલ છે. ઓળખવિધી વખતે ના.કોર્ટમા તો.દારો સાહેદો તેમને ન ઓળખે તે માટે કેવી-કેવી યુક્તિઓ અપતાવતા હતા તે બાબતે ધ્યાન દોરવા આંક-૫૬૦ થી ધ્યાન પણ દોરવામા આવેલ છે. તો.દારો તે ના.કોર્ટમાની બેઠક વ્યવસ્થા ખૂબજ ગીચ અને બધા તો.દારોને સ્પષ્ટરીતે જોઈ ન શકાય તે રીતેની હોવાથી તે બાબતે ના.કોર્ટનુ ધ્યાન સાહેદો તરફથી આંક-૫૧૪,૫૫૬ ની અરજીઓ આપી ધ્યાન દોરવામા આવેલ.

આ કામમા એ હકીકત સ્પષ્ટ છે કે, ૨૦૦૨મા બનેલ કમનસીબ કોમી હુલ્લડોમા તપાસ કરનાર એજન્સીઓ અને રાજય જેવા શક્તિશાળી બળનુ પક્ષપાતી અને દ્વેશપૂર્ણ વલણ હોવાને કારણે અસરગ્રસ્તોને ન્યાય મળી શકે તેવી કોઈ તપાસ જાણીબુઝીને થયેલ નહિ અને ખરા તો.દારો સુધી ન્યાયના હાથ પહોંચી શકે નહિ તે માટે પ્રયત્ન કરવામા આવેલ જેથી અસરગ્રસ્તોને દેશની સર્વોચ્ચ અદાલત સમક્ષ રાજયની તપાસ કરતી પોલીસ એજન્સી વિરૂધ્ધ રજુઆત કરાતા ના.કોર્ટ તે અરજમા તથ્ય જણાતા સીટની રચના કરેલ સીટની રચના થયા બાદ પણ તેના અમલદારો તરફથી થતી તપાસ

બાબતમા અનેક આશંકાઓ રહેલી છે આમ, આ સ્થિતિમા ખૂબજ હિત પ્રકારના ગંભીર પ્રકારના ગુનાઓમા ભોગ બનેલ અસરગ્રસ્તોને તપાસ કરનાર એજન્સીઓની સાચી મદદ અને દોરવણીના બદલે હિન કૃત્યો અને ગંભીર ગુનાઓ કરતા તો.દારોને લાભ થાય તે પ્રકારનુ ઈન્વેસ્ટીગેશન થયેલાનુ જણાય છે આવા સંજોગોમા ના.સુપ્રિમ કોર્ટ (૧૭) **Baladin and others V/S State of U.P. A.I.R. 1956 S.C. 181** માં નોંધેલ છે તે પ્રમાણે જયારે પોલીસ તપાસ શંકાશીલ રીતે થયેલ હોય તેવી સ્થિતિમા સાહેદોની જુબાનીમા Contradication, omissions, બહુ મહત્વના ન ગણી શકાય આ સંજોગોમા સાહેદે ના.કોર્ટમા આપેલ જુબાની જ મહત્વ ધારણ કરે છે અને તે જુબાની ના.કોર્ટ તે રીતે કેટલી વિશ્વાસપાત્ર અને માની શકાય તેમ છે તે રીતે તેનુ મૂલ્યાંકન કરવુ જોઈએ આ સિવાય ન્યાયની પ્રક્રિયાને આડે રસ્તે ચડાવવા એક યા બીજા પ્રકારના આક્ષેપો ઉભા કરી શક્તિશાળી પીઠબળ ધરાવતા સ્થાપિત હિતો તરફથી સાહેદોની જુબાની ઉપર યેનકેન પ્રકારે શંકાના વાદળો ઉભા કરવા જાત-જાતના પ્રયત્નો કરવામા કશુ બાકી રાખવામા આવ્યુ નથી તે ના.કોર્ટે સુક્ષ્મ રીતે જોવુ જોઈએ.ખૂબજ મોટા પ્રમાણમા થયેલ કોમી હુલ્લડોમા સાહેદોએ તેમના અનેક વ્હાલાસોયા પ્રીયજનોને ગુમાવેલ છે અને કોઈપણ જાતની રોકટોક વગર સમાજમા આ રીતના અમાનવીય હત્યાકાંડ સર્જતા તત્વોને નશીયતરૂપ સજા થાય તે જરૂરી છે. આવા તત્વોને તેમના ગુનાઓ બદલ યોગ્ય સજા થાય તો જ સમાજમા છાસવારે કોમી-તંગીદીલી ઉભી કરી પોતાના લાભ સારૂં નિર્દોષ લોકોની જાન અને માલ-મિલ્કત સાથે ખેલ ખેલતા તેમને રોકી શકાય. ગંભીર પ્રકારના કોમી હુલ્લડો કરવા દોડી આવતા તો.દારોને કાયદા તરફથી યોગ્ય સજાના અભાવે તેઓને હંમેશ ના માટે મોકળુ મેદાન મળી જવાનો જાણે કે, પરવાનો મળી જશે તેથી પોતાનુ સર્વસ્વ ગુમાવનાર ગરીબ, અભણ અને અશક્ત લોકોની ન્યાયની પોકાર સાંભળી ગુનેગાર તો.દારોને સખત સજા કરવા નમ્ર વિનંતી છે.

મહેસાણા.

તા. .. . . . . . . . . . . . . .